સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 3

■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ પૌષ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૧૮ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


### બીએમસીના મેયરની વરણીમાં હૉર્સટ્રેડિંગ થકી ખેલો થઈ જવાનો ડર

# શિંદેસેનાએ નગરસેવકોને હૉટેલમાં ‘લૉક’ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાપાલિકાની ટર્મ પૂરી થયાનાં ચાર વર્ષ પછી યોજવામાં આવેલી ચૂંટણીઓમાં ભારે રસાકસી જોવા મળી અને હવે ચૂંટણી પરિણામો પછી પણ મુંબઈમાં રાજકારણનો ખેલ ખેલાઈ રહ્યો હોવાનું દેખાય છે. મુંબઈ મહાપાલિકામાં પચીસ વર્ષથી દબદબો ધરાવતી ઠાકરે સત્તાને ઊથલાવી પાડ્યા પછી ભાજપ અને શિંદેસેના દ્વારા સત્તાસ્થાપનાનાં સમીકરણો ગોઠવવાની હિલચાલ જોરશોરથી ચાલી રહી છે. એમાં ‘હોટેલ પોલિટિક્સ’નો ઉમેરો થતાં ચિત્ર-વિચિત્ર ચર્ચાને વેગ મળ્યો છે. શિંદેસેનાના ચૂંટાયેલા નગરસેવકોને એક હોટેલમાં ‘લૉક’ કરવામાં આવતાં ભૂતપૂર્વ નગરસેવકોને જોરે હાથવગી થયેલી



સત્તા છીનવાઈ જવાનો ભય શિંદેને સતાવી રહ્યો હોવાનું કહેવાય છે. શિંદેના નગરસેવકોની સોદાબાજીના ડરનું મૂળ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેનું શનિવારનું વિધાન છે. ઠાકરેએ કહ્યું હતું કે જો ઈશ્વરની ઇચ્છા હશે તો મુંબઈનો મેયર શિવસેના યુબીટીનો બનશે.


મુંબઈ મહાપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને શિંદેસેનાની યુતી હતી. ચૂંટણીમાં ભાજપને ૮૯ બેઠક, જ્યારે શિંદેની શિવસેનાને ૨૯ બેઠક પર મળી હતી. આમાં રાજ્ય સરકારના ત્રીજા ભાગીદાર એવા અજિત પવારની એનસીપીના ત્રણ નગરસેવક જોડીએ તો સંખ્યા ૧૨૧ પર પહોંચે છે. બહુમતીને જોરે ભાજપ-શિંદેસેનાના હાથમાં એશિયાની સૌથી શ્રીમંત મુંબઈ મહાપાલિકા આવી ગઈ છે.

> “ઈશ્વરની ઇચ્છા હશે તો મુંબઈનો મેયર શિવસેના (યુબીટી)નો હશે”
>
> - ઉદ્ધવ ઠાકરે

મહાપાલિકાની ચૂંટણીમાં ભાજપ મોટો ભાઈ સાબિત થયો છે, પણ સત્તા માટે શિંદેસેનાના નગરસેવકો મહત્ત્વની ભૂમિકામાં છે. શિંદેસેનાના અમુક નગરસેવકો અવિભાજિત શિવસેનાના ભૂતપૂર્વ નગરસેવકો છે. સેનાના બે ભાગ

(જુઓ પાનું ૨) ▸▸

## કોહલી-કુલદીપમહાકાલેશ્વરને શરણે



ભારતનો બૅટિંગ-સમ્રાટ વિરાટ કોહલી અને સ્પિન-કિંગ કુલદીપ યાદવ શનિવારે ઉજ્જૈનમાં જગવિખ્યાત શ્રી મહાકાલેશ્વર મંદિરે ગયા હતા જ્યાં તેમણે પૂજા-આરતીમાં ભાગ લીધો હતો. સ્વાભાવિક છે કે તેમણે આજે મધ્ય પ્રદેશના જ ઇન્દોર શહેરમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાનારી છેલ્લી વન-ડેમાં ભારતની જીત બદલ પ્રાર્થના કરી હતી. કોહલી વન-ડેના બૅટ્સમેનોમાં વર્લ્ડ નંબર-વન છે, જ્યારે બોલર્સમાં કુલદીપ ત્રીજા નંબરે છે. કુલદીપે આ પ્રસંગે પત્રકારોને કહ્યું હતું કે ‘મને આ મંદિરે ફરી એક વાર આવવું ખૂબ ગમ્યું. હું નવ વર્ષ પહેલાં અહીં આવ્યો હતો.’

## ડિસેમ્બર ફિયાસ્કોઃ ઇન્ડિગોને ૨૨.૨૦ કરોડનો દંડ

### પચાસ કરોડની બૅન્ક ગેરન્ટી મગાઈઃ વાઈસ પ્રેસિડન્ટને હટાવવા હુકમ

નવી દિલ્હીઃ ડિસેમ્બરમાં રોસ્ટર સંબંધી ફિયાસ્કા બદલ મુલકી ઉડ્ડયન ક્ષેત્રના નિયામક ડિરક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશન (ડીજીસીએ)એ ઇન્ડિગોને રૂપિયા ૨૨ કરોડ ૨૦ લાખનો દંડ કર્યો છે અને તેની સિસ્ટમમાં લાંબા-ગાળાના સુધારાને સુનિશ્ચિત કરવા માટે ડીજીસીએને પચાસ કરોડ રૂપિયાની બૅન્ક ગેરન્ટી જમા કરાવવાનો હુમલો કર્યો છે. ઇન્ડિગો હવે વધુ સંકટમાં આવી ગઇ છે. મુલકી ઉડ્ડયન મહાનિદેશાલયના તાજેતરના તપાસના અહેવાલમાં ઇન્ડિગો ઍરલાઇન્સને તાજેતરની સમસ્યા માટે જવાબદાર ગણીને મોટો દંડ કર્યો છે અને નિર્દેશોના પાલન માટે બૅન્ક ગેરન્ટી ભરવા આદેશ અપાયો હતો.

ઇન્ડિગોની સિસ્ટમમાં સુધારો કરવાની યોજનાને ‘ઇન્ડિગો સિસ્ટમિક રિફૉર્મ એશ્યોરન્સ સ્કીમ’ નામ અપાયું છે. ઇન્ડિગોને છ નિયમના

(જુઓ પાનું ૨) ▸▸

## ઓપનએઆઇ-માઇક્રોસોફ્ટ પાસે ૧૩૪ અબજ ડૉલરનું વળતર માગ્યું મસ્કે

ન્યૂ યોર્કઃ ઇલૉન મસ્કે ઓપનએઆઇ અને માઇક્રોસોફ્ટ પાસે ૧૩૪ અબજ ડૉલરનું વળતર માગ્યું છે. તેણે દાવો કર્યો હતો કે મેં આ આર્ટિફિશિયલ-ઇન્ટેલિજન્સ સ્ટાર્ટઅપને શરૂઆતમાં કરેલી આર્થિક સહાયને લીધે આ કંપનીઓને જંગી નફો થયો હતો.

ઇલૉન મસ્કે આ બે કંપની સામે ફેડરલ કોર્ટમાં કરેલા કેસમાં જણાવ્યું હતું કે મેં ઓપનએઆઇને શરૂઆતમાં એટલે કે ૨૦૧૫માં કરેલી સહાયને લીધે તેને ૬૫.૫ અબજ ડૉલરથી ૧૦૯.૪ અબજ ડૉલરનો અને માઇક્રોસોફ્ટને ૧૩.૩ અબજ ડૉલરથી ૨૫.૧ અબજ ડૉલરનો ફાયદો થયો હતો.

માઇક્રોસોફ્ટનો ઓપનએઆઇમાં અંદાજે ૨૭ ટકા હિસ્સો છે.

ઓપનએઆઇ, માઇક્રોસોફ્ટ અને મસ્કના વકીલોએ આ કેસના સંબંધમાં તાત્કાલિક કોઇ ટિપ્પણી નહોતી કરી, પરંતુ ઓપનએઆઇએ આક્ષેપ કર્યો હતો કે મસ્કનો આ કેસ પાયાવિહોણો છે અને અમને

(જુઓ પાનું ૨) ▸▸

## ઇન્દોરના દૂષિત પાણી માટે સરકાર જવાબદારઃ રાહુલ

ઇન્દોરઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શનિવારે જણાવ્યું હતું કે દેશના સૌથી વધુ સ્વચ્છ શહેર ગણાતા ઇન્દોરમાંના દૂષિત પાણી અને તે પીવાથી થયેલી જાનહાનિ માટે રાજ્ય સરકાર જ જવાબદાર ગણાય. આ ઘટનાને લીધે સરકારના શહેરી મૉડલ સામે સવાલ ઊભો થયો છે.

લોકસભામાંના વિપક્ષના નેતા ઇન્દોરના ભાગીરથપુરામાં દૂષિત પાણીને લીધે અતિસાર અને ઊલટી સહિતની બીમારીનો ભોગ બનેલા લોકોને મળ્યા હતા અને જણાવ્યું હતું કે સ્વચ્છ પાણી મેળવવાનો જનતાને અધિકાર છે.

તેમણે કેન્દ્ર સરકારની પણ ટીકા કરતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ઇન્દોરને સ્માર્ટ શહેરનું મૉડલ ગણાવે છે, પરંતુ ત્યાં સાફ પાણી પણ નથી મળતું.

રાહુલ ગાંધીની સાથે મધ્ય પ્રદેશમાંના કૉંગ્રેસના પ્રમુખ જીતુ પટવારી, વિધાનસભામાંના વિપક્ષના નેતા ઉમંગ સિંઘર હૉસ્પિટલમાં સારવાર લઇ રહેલા લોકોને મળ્યા હતા અને તેઓના આરોગ્યના ખબરઅંતર પૂછ્યા હતા. રાહુલ ગાંધીએ ભાગીરથપુરા વિસ્તારની મુલાકાત લીધી હતી અને દૂષિત પાણીનો ભોગ બનેલા લોકોના પરિવારોના સભ્યોને મળ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારની બેદરકારીને લીધે લોકોને દૂષિત પાણી મળે છે. તેને લીધે બીમાર પડેલા લોકોને અને મરનારા લોકોના પરિવારના સભ્યોને યોગ્ય વળતર ચૂકવવું જોઇએ.

રાહુલ ગાંધીએ પોતાની સામેની પાણીની ટાંકી લોકોને બતાવીને જણાવ્યું હતું કે આજે પણ આ ટાંકીમાં સાફ પાણી નથી. અહીંના પ્રસારમાધ્યમને પોતાના સંબંધિત અહેવાલ રજૂ કરવા નથી દેવાતા.

કૉંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે દૂષિત પાણીથી બીમાર પડેલા લોકોના કુલ ૧૬ પરિવારને વિપક્ષ દ્વારા કુટુંબ દીઠ રૂપિયા એક લાખ અપાયા હતા, જ્યારે સિંઘરે દરેકને રૂપિયા પચાસ હજાર આપ્યા હતા. (એજન્સી)



**રિહર્સલઃ** પ્રજાસત્તાક દિન નિમિત્તે દિલ્હીમાં યોજાનારી પરેડના રિહર્સલ દરમિયાન કરતબ દાખવી રહેલી સીઆરપીએફની ડેરડેવિલ ટુકડી. (એજન્સી)

## બંગાળ સામે સૌથી મોટો પડકાર છે ઘૂસણખોરીનોઃ મોદી

માલદાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પશ્ચિમ બંગાળમાંની તૃણમૂલ કૉંગ્રેસ સરકારની આકરી ટીકા કરતા જણાવ્યું હતું કે આ રાજ્યમાં ઘૂસણખોરીની સૌથી મોટી સમસ્યા છે. તેને લીધે જનસંખ્યાનું સમીકરણ બદલાયું છે અને રાજ્ય સરકારની આવા ઘૂસણખોરોને આશ્રય આપવાની નીતિ તેમ જ સિન્ડિકેટ રાજને લીધે રાજ્યમાં હિંસાની ઘટના વધી છે.

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયાને મુદ્દે ઊભા થયેલા રાજકીય

(જુઓ પાનું ૨) ▸▸

## સૌપ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન અને ૩,૨૫૦ કરોડના પ્રોજેક્ટની બંગાળને પીએમની સોગાદ



**રેલવેની સિદ્ધિમાં ઓર એક છોગું**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પશ્ચિમ બંગાળના માલદામાં હાવડા અને ગુવાહાટી વચ્ચેની દેશની સૌપ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપી હતી. (એજન્સી)

માલ્દાઃ પશ્ચિમ બંગાળ અને ઈશાન ભારતની કનેક્ટિવિટી વધારવા તેમ જ વિકાસને વેગ આપવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પશ્ચિમ બંગાળમાં ૩,૨૫૦ કરોડ રૂપિયાના રેલ અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ લૉન્ચ કર્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ઉત્તર બંગાળના માલદા ટાઉન સ્ટેશનેથી દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને વર્ચ્યુઅલી લીલી ઝંડી આપી હતી. આ ટ્રેન હાવરા અને ગુવાહાટી (કામાખ્યા) વચ્ચે દોડશે.

મોદીએ ટ્રેનમાં બાળકો અને શાળાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. આધુનિક ભારતની વધતી જતી પરિવહનની જરૂરિયાતને પહોંચી વળવા વિકસાવવામાં આવેલી સંપૂર્ણપણે

(જુઓ પાનું ૨) ▸▸

## બાંગ્લાદેશમાં ૨૪ કલાકમાં બે હિન્દુની હત્યા કરાઈ

ઢાકાઃ બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય વિરુદ્ધની હિંસામાં સતત વધારો થઈ રહ્યો હોવા વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં વધુ બે હિન્દુની હત્યા કરવામાં આવી હોવાનાં અહેવાલ છે.

ગાઝીપુર અને રાજવાડી જિલ્લામાં બે હિન્દુની કરવામાં આવેલી હત્યાની ઘટનાએ તણાવ વધારી દીધો છે. ગાઝીપુરના કાલીગંજમાં હોટેલનો વ્યવસાય ધરાવતા લિટનચંદ્ર ઘોષ ઉર્ફે કાલી (ઉં. વ. ૬૦)ની મામૂલી વિવાદ બાદ શનિવારે સવારે

(જુઓ પાનું ૨) ▸▸

## આટકોટ નિર્ભયા કેસમાં ૪૩મા દિવસમાં ચુકાદોઃ નરાધમને ફાંસીની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના જસદણના આટકોટ નજીક કાનપર ગામની સીમમાં ૭ વર્ષની માસૂમ બાળકી પર નિર્ભયાકાંડ જેવી જ જઘન્ય ક્રૂરતા આચરનાર આરોપી રેમસિંહ તેરસિંહ ડુડવાને રાજકોટની સ્પેશિયલ કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી. ગત ૪ ડિસેમ્બરના રોજ આરોપીએ વાડીમાં રમતી બાળકીને ઝાડીઓમાં ખેંચી જઈ તેના ગુપ્ત ભાગમાં ૫ ઈંચનો લોખંડનો સળિયો નાખી લોહીલુહાણ કરી દીધી હતી. અતિશય રક્તસ્રાવને કારણે ગંભીર હાલતમાં રહેલી બાળકીનું ઓપરેશન કરી તબીબોએ માંડ જીવ બચાવ્યો હતો. આ કેસની ગંભીરતાને ધ્યાને રાખી કોર્ટે માત્ર ૪૩ દિવસમાં જ આખરી ચુકાદો આપી ન્યાયનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું

(જુઓ પાનું ૨) ▸▸

## ‘જેન-ઝીને વિશ્વાસ ભાજપના વિકાસ મૉડેલમાં

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું કે ભારતના લોકો, ખાસ કરીને જેન-ઝી, એ ભાજપના વિકાસ મૉડેલમાં ફરીથી વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

પશ્ચિમ બંગાળમાં, જ્યાં માર્ચ-એપ્રિલમાં ચૂંટણીઓ યોજાવાની છે, ત્યાં એક રેલીમાં બોલતા, પીએમ મોદીએ દેશભરમાં ભાજપની સ્વીકૃતિને ઉજાગર કરવા માટે બીએમસીની ચૂંટણી અને તિરુવનંતપુરમ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની તાજેતરની જીતનો ઉલ્લેખ કર્યો હતો.

એમણે સભાને કહ્યું હતું કે “ગઈકાલે મહારાષ્ટ્રમાં, ભાજપને નગર પાલકાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મળી છે. ખાસ કરીને રાજધાની મુંબઈ, જે વિશ્વની સૌથી મોટી નાગરિક સંસ્થાઓમાંની એક છે, ભાજપે બીએમસી ચૂંટણીમાં રેકોર્ડ જીત નોંધાવી છે અને તાજેતરમાં, કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં, ભાજપને તેનો પ્રથમ મેયર મળ્યો છે.“

“તેથી, અગાઉ ભાજપની જીત અશક્ય ગણાતી જગ્યાઓને હવે પુષ્કળ સમર્થન મળી રહ્યું છે. આ દર્શાવે છે કે દેશના મતદારો અને જેન-ઝીને ભાજપમાં કેટલી હદ સુધી વિશ્વાસ છે,” તેવું તેમણે ઉમેર્યું હતું.

બંગાળમાં વડા પ્રધાનની રેલી ત્યારે થઈ રહી છે જ્યારે પક્ષ રાજ્યમાં પગપેસારો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે, જ્યાં છેલ્લી ચૂંટણીમાં, પાર્ટી ૨૦૨૧ ની વિધાનસભા ચૂંટણીમાં બીજા ક્રમની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી.

## દેશને બચાવોઃ મમતાની સીજેઆઇને અરજ

કોલકાતા : પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ શનિવારે જલપાઇગૂડીમાં એક કાર્યક્રમમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને વિનંતી કરી હતી કે “કૃપા કરીને દેશના બંધારણ, લોકશાહી, ન્યાયતંત્ર, ઇતિહાસને આપત્તિથી બચાવો.”

તેમણે આ બધાને કેવી રીતે રક્ષણની જરૂર છે તે સ્પષ્ટ કર્યું નહીં, જોકે તેઓ રાજ્યના અધિકારો અને અન્ય મુદ્દાઓ પર ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર સાથે રાજકીય લડાઈ લડી રહ્યા છે, જેમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓના કથિત દુરુપયોગનો સમાવેશ થાય છે. ઇડીનો મુદ્દો હાલમાં સુપ્રીમ કોર્ટમાં પણ છે, જ્યાં મમતા બેનજીર્ની તૃણમૂલ કોંગ્રેસ સરકારને બેન્ચની ઝાટકણીનો સામનો કરવો પડ્યો છે.

કોલકાતા હાઇ કોર્ટની જલપાઇગુડી સર્કિટ બેન્ચના એક મકાનના ઉદ્દઘાટન પ્રસંગે બોલતા, તેમણે ન્યાયાધીશ કાંતને “એજન્સીઓ” દ્વારા ખોટી રીતે નિશાન બનાવવામાં આવતા લોકોનું રક્ષણ કરવા પણ હાકલ કરી હતી.

સમાચાર એજન્સી ના અહેવાલ મુજબ મમતાએ કહ્યું કે તમે (સીજેઆઈ) અમારા બંધારણના રક્ષક છો, અમે તમારા કાનૂની વાલીપણા હેઠળ છીએ. કૃપા કરીને લોકોનું રક્ષણ કરો .

જસ્ટિસ કાંત ત્યાં હાજર હતા, પરંતુ અહેવાલમાં એમ કહેવામાં આવ્યું નથી કે તેમણે મમતાના કહેવા પર પ્રતિક્રિયા આપી કે નહીં.

મમતાએ એમ પણ કહ્યું, “આજકાલ, કેસોના નિકાલ પહેલાં મીડિયા ટ્રાયલનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે; આ પણ બંધ થવું જોઈએ.”

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૮-૧-૨૦૨૬ થી તા. ૨૪-૧-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મકર રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મકર રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી બુધ શીઘ્ર ગતિએ મકર રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર મકર રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૧૮મીએ મકર રાશિમાં, તા.૨૧મીએ કુંભ રાશિમાં, તા. ૨૩મીએ મીન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ માટે અનુકૂળ તક મેળવશો. સટ્ટા, વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૯, ૨૦, ૨૩ શુભ જણાય છે. વેપારના કામકાજ સફળ બની રહેશે. નાણાં આવકના નવાં સાધનો પણ પ્રાપ્ત થાય. મહિલાઓને તા. ૨૦, ૨૨, ૨૩મીએ કાર્યક્ષેત્રે અનુકૂળ તકો મળશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અપેક્ષાનુસાર અભ્યાસની તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. તા. ૨૧, ૨૨, ૨૩ નોકરીમાં સફળતા અને સિદ્ધિ પ્રાપ્તિ દર્શાવે છે. સટ્ટામાં કોર્ટ-કાનૂની સવાલોનો ઉકેલ આવશે. સપ્તાહમાં લાંબા અંતરના પ્રવાસ સફળ રહેશે. નાણાંની ઉપલબ્ધિનાં સ્તોત્રો સફળ પુરવાર થશે. મહિલાઓને આ સપ્તાહમાં ધાર્મિક કાર્યો પરિવારનાં પ્રાસંગિક કાર્યોમાં સફળતા જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળતા મેળવશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના સોદામાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૧૮, ૨૨, ૨૩ નોકરી માટે સાનુકૂળ બની રહેશે. નોકરીના જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરી શકશો. લાંબા અંતરના, આયોજન વગરના કઠિન પ્રવાસમાં સાવધાની દાખવવી જરૂરી છે. ગોચરફળ મહિલાઓને પરિવારની જવાબદારીમાં સફળતા દર્શાવે છે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિત્ય અભ્યાસનાં કાર્યો પૂર્ણ થતાં જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. યોગ્ય સમયે અપેક્ષિત માર્ગદર્શન મેળવશો. તા. ૧૯, ૨૦, ૨૪મી નોકરી માટે શુભ જણાય છે. સપ્તાહમાં ભાગીદારનો સહયોગ મેળવશો. નાણાંની જરૂરિયાતો પૂર્ણ થાય તેમ છે. મહિલાઓને આ સપ્તાહમાં સપરિવાર પ્રવાસ, ધાર્મિક કાર્યો ઈત્યાદિમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે. ઉચ્ચ પરીક્ષાનાં પરિણામો પણ સફળ બની રહેશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણની તક મેળવશો. નોકરી માટે તા. ૧૮, ૨૦, ૨૧ શુભ જણાય છે. તા. ૧૯, ૨૦, ૨૪મીએ મહત્ત્વના આર્થિક વ્યવહારો પૂર્ણ કરી શકશો. ભાગીદારીના પ્રશ્નોનો ઉકેલ આવશે. નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે જરૂરી સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા પ્રકારના કામકાજને સ્વીકારી શકશો. નોકરી માટે તા. ૨૧, ૨૨, ૨૪ શુભ જણાય છે. નવા પ્રકારના કામકાજ પણ આ સપ્તાહમાં પ્રારંભી શકશો. તા. ૧૮, ૨૦, ૨૧મીએ રાજકારણ જાહેર જીવનના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ દર્શાવે છે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસક્રમના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૩, ૨૪ શુભ જણાય છે. મિલકતના નિર્ણયો સ્વપ્રયત્ને લઈ શકશો. વાહન, સગવડતાનાં સાધનો મેળવશો. નાણાંની ઉપલબ્ધિ અનુકૂળ બનતી જણાશે. નોકરીના જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવા માટે મહિલાઓને સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શૈક્ષણિક ઉપરાંત રમતગમતના ક્ષેત્રે સફળતા મેળવશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૧૯, ૨૦ શુભ જણાય છે. વધુ પડતું નાણારોકાણ ટાળવું જરૂરી છે. નાણાખર્ચ પરત્વે સતર્કતા દાખવવી જરૂરી છે. સાહસિકતા અને આત્મવિશ્વાસ કાર્યક્ષેત્રે ઉપયોગી બનશે. ભાઈ-બહેનો સાથેનો બગડેલો સંબંધ આ સપ્તાહમાં સુધરે તેમ છે. મહિલાઓને આર્થિક સમસ્યામાં રાહત જણાશે. વિદ્યાર્થીઓનો કઠિન અભ્યાસ સફળ બની રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. તા. ૧૮, ૨૨, ૨૩, ૨૪ નોકરીના કામકાજ માટેની સફળતા દર્શાવે છે. મકાન મિલકત, વાહન ઈત્યાદિના નિર્ણયો જન્મકુંડળીના આધારે લેવા જરૂરી છે. પ્રવાસ માટે આ સપ્તાહ શુભ જણાય છે. આ સપ્તાહમાં નવા આવકનાં સાધનો મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં નવીન પ્રવૃત્તિઓ સરળ થતી જણાશે. વિદ્યાર્થીઓ કઠિન અભ્યાસમાં અનુકૂળતા અનુભવશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું લે-વેંચનું કામકાજ નિયમિતપણે જાળવી શકશો. નોકરી માટે તા. ૨૨, ૨૪ શુભ જણાય છે. નોકરીના જૂનાં અધૂરાં કાર્યો આ સપ્તાહમાં પણ પૂર્ણ કરી શકશો. વેપાર વિનિમય સફળ પુરવાર થશે. જૂનાં દેવાની રકમ ચૂકતે કરી શકશો. કાર્યક્ષેત્રે નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના કામકાજમાં નિયમિતતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનું માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષાનુસાર નવા નાણારોકાણના નિર્ણયો લઈ શકશો. નોકરી માટે તા. ૧૮, ૧૯, ૨૦ શુભ જણાય છે. નોકરીના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ આવશે. રાજકારણ, સામાજિક કાર્યોમાં અપયશનો ભય નિર્માણ થાય તેમ છે. નાણાંની આવક જળવાઈ રહેશે. તા. ૨૨, ૨૩મીએ નવા કામકાજનો પ્રારંભ મહિલાઓ કરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૧૮, ૧૯, ૨૩ શુભ જણાય છે. જૂનાં સ્વાસ્થ્યના પ્રશ્નોનું નિરાકરણ આવે તેમ છે. નાણાંની પ્રવાહિતા જળવાશે. જૂનાં ઉઘરાણીનાં નાણાંની વસૂલી શક્ય છે. મુસાફરીઓ આ સપ્તાહમાં એકંદરે સફળ પુરવાર થશે. મહિલાઓના પરિવારના પ્રાસંગિક કાર્યો સરળતાથી સંપન્ન થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓ ઉપયોગી થશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, રવિવાર, તા. ૧૮-૧-૨૦૨૬, દર્શ અમાવસ્યા અન્વાધાન, ત્રિવેણી અમાવસ્યા

ભારતીય દિનાંક ૨૮, માહે પૌષ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૩૦

જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૩૦

પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭

મીસરી રોજ ૩૦મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭

નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૧૦-૧૩ સુધી, પછી ઉત્તરાષાઢા

ચંદ્ર ધનુમાં સાંજે ક. ૧૬-૪૦ સુધી, પછી મકરમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૬, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

ભરતીઃ સવારે ક. ૧૧-૩૨, મધ્ય રાત્રે ક. ૦૦-૩૨

ઓટઃ સાંજે ક. ૧૭-૪૦, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૪૨ (તા. ૧૯)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - અમાવસ્યા. દર્શ અમાવસ્યા અન્વાધાન, ત્રિવેણી અમાવસ્યા (ઓરિસ્સા), મકરવાયુ (કેરાલા), થૈ અમાવસ્યા (દક્ષિણ ભારત).

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, તીર્થમાં શ્રાદ્ધ, પીંડ શ્રાદ્ધ, તર્પણ, તીર્થસ્નાન, જન્મકુંડળીના ગ્રહદોષ પૂજા, ફણસનું વૃક્ષ વાવવું, ધ્રુવ દેવતાનું પૂજન, મુંડન કરાવવું નહીં, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા.

આચમનઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ શેરસટ્ટામાં સંભાળવું, બુધ-મંગળ યુતિ અતિશયોક્તિ કરનારા, ચંદ્ર-મંગળ યુતિ સતત પ્રવૃત્તિમય, ચંદ્ર-બુધ યુતિ ટીકાઓનો ભય ઉત્પન્ન થાય, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ ગહનતાપ્રિય, ચંદ્ર-સૂર્ય યુતિ લોકોમાં માનીતા.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, બુધ-મંગળ યુતિ, ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય યુતિ (તા. ૧૯)

ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૮-૧-૨૦૨૬ થી તા. ૨૪-૧-૨૦૨૬

રવિવાર, પૌષ વદ-૩૦, વિ. સં. ૨૦૮૨, તા. ૧૮મી જાન્યુઆરી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૧૦-૧૩ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં સાંજે ક. ૧૬-૪૦ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા અન્વાધાન, ત્રિવેણી અમાવસ્યા (ઓરિસ્સા), મકરવાયુ (કેરાલા), થૈ અમાવસ્યા (દક્ષિણ ભારત). શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, માઘ સુદ-૧, તા. ૧૯મી. નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૧૧-૫૧ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, માઘ શુક્લાદિ. સવારે ક. ૧૧-૫૧ પછી શુભ.

મંગળવાર, માઘ સુદ-૨, તા. ૨૦મી, નક્ષત્ર શ્રવણ બપોરે ક. ૧૩-૦૬ સુધી, પછી ધનિષ્ઠા. ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ ક. ૨૫-૩૪ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન મુહૂર્ત (મૂર્તિ) ૩૦. સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ, સૂર્ય સાયન કુંભમાં સવારે ક. ૦૭-૧૬, પંચક પ્રારંભ ક. ૨૫-૩૪. લગ્ન શુભ દિવસ.

બુધવાર, માઘ સુદ-૩, તા. ૨૧મી, નક્ષત્ર ધનિષ્ઠા બપોરે ક. ૧૩-૫૭ સુધી, પછી શતભિષા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. ભારતીય માઘ માસારંભ, મુસ્લિમ ૮મો શાબાન માસારંભ, પંચક. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, માઘ સુદ-૪, તા. ૨૨મી, ૨૦૨૬, નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૪-૨૬ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, તિલકુંદ ચતુર્થી, શ્રી ગણેશ જયંતી, વરદ્ ચતુર્થી, પંચક, ભદ્રા બપોરે ક. ૧૪-૪૦ થી ૨૬-૨૮. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, માઘ સુદ-૫, તા. ૨૩મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા બપોરે ક. ૧૪-૩૨ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૮-૩૩ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. શ્રી પંચમી, વસંત પંચમી, સરસ્વતી પૂજા, નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી, આચાર્ય સુંદરસાહેબ જયંતી (સચ્ચિદાનંદ સંપ્રદાય), પંચક. લગ્ન, ઉપનયન. શુભ દિવસ.

શનિવાર, માઘ સુદ-૬, તા. ૨૪મી, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા બપોરે ક. ૧૪-૧૫ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. શીતલા ષષ્ઠી (બંગાલ), પંચક, સૂર્ય શ્રવણમાં સવારે ૧૦-૫૧. લગ્ન. શુભ દિવસ.

# સુંદર મહિલાઓ પર રૅપ થાય છેઃ કૉંગ્રેસના વિધાનસભ્ય

ભોપાળ / ઇન્દોરઃ મધ્ય પ્રદેશમાંના કૉંગ્રેસના વિધાનસભ્ય અને બહુજન સમાજ પક્ષના રાજ્ય એકમના ભૂતપૂર્વ વડા ફૂલસિંહ બરૈયાએ એક ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે જો કોઇ પુરુષ રસ્તા પર ચાલતી વખતે સુંદર મહિલાને જુએ ત્યારે તેનું મન વિચલિત થાય છે અને તે બળાત્કાર કરે છે. હિંદુ ધર્મના ગ્રંથમાં લખ્યું છે કે પછાત કોમની સુંદર મહિલાઓ પર બળાત્કાર કરવાથી 'તીર્થ પર જવાનું ફળ' મળે છે. તેમને જ્યારે પુછાયું કે ક્યા હિંદુ ગ્રંથમાં આવું લખ્યું છે? ત્યારે તેના જવાબમાં મધ્ય પ્રદેશના દતિયા જિલ્લાના ભાંડેરના કૉંગ્રેસી વિધાનસભ્ય કોઇ હિંદુ ગ્રંથનું નામ આપી ન શક્યા. ફૂલસિંહ બરૈયાએ જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ સામે જાતીય ગુના વધુ થાય છે. (એજન્સી)

# ઈરાનમાં કત્લેઆમ માટે ટ્રમ્પ દોષીઃ ખામનેઇ

દુબઇઃ ઇરાનના સર્વોચ્ચ વડા આયાતોલ્લાહ અલી ખામનેઇએ શનિવારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ઇરાનના શાસકો વિરુદ્ધ દેખાવ કરનારા લોકોને ટેકો આપવા બદલ અને જાનહાનિ માટે 'ગુનેગાર' ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ઇરાનમાં તાજેતરમાં પ્રદર્શન દરમિયાન થયેલી હિંસામાં હજારો લોકોના થયેલા મોત બદલ દેખાવકારો અને ટ્રમ્પ જ જવાબદાર ગણાય.

ખામનેઇએ સરકારી ટેલિવિઝન ચેનલ પર જણાવ્યું હતું કે દેખાવકારોએ કરેલા રમખાણમાં હજારો લોકો માર્યા ગયા હતા. ઇરાનમાં શાસકોની વિરુદ્ધ ૨૮ ડિસેમ્બરે શરૂ થયેલા રાષ્ટ્રવ્યાપી દેખાવ દરમિયાન હજારો લોકો માર્યા ગયા હોવાનું ખામનેઇએ સૌપ્રથમ વખત જાહેરમાં કબૂલ કર્યું હતું. (એજન્સી)

# અનેક ભારતીયો પાછા ફર્યા

નવી દિલ્હીઃ વિદ્યાર્થીઓ સહિત અનેક ભારતીયો કમર્શિયલ ફ્લાઈટમાં અશાંત ઈરાનમાંથી પાછી ફર્યા હતા. ઈસ્લામિક દેશ ઈરાનમાં વ્યાપક દેખાવો અને તહેરાનના સત્તાવાળાઓની તવાઈ મધ્યે ભારતીયો પાછા ફરી રહ્યા છે. અત્યાર સુધી ઈરાનમાં ૩,૫૦૦ લોકો મરણ પામ્યા છે. દિલ્હી હવાઈમથકે ફ્લાઈટ શુક્રવારે રાત્રે આવી હતી. હાલમાં એ ખબર નથી કે કેટલા ભારતીયો કમર્શિયલ ફ્લાઈટમાં પાછા ફર્યા છે. (એજન્સી)

# પ્રજાસત્તાક દિને બાંગ્લાદેશ, પંજાબના આતંકવાદીઓ ત્રાટકી શકેઃ ગુપ્તચર માહિતીથી અલર્ટ

નવી દિલ્હીઃ પ્રજાસત્તાક દિવસ (૨૬ જાન્યુઆરી) નજીક આવી રહ્યો છે ત્યારે ગુપ્તચર એજન્સીઓએ ચેતવણી જારી કરી છે કે ખાલિસ્તાની આતંકવાદી સંગઠનો અને બાંગ્લાદેશસ્થિત આતંકવાદી સંગઠનો દિલ્હી સહિત દેશના અન્ય ઘણાં શહેરોને નિશાન બનાવવાનો પ્રયાસ કરી શકે છે.

ગુપ્તચર એજન્સી પંજાબસ્થિત ગૅન્ગસ્ટર્સની વધતી જતી ગતિવિધિઓ પર નજર રાખી રહી છે જેઓ કથિત રીતે વિદેશથી કાર્યરત ખાલિસ્તાની અને કટ્ટરપંથી હૅન્ડલર્સ માટે પગપાળા સૈનિકો તરીકે કામ કરી રહ્યા છે, એમ એક સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે. ગુપ્તચર સૂત્રોએ ચેતવણી અનુસાર, પંજાબસ્થિત ગૅન્ગસ્ટર્સ વિદેશથી કાર્યરત ખાલિસ્તાની અને કટ્ટરપંથી હેન્ડલર્સ માટે પગપાળા સૈનિકો તરીકે વધુને વધુ કાર્ય કરી રહ્યા છે.

# દાળ કઠોળ પરનો ટૅક્સ ભારતને ઘટાડવા કહોઃ ટ્રમ્પને અમેરિકી સાંસદોને વિનંતી

ન્યૂ યોર્ક/વોશિંગ્ટનઃ બે અમેરિકન સાંસદે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ભારત સાથેના કોઈપણ ભવિષ્યના વેપાર કરારમાં દાળ કઠોળના પાક માટે અનુકૂળ જોગવાઈઓ માટે દબાણ કરવા વિનંતી કરી છે, અને કહ્યું છે કે નવી દિલ્હી દ્વારા લાદવામાં આવેલા 'અન્યાયી' કરને કારણે અમેરિકન ઉત્પાદકોને 'નોંધપાત્ર સ્પર્ધાત્મક ગેરલાભ'નો સામનો કરવો પડી રહ્યો છે.

૧૬ જાન્યુઆરીના રોજ ટ્રમ્પને લખેલા પત્રમાં, મોન્ટાનાના રિપબ્લિકન સેનેટર સ્ટીવ ડેઇન્સ અને નોર્થ ડાકોટાના કેવિન ક્રેમરે જણાવ્યું હતું કે તેમના રાજ્યો વટાણા સહિત કઠોળના પાકના ટોચના બે ઉત્પાદક છે, જ્યારે ભારત વિશ્વનો સૌથી મોટો ગ્રાહક છે. તેમણે નોંધ્યું હતું કે મસૂર, ચણા, સૂકા કઠોળ અને વટાણા ભારતમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા કઠોળ પાકોમાંના એક છે, પરંતુ નવી દિલ્હીએ આ શ્રેણીઓમાં અમેરિકન નિકાસ પર નોંધપાત્ર ટેરિફ લાદ્યા છે.

# બદરીનાથમાં સિંહ દ્વારથી આગળ મોબાઈલ પર બંધી

ઋષિકેશઃ ઉત્તરાખંડના પવિત્ર યાત્રાધામોમાં રીલ્સ અને બ્લોગ બનાવવાના વિવાદ વચ્ચે હવે બદરીનાથ ધામમાં સિંહ દ્વારની આગળ મોબાઇલ ફોન લઇ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ અંગે ગઢવાલ કમિશનરે આજે એક બેઠકમાં મહત્ત્વપૂર્ણ સૂચના જાહેર કરી છે. આ અંગે ઋષિકેશ ટ્રાન્ઝિટ કેમ્પ ખાતે ચાર ધામ યાત્રાની તૈયારીઓ અંગે એક બેઠક યોજાઈ હતી. જેમા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે ગઢવાલ કમિશનરે ચમોલી જિલ્લા વહીવટીતંત્રને મોબાઇલ ફોન જમા કરાવવાની વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો. રીલ્સ અને બ્લોગ બનાવતી વખતે ધાર્મિક સ્થળોએ વિવાદો ઉભા થઈ રહ્યા છે. આ બેઠકમાં ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડે, આઈજી ગઢવાલ રાજીવ સ્વરૂપ, પૌરી, ટિહરી, ચમોલી, હરિદ્વાર, ઉત્તરકાશી અને રુદ્રપ્રયાગના જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકો હાજર રહ્યા હતા.

# મણિકર્ણિકા ઘાટની ખંડિત મૂર્તિઓની જૂની તસવીરો વાયરલ કરાઈ છેઃ યોગી

લખનઊઃ વારાણસીના મણિકર્ણિકા ઘાટનું રીડેવલપમેન્ટ થઈ રહ્યું છે ત્યારે સોશ્યલ મીડિયા પર જૂની ખંડિત મૂર્તિની તસવીરો મૂકવામાં આવી રહી છે જેથી ગૂંચવાડા અને અરાજકતાના બી જાણીબૂજીને વાવી શકાય, એમ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું.

મોદીએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે અમુક લોકો કાશીને બદનામ કરવાની કોશીશ કરી રહ્યા છે. બહારથી ખંડિત મૂર્તિ લાવીને તેની તસવીરો ગૂંચવાડો ફેલાવવા મૂકવામાં આવી રહી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે મૂર્તિઓ તોડવામાં આવી છે. આનાથી મોટું જૂઠાણું કોઈ ન હોઈ શકે, એમ ભાજપના લડાયક નેતા યોગીએ કહ્યું હતું.

## પહેલા પાનાનું ચાલુ

### શિંદેસેનાએ

થયા તે પહેલાં ઉદ્ધવ ઠાકરે શિવસેનાનું નેતૃત્વ કરતા હતા. આ અવિભાજિક સેનાના નગરસેવકો પક્ષપ્રમુખ ઉદ્ધવ ઠાકરેને વફાદાર હતા. તેમની છત્રછાયામાં જ નગરસેવક પદે ચૂંટાયા હતા. પછી શિંદેસેનામાં જોડાઈને ચૂંટણીમાં જીત્યા હોવાથી આવા નગરસેવકો પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સામે પક્ષે યુબીટીને ચૂંટણીમાં ૬૫ બેઠક અને તેના સાથી મનસેને ૭ બેઠક મળી છે. હવે ભાજપ-શિંદેસેના યુતીને મહાપાલિકામાં સત્તાથી વંચિત રાખવી હોય તો બધા વિરોધી પક્ષો એક થઈ જાય તો મુશ્કેલી ઊભી થઈ શકે. યુબીટી અને મનસેની ૭૧ બેઠક સાથે કૉંગ્રેસની ૨૪, એનસીપી (એસપી)ની એક, સમાજવાદી પાર્ટીની બે બેઠકમાં એઆઈએમઆઈએમની આઠ બેઠક ઉમેરીએ તો સરવાળો ૧૦૭ થાય છે. આ રીતે બહુમતી હાંસલ કરીને ભાજપને સત્તાથી વંચિત રાખવો હોય તો શિંદેસેનાના નગરસેવકોનું એક નાનું જૂથ ફોડવાની જરૂર ઊભી થાય. કદાચ આવી શક્યતાઓને ધ્યાનમાં રાખીને જ શિંદેસેના દ્વારા સાવચેતીથી ડગ માંડવામાં આવી રહ્યાં છે.

તકેદારી તરીકે ચૂંટણીમાં નવા ચૂંટાયેલા શિંદેસેનાના નગરસેવકોને બાન્દ્રાની ફાઈવ સ્ટાર હૉટેલમાં રાખવામાં આવ્યા છે. શુક્રવારે ચૂંટણી પરિણામ પછી શનિવારે બપોર સુધીમાં ચૂંટાયેલા નગરસેવકોને આ હૉટેલમાં પહોંચવાનો આદેશ અપાયો હતો, જેથી નગરસેવકોને ફોડવાનું રાજકારણ રમનારા તેમનો સંપર્ક ન સાધી શકે. પરિણામે આ 'હૉટેલ પોલિટિક્સ' અત્યારે ખાસ્સી ચર્ચામાં છે.

જોકે નગરસેવકોને હૉટેલમાં ત્રણ દિવસ રાખવામાં આવશે અને આ સમય દરમિયાન તેમની સાથે સંવાદ સાધવામાં આવશે, એવું કહેવામાં આવ્યું છે. આગામી રણનીતિ નક્કી કરવા અને મેયરની વરણી અંગે ચર્ચા કરવા માટે આ કવાયત હાથ ધરાઈ હોવાનું કહેવાય છે, પણ આની પાછળનો મુખ્ય ઉદ્દેશ નગરસેવકોને બીજા પક્ષ દ્વારા ફોડવામાં ન આવે એવો હોવાનું સૂત્રોનું કહેવું છે.

### ડિસેમ્બર ફિયાસ્કો

ઉલ્લંઘન બદલ કુલ રૂપિયા એક કરોડ ૮૦ લાખનો દંડ પણ કરાયો છે. ઇન્ડિગોના સિનિયર વાઇસ પ્રેસિડન્ટને ઑપરેશનલ (કામકાજની) જવાબદારીમાંથી દૂર કરવા અને ભવિષ્યમાં તેઓને કોઇ જવાબદાર કામ નહિ સોંપવાનો પણ હુકમ કરાયો હતો. થોડા સમય પહેલા ઇન્ડિગોને પોતાની અનેક ફ્લાઇટ રદ કરવાની ફરજ પડી હતી અને તેને લીધે હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. (એજન્સી)

### ઓપનએઆઇ

હેરાન કરવા આવું કરાય છે. મસ્ક દ્વારા માગવામાં આવેલા વળતરને આ બે કંપનીએ શુક્રવારે અલગ-અલગ ફાઇલિંગમાં પડકાર્યું હતું. મસ્કે ૨૦૧૮માં ઓપનએઆઇ છોડ્યું હતું અને હવે પોતાના હરીફ ચેટબોટ ગ્રેકોની સાથે એક્સએઆઇ ચલાવે છે. તેણે આક્ષેપ કર્યો હતો કે ચેટજીપીટીના ઓપરેટર ઓપનએઆઇએ નફાની વહેંચણીમાં સમજૂતીનો ભંગ કર્યો હતો. કેલિફોર્નિયાના ઓકલૅન્ડના ન્યાયાધીશે ચાલુ મહિને આ કેસના સંબંધમાં જણાવ્યું હતું કે જ્યુરી આ ખટલાની સુનાવણી કરશે. આ ખટલો એપ્રિલમાં શરૂ થવાની આશા રખાય છે. મસ્કે દાવો કર્યો હતો કે મેં શરૂઆતના 'સીડ ફંડિંગ'માં ઓપનએઆઇને ૬૦ ટકા એટલે કે અંદાજે ૩.૮ કરોડ ડૉલર આપ્યા હતા અને તેને લીધે આ કંપની કર્મચારીઓને રાખી શકી હતી. મને આ કંપનીએ નફામાં યોગ્ય હિસ્સો નહોતો આપ્યો. (એજન્સી)

### બંગાળ સામે

વિવાદના સંબંધમાં મોદીએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં ધાર્મિક સતામણીથી ત્રાસીને ભારતમાં આશ્રય લેવા આવેલા લોકોએ ચિંતા કરવાની જરૂર નથી.

મુસલમાનોની બહુમતી ધરાવતા માલદા જિલ્લામાં જાહેરસભાને સંબોધતા વડા પ્રધાને જણાવ્યું હતું કે દુનિયાના વિકસિત અને સમૃદ્ધ દેશો પણ ગેરકાયદે વસાહતીઓની સામે કડક કાર્યવાહી કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ભાજપ એક વખત સત્તા પર આવી જાય, તે પછી ગેરકાયદે વસાહતીઓને દેશમાંથી બહાર કાઢવા અને ઘૂસણખોરી રોકવા માટે 'મોટી કાર્યવાહી' કરશે.

મોદીએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાંથી થતી ઘૂસણખોરીને લીધે પશ્ચિમ બંગાળના અમુક વિસ્તારોમાં લોકો ફરિયાદ કરી રહ્યા છે કે અમારા ક્ષેત્રમાં અન્ય ભાષા અને ભિન્ન ઉચ્ચાર કરતા લોકોની સંખ્યા વધી રહી છે. માલદા અને મુર્શીદાબાદ સહિતના પશ્ચિમ બંગાળના અનેક વિસ્તારમાં રમખાણ થઇ રહ્યા છે. ઘૂસણખોરો અને રાજ્યના શાસક પક્ષ વચ્ચેની સાઠગાંઠ તોડવી જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાંની ધાર્મિક સતામણીથી ત્રાસીને ભારતમાં આશ્રય લેનારા મતુઆ સમુદાય સહિતના લોકોને ભારતીય નાગરિકત્વ અપાશે. તૃણમૂલ કૉંગ્રેસ દ્વારા ગરીબોને ડરાવાય છે અને ધમકાવાય છે, તેને ભાજપ સત્તા પર આવ્યા બાદ બંધ કરાવશે. પશ્ચિમ બંગાળની આસપાસના રાજ્યોમાં હવે ભાજપની સરકાર આવી ગઇ છે. બિહારમાં ભાજપના નેતૃત્વ હેઠળની યુતિએ સત્તા ફરી કબજે કરી છે અને હવે પશ્ચિમ બંગાળનો વારો છે. (એજન્સી)

### બાંગ્લાદેશમાં

હત્યા કરી દેવામાં આવી હતી. ઘટનાને મામલે પોલીસે ત્રણ વ્યક્તિની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ હૉટલના કર્મચારી અનંતદાસની એક ગ્રાહક સાથે મામૂલી બોલાચાલી થઈ હતી જે બાદમાં મારપીટમાં પરિવર્તિત થઈ ગઈ હતી. કર્મચારીને બચાવવા ઘોષ વચ્ચે પડતાં હુમલાખોરોએ તેનાં પર પણ હુમલો કરી દીધો હતો. સાક્ષીઓના જણાવ્યાનુસાર હુમલાખોરોએ ઘોષ સાથે મારપીટ કરી હતી અને બાદમાં તીક્ષ્ણ હથિયાર વડે તેની હત્યા કરી નાખી હતી.

ગંભીર રીતે ઘવાયેલો ઘોષ જમીન પર ઢળી પડ્યો હતો અને આસપાસના લોકો તેને મદદ કરે તે પહેલાં જ તેનું મૃત્યુ નીપજ્યું હતું.

ઘટનાને મામલે નિષ્પક્ષ તપાસ અને દોષીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી હતી.

અગાઉ શુક્રવારે રાજવાડી જિલ્લામાં હિન્દુ યુવકની હત્યાની ઘટના પ્રકાશમાં આવી હતી. ૩૦ વર્ષના રિપન સાહાની જાણીજોઈને કારથી કચડી નાખીને હત્યા કરી દેવામાં આવી હતી જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને તણાઈ ફેલાઈ ગયા હતા.

રિપન સાહા કરીમ ફિલિંગ સ્ટેશન પર કામ કરતો હતો. એક વાહનચાલકે પેટ્રોલ પંપ પરથી ઈંધણ ભરાવ્યું હતું, પરંતુ રૂપિયા ચુકવવાનું નકારી કાઢ્યું હતું. રિપન સાહાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો તો વાહનચાલકે જાણીજોઈને કાર રિપન સાહા પર ચઢાવી દીધી હતી જેને કારણે ઘટનાસ્થળે જ તેનું મોત નીપજ્યું હતું.

### સૌથી પહેલી

વાતાનુકૂલિત વંદે ભારત સ્લીપર ટ્રેન પ્રવાસીઓને ઓછા ભાડાંમાં વિમાનપ્રવાસ જેવો અનુભવ કરાવશે, એમ વડા પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણવાયું હતું.

ઉત્તર બંગાળના માલ્દામાં એક જાહેરસભાને સંબોધન કરતાં મોદીએ ન્યૂ જલ્પાઈગુડીને નાગરકોઈલ અને તિરુચિરાપલ્લી તેમ જ અલીપુરદુઆરને એસએમવીટી બેંગલુરુ અને મુંબઈ (પનવેલ) સાથે જોડતી ચાર અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનને વર્ચ્યુઅલી લીલીઝંડી આપી હતી.

અગાઉ મોદીએ હાવરા અને ગુવાહાટી (કામાખ્યા)થી માલ્દા ટાઉન સ્ટેશન વચ્ચે દોડાવવામાં આવનારી અત્યાધુનિક વંદે ભારત સ્લિપર ટ્રેનને લીલીઝંડી આપી હતી. સંપૂર્ણપણે વાતનુકૂલિત આ ટ્રેન હાવરા-ગુવાહાટી માર્ગ પર પ્રવાસનો સમય અઢી કલાક ઘટાડશે. ટ્રેનમાં હાવરાથી ગુવાહાટી પહોંચતા ૧૮ કલાક લાગે છે.

ઉદ્ઘાટન સમારોહને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે નવા પ્રોજેક્ટ-ખાસ કરીને નવી ટ્રેનો એ વિસ્તારના યુવાનોનું સશક્તીકરણ અને તેમને સમર્થ બનાવશે.

એક સમય હતો જ્યારે આપણે વિકસિત વિદેશી દેશોને જોતા હતા અને ત્યાંની અત્યાધુનિક ટ્રેનનાં સપનાં જોતા હતા એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આજે એ સપનું સાકાર થઈ ગયું છે. નવી વંદે ભરત સ્લિપર ટ્રેને મા કાલીની પવિત્ર ધરતીને મા કામાખ્યાની જમીન સાથે જોડી છે, એમ તેમણે કહ્યું હતું.

ભારતે પોતાની પરિવહન સુવિધાનું અત્યાધુનિકીકરણ કર્યું છે અને દેશને આત્મનિર્ભર બનાવ્યો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારત હાલ યુરોપ અને અમેરિકા કરતાં પણ વધુ રેલવે કોચનું નિર્માણ કરી રહ્યું છે.

વડા પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે નવી યોજનાઓ પરવડી શકે તેવી અને લાંબા અંતરની વિશ્વસનીય કનેક્ટિવિટીને વેગ આપશે જેને કારણે આંતરરાજ્ય આર્થિક તેમ જ સામાજિક જોડાણ વધશે અને સામાન્ય જનતા, વિદ્યાર્થીઓ, સ્થળાંતર કરીને આવતા મજૂરો તેમ જ વેપારીઓને સરળ અને આરામદાયક પ્રવાસની સુવિધા મળશે. આ પ્રસંગે બોલતાં રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે જલદી જ ભારત વંદે ભારત ટ્રેનની નિકાસ કરશે. (એજન્સી)

### આટકોટ નિર્ભયા

કે, બનાવના સ્થળેથી આરોપીના માથાના વાળનો જથ્થો મળી આવ્યો હતો, જે ડીએનએ ટેસ્ટમાં પોઝિટિવ આવ્યો હતો. ઉપરાંત, આરોપીએ છુપાવેલા લોખંડના સળિયા પર બાળકીના લોહીના અંશ પણ મળી આવ્યા હતા. રાજકોટ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પોલીસે માત્ર ૧૧ દિવસમાં ચાર્જશીટ ફાઇલ કરી સચોટ પુરાવા એકત્ર કર્યા હતા. ઓળખ પરેડ દરમિયાન એસપી સિમરન ભારદ્વાજની હાજરીમાં બાળકીએ હિંમતપૂર્વક આરોપીને ઓળખી બતાવ્યો હતો, જે આ કેસમાં નિર્ણાયક સાબિત થયું હતું. કોર્ટમાં ટ્રાયલ દરમિયાન આરોપીના વકીલે વાળના નમૂના અને મેડિકલ રિપોર્ટ અંગે અનેક દલીલો કરી બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સરકારી વકીલે રજૂ કરેલા ટેકનિકલ પુરાવા, મોબાઈલ લોકેશન અને બાળકીની જુબાની સામે આરોપીના તમામ બચાવ નિષ્ફળ રહ્યા હતા. સ્પેશિયલ જજે આ ઘટનાને 'રેરેસ્ટ ઓફ ધ રેર' ગણી આરોપી રેમસિંહને ફાંસીની સજા સંભળાવી હતી.

# મારુતિ સુઝુકી ખોરજમાં ₹ ૩૫,૦૦૦ કરોડના રોકાણ સાથે નવો પ્લાન્ટ સ્થાપશેઃ ૧૦ લાખ વાહનોનું થશે ઉત્પાદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ દ્વારા અમદાવાદ નજીક ખોરજમાં રૂ. ૩૫,૦૦૦ કરોડના રોકાણ સાથે નવો વ્હિકલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને મારુતિ સુઝુકીના એમ.ડી. હિતાશી તાકેઉચીની ઉપસ્થિતિમાં ઇન્વેસ્ટમેન્ટ લેટર સુપરત કરવામાં આવ્યા હતા. આ નવો પ્લાન્ટ જી.આઇ.ડી.સી. દ્વારા ફાળવવામાં આવેલી ૧૭૫૦ એકર જમીન પર તૈયાર કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ અન્વયે કુલ ચાર ઉત્પાદન યુનિટ્સ સ્થાપવામાં આવશે, જેની સંયુક્ત વાર્ષિક ક્ષમતા ૧૦ લાખ કારની રહેશે. કંપનીના આયોજન મુજબ, પ્રથમ યુનિટમાં ઉત્પાદન પ્રક્રિયા નાણાકીય વર્ષ ૨૦૨૯ થી શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટ માટેના એમ.ઓ.યુ. વર્ષ ૨૦૨૪ની વાઇબ્રન્ટ સમિટ દરમિયાન કરવામાં આવ્યા હતા. હાલમાં હાંસલપુર ખાતે કંપનીનો પ્રથમ પ્લાન્ટ કાર્યરત છે, જેની ક્ષમતા પણ વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં વધારીને ૧૦ લાખ યુનિટ કરવાની યોજના છે. રોજગારીની દ્રષ્ટિએ આ પ્લાન્ટ અત્યંત મહત્ત્વનો સાબિત થશે. તેનાથી ૧૨,૦૦૦ થી વધુ લોકોને પ્રત્યક્ષ રોજગારી મળવાની સંભાવના છે. આ ઉપરાંત, આસપાસના વિસ્તારોમાં આનુષંગિક એકમો અને એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રનો વિકાસ થવાથી અંદાજે ૭.૫૦ લાખથી વધુ લોકોને પરોક્ષ રોજગારીની તકો પ્રાપ્ત થશે. આ રોકાણથી ગુજરાતના ઓટોમોબાઈલ સેક્ટરને વૈશ્વિક સ્તરે વધુ મજબૂતી મળશે.

કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વાઇબ્રન્ટ ગુજરાતના પ્રારંભથી જ જાપાન ગુજરાતના વિકાસ પ્રવાસમાં મહત્વનું ભાગીદાર રહ્યું છે. મારુતિ સુઝુકીના એમ.ડી. હિતાચી તાકેયુચીએ ગુજરાત સરકારના સક્રિય સહયોગની પ્રશંસા કરતા 'મેક ઇન ઇન્ડિયા' પહેલમાં કંપનીના યોગદાનની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. આ પ્રસંગે મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ સહિત રાજ્ય સરકાર અને મારુતિ સુઝુકીના ઉચ્ચ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# વલસાડના ધરમપુરમાં ૪૦૦ આદિવાસીઓ ખ્રિસ્તી ધર્મ ત્યજી ફરી હિન્દુ ધર્મમાં ઘરવાપસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના હનમતમાળ ગામે શુક્રવારે આયોજિત 'પ્રશ્ન માર્ગદર્શન મહોત્સવ' અને 'સડક દીક્ષા' કાર્યક્રમ દરમિયાન અંદાજે ૪૦૦ જેટલા આદિવાસી ભાઈ-બહેનોએ, જેઓ અગાઉ ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત થયા હતા, તેમણે પોતાના મૂળ ધર્મમાં વાપસી કરી હતી. આ કાર્યક્રમ ઇસુરદા પ્રાથમિક શાળા નજીકના ખેતરમાં આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા, પારડી અને વાપી ઉપરાંત ડાંગ, વાંસદા અને મહારાષ્ટ્રના સરહદી ગામોના આદિવાસી શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા. દીક્ષા વિધિ દરમિયાન, આ ૪૦૦ લોકોએ વિધિવત રીતે ખ્રિસ્તી ધર્મનો ત્યાગ કર્યો હતો અને પુનઃ હિન્દુ ધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી. આયોજકોના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટામાં ચાલી રહેલી ધર્માંતરણની પ્રવૃત્તિઓ સામે આ એક મોટું અભિયાન છે.

સ્થાનિક આયોજકો અને ગ્રામીણ અગ્રણીઓએ આ તબક્કે આદિવાસી વિસ્તારોમાં પ્રલોભનો અને લાલચ આપીને કરવામાં આવતા 'પદ્ધતિસરના ધર્માંતરણ' સામે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે લાંબા સમયથી દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં આવી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી સમુદાયને ધર્માંતરણથી બચાવવાનો અને જેઓ અગાઉ ધર્મ પરિવર્તન કરી ચૂક્યા છે તેમને પરત લાવવાનો છે. ■

# જૂનાગઢના માળિયા હાટીનામાં ગોપાલ ઈટાલિયા પર ફરી જૂતું ફેંકાયું, આરોપીએ ખુલાસો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના નેતા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા ઉપર ફરી એકવાર જૂતું ફેંકાયું હતું. જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીનાના ગડુ ગામમાં યોજાયેલી ખેડૂત સભામાં ગોપાલ ઈટાલિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ખેડૂત સભા દરમિયાન આ ઘટના બની હતી. જોકે આ મામલે તેમના પર જૂતું ફેંકાય તે પહેલા જ શખ્સને પકડી લેવાયો છે. કાર્યકરોએ શખ્સને ઝડપી પોલીસને સોંપ્યો હતો. મળતી વિગત મુજબ, ૧૬ જાન્યુઆરીની રાત્રે ગડુ ગામ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ભાજપના પૂર્વ ઉપપ્રમુખ બચુ સિસોદિયા અનેક કાર્યકરો સાથે કેસરિયો છેડો ફાડીને 'આપ'માં જોડાવાના હતા. જ્યારે સભા ચાલી રહી હતી અને ગોપાલ ઈટાલિયા મંચ પર હાજર હતા, ત્યારે એક અજાણ્યા શખ્સે તેમના પર જૂતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, જૂતું ઈટાલિયા સુધી પહોંચે તે પહેલા જ ત્યાં હાજર કાર્યકરોએ તે શખ્સને દબોચી લીધો હતો અને તાત્કાલિક પોલીસને હવાલે કર્યો હતો. આમ હુમલાખોર પોતાનો ઇરાદો પૂરો કરી શક્યો ન હતો. જૂતું ફેંકનાર શબીર નામના યુવકે આ કૃત્ય પાછળનાં રહસ્યો પરથી પડદો ઊંચક્યો હતો. શબીરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો છે, જેમાં તે સ્પષ્ટપણે સ્વીકારે છે કે આ કૃત્ય કરવા માટે લાલચ આપવામાં આવી હતી. શબીરે વીડિયોમાં જણાવ્યું હતું કે, મને ગોપાલભાઈ ઇટાલિયા પર જૂતું ફેંકવા માટે પૈસાની લાલચ આપવામાં આવી હતી. આ કાર્ય પૂરું કરવા માટે મને અગાઉથી દારૂ પણ પીવડાવવામાં આવ્યો હતો. તેણે વધુમાં ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે, ભંડુરી ગામના રામજીભાઈ, તેનો પુત્ર મીત અને ભરતભાઈ નામના શખ્સોએ તેને આ કૃત્ય કરવા માટે દબાણ અને ઉશ્કેરણી કરી હતી. શબીરે એવો પણ દાવો કર્યો હતો કે એક અજાણ્યા શખ્સે પોતાની ઓળખ પોલીસ તરીકે આપી કંઈ નહીં થાય તેવું આશ્વસાન આપ્યું હતું. ■

# ગુજરાતમાં ડિજિટલ વસ્તી ગણતરી-૨૦૨૭ની તૈયારીઓ શરૂઃ બે તબક્કામાં કામગીરી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત સરકાર દ્વારા વસ્તી ગણતરી-૨૦૨૭ માટેની તૈયારીઓ ઝડપી ગતિએ શરૂ કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયના ડિરેક્ટોરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ, આ વખતની વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરાશે. જેમાં પ્રથમ તબક્કામાં ઘરયાદી અને મકાન ગણતરી (એચએલઓ) સપ્ટેમ્બર ૨૦૨૬માં અને બીજા તબક્કામાં વસ્તીની ગણતરી ફેબ્રુઆરી ૨૦૨૭માં યોજાશે.

આ પરિપત્રમાં ગણતરીકારો, સુપરવાઈઝરો અને અધિકારીઓ માટેના માનદ વેતન, તાલીમ, IT ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ લોજિસ્ટિક સપોર્ટની વિગતવાર જોગવાઈઓ જાહેર કરવામાં આવી છે. HLO માટે પ્રતિ ગણતરીકારને ૯,૦૦૦ અને PE માટે ૧૬,૦૦૦ માનદ વેતન નક્કી કરાયું છે, જ્યારે બંને તબક્કા પૂર્ણ કરનારને કુલ ૨૫,૦૦૦ સુધીની રકમ મળશે.

વસ્તી ગણતરીના સફળ અમલ માટે રાજ્ય, જિલ્લા, મહાનગરપાલિકા અને તાલુકા સ્તરે IT સાધનો, વાહન માટે POL ખર્ચ અને કામગીરી માટે જરૂરી સાધનો માટે અલગ-અલગ બજેટ ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સ્તરે આ માટે ૧૦ લાખ, જિલ્લા અને મહાનગરપાલિકા સ્તરે ૫ લાખ અને તાલુકા સ્તરે ૧ લાખ સુધીની જોગવાઈ રાખવામાં આવી છે.

ગણતરીકારો અને સુપરવાઈઝરોને આધુનિક ટેક્નોલોજી આધારિત તાલીમ આપવામાં આવશે. મોબાઇલ એપ્લિકેશન અને CMMS પોર્ટલ દ્વારા ડેટા એકત્રિત કરી રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવામાં આવશે. સમગ્ર દેશમાં આશરે ૧૦૦ રાષ્ટ્રીય ટ્રેનર્સ, ૨૦૦૦ માસ્ટર ટ્રેનર્સ અને ૪૪,૦૦૦ ફીલ્ડ ટ્રેનર્સ દ્વારા લાખો ગણતરીકારોને તાલીમ આપવામાં આવશે.

પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, વસ્તી ગણતરી-૨૦૨૭ સંપૂર્ણપણે ડિજિટલ હશે અને ડેટાની ગુણવત્તા તથા પારદર્શિતા પર ખાસ ભાર મૂકવામાં આવશે. સરકારના જણાવ્યા મુજબ, આ વસ્તી ગણતરી દેશની આગામી વિકાસ યોજનાઓ માટે મહત્ત્વપૂર્ણ આધાર પૂરો પાડશે. ■

# પંજાબના ભટિંડામાં નેશનલ હાઈવે પર અકસ્માત, ગુજરાતના મહિલા કોન્સ્ટેબલ સહિત પાંચનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંજાબમાં ભટિંડામાં શનિવારે સવારે નેશનલ હાઈવે પર ડિવાઈડર સાથે ફોર્ચ્યુનર કાર અથડાતાં ગુજરાતના વાવ-થરાદ જિલ્લાની મહિલા કોન્સ્ટેબલ સહિત ૫ લોકોનાં મોત થયાં હતાં. આ અકસ્માત ભઠીંડા જિલ્લાના ગુડતડી ગામ પાસે થયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે કારના ફુરચેફુરચા ઊડી ગયા હતા. આ અંગે સમાચાર મળતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે કોઈક રીતે કારમાંથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

અકસ્માતમાં મોતને ભેટેલા તમામ લોકો વાવ-થરાદ જિલ્લાના હતા. જેમની ઓળખ અમિતાબહેન કરશનભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર), અરજણભાઇ સુબાભાઇ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર), ભરતભાઈ અજાભાઇ રાજપૂત (રહે. અછવાડીયા, લાખણી) જનકભાઈ રાજપૂત (રહે. જેતડા, થરાદ) અને સતીષ તરીકે થઈ છે. તમામની ઉંમર ૨૫થી ૩૦ વર્ષની વચ્ચે છે.

દિયોદર તાલુકાના રાટીલા ગામના અમિતાબહેન પોલીસ કોન્સ્ટેબલ હોવાનું જાણવા મળ્યું હતું. આ અકસ્માત અંગે એસપી નરીન્દર સિંહે જણાવ્યું હતું કે આ તમામ ફોર્ચ્યુનર કારમાં શિમલા ગયાં હતાં. પરત ફરતી વખતે પંજાબના ભઠીંડામાં ગાઢ ધુમ્મસને કારણે ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. ■

# અમદાવાદમાં જગન્નાથ મંદિરની આસપાસ દબાણો હટાવાયાંઃ ટ્રાફિક સમસ્યાને પગલે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા જગન્નાથ મંદિરની આસપાસ ૧૭ જાન્યુઆરી વહેલી સવારથી જ દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મંદિરની આસપાસ એપીએમસી માર્કેટ બહાર, જમાલપુર ફાયરસ્ટેશનની સામે અને જમાલપુર બ્રિજની નીચે જાહેર રોડ ઉપર શાકભાજીની લારીઓ અને પાથરણાવાળાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. રોડ પરથી તમામ દબાણો દૂર કરાયાં હતાં, શાકભાજી સહિતનો સામાન એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા જપ્ત કરી લેવામાં આવ્યો હતો. તંત્રએ ચીમકી ઉચ્ચારી હતી કે, જાહેર રોડ ઉપર જે પણ આજુબાજુમાં લારીઓ અને લોકો ઊભા રહેશે હવે તેમનો સામાન પણ જપ્ત કરી લેવામાં આવશે.

આ કાર્યવાહી અંગે વધુ વિગત આપતા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, જગન્નાથ મંદિરે આવતા જતા લોકો માટે ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા આ રોડ પર કામ ચલાવતા શાકભાજી, ફૂલોનાં વેપારીઓ અને ફેરિયાઓ દ્વારા રોડ પર દબાણો કરાયા છે. જેમને યોગ્ય જગ્યા આપી હોવા છતાં આ બધા વેપારીઓ રોડ પર આવી જાય છે. જેથી લોકો જગન્નાથ મંદિરે સમયસર પહોંચી શકતા નથી. તે માટે સ્ટેન્ડિંગ કમિટીની અંદર થયેલી ચર્ચા અનુસાર આ દબાણો દૂર કરવામાં આવશે. જેથી લોકો સહેલાઈથી જઈ શકે તે માટે રસ્તો ક્લિયર કરવામાં આવશે અને ત્યાં રહેલા છૂટા કામ ચલાવતાં દબાણોને દૂર કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તમામ વિસ્તારમાં મુખ્ય રોડ ઉપર લારી- પાથરણાનાં દબાણો હટાવવામાં આવી રહ્યા છે. ગેરકાયદેસર રીતે રોડ પર પાર્ક કરેલાં વાહનોને લોક કરી દંડની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■

# આયુર્વેદ-હોમિયોપથીમાં ખાલી પડેલી ૧૩૯ બેઠક માટે કાઉન્સેલિંગનો નવો રાઉન્ડ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા આયુર્વેદ અને હોમિયોપથી અભ્યાસક્રમોમાં પ્રવેશની અંતિમ મુદત ૨૩ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવતા ગુજરાતમાં પ્રવેશ સમિતિએ રાજ્યની વિવિધ કોલેજોમાં ખાલી પડેલી આયુર્વેદની ૮૩ અને હોમિયોપથીની ૫૬ મળી કુલ ૧૩૯ બેઠક ભરવા માટે કાઉન્સેલિંગના નવા રાઉન્ડની જાહેરાત કરી હતી. આ માટે ૧૯ જાન્યુઆરી સુધી ચોઈસ ફિલિંગની બારી ફરી ખોલવામાં આવી છે.

કેન્દ્રીય આયુષ મંત્રાલય અને નેશનલ કમિશન ફોર હોમિયોપથી દ્વારા આ મુદત લંબાવવામાં આવી હતી. અગાઉ ૨૨ ડિસેમ્બર સુધીની મુદત હોવા છતાં દેશભરમાં અનેક બેઠકો ખાલી રહી હતી.

જોકે ગુજરાતે અગાઉ પોતાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી લીધી હતી, પરંતુ હવે આ 'એક્સ્ટ્રા રાઉન્ડ' દ્વારા મેરિટ લિસ્ટમાં સામેલ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવાની અંતિમ તક પૂરી પાડવામાં આવી રહી હતી.

મહત્ત્વની વાત એ છે કે, આ રાઉન્ડમાં કોઈ નવું રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહીં. માત્ર અગાઉના મેરિટ લિસ્ટમાં સ્થાન પામેલા ઉમેદવારો જ આ બેઠકો માટે દાવેદારી કરી શકશે.

આ તમામ ખાલી બેઠકો સામાન્ય શ્રેણીની છે અને ઉમેદવારોએ જનરલ કેટેગરી માટેના નીટ લાયકાતના માપદંડો પૂર્ણ કરવાના રહેશે. ■

# પ્રાથમિક શાળાઓમાં ૭૪ હજારથી વધુ 'જાદુઈ પીટારા'નું વિતરણ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજના ટેક્નોલોજીના યુગમાં બાળકો માત્ર પુસ્તકો આધારિત શિક્ષણ નહિ, પણ રમત-ગમત અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ લઈ શકે તે માટે કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકાર દ્વારા એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨નાં બાળકો માટે ૭૪ હજારથી વધુ 'જાદુઈ પીટારા' આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ જાદુઈ પીટારાનો રાજ્યના ૧૨.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે.

દેશનાં બાળકો ગોખણિયું શિક્ષણ છોડી પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 'જાદુઈ પીટારા'ની નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. આ જાદુઈ પીટારા ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓને આપનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે તેમ, શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ અંગે વધુમાં જણાવાયું હતું કે, આ જાદુઈ પીટારા થકી સરકારી શાળાનાં બાળકોને ગોખણિયું શિક્ષણ નહીં, પરંતુ ભાર વિનાનું ભણતર, લાંબા ગાળા સુધી યાદ રહે તે પ્રકારની પ્રવૃત્તિ આધારિત શિક્ષણ આપવાનો રાજ્ય સરકારનો એક સરાહનીય પ્રયાસ છે.

આ ઉપરાંત નેશનલ એજ્યુકેશન પોલિસી NEP -૨૦૨૦ અને નિપુણ ભારત મિશનના લક્ષ્યોને ધ્યાને લઇ NCERT, ભારત સરકાર દ્વારા નિર્મિત જાદુઈ પીટારા બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ના વર્ગખંડોમાં આપવામાં આવી રહ્યા છે. આ જાદુઈ પીટારા નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ને ધ્યાને લઇ ટોય બેઝ પેડાગોજી આધારિત પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન માટે વિશેષ નિર્માણ કરવામાં આવ્યું છે. આમાં રમત, કલા, સંગીત, નવાચાર, પ્રવૃત્તિ- પ્રોજેક્ટ, સહપાઠી શિક્ષણ, મહાવરો, મૂલ્યાંકન જેવા વિવિધ ૩૦ જેટલી સામગ્રી સાથે તેના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા પણ આપવામાં આવી છે. આ પોલિસી હેઠળ શિક્ષકોને પણ બાળકોના સર્વાંગી વિકાસ માટેના અસરકારક વર્ગખંડ વ્યવહાર માટેનું વાતાવરણ પૂરું પાડવા અર્થે વિવિધ સંસાધનો પ્રાપ્ત કરાવવામાં આવી રહ્યાં છે.

આ જાદુઈ પીટારામાં સંગીતનાં સાધનો, રમત-ગમતનાં સાધનો,પપેટ્સ, મણકા,શૈક્ષણિક રમકડાં, પઝલ, રસોડા સેટ જેવી અનેક સામગ્રીનો સમાવેશ કરવામાં આવેલ છે. ■

# પંજાબના કાચા કામના કેદીએ અમદાવાદ સાબરમતી જેલમાં આપઘાત કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ૧૭ જાન્યુઆરીએ વહેલી સવારે કેદીએ પોતાની પાઘડીના કપડા વડે જેલના બાથરૂમમાં જઈને આપઘાત કરી લીધો હતો. કેદી વિરમગામ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં ૮ જાન્યુઆરીના રોજ જ સેન્ટ્રલ જેલમાં આવ્યો હતો. જેલમાં આવ્યાનાં ૯માં દિવસે જ કેદીએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. મળતી વિગત અનુસાર, મૂળ પંજાબના રહેવાસી નિશાનસિંહ લોહાર (૩૧ વર્ષ) ૮ જાન્યુઆરીથી સાબરમતી સેન્ટ્રલ જેલમાં આવ્યાં હતાં. સાબરમતી સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી નિશાનસિંહે વહેલી સવારે ૨:૩૦થી ૩ વાગ્યાની વચ્ચે શાંતિનિકેતન યાર્ડના બેરેક નંબર ૪ના બાથરૂમમાં પોતાની પાઘડીના કપડા વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ડોક્ટર દ્વારા તપાસ કરતા નિશાનસિંહનું મોત થઈ ચૂક્યું હતું.

આ અંગે જેલ તંત્ર દ્વારા રાણીપ પોલીસને જાણ કરવામાં આવી હતી. રાણીપ પોલીસે આ અંગે તપાસ કરીને અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. મૃતક પાસેથી કોઈ સ્યુસાઇડ નોટ મળી આવી નથી. ■

# અમદાવાદમાં બીઆરટીએસની રેલિંગમાં એક્ટિવા અથડાતાં પિતાનું મોત, પુત્રી લોહીલુહાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના આસ્ટોડિયા દરવાજા પાસે ગત ૧૬ જાન્યુઆરીની મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાપુનગર વિસ્તારમાં રહેતા કેતન પંચાલ રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે પોતાની ૧૬ વર્ષની દીકરી સાથે એક્ટિવા પર જઈ રહ્યા હતા ત્યારે આસ્ટોડિયા દરવાજા પાસે તેમનું એક્ટિવા પૂરઝડપે બીઆરટીએસ કોરિડોરની રેલિંગ સાથે ધડાકાભેર અથડાયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવાચાલક કેતનભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે તેમની પુત્રીને માથામાં ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

ઘટનાની જાણ થતા જ એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતક કેતન પંચાલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રારંભિક તપાસમાં સામે આવ્યું છે કે બીઆરટીએસ કોરિડોરમાં પૂરઝડપે વાહન ચલાવવા દરમિયાન સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા એક્ટિવા રેલિંગમાં ઘૂસી ગયું હતું.

આ મામલે ઈ-ડિવિઝન ટ્રાફિક પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જોકે, પરિવારના મોભીનું અકાળે અવસાન થતા પંચાલ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ■

# વડોદરા ભાજપમાં વિખવાદ ચરમસીમાએ, ત્રણ ધારાસભ્યએ સંકલન બેઠકનો બહિષ્કાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લાના વહીવટી વિભાગ અને ધારાસભ્યો વચ્ચે વિવાદ વધુ વકરી રહ્યો છે. ૧૭ જાન્યુઆરીએ વડોદરા જિલ્લા સંકલન સમિતિની બેઠકનો ૩ ધારાસભ્યએ બહિષ્કાર કર્યો હતો. જ્યારે ધારાસભ્ય શૈલેષ મહેતા અને વડોદરા સાંસદ હેમાંગ જોશીની અલગ બેઠક યોજાઈ હતી. ૩ ધારાસભ્યોની ગેરહાજરી રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જિલ્લાના પાંચેય ધારાસભ્યોએ મળીને વિકાસકાર્યોને મુદ્દે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી નારાજગી વ્યક્ત કરી હતી. લેટર બોમ્બના વિવાદ પછી ૧૭ જાન્યુઆરીએ વડોદરા જિલ્લા સંકલન સમિતિની પ્રથમ બેઠકમાં કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ, પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા અને સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારની ગેરહાજરી ચર્ચાનો વિષય બન્યો હતો. જૂનાં કામો પૂર્ણ ન થાય ત્યાં સુધી બેઠકમાં હાજરી નહીં આપવાનો તેમણે નિર્ણય કર્યો હતો. તો બીજી તરફ, ડભોઈ વિધાનસભાના ધારાસભ્ય શૈલેષ મહેતા અને વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જિલ્લાપંચાયતનાં પ્રમુખ ગાયત્રીબા મહિડા તથા સાંસદ ડો. હેમાંગ જોશી સાથે અલગ બેઠક કરી હતી. આ બેઠક જિલ્લા સંકલન શરૂ થાય એ પહેલાં તમામ પદાધિકારીઓ વચ્ચે યોજાઈ હતી. ■

# ભરૂચમાં છેલ્લા એક મહિનામાં ૧૦૯૪ નાગરિકો પર શ્વાનના હુમલા, ૧૫૦ કૂતરાનું ખસીકરણ કરાયું

અમદાવાદઃ ભરૂચમાં રખડતાં શ્વાનના હુમલા ચિંતાજનક રીતે વધ્યા છે. છેલ્લા એક મહિનામાં ૧૦૯૪ નાગરિકો પર કૂતરાના હુમલાની ઘટનાઓ બાદ તંત્ર સફાળું જાગ્યું છે. ૧ મહિનામાં સિવિલ હોસ્પિટલ ભરૂચમાં સારવાર લેનાર દર્દીઓના નોંધાયેલા ચોંકાવનારા આંકડાએ તંત્રને તાત્કાલિક પગલાં લેવા મજબૂર કર્યું છે. સ્થાનિક રહેવાસીઓની સતત ફરિયાદો અને હડકવાના વધતા ભયને ધ્યાને લઈ વ્યાપક કાર્યવાહી શરૂ કરાઈ છે. ભરૂચવાસીઓને રખડતા શ્વાનના ત્રાસથી મુક્તિ અપાવવા ભરૂચ નગરપાલિકાએ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. જે મુજબ ટૂંકા સમયગાળામાં ૧૫૦ રખડતાં શ્વાનનું ખસીકરણ કરવામાં આવ્યું છે. શહેરમાં ખાસ ડોગ શેલ્ટર હોમ બનાવાયું છે. અહીં કૂતરાને પકડી ડોગ શેલ્ટર હોમમાં લાવી સંપૂર્ણ તબીબી સારવાર આપવામાં આવે છે. ■

# વડોદરામાં વૃદ્ધ વેપારીની આંખમાં મરચાંની ભૂકી નાંખી ૧૦ લાખની લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં ૬૮ વર્ષીય વૃદ્ધની આંખમાં મરચાની ભૂકી નાખી રોકડ ભરેલી બેગની લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટના બાદ શહેરના વેપારી આલમમાં ખળભળાટ મચી ગયો હતો. દરમિયાન વેપારીએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો તરત જ ત્યાં દોડી આવ્યા હતા. લોકોનો જમાવડો થતા લૂંટારુઓ ગભરાયા હતા જો કે એક શખસ ઝડપાઈ ગયો હતો, જ્યારે તેના અન્ય સાથીદારો ભાગી છૂટ્યા હતા. આ મામલે તાત્કાલિક ૧૦૦ નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે આરોપીની અટકાયત કરી હતી.

આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, વડોદરા શહેરના હરણી વારસિયા રિંગરોડ પર આવેલી ચતુરભાઈ પાર્ક સોસાયટીમાં લૂંટની એક ચોંકાવનારી ઘટના બની છે. જેમાં એક ૬૮ વર્ષીય વૃદ્ધને નિશાન બનાવી તેમની આંખમાં મરચાની ભૂકી નાખી રોકડ ભરેલી બેગની લૂંટ ચલાવવામાં આવી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ મામલે લીલારામ રેવાણીએ આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હું ધંધો કરું છું અને વેપારી છું. હું દુકાનેથી ફોરવ્હીલર લઈ ઘરે રાત્રે પરત ફર્યો હતો ત્યારે ઘર આગળ જ બાઈક અને એક્ટિવા લઈ ચાર છોકરાઓ આવ્યા હતા. તેઓના ચહેરા કાળા કપડાથી ઢાંકેલા હતા. દરમિયાન હું ગાડીમાંથી નીચે ઊતર્યો તો એક છોકરો મને છાતી પર ફેટ મારવા લાગ્યો હતો. અન્ય એક છોકરાએ મારી આંખમાં મરચાંની ભૂકી નાખી અને ગાડીમાં રહેલા રોકડ ૧૦ લાખની બેગ લઈ ફરાર થઈ ગયા હતા. ■

# અન્ય પક્ષો સંકોચાઈ રહ્યા છે એટલે મહારાષ્ટ્રમાં ભાજપ ફૂલી ફાલી રહ્યો છે

મુંબઈ: નવેમ્બર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં પ્રભાવી પ્રદર્શનના પગલે ભાજપે મહારાષ્ટ્રમાં પોતાનો પગપેસારો વધાર્યો છે જ્યારે અન્ય પક્ષોનું રાજકીય અસ્તિત્વ સંકોચાઈ રહ્યું છે, એમ ભારતીય જનતા પક્ષના એક પદાધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

ભાજપના મુખ્ય પ્રવક્તા કેશવ ઉપાધ્યાયેનું મૂલ્યાંકન ૨૯ પાલિકા ચૂંટણીઓમાં ભગવા પક્ષના શાનદાર પ્રદર્શન પર આધારિત હતું. મુંબઈ સહિત ૨૯ પાલિકામાંથી ૨૫માં ભાજપના નેતૃત્વ હેઠળનું મહાયુતિ ગઠબંધન સત્તામાં આવશે એ નક્કી છે.

સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં ઉપાધ્યાયે જણાવ્યું હતું કે પાલિકા ચૂંટણીમાં ભાજપએ ૧ હજાર ૪૩૦ બેઠક પર વિજય મેળવ્યો હતો. ૨૦૧૭માં ૧ હજાર ૧૩૭ બેઠક મળી હતી. ઇચલકરંજી અને જાલનાને પાલિકાનો દરજ્જો મળ્યા પછી મહારાષ્ટ્રમાં અમહાનગરપાલિકાની સંખ્યા ૨૭ થી વધીને ૨૯ થઈ ગઈ છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ બંને નવી પાલિકામાં ભાજપનો પ્રભાવી વિજય થયો છે.

ઉપાધ્યાયે વધુમાં જણાવ્યું હતું કે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ ૨૯ પાલિકામાં ૩૯૭ બેઠકો જીતી હતી, જ્યારે અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીએ ૧૬૦ બેઠકો મેળવી હતી. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ રાજ્યભરમાં ૧૫૩ બેઠકો જીતી. ૨૦૧૭માં તેમના પક્ષે જીતેલી ૫૦૧ બેઠકની સરખામણીમાં ૧૫૩ નજીવો વિજય કહેવાય. ૨૦૧૭માં ૩૫૭ બેઠક પર વિજય મેળવનાર એનસીપી (એસપી) ફક્ત ૩૬ બેઠકો જ જીતી શકી હતી. ■

બારમાં પાનાનું ચાલુ

## પાલિકાની ચૂંટણીમાં

એકલા ચૂંટણી લડવાનો નિર્ણય લીધો હતો. તેથી ચૂંટણીમાં ભાજપ, બંને શિવસેના અને કૉંગ્રેસ વચ્ચે લડત જોવા મળી હતી, જેમાં મતોનું વિભાજન થવાનથી સરવાળે ફાયદો ભાજપને થયો અને ૮૯ સીટ સાથે ભવ્ય જીત મેળવી હતી.

પાલિકાની ચૂંટણીમાં ભાજપનો સ્ટ્રાઈક રેટ વધુ રહ્યો છે. બીજા નંબરે ઉદ્ધવની સેનાનો રહ્યો છે. તો સૌથી ઓછો સ્ટ્રાઈક રેટ અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસનો રહ્યો હતો.

ભાજપ ૨૨૭માંથી ૧૩૫ સીટ પર ચૂંટણી લડીને ૮૯ બેઠકો જીતતા તેનો સ્ટ્રાઈક રેટ ૬૬ ટકા રહ્યો હતો અને તેમને ૨૧.૫૮ ટકા મત મળ્યા છે. ઉદ્ધવની સેના ૧૬૦ બેઠકો પર ચૂંટણી લડીને ૬૫ બેઠક જીતતા તેમનો સ્ટ્રાઈક રેટ ૪૦.૬૨ હોઈ તેમને ચૂંટણીમાં ૧૩.૧૩ ટકા મત મળ્યા છે. શિંદેસેના ૯૦ બેઠકોમાંથી ૨૯ બેઠકો જીતી છે. તેમનો સ્ટ્રાઈક રેટ ૩૨.૨૨ ટકા હોઈ તેમને પાંચ ટકા મત મળ્યા છે. કૉંગ્રેસ ૧૫૧ બેઠક પર ચૂંટણી લડીને ૨૪ બેઠક જીતતા તેનો સ્ટ્રાઈક રેટ ૧૫.૮૯ ટકા હોઈ તેને ચૂંટણીમાં ૪.૪૪ ટકા મત મળ્યા છે. જયારે શરદ પવારની રાષ્ટ્રવાદી ૧૧ બેઠકો પર ચૂંટણી લડીને માત્ર એક બેઠક જીતતા તેનો સ્ટ્રાઈક રેટ ૦.૯૦ ટકા રહ્યો હતો. જયારે મનસે ૫૩ બેઠક પર ચૂંટણી લડીને માત્ર છ બેઠક જીત્યું હતું. તેનો સ્ટ્રાઈક રેટ ૦.૮૬ ટકા હોઈ તેને ૧.૩૭ ટકા મત મળ્યા છે. જયારે અજિત પવારની રાષ્ટ્રવાદી ૩૭ બેઠકો પર ચૂંટણી લડીને ૩ બેઠો પર જીતી હતી અને તેનો સ્ટ્રાઈક રેટ મનસે કરતા પણ ઓછો એટલે કે ૦.૮૧ ટકા રહ્યો અને તેને ૦.૪૫ ટકા મત મળ્યા છે. ■

## મેયર

મેયર પદ શિંદેસેનાને આપી ભાજપ સ્ટેન્ડિંગ કમિટી પોતાના હસ્તક રાખશે. સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષને પાલિકાના કામકાજ અંગે નિર્ણય લેવાની મહત્ત્વની સત્તા આપવામાં આવી છે. આ કમિટીના માધ્યમથી ભાજપ પાલિકાનો દોરીસંચાર કરી શકશે. ■

## મારું પોતાનું ગણિત

આવતા અજિત પવારે કહ્યું કે, મતદાતા મહત્વના હોય છે. પ્રયત્ન કરવો એ દરેક રાજકીય પક્ષનું કામ છે. જેણે તેણે પોતાના પ્રયત્નો કર્યા, પરંતુ ભાજપને સારી સફળતા મળી છે. તે બદલ હું ભાજપને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. મારું પોતાનું ગણિત છે કે હારથી ક્યારેય નાસીપાસ થવું જોઈએ નહીં. ફરીથી તેમાં આપણું કામ કરતા રહેવું જોઈએ. મીડિયા પણ કહી રહ્યું હતું કે વાતાવરણ સારું છે. જેમ અમારા અંદાજો ખોટા પડ્યા, તેમ મીડિયાના અંદાજો પણ ખોટા પડ્યા. પણ ઠીક છે. મતદાતા મહત્વના છે, તેમણે કહ્યું હતું. ■

## મુંબઈ મહાનગરપાલિકા

છે. લગભગ ૮૦થી વધુ ભૂતપૂર્વ નગરસેવકો તેમની બેઠકો પાછી મેળવવામાં સફળ થયા છે, જેમાં અમુક સીટ પર તેઓએ જાતે જીત મેળવી છે તો અમુકમાં તેમના સગા-સંબંધીઓએ જીત મેળવી છે, તેને કારણે અનેક વિસ્તારોમાં પાર્ટીનો ગઢ સચાવઈ ગયો છે અને પરિવારના હાથમાં ફરી સત્તા પણ આવી ગઈ છે. જોકે અમુક વિસ્તારમાં ભરખમ ગણાતા અને જીત નિશ્ચિત મનાતા ઉમેદવારોને હારનો સામનો કરવો પડયો છે.

વર્ષો સુધી કૉંગ્રેસ સાથે વફાદાર રહ્યા બાદ કૉંગ્રેસનો હાથ છોડી ભાજપનો હાથ પકડનારા રવિ રાજાને ભાજપે મુંબઈના ઉપપ્રમુખ તરીકે નીમ્યા હતા. અનામતને કારણે તેઓ તેમના પરંપરાગત ગણાતા વૉર્ડમાંથી ચૂંટણી લડી શક્યા નહોતા. તેમને પક્ષ તરફથી ભાજપ વૉર્ડ નંબર ૧૮૫થી ટિકિટ આપવામાં આવી હતી. જ્યાં તેમને હારનો સામનો કરવો પડયો હતો. તો ગઈ ચૂંટણીમાં શિવસેના (યુબીટીના)ના દિગ્ગજ નેતા યશોધર ફણસેને ભાજપના યોગીરાજ દાભાડકરે હરાવ્યા હતા પણ આ વખતે વર્સોવા વૉર્ડ નંબર ૫૯થી બંને ફરી સામ સામે ટકરાયા હતા, જેમાં યશોધર ફણસે ગત ચૂંટણીની હારનો બદલો લીધો હતો અને ભરખમ મતોથી જીતીને તેમણે પાલિકામાં ફરી એન્ટ્રી કરી છે.

ગઈ લોકસભા અને રાજ્યની વિધાનસભાની ચૂંટણી હારી ગયેલા ભૂતપૂર્વ વિધાનસભ્ય યામિની જાધવ આ વખતે નસીબદાર સાબિત થયા હતા. ભાયખલાની વૉર્ડ નંબર ૨૦૯ પરથી તેઓ જીતી ગયા છે. તો રાજકરણમાં પુનરાગમન કરવામાં અન્ય ભૂતપૂર્વ નગરસેવિકા નિષ્ફળ ગયા છે. દહિસર (કૉંગ્રેસ) શીતલ મ્હાત્રે અને શિવસેના (શિંદે)ના રાજુલ પટેલનો સમાવેશ થાય છે. અવિભાજિત શિવસેનાના વફાદાર રાજુલ પટેલ ગયા વર્ષે શિંદે સેનામાં જોડાયા હતા. તો ભાજપના પાલિકાના ઉપનેતા વિનોદ મિશ્રાને વૉર્ડ નંબર ૪૩થી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદ પવાર)ના અજિત રાઉરાણેએ ૪૯૫ મતથી હરાવ્યા છે. સતત ત્રણ ટર્મ સુધી નગસેવિક રહેલા અજિત રાવરાણે ૨૦૧૭માં વિનોદ મિશ્રા સામે હારી ગયા હતા. તો ભાજપના ઉજ્વલા મોડકને પણ હારનો સામનો કરવો પડયો છે. કૉંગ્રેસના ભૂતપૂર્વ નગરસેવક અને વિરોધી પક્ષ નેતા રહેલા જ્ઞાનરાજ નિકમનો વૉર્ડ અનામત થઈ જવાથી ૨૦૧૭ની ચૂંટણી તેઓ લડી શકયા નહોતા અને તેમની બેઠક પરથી તેમની પુત્રી નિકિતા નિકમ ચૂંટણી લડીને જીતી હતી. જોકે આ વખતે તેમને ૨૨૩માંથી ટિકિટ આપવામાં આવી હતી અને તેઓ જીતી પણ ગયા છે. અન્ય ભૂતપૂર્વ નગરસેવકોમાં ભાજપના ચંદન શર્મા અને શિવા શેટ્ટી, અશ્વિની મેટેનો પણ સમાવેશ થાય છે. ■

## મુંબઈમાં આવતા

કનેકશનનું કામ હાથ ધરવામાં આવવાનું છે. લગભગ ૪૪ કલાક સુધી આ કામ ચાલશે. તેથી આસમય દરમ્યાન જી-ઉત્તર, કે-પૂર્વ, એસ, એચ-પૂર્વ અને એન વૉર્ડના અમુક વિસ્તારમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. તો અમુક વિસ્તારમાં સંપૂર્ણપણે બંધ રહશે.

જી-ઉત્તર વૉર્ડ ધારાવીમાં જસ્મિન મિલ માર્ગ, માટુંગા લેબર કોલોની, સંત રોહિદાસ રોડ, ૬૦ ફૂટ રોડ, ૯૦ ફૂટ રોડ, ઢોરવાડા, દારાવી લૂપ રોડમાં નિયમિત સ્વરૂપે દરરોજ સવારના ચારથી બપોરના ૧૨ વાગ્યા સુધી પાણી પુરવઠો થાય છે પણ મંગળવારથી ગુરુવાર સુધીના સમયગાળામાં આ વિસ્તારમાં સવારના નવથી સાંજના પાંચ વાગ્યા સુધી ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.કે-પૂર્વ વૉર્ડમાં મુલગાવ ડોંગરી, એમ.આઈ.ડી.સી. રોડ નંબર એકથી ૨૩, દુર્ગાપાડા, મહેશ્વરી નગર, ઠાકુર ચાલ, કોંડિવિટા, ટ્રાન્સ અપાર્ટમેન્ટ, વિજય નગર, મરોલ, મિલટ્રી રોડ, ગાવદેવી, મરોલ વિલેજ, ચર્ચ રોડ, હિલ વ્યુ સોસાયટી, ભંડારવાડા, સિપ્ઝ, ઈન્ટરનેશનલ એરપોર્ટ, ચકાલા, ગોંવિદ વાડી, માલપાડોંગરી એક અને બે, હનુમાન નગર, મોટાનગર, શિવાજી નગર, શહીદ ભગતસિંહ કોલોની, લેલેવાડી, ઈંદિરા નગર, મરોલ ઈન્ડસ્ટ્રિયલ એરિયા, જે.બી. નગર, ક્રાંતિ નગર, કબીર નગર, બામણપાડા, પારસીવાડા, ઍરપોર્ટ એરિયા, પી. એન્ડ કોલોની, ઓમ નગર, ક્રાંતિ નગર, સહાર વિલેજ જેવા વિસ્તારમાં પાણીપુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. તો કોલડોંગરી, જુની પોલીસ ગલી, સહાર રોડ, મોગરાપાડામાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.

એસ વૉર્ડમાં વિક્રોલી પશ્ચિમમાં સુર્યા નગરસ આંબેડકર ચોક, એલબીએસ રોડ, ભાંડુપ (પશ્ચિમ)ના કોકણ નગર, સમર્થ નગર, કાજુ ટેકરી, ક્વારી રોડ, જમીલ નગર, ઉત્કર્ષ નગર, સાઈ હિલ, ટેંબી પાડા, ભક્તિપાડા, જનતા બજાર તળાવ રોડ, શાસ્ત્રી નગર, સોનાપૂર વિસ્તારમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. તો મોરારજી નગર, ગૌતમ નગર, જયભિમ નગર, પાસપોલી વિલેજ, કૈલાશ નગર, બેસ્ટ નગર, ફિલ્ટર પાડા, ગાવદેવીસ બીએમસી સ્ટાફ ક્વાટર્સ, પઠાણવાડી, મહાત્માફુલે નગર, આરે રોડ વિસ્તારમાં મંગળવારથી બુધવાર ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે. એચ-પૂર્વમાં બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી), મોતિલાલ નગરમાં મંગળવારથી બુધવાર ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. એન વૉર્ડમાં વિક્રોલી પશ્ચિમ સ્ટેશન રોડ, ફિરોજશાહ નગર, પ્રેસિડેન્શિયલ ટાવર, આર સિટી, દામોદર પાર્ક, પંકેસ બાબા દર્ગા, સંઘાણી ઈસ્ટેટ, શ્રેયસ થિયેટર વિસ્તાર, સાઈનાથ નગર, નિત્યાનંદ નગરમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. ■

## યુતિવાળી પાલિકા

મહાપાલિકામાં ભાજપ-શિંદેસેનાની યુતીએ સત્તાપરિવર્તન કરી નાખ્યું, જેમાં ભાજપને ૮૯ અને શિંદેની શિવસેનાને ૨૯ બેઠક પર વિજય મળ્યો. થાણેમાં ભાજપને ૨૮ અને શિંદેસેનાને ૭૫ તો કલ્યાણ-ડોમ્બિવલીમાં શિંદેસેનાને ૫૪ અને ભાજપે ૫૦ બેઠક પર સમાધાન માનવું પડ્યું. આ ત્રણેય મહાપાલિકામાં બન્ને પક્ષ યુતીમાં ચૂંટણી લડ્યા હતા.

જોકે નવી મુંબઈ મહાપાલિકામાં અલગ અલગ લડનારા ભાજપને ૬૫ અને શિંદેસેનાને ૪૩ સીટ મળી હતી. નાશિક મહાપાલિકામાં પણ ભાજપે સ્વબળે ચૂંટણી લડી અને ૭૬ બેઠક પર વિજય મેળવ્યો, જ્યારે શિંદેસેના ૨૯ સીટ પર જીતી. છત્રપતિ સંભાજીનગરમાં ભાજપ ૫૭ અને શિંદેસેના માત્ર ૧૩ બેઠક કબજે કરી શકી. પિંપરી-ચિંચવડમાં તો શિંદેસેનાની એનાથી જ કપરી સ્થિતિ હતી. અહીં ભાજપની ૮૪ બેઠક સામે શિંદેસેનાને માત્ર છ બેઠક પર વિજય હાંસલ થયો.

સૌથી ચિંતાજનક બાબત પુણે મહાપાલિકામાં હતી. સ્વબળે લડનારા ભાજપે પુણેમાં ૧૧૯ બેઠક જીતી, જ્યારે શિંદેસેના એકેય બેઠક મેળવી શકી નહોતી. મુંબઈને અડીને આવેલી મીરા-ભાયંદર મહાપાલિકામાં પણ ભાજપને ૭૮, જ્યારે શિંદેસેનાને માત્ર ૩ સીટ પર વિજય મળ્યો. આની સામે ઉલ્હાસનગરમાં ભાજપની ૩૭ સામે શિંદેસેનાએ ૩૬ બેઠક જીતી હતી. ■

## ઈશ્વરની

પરિસ્થિતિમાં જો ઇચ્છિત રાજકીય સમીકરણો રચી શકાય તો તેમના મેયર બની શકે છે એમ ઉદ્ધવ ઠાકરેને આડકતરી રીતે કહેવા માગતા હશે. આનો અર્થ એ છે કે પડદા પાછળ કંઈક રંધાઈ રહ્યું છે એવો ઈશારો ઉદ્ધવ ઠાકરેએ કર્યો છે. ■

## મધ્ય રેલવેમાં

ટ્રેનો કુર્લા, સાયન, માટુંગા, દાદર, પરેલ અને ભાયખલા સ્ટેશનો પર ઉભી રહેશે. મસ્જિદ, સેન્ડહર્સ્ટ રોડ, ચિંચપોકલી, કરી રોડ અને વિદ્યાવિહાર સ્ટેશન પર એક્સપ્રેસ રૂટ માટે કોઈ પ્લેટફૉર્મ ન હોવાથી, આ સ્ટેશનો પરથી મુસાફરી કરતા મુસાફરોએ બ્લોક સમયગાળા દરમિયાન વૈકલ્પિક માર્ગો દ્વારા મુસાફરી કરવી પડશે.

હાર્બર રોડ પર છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી પનવેલ/બેલાપુર સુધીની ડાઉન હાર્બર રૂટ પરની લોકલ ટ્રેનો સવારે ૯.૪૫ થી બપોરે ૩.૧૨ વાગ્યા સુધી રદ કરવામાં આવશે. પનવેલથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સુધીની અપ હાર્બર રૂટ પરની લોકલ ટ્રેનો સવારે ૧૦.૩૩ થી બપોરે ૩.૪૯ વાગ્યા સુધી રદ કરવામાં આવશે.

ટ્રાન્સ-હાર્બર રૂટ પર પનવેલથી થાણે સુધીની અપ ટ્રાન્સ-હાર્બર રૂટ પરની લોકલ ટ્રેનો સવારે ૧૧.૦૨ થી બપોરે ૩.૫૩ વાગ્યા સુધી રદ કરવામાં આવશે અને થાણેથી પનવેલ સુધીની ડાઉન ટ્રાન્સ-હાર્બર રૂટ પરની લોકલ ટ્રેનો સવારે ૧૦.૦૧ થી બપોરે ૩.૨૦ વાગ્યા સુધી રદ કરવામાં આવશે. બ્લોક દરમિયાન છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને વાશી સ્ટેશનો વચ્ચે ખાસ લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. બ્લોક દરમિયાન બેલાપુર/નેરુલ અને ઉરણ સ્ટેશનો વચ્ચે પોર્ટ રૂટ પરની લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. ■

## પોલીસ કર્મચારી

વિભાગ)

- પદ્માવતી દેવી મંદિર માટે તિરુપતિ દેવસ્થાનમને ઉલવેમાં જમીનના ચાર્જમાં માફી (શહેરી વિકાસ વિભાગ)
- પીએમ ઈ-ડ્રાઈવ યોજના હેઠળ પુણે મહાનગર પરિવહન મહામંડળની એક હજાર ઈ-બસ સુવિધાઓ માટે ભંડોળ ટ્રાન્સફર કરવાની વ્યવસ્થાને મંજૂરી. ચુકવણી સુરક્ષા વ્યવસયથા હેઠળ સંબંધિત કંપનીઓને પુણે મહાનગરપાલિકા અને પિંપરી ચિંચવડ મહાનગર પાલિકા (શહેરી વિકાસ વિભાગ) ના ખાતાઓમાંથી ડાયરેક્ટ ડેબિટ મેન્ડેટ દ્વારા ખર્ચની રકમ પ્રાપ્ત થશે. (નગર વિકાસ વિભાગ).
- થાણે જિલ્લાના બાપગાંવ (તાલુકો ભિવંડી) ખાતે શાકભાજી નિકાસ માટે ખેડૂતો માટે સર્વોપયોગી - મલ્ટી - મોડલ હબ અને ટર્મિનલ માર્કેટનું નિર્માણ. આ માટે રાજ્ય કૃષિ માર્કેટિંગ નિગમને ૭ હેક્ટર ૯૬.૮૦ આર જમીન ઉપલબ્ધ કરાવવામાં આવશે. બાષ્પ ગરમી સારવાર, છોડના ઇરેડિયેશન, પેક હાઉસ સુવિધાઓ તેમજ ફળો અને શાકભાજીના સંગ્રહ માટે સુવિધાઓનું નિર્માણ થશે. (મહેસૂલ વિભાગ)
- યવતમાળ જિલ્લામાં બેંબળા નદી પ્રોજેક્ટ માટે રૂ. ૪ હજાર ૭૭૫ કરોડની મંજૂરી. આ પ્રોજેક્ટને કારણે પાંચ તાલુકામાં ૫૨ હજાર ૪૨૩ હેક્ટર વિસ્તાર સિંચાઈ હેઠળ આવશે. અમરાવતી જિલ્લાના મૌજા ધામકના પુનર્વસનનો પ્રશ્ન ઉકેલાઈ રહ્યો છે (જળ સંસાધન વિભાગ)
- મુંબઈ પોલીસ દળના અધિકારીઓ અને કર્મચારીઓ માટે સરકારી રહેઠાણો ઉપલબ્ધ થશે. મુંબઈ પોલીસ હાઉસિંગ ટાઉનશીપ પ્રોજેક્ટને મંજૂરી. મુંબઈ શહેર અને ઉપનગરોમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે ૪૫ હજાર સરકારી રહેઠાણો બનાવવામાં આવશે. (ગૃહ વિભાગ)
- રાજ્યના યુવાનોને વિદેશમાં રોજગારની તકો પૂરી પાડવા માટે મહારાષ્ટ્ર એજન્સી ફોર હોલિસ્ટિક ઇન્ટરનેશનલ મોબિલિટી એન્ડ એડવાન્સમેન્ટ્સની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે. આ એજન્સી પ્રશિક્ષિત, કુશળ યુવાનોને વિશ્વભરમાં રોજગારની તકો પૂરી પાડવા માટે અસરકારક સંકલન અને અમલીકરણ માટે કાર્ય કરશે. (કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા વિભાગ)
- અન્નાસાહેબ પાટીલ આર્થિક રીતે પછાત વિકાસ નિગમને પનવેલ (પશ્ચિમ)માં જમીનનો પ્લોટ ફાળવવાની મંજૂરી. નિગમ એક મુખ્ય મથક અને બહુહેતુક ઇમારત બનાવી શકશે. (શહેરી વિકાસ વિભાગ). ■

## જૈન મરણ

### સ્થાનકવાસી જૈન

માઢિયા (મહુવા) નિવાસી હાલ વિલે પાર્લે, ભરતભાઈ (ઉં. વ. ૭૩) તા. ૧૩/૧/૨૬ના બેંગલોર અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. હસુમતીબેન કેશવલાલ મહેતા તથા ગીતાબેન નાનાલાલ મહેતાના પુત્ર. મીનાબેનના પતિ. પાયલ નિપુલ દેસાઈ, પૂર્વી નિખિલ આનંદપરાના પિતાશ્રી. દિનેશભાઈ, સ્વ. અતુલભાઈ, અમીષભાઈ, લીલીબેન કાંતિલાલ મહેતા, વિમળાબેન ભોગીલાલ અજમેરા, નીરૂબેન નરેશકુમાર વઘાણી, જયશ્રીબેન પ્રવીણકુમાર શાહના ભાઈ. કમલેશભાઈ તથા સ્વ. કિશોરભાઈ વ્રજલાલ, સ્વ. મધુબેન પ્રવિણચંદ્ર, ભારતીબેન રજનીકાંતના બનેવી. પ્રાર્થનાસભા ૧૯/૧/૨૬ સોમવાર સાંજે ૫ થી ૭. સ્થળ: સરદાર પટેલ બાગ, પારલેશ્વર રોડ, વિલે પાર્લા ઇસ્ટ.

### દેરાવાસી જૈન

ગારિયાધાર નિવાસી હાલ કલકત્તા, હસુમતીબેન ધીરજલાલ શાહ (ઉં. વ. ૮૩) તે ધારી નિવાસી હાલ મુંબઈ સ્વ. દલીચંદ ફુલચંદ ગાંધીના જ્યેષ્ઠ પુત્રી. અતુલ, નિખિલ જયના માતૃશ્રી. જતીનભાઈ, અ.સૌ. દીપાબેનના સાસુ. સ્વ. નવીનચંદ્ર, પ્રફુલચંદ્ર, સ્વ. સતીષચંદ્ર, રમેશચંદ્ર, ભાનુબેન, પ્રવિણાબેન, તરૂલતાબેનના બહેન. તા. ૧૫/૦૧/૨૬ના કલકત્તા અરિહંત શરણ થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### ખંભાત વીશા ઓશવાળ જ્ઞાતિ જૈન

સદગુણાબેન શશીકાંતભાઈ ઝવેરી (ઉં.વ.૮૬) સ્વ. શશીકાંતભાઈ અંબાલાલભાઈ ઝવેરીનાં ધર્મપત્ની. સૌરભભાઈ અને પિન્કીબેનના માતૃશ્રી. ચારુબેન અને સંદીપભાઈના સાસુ. કિંજલ અર્જુન મેવાડાના દાદી. રુચિતા રૂચીર શાહના નાની. પિયરપક્ષે કેસરીચંદ નગીનદાસ ઝવેરી. તા. ૧૬/૦૧/૨૬ના શુક્રવાર અરિહંત શરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

હાલાપરના પ્રેમજી હીરજી સાવલા (ઉં.વ. ૭૪) ૧૨-૧-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. ભચીબાઇ હીરજીના પુત્ર. પ્રેમીલાબેનના પતિ. સ્વ. ખુશાલ, હેતલના પિતા. સ્વ. જીવરાજ, સ્વ. મુલબાઇ, સ્વ. જેઠાલાલ, સ્વ. રૂખમણીના ભાઇ. કોટડા રોહા સુંદરબેન જેઠાલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રેમીલાબેન સાવલા, ગામ : હાલાપર (કચ્છ) તા. માંડવી. પીન-૩૭૦૪૫૦.

કપાયાના કાન્તીલાલ સંગોઈ (ઉં.વ. ૭૫) ૧૫/૧ ના રોજ અવસાન પામેલ છે. જવેરબેન હંસરાજ ના પુત્ર. લતાબેનના પતિ. ભાવના, દર્શના ના પિતા. શશીકાન્ત, મહેન્દ્ર દિનેશના ભાઈ. બિદડા ઝવેરબેન વીરજી ખેરાજના જમાઈ. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે પ્રાર્થના રાખેલ નથી. નિ. લતા સંગોઇ, ૧૦૧, મીલેનીયમ સોસાયટી, લિબર્ટી ગાર્ડન રોડ નં. ૩, મલાડ (વે). મું. ૬૪.

છસરાના સાકરબેન કાનજી ગંગર (દરબાર) (ઉં.વ. ૮૫) ૧૬-૧-૨૬ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. મણીબેન દેવજીના પુત્રવધુ. રાજેશ, પંકજ, સ્વ. પિયુષના માતાજી. બારોઇના સ્વ. પાનબાઇ હીરજી મોતાના સુપુત્રી. સ્વ. વશનજી, સ્વ. કાંતી, લુણીના સ્વ. લક્ષ્મીબેન મણીલાલના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજેશ ગંગર, ૨૦૭, ઓમ શાંતિ, સાઇનાથ નગર, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.)

રતાડીયા (ગણેશવાલા)ના માતુશ્રી જયાબેન જાદજી છેડા (ઉં.વ. ૮૨) તા. ૧૫-૧-૨૬નાં અવસાન પામેલ છે. સોનબાઈ ઉમરશી ભારમલ ના પુત્રવધુ. જાદવજી ના પત્ની. રાજેશ વસંત અતુલ જ્યોતિ ભાવના ના માતૃશ્રી. કપાયા રતનબેન પાસુ માણેક ના સુપુત્રી. પ્રેમજી શાંતિલાલ વલ્લભજી મણિલાલ વસનજી અમૃતલાલ સાડાઉ હીરબાઈ લાલજી વાંકી શાંતાબેન શામજી કપાયા લતા લક્ષ્મીચંદ ના કાકાઈ બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : રાજેશ છેડા, ૯૦૬, દેવી સ્મૃતિ બિલ્ડીંગ, એસ.વી.રોડ, ખજુરીયા ટેંક રોડ, કાંદીવલી (વેસ્ટ).

મકડાના શ્રી મોહનલાલ ગાલા (ઉં.વ. ૭૬) તા. ૧૬-૧-૨૬ના અવસાન પામેલ છે. વાલબાઈ માવજીના પુત્ર. સ્વ. કેસરબેનના પતિ. ચેતન, હેમંત, ઈઅ ખુશ્બુના પિતાશ્રી. ખીમજી, મણીલાલ, અરવિંદના ભાઇ. ગઢશીશા ખેતબાઈ પ્રેમજી કચરા ના જમાઇ. નેત્રદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રા. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, હિંગવાલા લેન, પૂજ્ય ડુંગરશીજી મહારાજ ચૌક ઘાટકોપર (ઇ). બપોરે ૩.૦૦ થી ૪.૩૦. નિ. હેમંત ગાલા, ડી/૬૦૨, દ્રષ્ટી સફાયર, પંત નગર, ઘાટકોપર (ઈ).

ભોજાયના લીલાવંતી હીરજી (જખુ) કેશવજી (ઉં.વ. ૮૦) કચ્છમાં અવસાન પામેલ છે. ગંગાબાઇ કેશવજી (ઓલાબાપા)ના પુત્રવધુ. હીરજી ના પત્ની. રાયધણજર ધનબાઈ દેવજી કુંવરજી ગાલાની સુપુત્રી. શિલ્પા, જાગૃતિના માતુશ્રી. કારાઘોઘા તારાબેન શાંતિલાલના બહેન. પ્રા. શ્રી.વ.સ્થા.જૈ.શ્રા.સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે), સમય ૨ થી ૩.૩૦. ઠે. હરખચંદ ગડા, ૬૦૩, આવેઝ હાઈટ્સ, એસ. વી. રોડ, અંધેરી (વે).

મોટા આસંબીયાના હાલે જલગાંવના પ્રભાબેન ભાઇલાલ (ઉં. વ. ૭૫) તા. ૧૬-૧-૨૬ના અવસાન પામ્યા છે. મા. દેવકબેન લાલજી ઉમરશી ગાલાના પુત્રવધૂ. ભાઇલાલભાઇના પત્ની. પંકજ, નીતીન, સંજયના માતા. ટુંડાના નેણબાઇ મુરજી કુરપારના પુત્રી. રતીલાલ, મણીબેન વશનજી, તેજકુમાર, ખુશાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : સંજય ભાઇલાલ, હર્ષ વિલા, બેંદાનેનગર, જલગાંવ-૪૨૫૦૦૧.

### ઘોઘારી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

મહુવા નિવાસી હાલ મુંબઇ સ્વ. શાંતાબેન અમરશીભાઇ જગજીવનદાસ સરવૈયાના સુપુત્ર ભરતભાઇ (ઉં. વ. ૬૭) અરિહંતશરણ પામેલ છે. તે ગીતાબેનના પતિ. હિતેનના પિતાશ્રી. મેઘાના સસરા. જયેશભાઇ, સ્વ. પ્રફુલભાઇ, દિપકભાઇના ભાઇ. શ્વસુર પક્ષે સ્વ. સવિતાબેન નાગરદાસ ચંપકલાલ મહેતાના જમાઇ. ઇન્દિરા ગોકુળભાઇ, નલિનભાઇ, મૃદુલાબેન હેમંત, નીરુપા જસ્મીનના બનેવી. મીનાના નણંદોઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦-૧-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. કપોળવાડી, રામચંદ્ર એકસ્ટેન્શન રોડ, કાચપાડા, મલાડ (વેસ્ટ).

### દશા શ્રીમાળી દેરાવાસી જૈન

ગામ મોટી પાનેલી હાલ મીરારોડ નવીનચંદ્ર ગુલાબચંદ શાહ (ઉં. વ. ૭૮) તા. ૧૭-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૯-૧-૨૬ના સાંજે ૪થી ૬. તે ગુલાબચંદ રાયચંદ શાહના સુપુત્ર. તે મુળજીભાઇ પરસોતમ સંઘવીના જમાઇ. તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ. તે જયશ્રી કમલેશ શાહ, દર્શના ભાવિન મોદી, ટિંવકલ રોહિત ગાંધી, સ્વ. વિકાસ નવીનચંદ શાહના પિતાશ્રી. દીપ વિકાસ શાહના દાદા. જેસિકાનાં દાદાજી સસરા. ઠે. સેકટર ૭, ઇ-૪, શાંતિ નગર, મીરા રોડ (ઇસ્ટ), મીરા ભાયંદર મહારાષ્ટ્ર-૪૦૧૧૦૭.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

અમરેલી નિવાસી હાલ અંધેરી સ્વ. ધીરજલાલ કપૂરચંદ શાહના પુત્ર સુરેશ શાહ (ઉં.વ. ૭૬) તા. ૧૬-૧-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે વનિતાબેનના પતિ. હર્ષના પિતાશ્રી. રુચાના સસરા. હર્ષા પ્રકાશકુમાર શાહના ભાઇ. ગોરધનદાસ લવજીભાઇ ગાંધીના ભાણેજ. તે જયંતીભાઇ મગનલાલ વેજાણીના જમાઇ. (દેહદાન કરેલ છે). સાદડી રવિવાર, તા. ૧૮-૧-૨૬ના બપોરે ૨થી ૫. ઠે. ૨૦૩, હેરિટેજ હોમ. લિટલ ફલાવર સ્કૂલની બાજુમાં,આઝાદ લેન, વિશાલ હોલની પાછળ, અંધેરી (પૂર્વ).

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

વાંકીયા નિવાસી હાલ વસઇ નિલેશભાઇ (ઉં. વ. ૫૭) તા. ૧૬-૧-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેન ચંપકલાલ ખારાના પુત્ર. તે પ્રતિભાબેનના પતિ. કૃપાલી તથા જિનલના પિતા. સ્વ. મહેન્દ્રભાઇ, હર્ષાબેન, નવીનભાઇ, હિતેશભાઇ, મનીષભાઇના ભાઇ. સ્વ. ગુણવંતરાય પ્રાગજીભાઇ ખોખાણીના જમાઇ. તરુણભાઇના બનેવી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૯-૧-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે.શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, મણિકપુર વસઇ (વેસ્ટ).

## પારસી મરણ

પરવીન ગોદરેજ કાપડીયા તે મરહુમ ગોદરેજના ધન્યાની. તે મરહુમો ખોરશેદ જીમી જામાસજીના દીકરી. તે આરમીનના માતાજી. તે ઝકસીના સાસુજી. તે મરહુમ રોહીનતનના બહેન. તે માઝીસતાના મમઇ. (ઉં. વ. ૭૭) રે. ઠે. ૮૧૧, જામે જમશેદ બિલ્ડિંગ, ફલેટ નં. ૧૬, પહેલે માળે, જામે જમશેદ રોડ, દાદર પારસી કોલોની, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા તા. ૧૮-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે દાદર રુસ્તમ ફરામમાં છેજી.

રોશન ફિરોઝ મોદી તે મરહુમ ફિરોઝના ધન્યાની. તે મરહુમો દોલત અરદેશીર માસતરના દીકરી. તે કેશમીરાના માતાજી. તે પેરીન તથા મરહુમ ફેનીના બહેન. (ઉં. વ. ૮૭) રે. ઠે. એન કોન્ટ્રાક્ટર બાગ, બિલ્ડિંગ-ઇ, ફલેટ નં. ૧૨, બીજે માળે, પહલી એલ. જે. ક્રોસ રોડ, માહીમ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે સોનાવાલા અગિયારી માહીમમાં છેજી.

હોશી ફરોખ જસાવાલા તે મહારુખના ધની. તે મરહુમો પીંકી તથા ફરોખ જસાવાલાના દીકરા. તે શેહઝાદના પપા. (ઉં. વ. ૬૧) રે. ઠે. ઇ-૨૨, ગોદરેજ બાગ, ભોંયતળિયે નેપીયન્સી રોડ, ખંભાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારીમાં છેજી.

દારા સોરાબજી શોલાપુરવાલા તે માહારુખના ધની. તે મરહુમો તેહમીના સોરાબજી શોલાપુરવાલાના દીકરા. તે શાહરુખ ને શેરનાઝના પપ્પા. તે જહાંગીર, ફરામરોઝ, યાસમીન તથા મરહુમ કેરસી ને અરનાવાઝના ભાઇ. તે જુઝાન ને શોનના બપાવા. તે નાઝનીન ને ટેમીના ના કાકા. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૧૦/૮, રુસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, ભાયખલ્લા (ઇસ્ટ), મુંબઇ- ૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે મેવાવાલા અગિયારીમાં છેજી.

યાસમીન આદીલ ભેસાદીયા તે આદીલના ધન્યાની. તે મરહુમો હોમાય દીનશા ઉમરીગરના દીકરી. તે નૈવશાદ ને ખોરઝાદના માતાજી. તે રાઝમીન ને દીલઝાદના સાસુજી. તે મરહુમો ગુલ ને બેહરોઝના બહેન. તે ઝીયા ને કેહાનના બપઇજી. (ઉં. વ. ૭૫) રે. ઠે. તાતા મીલ સી.એચ. એસ, બિલ્ડિંગ ૧/બી, ૮મે માળે, ફલેટ નં. ૩૫, એલફિન્સ્ટન રોડ, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની વાડીયા બંગલીમાં છેજી.

હુતોકશી પરસી દેસાઇ તે પરસીના ધન્યાની. તે મરહુમો નરગીશ જહાંગીરજી ભાથેનાના દીકરી. તે સનાયાના માતાજી. તે આરમીનના બહેન. તે બહેનાઝના માસી. તે મરહુમો તેહમીના અદી દેસાઇના વહુ. (ઉં. વ. ૬૨) રે. ઠે. લેડી દોરાબ તાતા બિલ્ડિંગ નં-૨, ફલેટ નં. ૮, ત્રીજે માળે, એસ. વી. રોડ, બાંદ્રા, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા.૧૯-૧-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે વાડીયાજી આતશ બેહરામમાં છેજી.

જમશેદ ફલી વરિયાવા (ઉં. વ. ૫૦) તા. ૧૬-૧-૨૬ના ગુજરી ગયા છે. તે મરહૂમ ફલી મહેરજી વરિયાવા અને સીલૂ ફલી વરિયાવાના દીકરા. તે ફેલિસિયા વરિયાવા આલ્બર્ટના ભાઇ. તે ઝારા આલ્બર્ટ, ચિયારા આલ્બર્ટના અંકલ. તે રવિ આલ્બર્ટન બ્રધર-ઇન-લો. ઉઠમણું : તા. ૧૮-૧-૨૬ના. ઠે : ૭૧/બી. એમ્બેસી અપાર્ટમેન્ટ્સ, નેપિયન્સી રોડ, મુંબઇ-૬.

## બોરીવલીની

હતું. પરિણામે બન્ને સેલ્સમેનને દાગીના ધ્યાનથી તિજોરીમાં રાખવાનું કહી પોરવાલ ઘરે નીકળી ગયો હતો. બીજી સવારે દહાણુમાં કામ હોવાથી પોરવાલ ત્યાં ગયો હતો. બપોરે એક મહિલા કર્મચારીએ તેને કૉલ કર્યો હતો અને દુકાન બહારથી બંધ હોવાનું કહ્યું હતું.

શંકા જતાં પોરવાલે બન્ને સેલ્સમેનનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બન્નેના મોબાઈલ સ્વિચ ઑફ આવતા હતા. તરત જ પોરવાલ બોરીવલી પહોંચ્યો હતો અને દુકાન ખોલતાં તેને આંચકો લાગ્યો હતો. બન્ને તિજોરી ખુલ્લી હતી અને તેમાંથી સોના-હીરાના દાગીના તેમ જ ચાંદીની લગડી મળી અંદાજે ૬.૮૦ કરોડ રૂપિયાની મતા ગુમ હતી. પોરવાલે આ મામલે પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. ક્રાઈમ બ્રાન્ચ પણ આ મામલે તપાસ કરી રહી છે. ■

## હિન્દુ મરણ

### મોઢાસા એકડા દશા ખડાયતા

ગામ રઢેદરા હાલ કાંદિવલી, દશરથલાલ ખેમચંદ શાહ (ઉં. વ. ૮૬) તા. ૧૫/૧/૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. જયોત્સનાબેનના પતિ. જયેશ, દીપેશ, કલ્પેશ, શીતલના પિતાશ્રી. યામિની, ડિમ્પલ, અમી, અવનીના સસરા. સ્વ. હસમુખભાઈ, શિરીષભાઈ, સ્વ. શર્મિષ્ઠાબેન, કલ્પનાબેનના ભાઈ. સ્વ. દ્વારકાદાસ વેણીચંદ શાહ મોઢાસા હાલ માલેગાંવના જમાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦/૦૧/૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળ વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

### કપોળ

ફોર્ટ સોનગઢ, હાલ માટુંગા વેસ્ટ, અ.સૌ. સારીકા (મનુ) (ઉં. વ. ૭૦) તા. ૧૩/૦૧/૨૬ના નાસિક શ્રીજીચરણ પામ્યા છે. તે રમેશ અમૃતલાલ વોરાના પત્ની. ભુપેન્દ્રના માતા. સ્વ. ક્રિષ્ના હસમુખરાય મહેતા, સ્વ. હંસા ધીરજલાલ મોદી, સ્વ. જીતેન્દ્ર વોરાના ભાભી, તરલા, રીટા, બબુ (પુજા), દીપુ, ભાવ, સ્વ. ભરત મહેતાના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### હિંદુ મેઘવાળ

ગામ બગોયા હાલ મહાલક્ષ્મી મુંબઈ, સ્વ. શ્રીમતિ જયાબેન આલજી સાગઠીયા આલજી સાગઠીયાના ધર્મપત્ની. સ્વ. સકુર વાઘની દીકરી, નીતિન, રાહુલ વર્ષા, સ્વ. હસમુખના માતા. વિજય, જેસિંગ મારુ, દિવ્યા નીતિન, વૈશાલી રાહુલના સાસુ, વંશીકા, હર્ષિત મોહિત રિવાંશના દાદી. તા. ૮/૧/૨૬ ગુરુવારના અવસાન પામ્યા છે. બારમાની વિધિ તા. ૧૮/૧/૨૬ રવિવારના સાંજે ૪ કલાકે, જળ કાઢાની વિધિ તથા કારજ વિધિ નીચે આપેલ સ્થળે કરવામાં આવશે. સ્થળ: અર-૪૦૫ મહાલક્ષ્મી નવરંગ કો. હા. સો. એસ.કે. રાઠોડ માર્ગ મુંબઈ -૩૪

### ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ

મુળગામ બાલંભા હાલ કાંદિવલી, સ્વ. અમૃતલાલ મોહનલાલ અને અરુણા ટાંકના સુપુત્ર હિતેશભાઇ અમૃતલાલ ટાંક (ઉં.વ.૩૯) તા. ૧૫-૧-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે, જે હિરેનના ભાઈ. પૂનમના દીયર. મહેર અને મહેકના કાકા. પ્રાર્થનાસભા સોમવાર ૧૯-૧-૨૦૨૬ના ૪ થી ૬. સ્થાનઃ પવનધામ, પવનધામ માર્ગ, મહાવીરનગર, કાંદિવલી પશ્ચિમ.

### અનાવિલ

ગામ દશવાડાના સ્વ. નવીનચંદ્ર કુંવરજી દેસાઈની બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૮/૧/૨૬ના સાંજે ૫.૦૦ થી ૭.૦૦. ઓમકાર અલ્ટામોંટ બેંક્વેટ હોલ, ઓમકાર અલ્ટામોંટ, શાંતારામ તળાવની બાજુમા,વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, મલાડ પૂર્વ. લૌકિક રિવાજો બંધ છે.

### કપોળ

ભાવનગરવાળા, હાલ યુએસએ, સ્વ. પ્રકાશભાઈ મનુભાઈ કોઠારીના ધર્મપત્ની કિરણબેન કોઠારી, (ઉં. વ.૭૩) તા. ૧૧.૧.૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે નિકેત તથા હેતલના માતુશ્રી. ભૂમિકા, રવિકુમારના સાસુ. સ્વ. વાત્સલાબેન પ્રતાપભાઇ મેહતા, અરૂણાબેન કિર્તીભાઇ, દક્ષાબેન કમલેશભાઈના ભાભી. પિયરપક્ષે ચિતળવાળા સ્વ. હીંમતભાઈ જમનાદાસ મેહતાની પુત્રી. અનિકા, અર્ષિયા, રીત અને રીવાના દાદી. લૌકિક વહેવાર બંધ છે.

### નાયક ભોજક બ્રાહ્મણ

શ્રીદેવી કિરણ નાયક તે કિરણભાઈ શંકરલાલ નાયકના ધર્મપત્ની (ઉં.વ. ૮૧) સ્વ. ચંદ્રકાંત છોટાલાલ નાયક અને સ્વ. સુર્યકાંત છોટાલાલ નાયકના બહેન. સુભાષ, ભારતી, જયેશ, ધુપેશના માતુશ્રી. જાસ્મીન (પુત્રવધુ) તથા શ્લોક, હીનાના દાદી. પાર્થવી બ્રીજેશકુમાર નાયકના નાની. ૧૨-૧-૨૬ના મલાડ દેવલોક પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૧-૨૬ના સોમવારે ૧૦-૧૨. મલાડ કો. ઓ. હા. સો., પોદ્દાર રોડ, ગોલ ગાર્ડનની સામે, રાણીસતી મંદિરની બાજુમા, મલાડ પૂર્વ.

### ગિરિનારાયણ બ્રાહ્મણ

દહિસરના, અ.સૌ. પૂર્ણિમા યોગેન્દ્ર ભટ્ટ શનિવાર ૧૭/૦૧/૨૬, શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક પ્રથા બંધ છે.

### કપડવણંજ દશા શ્રીમાળી વણિક

કપડવણંજ નિવાસી હાલ બોરીવલી સ્વ. ચંદ્રિકાબેન રમેશચંદ્ર શાહના પુત્ર સંજીવભાઇ (ઉં. વ. ૫૯) તા. ૧૬-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ગોપીબેનના પતિ. મૈત્રી વિનીતના પિતા. સોનલ, રૂપલ, સૌરભ, રૂપેનના ભાઇ. સ્વ. દિલીપભાઇ કનૈયાલાલ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૯-૧-૨૬ સાંજે ૫થી ૭. ઠે. પેરેડાઇઝ બેન્કવેટસ, દેવીદાસ ક્રોસ લેન, અદાણી ઇલેક્ટ્રિકસિટી ઓફિસની સામે, ગોવિંદ નગર, બોરીવલી (પશ્ચિમ).

### કપોળ

લાઠીવાળા હાલ કાંદિવલી વિનોદરાય લલ્લુભાઇ જયંતીભાઇ સંઘવી (ઉં.વ. ૮૩) તા. ૧૬-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે દીપાબેન (ચંદ્રીકાબેન)ના પતિ. નીરજ, પ્રિતી, શીતલના પિતા. સ્વ. ચંદ્રકાંતભાઇ, ગં.સ્વ. ચંદ્રમણીબેન-રમેશચંદ્ર, સ્વ. રમેશભાઇ-કાંતાલક્ષ્મી, મૃદુલાબેન-પ્રદીપકુમાર, સ્વ. ઉષાબેન-સ્વ.નંદકિશોર, જયશ્રીબેન-દિનેશકુમાર, સ્વ. પ્રદીપભાઇ- સ્વ. વાસંતીબેન, રાજેનભાઇ-નિશાબેન, પ્રવીણભાઇ-અંજુબેન તથા શશીભાઇ-સ્વ. શારદાબેનના ભાઇ. સ્વ. હિમંતલાલ લવજી મહેતા તથા વંસતરાય લવજી મહેતાના જમાઇ. સ્વ. પ્રવિણભાઇ હિમંતલાલ હસમુખરાય, શરદભાઇ, જસવંતભાઇ વસંતરાય, ગં. સ્વ. દર્શનાબેન, સ્વ. રમીલાબેન, ઊષાબેનના બનેવી. સર્વેપક્ષ પ્રાર્થનાસભા તા. ૧૯-૧-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, ૫મે માળે, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

### હાલાઇ ભાટીયા

ગં. સ્વ. કલ્પના (ઉં. વ. ૭૦) સ્વ. કિરણ સંપટના ધર્મપત્ની સ્વ. કુસુમબેન કરસનદાસ સંપટની પુત્રવધૂ. રોહન કિરણ સંપટના માતુશ્રી. અ. સૌ. ભાવિની રોહનનાં સાસુ. ધ્રુવીના દાદી. સ્વ. નિર્મલા, સ્વ. નરોતમદાસ દ્વારકાદાસ વેદનાં પુત્રી. નરેન્દ્ર તથા સ્વ. વિરેન્દ્ર નરોતમ વેદનાં બહેન. જયોત્સના નરેન્દ્ર તથા ગં. સ્વ. પ્રજ્ઞા વિરેન્દ્રનાં નણંદ. પ્રતિક, માનસી તથા ગૌરવનાં ફોઇ તા. ૧૭-૧-૨૬ના શ્રીજીનાચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૧-૨૬ સોમવારના ૪થી ૬. ઠે. જૂની ભાટીયા મહાજન વાડી, કાલબાદેવી રોડ મધ્યે રાખેલ છે. પ્રાર્થનાસભા બાદ લૌકિક વ્યવહાર બંધ છે.

### સોમપુરા બ્રાહ્મણ

વઢવાણ નિવાસી હાલ મુંબઇ શિવશક્તિ હાઇટસ ૧૨મે માળે, પોપ્યુલર હોટેલની ગલીમાં હિંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ) શશીકાંત કેશવલાલ રાવલ (સોમપુરા) (ઉં. વ. ૮૫) ગુરુવાર તા. ૧૫-૧-૨૬ના દેવલોક પામેલ છે. તે સ્વ. જીવીબેન અને કેશવલાલના પુત્ર. મનોરમાબેનના પતિ. કાર્તિક અને મેહુલના પિતા. અમી અને અર્પિતાના સસરા. આર્યન, ધ્વનિત અને પ્રણવના દાદા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

## મુંબઈ મહાનગર પાલિકા ચૂંટણીઃ
# ભાજપનો મહાવિજય, છતાંય...

**મુંબઈમાં ઉદ્ધવ ભલે હાર્યા પણ પતી ગયા નથી... એનાં કારણો જાણવા જેવાં છે**



મહારાષ્ટ્રમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપ છવાઈ ગયો. ભાજપના દાવા પ્રમાણે, ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ૨૫ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની સત્તા આવશે અને તેમનો મેયર હશે. મતલબ કે, ૮૫ ટકાથી વધારે મ્યુનિસિપલ કોર્પોરેશન પર ભાજપે કબજો કર્યો છે. આ જીત ખરેખર મોટી કહેવાય ને તેમાં આઈસિંગ ઓન કેક બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની જીત છે.

આ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) એટલે કે મુંબઈ પર ત્રણ દાયકાથી શિવસેનાનું એકચક્રી શાસન હતું. ભાજપ શિવસેનાને પછાડીને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) પર કબજો કરવામાં સફળ રહ્યો છે.

હા, એ ખરું કે આ ચૂંટણીમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને રામદાસ આઠવલેની રિપબ્લિકન પાર્ટી સાથે મળીને લડ્યાં હતાં અને ૨૨૭ બેઠકોમાંથી ૧૧૮ બેઠકો જીતીને સત્તા કબજે કરી છે. સાદી બહુમતી માટે જરૂરી ૧૧૪ બેઠકો કરતાં ભાજપની મહાયુતિ પાસે ૪ કોર્પોરેટર વધારે છે તેથી મહાયુતિનો મેયર બનશે એ નક્કી છે. મહાયુતિની ૧૧૮ બેઠકોમાંથી ભાજપે ૮૯ અને શિંદેની શિવસેનાએ ૨૯ બેઠકો જીતી છે તેથી મેયર ભાજપનો હશે એ પણ નક્કી છે.

આ ચૂંટણીમાં જીત પછી ભાજપના નેતાઓ જબરદસ્ત ફોર્મમાં છે અને મીડિયા પણ ભાજપ પર ઓળઘોળ છે. ભાજપે ઠાકરે પરિવારના એકહથ્થુ શાસનને પછાડીને ભવ્ય જીત મેળવી હોવાના દાવા કરાઈ રહ્યા છે. આ જનાદેશ દ્વારા મુંબઈની જનતાએ ઠાકરે પરિવારના પરિવારવાદને જાકારો આપ્યો હોવાના દાવા પણ કર્યા છે.

આ પરિણામોથી મુંબઈ પરની ઠાકરે પરિવારની બાદશાહતનો અંત આવી ગયો અને હવે ભાજપ મુંબઈનો નવો બોસ છે એવા દાવા પણ કરાય છે, પણ આવા દાવા બરાબર નથી, બલકે અતિશયોક્તિભર્યા છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી જીતી ના શકી અને સત્તા ના જાળવી શકી એ વાત સાચી છે, પણ તેનું સાવ ધોવાણ થઈ ગયું એ વાતમાં દમ નથી. ભાજપની જીત ભવ્ય છે તેનો ઈન્કાર ના થઈ શકે પણ ઠાકરે પરિવાર સાવ ધોવાઈ ગયો એ વાત ખોટી છે. ભાજપ ૧૩૫ વોર્ડમાં લડીને ૮૯ વોર્ડમાં જીત્યો છે. ભાજપની જીતની ટકાવારી ૬૬ ટકાની આસપાસ છે તેથી તેની જીત જોરદાર કહેવાય, પણ ભાજપના સાથી શિંદેનો દેખાવ એવો જબરદસ્ત નથી. ભાજપના જોરદાર દેખાવમાં શિંદેની શિવસેનાની નબળાઈ ઢંકાઈ ગઈ છે અને શિંદે ઉદ્ધવ સામે વામણા સાબિત થયા છે એ હકીકત હોવા છતાં એ પણ ઢંકાઈ ગયું છે...

બીજી તરફ, ભાજપ-શિંદેને રોકવા માટે ઉદ્ધવ ઠાકરેએ પિતરાઈ રાજ ઠાકરે સાથે જોડાણ કરેલું અને શરદ પવારની એનસીપી પણ તેમની સાથે હતી. આ ત્રણ પક્ષોનું જોડાણ ભલે સત્તા ના મેળવી શક્યું પણ તેનો દેખાવ સાવ શરમજનક નથી જ. તેમાં પણ ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ તો ૬૫ બેઠકો જીતીને નોંધપાત્ર દેખાવ કર્યો છે. એકનાથ શિંદેની શિવસેના પોતાને બાળાસાહેબ ઠાકરેની શિવસેના અને સાચી શિવસેના ગણાવે છે,પણ મુંબઈની જનતાએ શિંદેની શિવસેનાને સાચી શિવસેના તરીકે નથી સ્વીકારી. શિંદેની શિવસેના ૮૯ વોર્ડમાં લડી હતી અને તેમાંથી ૨૯ વોર્ડમાં જીતી છે. મતલબ કે, ૩૨ ટકા બેઠકો જીતી છે. એની સામે ઉદ્ધવની શિવસેના ૧૬૦માંથી ૬૫ બેઠકો એટલે કે ૪૧ ટકા બેઠકો જીતી છે.

ઉદ્ધવની શિવસેના ફરી બીએમસી પર કબજો ના કરી શકી તેનું કારણ તેના સાથીઓનો ખરાબ દેખાવ અને કૉંગ્રેસે તોડેલા મતો છે. ઉદ્ધવે રાજ ઠાકરે સાથે હાથ મિલાવીને બહુ મોટી વ્યૂહાત્મક ભૂલ કરી હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. રાજ ઠાકરેના બદલે ઉદ્ધવે જો કૉંગ્રેસ સાથે હાથ મિલાવ્યા હોત ને બંને અડધી અડધી બેઠકો પર લડ્યાં હોત તો કદાચ પરિણામ ઉદ્ધવ અને કૉંગ્રેસની તરફેણમાં હોત અને કદાચ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પર ફરી ઉદ્ધવની શિવસેનાનો કબજો હોત.

ઉદ્ધવના સાથીઓમાં શરદ પવારની પાર્ટીનો મુંબઈમાં કોઈ પ્રભાવ નથી તેથી પવારની પાર્ટી પાસેથી કોઈ અપેક્ષા નહોતી, પણ રાજ ઠાકરે સાથે હાથ મિલાવવાથી મરાઠા મતોમાં ભંગાણ નહીં પડે એવો ઉદ્ધવને ભરોસો હતો એ સાચો ના પડ્યો. આ 'ભરોસાની ભેંસે પાડો જણ્યો ' તેમાં ઉદ્ધવના હાથમાંથી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) સરકી ગઈ. શરદ પવારની એનસીપી ૧૧ બેઠકો પર લડેલી ને તેમાંથી ગણીને ૧ બેઠક જીતી છે. રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ૫૩ બેઠકો પરથી લડી હતી ને ગણીને ૬ બેઠકો જીતી છે. આમ મનસેની સફળતાનો દર માંડ ૧૧ ટકા છે, જે શરમજનક કહેવાય. રાજ ઠાકરેની પાર્ટીએ જોર લગાવીને ઉદ્ધવની શિવસેનાની જેમ ચાલીસેક ટકા બેઠકો જીતી હોત તો બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)માં આખું ચિત્ર જ બદલાઈ ગયું હોત. રાજ ઠાકરેની મનસે વીસેક બેઠકો જીતી હોત તો તેમના જોડાણનો આંકડો ૮૫ની આસપાસ હોત ને કૉંગ્રેસે જીતેલી ૨૫ બેઠકો ઉમેરો તો ૧૧૦ની આસપાસ બેઠકો થઈ ગઈ હોત. ભાજપ-શિંદેની શિવસેનાની પંદરેક બેઠકો ઓછી થઈ ગઈ હોત ને સાદી બહુમતી પણ ના મળી હોત. આ સંજોગોમાં ઉદ્ધવની શિવસેના પાસે કૉંગ્રેસ સાથે મળીને સત્તા કબજે કરવાની તક હોત.

ઉદ્ધવ પહેલેથી કૉંગ્રેસ સાથે જોડાણ કરીને લડ્યા હોત તો પણ કદાચ ચિત્ર અલગ હોત કેમ કે કૉંગ્રેસે ૧૫૧ બેઠકો પર લડીને ૨૪ બેઠકો જીતી છે. કૉંગ્રેસે ત્રિકોણીય જંગમાં આ દેખાવ કર્યો છે. તેના બદલે એક તરફ ભાજપ-શિંદે ને બીજી તરફ ઉદ્ધવ-કૉંગ્રેસ હોત તો કદાચ પરિણામ અલગ હોત. ખેર, આ બધી વાત તો આપણી ઉક્તિ જેવી છે : 'ફૈબાને જો મૂછો હોત તો એ કાકો કહેવાય!'

અલબત્ત, રાજકારણમાં જો અને તો નથી ચાલતું ને જો જીતા વો હી સિકંદર ને હારા વો બંદર હોય છે. વ્યૂહાત્મક ભૂલો કરનારા કિંમત ચૂકવતા હોય છે ને ઉદ્ધવ તથા કૉંગ્રેસ બંનેએ કિંમત ચૂકવી છે. ભાજપે અજીત પવાર રાજ્ય સરકારમાં સાથી હોવા છતાં તેમને કોરાણે મૂકીને માત્ર એકનાથ શિંદેને મહત્ત્વ આપ્યું ને એ દાવ તેને ફળ્યો છે. અજીત પવારને શરમાશરમીમાં દસ-પંદર બેઠકો પણ આપી હોત તો ભાજપને સાદી બહુમતીનાં પણ ફાંફાં થઈ ગયાં હોત.

### મુંબઈગરા મતદાન માટે આવા ઉદાસીન કેમ...

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી પતી ગઈ, પરિણામ પણ આવી ગયાં પણ એક ગંભીર મુદ્દા તરફ કોઈનું ધ્યાન નથી ગયું. આ ગંભીર મુદ્દો મતદાનની ટકાવારી છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) એશિયાની સૌથી મોટી સ્થાનિક સ્વરાજની સંસ્થા છે. ૭૫ હજાર કરોડનું બજેટ ધરાવતી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)નું બજેટ દુનિયાના ઘણા નાના દેશો કરતાં વધારે છે, પણ વરસોથી એની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ૫૦ ટકાની આસપાસ જ રહે છે. મતલબ કે, મુંબઈના લગભગ અડધા મતદારો તો મતદાન જ કરતા નથી.

૨૦૧૭ની ચૂંટણીમાં ૫૫.૨૮ ટકા મતદાન થયેલું. આ વખતે તે ઘટીને ૫૨.૯૪ ટકા થયું. અલબત્ત આ ટકાવારી પણ સારી છે કેમ કે એ પહેલાંની ૫ ચૂંટણીમાં તો કદી મતદાનની ટકાવારી ૫૦ ટકાથી ઉપર જ ગઈ નથી. ૧૯૯૨માં ૪૯.૧૪ ટકા, ૧૯૯૭માં ૪૪.૩૬ ટકા, ૨૦૦૨માં ૪૨.૦૫ ટકા, ૨૦૦૭માં ૪૬.૦૫ ટકા અને ૨૦૧૨માં ૪૪.૭૫ ટકા મતદાન થયું હતું. મતદાનની આ ટકાવારી ખરેખર શરમજનક કહેવાય પણ કોઈ રાજકીય પાર્ટી એ વિશે વિચારતી નથી અને મતદાનની ટકાવારી વધારવા પ્રયત્ન કરતી નથી.

મુંબઈ દેશનાં બીજા શહેરોથી અલગ છે તેથી તેના પ્રશ્નો પણ અલગ છે. બીએમસીની ચૂંટણી સામાન્ય લોકોની સમસ્યાઓના બદલે ભાષાવાદ, પ્રદેશવાદ, કોમવાદ જેવા મુદ્દા પર લડાય છે તેથી મતદારો મતદાન તરફ ઉદાસીન રહે છે એવું મનાય છે. દરેક વિસ્તાર અલગ અલગ રાજકીય પાર્ટીઓનાં પોકેટ બની ગયાં છે. તેના કારણે થતી ગુંડાગીરીના કારણે પણ મતદારો પણ આવી ચૂંટણી વખતે રસ લેતા નથી...

---

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# AI પાછળ અબજો ખર્ચવામાં ચીન અવ્વલ

## ઓટોમેશન - રોબોટિક્સ માણસની ક્રિએટિવિટીનો ખો કાઢશે ?



AI એટલે કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ. ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના ક્ષેત્રમાં ડિવાઈસ જેટલા અપડેડ નથી થતાં એટલું AI અપડેટ થઈ રહ્યું છે. દર બીજા દિવસે એક નવી એઆઈ એપ્લિકેશન માર્કેટમાં આવે છે. હકીકત એ પણ સ્વીકારવા જેવી છે કે, તે જેટલી ઝડપથી માર્કેટમાં આવે એ જ ગતિથી માર્કેટમાંથી આઉટ પણ થઈ જાય છે. જીબલી આર્ટ યાદ છે? કોઈપણ ફોટાને કાર્ટૂનનું રૂપ આપી દે તે. એ પહેલા ફોટોમોર્ફિંગનું ટેકનિકલ દૂષણ શરૂ થયું હતું. એ પછી ડીપફેક આવ્યું. AIના વિશાળ દરિયામાં હાલ એઆઈ જનરેટેડ ઈમેજ અને વિડિયોનું મોજું સર્વત્ર ફરી વળ્યું છે, બીજી તરફ પ્રોમ્પ આધારિત પ્રોડક્શન વધ્યું છે. એઆઈ આવ્યા બાદ એ વાત તો સાબિત થઈ ગઈ કે, યોગ્ય રીતે ઈનપુટ કે સર્ચ કરતા આવડતું હોય તો કોઈ મોટા કોમ્પ્યુટેશનની જરૂર નથી. AI એ આ જ લાઈનને ધ્યાને રાખીને ઘણીય વસ્તુઓનું સર્જન કર્યું છે. ડીપસેક એ ચીનનું AI છે. એની પાછળ ચીને કરોડો રૂપિયા અત્યાર સુધીમાં વાપરી નાંખ્યા છે. આ દેશનું લક્ષ્ય ટેક્નોલોજીના ક્ષેત્રમાં રોબોટિક્સથી લઈને AI સુધી એવું સ્વાવલંબન પ્રાપ્ત કરવાનું છે કે, મશીન દ્વારા તે માણસને ટાળી દે એવા ઉત્પાદનો વિકસાવવા. પહેલો સગો તે પાડોશી પણ ચીનના સંદર્ભે આ વાત ખોટી પડે. પહેલો ઘા મારનાર જ પાડોશી એવું છે.

ડીપફેક પાછળ ચીને ૬૦૦ અબજ ડૉલરની ખોટ ખાધી છે, જેની અમેરિકી માર્કેટમાં પણ સીધી અસર થઈ હતી. શેરમાં ધોવાણ થતા ખોટની ખટાશે અમેરિકાને ધોળે દિવસે તારા દેખાડી દીધા હતા, કારણ કે, અમેરિકાના ટેક્નોક્રેટને પણ આ નવી વસ્તુ આકર્ષી ગઈ હતી. ડીપફેક એટલું પાવરફૂલ છે કે, એના માટે કોઈ જ પ્રકારના કોમ્પ્યુટિંગની જરૂર નથી. જેટલું સ્પષ્ટ ઈનપુટ એટલું જ સચોટ આઉટપુટ. એ પછી ડેટા હોય, ઈમેજ હોય કે એક આખા ગામનો. AI વીડિયો જ કેમ ન બનાવવાનો હોય. ઉપયોગમાં સરળ, બનાવવામાં સસ્તી અને વેપારીઓનું આગળીના વેઢે કામ કરતી આપતી એપ છે જેને કેટલાય દેશને પ્રભાવિત કર્યા. AI નામ કેટલાંક સર્જનમાં અમેરિકામાં ચીનથી આગળ છે. આ દેશે ખરા અર્થમાં સ્માર્ટવર્ક કર્યું. ટેકનોલોજી પોતાની અને કોન્સેપ્ટ ચીનના વાપરી લીધા. ૧૫૦૦૦ આઈટી કંપનીઓમાં. AI ઓટોમેશન લાગુ કરી દીધું. સતત નવી નવી અપડેટ સાથે આવતી એ AI એપ શું હવે માણસની વિચારવાની કે કલ્પના કરવાની શક્તિ છીનવી લેશે? આ સવાલ પર હવે અમેરિકાના જ ટેક્નોક્રેટ મૂંઝવણમાં છે. એક જ ક્લિક પર સ્ક્રિન પર બધુ તૈયાર થઈ જાય તો ડેટા ક્લેક્શન, ડેટાબેઝ ટેક્નોલોજી અને એમાંથી લખાતી કે બનતી મૌલિકતા સામે અનેક પ્રશ્નો છે.

AI નોકરી ખાઈ જશે એ સવાલ તો હજારો કિલોમીટર દૂર છે પણ એના પ્રોગ્રામિંગ પછી એની સરળ અને સ્પષ્ટ માહિતી માટેનો અવકાશ પણ મર્યાદિત છે એવું અમેરિકાના જ વિદ્વાનો માની રહ્યા છે. ટ્રમ્પ સરકાર આવ્યા બાદ સૌથી વધુ ફોક્સ AI પર રહ્યું છે. સત્તા પર આવ્યાના બીજા જ દિવસે ૨૦ ડેટાસેન્ટર તૈયાર કરવાના આદેશ આપી દીધા. દુનિયાભરના ડેટાનું ઊધીયું બનાવીને જગતજમાદાર ક્યું તીર મારશે? રામજાણે. શસ્ત્રો વેચીને તિજોરી ભરનાર અમેરિકાએ AI પાછળ ૨૯૦ કરોડનું રોકાણ કર્યું છે. નિષ્ણાંતો એવું કહે છે કે, આ માત્ર અમેરિકાનો સરકારી આંકડો છે હકીકત એ પણ છે કે, એનાથી બમણા તો ખર્ચાઈ ગયા છે. કોઈ નક્કર પરિણામ હજુય નથી. વર્લ્ડ ઈકોનોમિક ફોરમનો રિપોર્ટ કહે છે કે, છેલ્લા પાંચ વર્ષમાં અમેરિકાની આઈટી ખાનગી કંપનીઓએ વિકાસ સારો કર્યો છે, હવે સર્વશ્રેષ્ઠ રીસર્ચમાંથી કંઈ નવું AI મોડેલ બનાવશે. કાચા માલમાં કરોડો ખર્ચી નાંખ્યા પ્રોડક્શનમાં શું નીકળશે. એમાં ખુદ અમેરિકી ટેકનિષ્ણાંત મુંઝાયા હોય એવું ચિત્ર છે. એપ-વેબસાઈટને બેઝ બનાવીને અનેક એવા પોર્ટલ પર અમેરિકાએ લોકો સાથે ક્નેક્ટિવિટી તો મેળવી પણ ગ્રાઉન્ડ રીયાલિટીમાં કેટલાય મુદ્દાઓ AIના નામે કાચા કપાઈ ગયા છે.

આ બધામાં વિશ્વસનીયતા સામેનો પ્રશ્નાર્થ મોટો છે. ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીઓમાં હવે AI જનરેટેડ ડેટા પર વેરિફિકેશન માટે વિદ્યાર્થીઓને જ બેસાડી દેવાયા છે. ચેક કરો અને ખરાઈ હોય તો જ એસાઈમેન્ટ બનાવો. યાની એ આઈ યુઝ કરો અને ડબલ મજૂરી કરો. પ્રિન્ટેડ વસ્તુઓને ઓથેંટિકેટ સોર્સ માનવામાં દુનિયાના ૮૦ દેશો પ્રથમ વિશ્વયુદ્ધથી આજ સુધી તૈયાર છે. સ્ક્રિનિંગ ડેટાના પુરાવાઓ અંગે મતમતાંતર છે. ભારતની સ્થિર અને મજબૂત અર્થવ્યવસ્થામાં એઆઈ પાછળ ભલે ચીન જેટલો ખર્ચો નથી થયો. એક પરિણામલક્ષી કામ એ થયું છે કે, ૧.૭૦ અબજ ડૉલરના ખર્ચથી પ્લેટફોર્મ ક્નેક્ટિવિટી મજબૂત બની છે. ગમે તે વસ્તુ ગમે તે રીતે ખુલે, શેર થાય અને ક્નેક્ટ પણ થાય. ચીનના ખર્ચ કરતા ૫૫ ટકા ઓછો ખર્ચો. વર્ષ ૨૦૨૪ના બજેટમાં એઆઈ માટે મંજૂરી આપવામાં આવી હતી. એ પછી ઝોહો જેવી મસ્ત એપ અને વેબ શરૂ થઈ. જેને કેટલીય નાની કંપનીઓના આઈટી મોડલ ફેરવી નાંખ્યા. ઈટ્સ ઈન્ડિયા દોસ્તો....ઓછા ખર્ચે નક્કર પરિણામ.

**આઉટ ઓફ બોક્સ**

***AI પાછળ ચીને સૌથી વધુ ખર્ચો કર્યો પણ સૌથી વધુ AI આઈટી સ્ટાર્ટઅપ અમેરિકા પાસે છે. જ્યારે સૌથી વધુ ક્રિએટિવ યુઝેજમાં યુકેએ ડંકો વગાડ્યો છે. ભારતમાં મીડિયા પ્લેટફોર્મ તરીકે માત્ર ૧૭ ટકા યુઝેજ AIનો થાય છે.***

---

સૉલ ઓફ ટૂર

# ચીન જ્યાં ભવિષ્ય વસે છે

## અહીં છે ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરનો ભવિષ્યમય અનુભવ



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા



ચીન જ્યાં ભવિષ્ય વસે છેઅહીં છે ટેકનોલોજી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરનો ભવિષ્યમય અનુભવ. ચીન હંમેશાં દુનિયાભરના પ્રવાસીઓ માટે રહસ્યમય, આકર્ષક અને રોમાંચક દેશ રહ્યો છે. પ્રાચીન સંસ્કૃતિ, ભવ્ય ઇતિહાસ, આધુનિક ટેકનોલોજી અને અદભુત ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું અનોખું મિલન આજે ચીનને વૈશ્વિક પ્રવાસનના કેન્દ્રમાં મૂકે છે. ગ્રેટ વોલ, ફોરબિડન સિટી, શાંઘાઈની ઝગમગતી સ્કાયલાઇન અને હાઇ સ્પીડ ટ્રેનો ચીનની ઓળખ બની ગયા છે.કોવિડ બાદ ચીને પ્રવાસીઓ માટે નવી શક્તિ અને આત્મવિશ્વાસ સાથે દ્વાર ખોલ્યા છે. ઑરોરા સાથેની ચીન યાત્રા એ એવાં શહેરોની સફર છે જ્યાં ટેક્નોલોજી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરી જીવન મળીને વિશ્વસ્તરીય અનુભવ સર્જે છે. બીજિંગ એક એવી રાજધાની જે ગ્લોબલ કંટ્રોલ સેન્ટર જેવી લાગે.

★ **પ્રશ્નઃ ધવલભાઈ, બીજિંગ રાજધાની છે, પરંતુ પ્રવાસી માટે અહીં શું ખાસ છે?**

ધવલભાઈઃ બીજિંગ ફક્ત ફોરબિડન સિટી કે ગ્રેટ વોલ જેવી ઇતિહાસની નિશાનીઓ પૂરતું નથી.અહીં ચીનની રાષ્ટ્રીય શક્તિ અને આયોજન જીવંત રીતે અનુભવાય છે. તેનું સૌથી મોટું આધુનિક પ્રતીક છે બીજિંગનું ડાકિંસગ ઇન્ટરનેશનલ એરપોર્ટ, જે સ્ટારફિશ જેવા આકારમાં બનાવાયું છે જેથી ચાલવાનું અંતર લગભગ છસો મીટર સુધી સીમિત રહે અને સિનિયર સિટીઝન પ્રવાસીઓ માટે મુસાફરી વધુ સરળ બને.

★ **બીજિંગમાં શું છે ખાસ?**

* પ્રાચીન અને ભવિષ્યમય શહેરનો પરફેક્ટ સંગમ ટેમ્પલ ઓફ હેવન, વિશ્વસ્તરીય મેટ્રો અને આધુનિક સિટી લાઈફ* સરળ નેવિગેશન, સ્પષ્ટ સંકેતો, સુવ્યવસ્થિત ભીડ નિયંત્રણ અને ગોઠવેલી પ્રવેશ પદ્ધતિ* રાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ એરપોર્ટ, હાઇવે, રેલ ક્નેક્ટિવિટી અને ઝડપી ટ્રાન્સપોર્ટ* ટેક્નોલોજી આધારિત સેવાઓ ડિજિટલ એન્ટ્રી, ઇ-ટિકિટિંગ અને સ્માર્ટ ટ્રાન્સપોર્ટબીજિંગ એવું શહેર લાગે છે જે દરરોજ લાખો લોકોને અવ્યવસ્થા વિના સંભાળી શકે છે આ અનુભૂતિ જ પ્રવાસને ખાસ બનાવે છે. શાંઘાઈ ચીનનું , સૌથી મોડર્ન અને સૌથી સ્ટાઇલિશ ઇન્ટરનેશનલ શહેર છે.

★ **પ્રશ્નઃ ધવલભાઈ, શાંઘાઈને લોકો ચીનનું ન્યૂયોર્ક શા માટે કહે છે?**

ધવલભાઈઃ શાંઘાઈને ચીનનો ''ગ્લોબલ ચહેરો'' કહી શકાય. અહીં ફરતાં તમને અનુભવાશે કે ચીન કેટલું અદ્યતન, સમૃદ્ધ અને આધુનિક બની ગયું છે. શાંઘાઈની મેગ્લેવ ટ્રેન પુડૉંગ એરપોર્ટથી શહેર સુધીનું લગભગ ૩૦કિ.મી. અંતર માત્ર આઠ મિનિટમાં કાપે છે. એક સમયે તેની કામગીરીની ઝડપ ચારસો એકત્રીસ કિ.મી./કલાક સુધી પહોંચી હતી.

★ **શાંઘાઈમાં શું છે ખાસ?**

* અલ્ટ્રા મોડર્ન સ્કાયલાઇન પુડૉંગની સ્કાયલાઇન વિશ્વસ્તરીય ફોટો આકર્ષણ છે* ઝડપી પરિવહન મેગ્લેવ અને વિશાળ મેટ્રો નેટવર્કથી શહેરમાં ફરવું સરળ બને છે* લક્ઝરી શોપિંગ અને ભોજન આધુનિક મોલ્સ, આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને પ્રસિદ્ધ લોકલ ફૂડ* વૈશ્વિક શહેરનો માહોલ વિદેશી પ્રવાસીઓ માટે અનુકૂળ સેવાઓ અને સુવિધાઓ. શાંઘાઈ એવું શહેર છે જ્યાં તમને લાગશે ''આ જ ચીન છે, જે દુનિયાને ટક્કર આપી શકે છે.''ચેંગદૂ આરામદાયક મહાનગર, જ્યાં શાંત જીવનશૈલી અને હાઇ-ટેક અનુભવ એકસાથે મળે.

**પ્રશ્નઃ ધવલભાઈ, ચેંગદૂ પાંડા માટે તો જાણીતું છે, પરંતુ પ્રવાસીની દૃષ્ટિએ અહીં શું ખાસ છે?**

ધવલભાઈઃ ચેંગદૂ એ ચીનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે કે વિકાસ સાથે પણ શહેર પોતાની શાંત અને આરામદાયક જીવનશૈલી કેવી રીતે જાળવી શકે. ૨૦૨૧માં શરૂ થયેલા ચેંગદૂ તિયાનફુ ઇન્ટરનેશનલ એરપોર્ટ પછી ચેંગદૂ મહત્ત્વપૂર્ણ હબ બની ગયું છે. બીજિંગ અને શાંઘાઈની જેમ અહીં પણ બે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે, જેના કારણે ટુરિઝમ ક્નેક્ટિવિટી વધુ મજબૂત બની ગઈ છે.

★ **ચેંગદૂમાં શું છે ખાસ?**

* ટુરીસ્ટ-ફ્રેન્ડલી શહેર ઓછા દોડધામમાં સારી પબ્લિક સર્વિસ અને વ્યવસ્થા* મોહક પાંડા, કુદરતી દૃશ્યો અને સંસ્કૃતિ ફેમિલી તથા વડીલ પ્રવાસીઓ માટે આદર્શ* સશક્ત એરપોર્ટ અને રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેચુઆન વિસ્તારમાં સરળ પ્રવેશ* ભોજનનું ડેસ્ટિનેશન સેચુઆન ફૂડ પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણ. ચેંગદૂ એવું શહેર લાગે છે જે કહે છે ''અદ્યતન બનીને પણ શાંતિથી જીવી શકાય.''ચોંગકિંગ દુનિયાનું સૌથી અનોખું, પહાડો પર બનેલા ત્રણ શહેર.

★ **પ્રશ્નઃ બધા કહે છે કે ચોંગકિંગ અવિશ્વસનીય શહેર છે. એવું કેમ?**

ધવલભાઈઃ ચોંગકિંગ પહાડો અને નદીની ખીણોમાં બનેલું એક ટ્રુ વર્ટિકલ સિટી છે. અહીંનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર એટલું અનોખું છે કે તે પોતે જ પ્રવાસીઓ માટે આકર્ષણ બની જાય છે. લિઝીબા સ્ટેશન તેનું ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં મોનોરેલ ટ્રેન સીધી રેસિડેન્શિયલ બિલ્ડિંગના વચ્ચેનાં માળમાંથી પસાર થાય છે. આ સ્ટેશન ૨૦૦૫માં શરૂ થયું હતું અને અવાજ ઘટાડવાની ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

★ **ચોંગકિંગમાં શું છે ખાસ?***

૩ શહેરનો અનુભવ બ્રિજ, ફ્લાયઓવર, મલ્ટી-સ્ટોરી રસ્તા અને પર્વત પર ઊંચું જતું એસ્કેલેટર* મોનોરેલ અને મેટ્રોનો અનુભવ પોતાનામાં જ સાઇટસીંગ સમાન* નદી કાંઠાનાં રાત્રિનાં દૃશ્યો સ્કાયલાઇન, લાઇટ્સ અને રિવર ક્રૂઝ* ફૂડ ટુરિઝમ વિશ્વપ્રસિદ્ધ હોટપોટ સંસ્કૃતિ અહીં જોવા મળે છે ચોંગકિંગ એવું શહેર છે જ્યાં બહારથી આવનાર કહે છે ''આ શહેર નથી, આ તો એક ઇજનેરી ચમત્કાર છે.''ઝાંગજીયાજી કુદરતને સિનેમેટિક અને પ્રવાસનને અલ્ટ્રા સુલભ બનાવતું સ્થળ.

★ **પ્રશ્નઃ ધવલભાઈ, ઝાંગજીયાજી તો કુદરત માટે જાણીતું છે; અહીં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું મહત્ત્વ શું છે?**

ધવલભાઈઃ ઝાંગજીયાજી એ ઉત્તમ ઉદાહરણ છે કે ચીન કુદરતને સિનિયર સિટીઝન પ્રવાસીઓ માટે કેવી રીતે સુલભ બનાવે છે. કુદરતને ''કઠિન'' રાખવાને બદલે અહીં કેબલ કાર, એલિવેટર, ગ્લાસ બ્રિજ, સ્વચ્છ ચાલવાના માર્ગો, ગોઠવેલી શટલ સિસ્ટમ અને સ્પષ્ટ વિઝિટર ફ્લો મેનેજમેન્ટ બનાવવામાં આવ્યું છેજેથી પ્રવાસીઓ કુદરતનાં અવિસ્મરણીય દૃશ્યો સલામતી સાથે અને આરામથી માણી શકે.

★ **ઝાંગજીયાજીમાં શું છે ખાસ?**

* અવતાર ફિલ્મ જેવા પહાડો ધરતી પરનાં સૌથી અનોખાં દૃશ્યોમાંના એક* સુવ્યવસ્થિત સાઇટસીંગ આયોજનબદ્ધ રૂટ્સ, નિયંત્રિત ગતિ અને પૂરતી સુવિધાઓ* સિનિયર સિટીઝન-ફ્રેન્ડલી વ્યવસ્થા એલિવેટર અને કેબલ કારથી ચઢાણ સરળ* સલામત એડવેન્ચર ગ્લાસ બ્રિજ, વ્યૂ પોઇન્ટ અને માર્ગદર્શિત સિસ્ટમ ઝાંગજીયાજી એવું લાગે છે કે ''ચીને કુદરતના પ્રવાસને પ્રીમિયમ અને સુવ્યવસ્થિત અનુભવમાં ફેરવી દીધો છે.''

**પ્રશ્નઃ ધવલભાઈ, લોકો ચીનથી રિટર્ન આવીને કેમ કહે છે કે તેમને ભવિષ્યનો અનુભવ થયો?**

ધવલભાઈઃ ચીનની સૌથી મોટી તાકાત કોઈ એક બિલ્ડિંગ કે એક શહેર નહી પરંતુ ''અહીં બધું કેટલું સરળતાથી ચાલે છે'' એ છે. પ્રવાસીઓને અહીં એરપોર્ટ-ટ્રેનો સમયસર કાર્ય કરતા દેખાય છે, આવે છે, મેટ્રો સ્વચ્છ અને કાર્યક્ષમ છે, દરેક જગ્યાએ ડિજિટલ ટિકિટ અને ક્યુઆર સિસ્ટમ છે, અને જાહેર સ્થળો તેમજ ભીડ ખૂબ સારી રીતે સંચાલિત છે. ચીનનું વિકાસ આયોજન નાગરિકો અને પ્રવાસીઓ બંને માટે દૈનિક જીવન અને મુસાફરીને સરળ બનાવે છે અને એ જ વાત બહારથી આવનારને અચંબિત કરી દે છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

આજે આટલું જ
શોભિત દેસાઇ
feedback@bombaysamachar.com

# જરાક અમથાંમાં તો...


હસરત જયપુરી


શૈલેન્દ્ર

ચાલો, આજે ફરી એકવાર પર્દાના માનવજાતને અલૌકિક, અદ્‌ભુત, એકમેવ અને ઉત્તમ ઉપહાર 'ગાઇડ'ની વાત શરૂ કરીએ તો ઉર્દૂનો એક બેજોડ શેર છે...

*બસ ઇક કદમ ઉઠા થા ગલત રાહ-એ-શૌકમેં*
*મંઝીલ તમામ ઉમ્ર મુઝે ઢૂંઢતી રહી*
*અબ્દુલ હમીદ અદમ*

પ્રેમના માર્ગમાં એક નાનકડી ભૂલ શું થઇ, મંઝીલ મને કાયમની હાથતાળી આપી ગઇ. અહીં **અદમનો જાદુ મંઝીલ આખી જિંદગી મને શોધતી રહીમાં છે.**

હસરત જયપુરી વિશે આમ તો કોઇ ફેલફિતુરીના, કોઇ ઉદ્ધતાઇના કિસ્સા સાંભળ્યા તો નથી પણ મિત્ર કલ્પેન શાહ હું ગાઇડ વિશે લખતો હોઉં અને મને અજાણી માહિતીથી સમૃદ્ધ ન કરે તો કલ્પેન શાનો? ઓરિજિનલી તો એસ.ડી. બર્મને હસરતને ગીતકાર તરીકે રાખ્યા હતા. સૌથી પહેલા ગીત વખતે એસ. ડી. હસરતને બોલ્યા : ગીત જેવું જોઇએ છે એવું બન્યું નથી. ફરી વખત લખવું પડશે. હસરત હેરાન, એ વાતથી કે ગીત તો રેકોર્ડ થઇ ગયું છે રફીના અવાજમાં, ત્યારે તો બધું બરાબર હતું. બર્મન ચૂપ અને હસરત સમજી ગયા કે વાંધો નિર્માતા (દેવ) અને નિર્દેશક (વિજય)ને છે. હસરત એ વખતના ટોપના ગીતકાર. પસંદ નાપસંદ હોય પણ રેકોર્ડ થઇ ગયા પછીનું વલણ હસરત સમજી ન શક્યા. રમેશ પારેખ કહે છે એમ, ત્યાં જ બેટો થાપ ખાઇ ગયો. બર્મને બન્નેની નાપસંદગીની વાત હસરતને કહી ઉમેર્યું કે વિજય આનંદ દિગ્દર્શક પણ ચાહે છે કે વાર્તાના મુખ્ય નાયક રાજુ ગાઇડની હાલત અને મૂડ પર થોડા બીજા કવિત આવવા જોઇએ અને... અને... હસરત ફાટયો... કહે : આના ઉપર આનાથી વધારે સારું હું શું લખું? આ તો એક દલાલનું ગીત છે. ('ગોલ્ડી-ધ મેન એન્ડ ધ મુવીઝ' નામની વિજય આનંદની બાયોગ્રાફીમાં તમે શબ્દશઃ આ જ લખાયેલું વાંચશો.) પિકચરના મુખ્ય પાત્ર એટલે કે દેવ આનંદના પાત્રને દેવાયેલી આ ગાળ હતી. આનંદ બ્રધર્સ ધૂંઆપૂંઆ... તરત વિજયે દેવને કહ્યું કે આ માણસ જોડે કેવી રીતે ફિલ્મ બનાવી શકાશે. દેવ તરત જાણી લે છે કે એ દિવસોના સામાન્ય રૂ. ૫૦૦ પ્રતિ ગીતના ભાવની સામે ગાઈડના બધા જ ગીત લખવાનો કોન્ટ્રેકટ હસરત જયપુરી સાથે રૂ, ૨૫,૦૦૦માં કરાયો હતો. ફિલ્મમાં એકપણ ગીત લીધા વગર એ જ ક્ષણે હસરત જયપુરીને કોન્ટ્રેકટની તમામ રૂ, ૨૫,૦૦૦ની રકમ આપીને છૂટા કરી દેવામાં આવે છે અને આવી જાય છે શૈલેન્દ્ર. હસરત કેવા નેગેટિવ ટ્રાન્સમાં હશે કે એ આવું બોલ્યા ! અને આનંદ બંધુ કેવા પોઝીટિવ ટ્રાન્સમાં હશે કે ૧૯૬૩ની સાલમાં કદાચ જુહુ સ્કીમમાં રૂ.૨૫,૦૦૦માં ૫૦૦ વારનો બંગલો ખરીદી શકાય એટલા પૈસા ચુકવતા એમને એક મિનિટ ન લાગી. અને પછી જે પરિણામ આવે છે એ કેવું આવે છે ?! ગુજરાતી કવિતાના સર્વશ્રેષ્ઠ સંગ્રહો કરતાં વધુ ઉત્કૃષ્ટ કવિતાઓ **એક ફિલ્મના માધ્યમથી જગતમાં વહેતી થઇ.**

૧. *વહાં કૌન હૈ તેરા, મુસાફિર જાયેગા કહાં*
*દમ લે લે ઘડીભર યે છૈયાં પાયેગા કહાં*

૨. *તેરે મેરે સપને અબ એક રંગ હૈ.*
*જહાં ભી લે જાયે રાહેં હમ સંગ હૈ*

૩. *પિયા તોસે નૈના લાગે રે...*

૪. *કાંટોસે ખીંચ કે યે આંચલ*
*તોડકે બંધન બાંધી પાયલ*
*આજ ફિર જીનેકી તમન્ના હૈ આજ ફિર મરનેકા ઇરાદા હૈ*

૫. *દિન ઢલ જાયે હાયે રાત ન જાયે*
*તુ તો ન આયે તેરી યાદ સતાયે*

૬. *ગાતા રહે મેરા દિલ, તૂ હી મેરી મંઝીલ*
*કહીં બીતે ના યે રાતેં, કહીં બીતે ના યે દિન*

૭. *મોસે છલ કીયે જાય, સૈંયા બેઇમાન*

૮. *કયા સે કયા હો ગયા, બેવફા તેરે પ્યાર મેં*

છાપરા પર ચઢીને જેની નાસ્તિકી બૂમાબૂમ કરી રહી છે, પોકારી રહી છે એવો મારા જેવો NON BELIEVER પણ માને જ માને કે **એની, કોની?** પરમાત્માની ઇચ્છા ના હોય તો આટલા મોટા ગજાની સર્જનાત્મકતાઓ મેળો બનીને ગાઇડમાં સાથે ન થઇ જાય.

'ફના' જવાહર બક્ષી સિવાય આજે તો કોનાથી અંત લાવીએ! બીજી કોઇ પંક્તિ ટકે એમ જ નથી...

*કોઇ લખાવે છે ને લખે જાઉં છું 'ફના'*
*મારી ગઝલમાં કોઇ જવાહરગીરી નથી.*

છતાં... વિજય આનંદ આટલા મહાન કલાકાર હોવા છતાંય એક જગ્યાએ ફૈઝની એક પંક્તિ ઋણ સ્વીકાર કર્યા વગર પોતાના નામે મૂકી દે છે... બોલો... પ્રેમ પતી ગયા પછી રાજુ રોઝીથી વિદાય લઇ રહ્યો છે અને ...

રોઝી : અચ્છા અબ આપ જાઇએ ઔર કપડે બદલીયે આપકી રાહ દેખતી હું.


રાજુ : બહોત રાહ દેખી, ઇક ઐસી રાહ પે જો તેરી રેહગુઝર ભી નહીં...

**ન જાને કીસ લીયે ઉમ્મીદવાર બૈઠા હું.**
**ઇક ઐસી રાહ પે જો તેરી રહગુઝર ભી નહીં**
**ફૈઝ અહમદ ફૈઝ**

આજે આટલું જ... ■

ચલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

# ન હમ હોંગે ન તુમ હોંગે, ન શાહી કા નિશાં હોગા



કાળચક્ર જ્યારે ફરી વળે છે ત્યારે મહાન રાજવીઓની રાજધાનીઓ પણ અવશેષ બની જતા વાર નથી લાગતી. મહેલો ખંડેરોમાં ફેરવાઈ જાય, પરંતુ ઇતિહાસ માત્ર સ્મૃતિરૂપે જીવંત રહી શકે જ્યારે તે લખાયું હોય. એ ઇતિહાસ વાંચીએ ત્યારે ખબર પડે કે જે તે શાસકોની પ્રસિદ્ધિઓ કે લોકો માટે કરેલી પ્રવૃતિઓ શું હતી. કચ્છના એક સમયના મહાપ્રતાપી રાજવી લાખા ફુલાણીની રાજધાની કેરાકોટ પણ આવાં જ અનેક કાળચક્રોમાંથી પસાર થઈ છે. આજે જ્યાં ખંડેરો બોલે છે, ત્યાં ક્યારેક શૌર્ય, સંસ્કૃતિ અને કલાનું વૈભવ હતું, પરંતુ ઇતિહાસ માત્ર પથ્થરોમાં જ નહીં, માનવમન અને સાહિત્યમાં પણ જીવંત રહે છે. કેરાકોટે ઉર્દૂ ભાષાના મહાન શાયર 'ચમન'ને જન્મ આપી પોતાના કીર્તિમંદિર પર સુવર્ણકળશ ચઢાવ્યો છે.

શાયર 'ચમન'નું મૂળ નામ આમ તો મહમ્મદ હાશિમ. 'ચમન' એમનું તખલ્લુસ. એમનો શૈક્ષણિક અભ્યાસ માત્ર ગુજરાતી બે-ત્રણ ચોપડી. છતાંય એમણે ઉર્દૂ ભાષામાં જે પ્રભુત્વ મેળવ્યું તે આશ્ચર્યજનક છે. સામાન્ય રીતે ભાષા પર અધિકાર મેળવવા માટે વર્ષોનો અભ્યાસ, વ્યાકરણની સમજ અને સાહિત્યિક પરંપરાનો સંસ્કાર જરૂરી ગણાય છે. પરંતુ 'ચમન'એ પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ, આત્મમહેનત અને સાહિત્યપ્રેમથી આ બધાં અવરોધોને પાર કર્યા.

એમણે જાતે જ ઉર્દૂ ભાષાની નાજુકતાઓ શીખી, શબ્દસંપત્તિ વિકસાવી અને ગઝલના તંતુઓને આત્મસાત કર્યા. અલ્પ અભ્યાસ હોવા છતાં એમની ગઝલોમાં જે ભાવપ્રવાહ, ભાષાસૌંદર્ય અને તત્ત્વચિંતન જોવા મળે છે તે એમને ઉચ્ચ કક્ષાના કવિ તરીકે સ્થાપિત કરે છે.

'દીવાને ચમન' અને 'બહારે ચમન' નામનાં એમનાં બે અમૂલ્ય ગ્રંથો ઉર્દૂ સાહિત્યની મહત્ત્વની ધરોહર છે. આ બંને પુસ્તકોની પ્રસ્તાવના ગુજરાતના પ્રખ્યાત સાહિત્યકાર સ્વ. સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ લખી છે. 'બહારે ચમન'ની પ્રસ્તાવનામાં ઝવેરી સાહેબ નોંધે છે કે જો આ ગઝલો ઉર્દૂ લિપિમાં ઉત્તર ભારતમાં પ્રકાશિત થાત, તો ત્યાંના શાયરો પણ ચોંકી ઉઠત કે ગુજરાત જેવી ધરતી પર પણ ઉર્દૂ કવિતાના એવા સચ્ચા ઉપાસકો પેદા થયા છે. પરંતુ ચમનનો આગ્રહ હતો કે એમનાં ગ્રંથો ગુજરાતમાં અને ગુજરાતીમાં જ પ્રકાશિત થવા જોઈએ.

'બહારે ચમન'ના પ્રારંભિક 'બે બોલ'માં કવિ પોતે જ પોતાની વિનમ્રતા વ્યક્ત કરે છે

હું અભણ ક્યાં અને ઉર્દૂ ગઝલો ક્યાં? મને તો યોગ્ય રીતે ઉર્દૂ બોલતાં પણ આવડતું નથી, તો ગઝલો કેમ લખી શકું? આ તો કુદરતની કૃપા છે, જાણે ઈશ્વરે જ મારો હાથ પકડીને લખાવ્યું હોય.

આ ભાવને ગઝલમાં તેઓ કહે છે :

**કહાં હમારી ઐસી કિસ્મત, જો શેઅર લિખતે કલમ ઉઠા કે;**
**દસ્તે કુદરતને હાથ મેરા, 'ચમન' પકડ કર લિખા દિયા હૈ.**

ચમન વ્યવસાય અર્થે ઇટાલિયન સોમાલીલેન્ડ (ઈસ્ટ આફ્રિકા)ના મોગાદીશુ વિસ્તારમાં વસતા હતા. વિદેશની ધરતી પર રહીને પણ એમના હૃદયમાં ઉર્દૂ ગઝલોના સ્વર ઊભરાતા રહેતા. પરદેશમાં વસવાટ છતાં ભાષા અને સંસ્કૃતિ પ્રત્યેની તેમની લાગણી અડગ રહી.

ચમનની ગઝલોમાં જીવનની નાશવંતતા, પ્રેમની પીડા, વિયોગની વ્યથા, ઈશ્વરપ્રેમ, માનવસમાનતા અને વૈરાગ્ય જેવા વિષયો ઊંડાણથી પ્રગટ થાય છે. એમના કેટલાંક શેરોમાં મૃત્યુ અને કબરનું ચિત્રણ પણ જોવા મળે છે, પરંતુ તે ભયજનક નહીં, પરંતુ તત્ત્વચિંતનસભર છે. જેમ કે તેઓ કહે છે

**'ચમન' કી અર્જ હૈ અય દોસ્તો, મેરી તુરબત પર,**
**બ જાયે ફાતિહા, અચ્છી ગઝલ ગા કર સુના દેના.**

અર્થાત્, મારી કબર પર ફાતિહા વાંચવાને બદલે એક સારી ગઝલ ગાઈને સંભળાવજો. આમાં જીવનપ્રેમ અને કાવ્યપ્રેમનું અદ્‌ભુત સંયોજન જોવા મળે છે.

કેટલાક શેરોમાં જીવનની અસ્થિરતા અને વૈભવની નિષ્ફળતા પ્રગટ થાય છે

**ફરિશ્તોં પૂછતે હો ક્યા, હિસાબે માલો-જર હમ કો,**
**કફન દો ગજ કે માલિક બન કે, હૈં ઘરબાર સે નિકલે.**

માનવ જીવનમાં અંતે માત્ર બે ગજ કફન જ સાથ આપે છે. આ તત્ત્વચિંતન ચમનની રચનાઓમાં વારંવાર પ્રગટે છે.

પ્રેમ અને વિરહની લાગણી પણ એમની ગઝલોમાં અત્યંત કોમળતાથી વ્યક્ત થાય છે

**શમા જલી પરવાના જલા, દિલ મેરા જલા, જો આયા તેરી બજમ મેં, જલ જલ કે રહ ગયા.**

અહીં પ્રેમની તીવ્રતા અગ્નિરૂપે પ્રગટ થાય છે. ચમન જીવનની સામાજિક વિસંગતિઓ પર પણ કટાક્ષ કરે છે. યુવાનીમાં સૌની ચાહના મળે છે, પરંતુ વૃદ્ધાવસ્થામાં ઉપેક્ષા, આ સત્ય તેઓ નિર્ભયતાથી રજૂ કરે છે:

**જબ જવાં થે, ચાહથી હર એક કો, પીરી મેં બોલે, 'ચમન' કો ક્યા કરેં?**

એમની દૃષ્ટિ માત્ર વ્યક્તિગત અનુભવો સુધી સીમિત નથી; તે સમગ્ર સમાજનું પ્રતિબિંબ રજૂ કરે છે. લેખના શીર્ષકરૂપ પંક્તિ

**રવાના હસ્તીએ ફાની સે, કલ યે કારવાં હોગા,**
**ન હમ હોંગે ન તુમ હોંગે, ન શાહી કા નિશાં હોગા.**

- આ ફાની દુનિયામાંથી આવતી કાલે જ કાફલો ચાલ્યો જશે. માનવ અસ્તિત્વની નાશવંતતાનું સર્વોચ્ચ દર્શન કરાવે છે. ન તો આપણે રહીશું, ન તો રાજાઓની શાન-શોકત બચશે. અંતે સમય બધાને સમાન બનાવી દે છે. આ વિચાર ચમનની ફિલસૂફીનું કેન્દ્રબિંદુ છે.

અલ્પ શિક્ષણ હોવા છતાં એમણે જે સાહિત્યિક ઊંચાઈ પ્રાપ્ત કરી તે યુવાનો માટે પ્રેરણાસ્રોત છે. પ્રતિભા માટે ડિગ્રી નહીં, પરંતુ દૃઢ ઇચ્છાશક્તિ અને શ્રમ જરૂરી છે.

આજે જ્યારે કેરાકોટના ખંડેરો ભૂતકાળની ગાથા કહે છે, ત્યારે ચમનની ગઝલો એ ધરતીને જીવંત ઓળખ આપે છે. અંતે એટલું જ કહી શકાય કે ચમન કચ્છની સાહિત્યિક ધરોહર છે. એમની ગઝલો માત્ર કાવ્યરસ પૂરતો આનંદ નથી આપતી, પરંતુ જીવનનું તત્ત્વજ્ઞાન પણ શીખવે છે. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

રસિકભાઈ ઉંઘતા ઝડપાઇ ગયા. રંગે હાથ પકડાઇ ગયા. આંખના પલકારામાં આ શું થઇ ગયું? આંખો આંજી નાખતી કેમેરાની લાઇટથી બચવા એમણે મોં ફેરવી લીધું. કાતિલ નજરે ટીવી કેમેરાની સામે વિજય સ્મિત ફરકાવી રહેલા કિસનને જોયો. પોતે શિયાળ જેવો ચાલાક હોવા છતાં સસલા જેવા કિસને ગોઠવેલા છટકામાં સપડાઇ ગયા હોવાનો રંજ અને રોષ એના ચહેરા પર ધસી આવ્યો, પણ ક્ષણભરના વિચાર બાદ એમના ચહેરા પર લુચ્ચાઇ લિપાઇ ગઇ.

'જોગલેકર સા'બ, એક ફોન કર સકતા હું?' એમણે પૂછ્યું.

જોગલેકરે નાર્વેકરની સામે જોયું. નાર્વેકરે સહેજ મુંડી હલાવીને સંમતિ આપતાં જ એમણે ફોન જોડ્યો.

'કાળે સા'બ, મૈં રસિકભાઈ. ઇધર બાત કિજિયે.' એમણે જોગલેકરને ફોન પકડાવ્યો.

'કૌન...?' સામેથી સવાલ થયો.

'જોઇન્ટ કમિશનર ફૂડ એન્ડ ડ્રગ્સ-વિજિલન્સ ડિપાર્ટમેન્ટ અભય જોગલેકર.'

'મેં ચીફ મિનિસ્ટર આકાશ બિનસાળે...'

'જી જી સર......' જોગલેકર થોથવાયો.

'રસિકભાઇ કો ગિરફતાર કરો...કડક સજા કરો....છોડના નહીં ઉસકો.' ચીફ મિનિસ્ટરનો કડક અવાજ આવ્યો. જે સંભળાયું એ જોગલેકરની કલ્પનાની બહારનું હતું. ફોન કટ થવાનો અવાજ આવ્યો ને દવાની દુકાનમાં સન્નાટો છવાઇ ગયો. જોગલેકરે બધાની સામે એક નજર ફેરવી. રસિકભાઈને ઉપરથી આવેલા આદેશનો અંદેશો નહતો.

'ચલો ઉઠાઓ અપને મોત કા સામાન ઔર ચલો પોલીસ સ્ટેશન. તુમ્હારે આકાને બોલા હૈ.' જોગલેકરની આંખોમાં અલગ ચમક હતી.

રસિકભાઈનું મોં કડવી દવાનો ઘૂંટડો પીવડાવ્યો હોય એવું થઇ ગયું. રાજ્યના હેલ્થ મિનિસ્ટર સુભાષ કાળેએ મને સપડાવી દીધો. એમણે સંમતિ માગ્યા વિના ફોન લગાવ્યો. 'કાળે સા'બ યે અચ્છા નહીં કિયા આપને. ખુદ કો બચાને કે લિયા મુઝે બલિ કા બકરા બનાયા.'

'ચીફ મિનિસ્ટર બોલ રહા હું...કાળે કા ફોન મેરે પાસ હૈ ઔર વો નકલી ઇન્જેક્શન કા ડિબ્બા ગોદ મેં લે કર મેરે સામને બૈઠા હૈ....' સાંભળીને રસિકભાઈનો માત્ર ચહેરો જ નહીં આખેઆખું શરીર પીળું પડી ગયું. કોઇ મોટી ગેમ થઇ ગઇ હોવાનું સમજીને એમણે ફોન કાપી નાખ્યો. નાર્વેકરે એના હાથમાંથી મોબાઇલ આંચકી લીધો.

**************

સીએમ આકાશ બિનસાળે હેલ્થ મિનિસ્ટર સુભાષ કાળેના સરકારી બંગલામાં બેઠા હતા. એની સાથે રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ કમિશનર મિસિસ સુહાસિની જોશી અને ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૧) અભય સાબડે ખુદ હાજર હતા. એક સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર અને હવાલદારે કબાટમાંથી કાઢીને ટેબલ પર મૂકેલા નકલી ઇન્જેક્શનોના ચાર મોટાં બોક્સ પર નજર કરતાં સીએમ બોલ્યા: 'ઇતના નીચા ગીર સકતા હૈ તુ કાળે. તુ રાજ્ય કા હેલ્થ મિનિસ્ટર હૈ...લોગોં કી હેલ્થ તેરે હાથોં મેં હૈ....તુને....તુને એસા ઘીનૌના કામ કિયા?' કાળે નીચું મોં કરીને સાંભળી રહ્યો હતો.

'જોશી મેડમ, સાબડે, સોડુ નકો.....લોગોં કી જિંદગી સે ખેલા હૈ... કડક સઝા મિલના ચાહિયે જો કોઇ ભી ઇન્વોલ્વ હૈ સબકો....'

**************

સંજય બાગ્વેના ફ્લેટમાં ફૂડ અને ડ્રગ ડિપાર્ટમેન્ટની કાર્યવાહી ચાલુ હતી ત્યારે સોલંકી એક ખુણામાં ખુરસી પર બેસીને તમાશો જોયા કરતો હતો. એને ખુદને અંદાજ નહતો કે એણે ઘડી કાઢેલું અને તાબડતોબ અમલમાં મૂકેલું ઓપરેશન તોસિલિઝુમેબ ઝડપથી પાર પડશે....પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટના મોટા અધિકારીઓ દરોડા પાડશે....પરંતુ આ બધું સીએમ આકાશ બિનસાળેને કારણે થયું.

**સોલંકીના ચહેરા પર જીતની ખુશી નહીં, ફરજ પરસ્તીનું એક ઠંડુ સૂકુન હતું.**

સોલંકીએ બહુ વિચારીને સીએમ બિનસાળેને સમગ્ર કૌભાંડ કહી દેવાનો નિર્ણય કર્યો હતો. જોકે એને શંકા હતી કે હેલ્થ ડિપાર્ટમેન્ટના એક અદના કર્મચારીને સીએમ મુલાકાત આપશે ખરા....અને ખુદ સીએમ આમાં સંડોવાયેલા હશે તો....એણે જોખમ ઉઠાવીને સીધો સીએમને કોલ કરીને મુલાકાત માગી. કોરોનાની સારવાર માટેના નકલી ઇન્જેક્શનોનું કૌભાંડ જાણવાની જિજ્ઞાસાને લીધે સીએમએ એને બંગલે બોલાવી લીધો.

કોરોનાની સારવાર આપતી જી. જી. ભોય હોસ્પિટલમાંથી આવેલા સોલંકીને સીએમ બિનસાળેએ દૂર બેસાડ્યો. પોતે મોં પર બે માસ્ક લગાવીને બેઠા.

સોલંકીએ એમની સામે નકલી ઇન્જેક્શનો મૂક્યા....અસલી અને નકલી ઇન્જેક્શન પરનું લખાણ સરખાવી બતાવ્યું. હોસ્પિટલમાં બનેલી ઘટનાથી વાકેફ કર્યા. અને અંતે સંજય બાગ્વે અને રસિકભાઈની સીધી સંડોવણી વિશે કહ્યું ત્યારે સીએમ બિનસાળેની માસ્ક ઉપર સ્પષ્ટ જોઇ શકાતી મોટી આંખો લાલ થઇ ગઇ. પણ સોલંકીએ જ્યારે હેલ્થ મિનિસ્ટર સુભાષ કાળેનું નામ લીધું ત્યારે એમણે દલીલ કરતા કહ્યું કે 'સુભાષ નહીં હો સકતા...વો મેરા ખાસ આદમી હૈ.'

'સર, મેરે પાસ ઇન્ફર્મેશન હૈ.' હકીકતમાં એની પાસે સુભાષ કાળે સામેના કોઇ પુરાવા નહતા. પણ એને ખાતરી હતી કે રાજ્યના હેલ્થ મિનિસ્ટરના આશીર્વાદ સિવાય બાગ્વે નામનું બકરીનું બચલું આટલું બેં બેં ન કરે. એણે માત્ર હેલ્થ મિનિસ્ટર સુભાષ કાળે નામનું પત્તું ફેંક્યું હતું. એણે ઉઠાવેલું બીજું જોખમ ફળ્યું. એ સાચો પડ્યો. રસિકભાઇ એવા ગુમાનમાં રાચતા હતા કે કાળે બચાવી લેશે, પણ કાળેનો કાળ કદાચ ખરાબ ચાલતો હતો. એ ખુદ કાળનો કોળિયો બની ગયો. રસિકભાઈએ પોતાને બચાવવા મેડિકલ સ્ટોરમાંથી કાળેને જ ફોન લગાડ્યો ને સીએમ સાહેબે જ ઉપાડ્યો અને નકલી ઇન્જેક્શનોની આખી ચેનલ ખુલ્લી પડી ગઇ. સીએમને ખાતરી હતી કે રસિકભાઇ મેડિકલ સ્ટોરમાંથી કાળેને ફોન કરશે જ...એટલે જ એમણે મોબાઇલ કોલનું રેકોર્ડીંગ ચાલુ રાખ્યું હતું. રસિકભાઈ, બાગ્વે અને સુભાષ કાળેના પુરાવાઓ ખુદ સીએમ પાસે હતા. કિસનની દવાની દુકાનનું સીસીટીવી ફુટેજ મોટો પુરાવો હતો.

જોકે હજી મોતના ઇન્જેક્શનોનું મેન્યુફેક્ચરિંગ ક્યાં થાય છે તેમ જ બીજો કોણ સંડોવાયેલા છે એનું રહસ્ય ખુલવાનું બાકી હતું. હા, એ માટે રસિકભાઈનું મોં ખોલાવવું પડે એમ હતું અને સીએમ બિનસાળેના ઓર્ડરથી હરકતમાં આવેલી પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ કોઇ કસર છોડવા માગતા ન હતા.

****************

મોડી રાતે રસિકભાઈ, સંજય બાગ્વે અને સુભાષ કાળેની ધરપકડ કરીને પોલીસ સ્ટેશને લવાયા ત્યારે રિપોર્ટર સંજુ તેમ જ એ ટુ ઝેડ ન્યૂઝ ચેનલના બીજા બે રિપોર્ટરો અને કેમેરામેન સ્વાગત માટે તૈયાર હતા. પોલીસ નકલી ઇન્જેક્શનોના બોક્સ તથા મેડિકલ સ્ટોરના સીસીટીવી કેમેરાના ફુટેજ સાથે આરોપીઓને લઇને ઉતરી...લાઇવ ટેલિકાસ્ટિંગ શરૂ થયું.....સુભાષ કાળે અને સંજય બાગ્વેએ રૂમાલથી મોં ઢાંકી દીધા. રસિકભાઇએ મોં છૂપાવવાની દરકાર કરી નહીં. એક સમયે મિસ એક્સના ન્યૂઝથી તહેલકો મચાવી દેવા માગતા રિપોર્ટર સંજુને સોલંકીએ દાયકાના મહાકૌભાંડને પ્રકાશમાં લાવવાની તક આપી હતી. એ ઉછળી ઉછળીને બોલી રહ્યો હતો. કિસન ગજેરા અને સોલંકી ફરિયાદી અને સાક્ષી તરીકેના સ્ટેટમેન્ટ લખાવીને બહાર નીકળ્યા. સોલંકીના કહેવાથી સારથી બનેલા કિસનના ચહેરા પર મહાભારતનું યુદ્ધ જીતવાની ખુશી હતી. બીજી તરફ સોલંકીના ચહેરા પર જીતની ખુશી નહીં, ફરજ પરસ્તીનું એક ઠંડુ સૂકુન હતું.

**************

એ ટુ ઝેડ ન્યૂઝ ચેનલના નકલી ઇન્જેક્શનોના કૌભાંડના વિસ્ફોટની ધ્રૂજારીથી અન્ય ચેનલો સફાળી જાગી ગઇ હતી. લોક ડાઉનમાં અખબારો બંધ હોવાનો લાભ ન્યૂઝ ચેનલોને મળ્યો હતો. ન્યૂઝ ચેનલો પોલીસ સ્ટેશન અને રાજ્ય સરકાર પર રીતસર ત્રાટકી હતી. ટીવી રિપોર્ટરો જાહેર જનતા વતી જવાબ માગતા હતા...ખુલાસા ઇચ્છતા હતા... નિર્દોષોના જીવ સાથે ખેલનારાઓને આકરી સજા મળે એવી માગણી કરતા હતા.

મામલો નાનોસૂનો ન હતો...રાજ્ય સરકાર અને પોલીસ પર દબાણ વધ્યું હતું. એનો પડઘો અન્ય રાજ્યો અને છેક દિલ્હી સુધી પડ્યો હતો. સીએમ અને પોલીસ વડાઓ આ વાતથી વાકેફ હતા જ ને એટલે જ સીએમ આકાશ બિનસાળેએ સૂરજનું પહેલું કિરણ પથરાય તે પહેલાં જ હેલ્થ મિનિસ્ટર સુભાષ કાળે પાસેથી આરોગ્ય ખાતું આંચકી લઇને એને પાણીચું પકડાવી દીધું હતું. સંજય બાગ્વેને બરતરફ કર્યો. એમણે એક ખાસ ટેલિવિઝન પ્રસારણમાં કસૂરવારોને કડક સજા અપાવવાની જનતાને ખાતરી આપી હતી.

અન્ય એક જોઇન્ટ ટીવી મુલાકાતમાં રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ કમિશનર સુહાસિની જોશીએ લોકોને અને ખાસ કરીને ડોક્ટરોને અસલી અને નકલી ઇન્જેક્શનોને પારખવાની રીત બતાવી. જ્યારે ડેપ્યુટી પોલીસ કમિશનર અભય સાબડેએ પોલીસ તપાસ ચાલુ હોવાનો ચીલાચાલુ જવાબ આપ્યો ત્યારે પોલીસ સ્ટેશનમાં કોઇપણ જાતની કાનૂની પ્રોસીજર વિના રસિકભાઇ, સંજય બાગ્વે અને સુભાષ કાળેની રિમાન્ડ ચાલુ હતી....કેમ કે સવાલ લોકોના જીવનો હતો અને સીએમનો આદેશ હતો.

***************

કેશુકાકાએ સવારે ઉઠીને રાબેતા મુજબ ન્યૂઝ જોવા ટીવી ઓન કર્યું. ટીવીમાં મેડિકલ સ્ટોરનું ફૂટેજ જોઇને દંગ રહી ગયા. કિસન ગજેરાએ ગોઠવેલા છટકામાં રસિકભાઇ સપડાઇ ગયા હોવાનું વારંવાર થતું પ્રસારણ જોતા જોતા એમણે બૂમ મારીઃ 'કાશ્મીરા જલ્દી બહાર આવ.'

કાશ્મીરા બહાર દોડી આવી.

'શું થયું પપ્પા?'

'અરે આ જો તારા વરે કરેલું પરાક્રમ જો. હવે મને સમજાયું કે મારો બેટો મને દુકાને આવવાની ના કેમ પાડતો'તો. ઉઠાડ એને ને બતાવ મારો દીકરો ટીવીમાં ચમકી ગ્યો છે.'

'પપ્પા. એ વહેલી સવારે આવ્યો છે.'

'સાચું કહેજે તને એણે આ છટકાની વાત કરેલી ને...?'

'ના પપ્પા....આજે વહેલી સવારે ઘરે આવીને કરી....'

'એણે જે કર્યું એનું મને અભિમાન છે....મારો દીકરો મારું અભિમાન.' કેશુકાકા બોલ્યા....કાશ્મીરા હસી પડી.

**************

નિર્મલના પપ્પા દર્શનભાઈએ ટીવી ઓન કર્યું..

જી. જી. ભોય હૉસ્પિટલમાં નકલી ઇન્જેક્શનોનો ભાંડો કઇ રીતે ફૂટ્યો... આવો જાણીએ હૉસ્પિટલમાં નિમાયેલા બીએમસીના આરોગ્ય વિભાગના અધિકારી સોલંકી પાસેથી... રીપોર્ટર સંજુ બોલ્યો.

'ગંભીર હાલત ધરાવતા એક દરદીને ઇન્જેક્શન આપતી વખતે હૉસ્પિટલના ડીન ડૉ. શાહનું ધ્યાન ગયું અને આખો મામલો બહાર આવ્યો....' સોલંકીએ કહ્યું.

બરાબર એ જ વખતે રૂમમાં પ્રવેશેલી પવિત્રાએ સાંભળ્યું. સમગ્ર ટીવી ફુટેજ દરમિયાન એ ચૂપ રહી.

'આ છે આપણી હૉસ્પિટલો.....આ છે આપણા નેતાઓ...આ છે લોકોની ભડભડતી ચિતાઓ પર ભાખરી શેકીને ખાતા રાક્ષસી ચહેરાઓ....'

'આમાં દેવ જેવા ડૉ. શાહનો પણ એક ચહેરો છે...' દર્શનભાઈએ કહ્યું.

'ડૉ. શાહનું ધ્યાન ન ગયું હોત તો કોઇનો જીવ ગયો હોત એનું શું....? અને એ નિર્મલ હોત તો...?'

'એ જે કોઇ પણ દરદી હતો....બચી ગયો એ વાતે આપણે શ્રીજીનો આભાર માનવો રહ્યો.....' દર્શનાબેને પ્રવેશતાં કહ્યું.

'હું નિર્મલને એ હૉસ્પિટલમાંથી કાઢીને પ્રાઇવેટ હૉસ્પિટલમાં દાખલ કરવા માગું છું.' પવિત્રાએ કહ્યું. (ક્રમશઃ) ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# શબ્દમાં જીવતો કવિ ભગવતીકુમાર શર્મા

## ભરત કોઈ ગૂંથતું રહે મોરલાનું
## અમે ટચ્ચ ટૂંપાતા ટહુકાના માણસ

સુરત એટલે ગુજરાતી ગઝલનું જન્મસ્થાન. આ શહેરની પરંપરા અને આધુનિકતાની સંધિના સમયે એક અગ્રગણ્ય કવિ અને નવલકથાકાર ભગવતીકુમાર શર્માનો ઉદય થાય છે અને પછી તો ગઝલની પાલખીમાં નીકળેલા ભગવતીકુમારની શબ્દ, ઊર્મિ, રંગ, સૌરભ તેજ રહે ને થોડી ભીનાશભરી ગઝલો છવાઈ જાય છે.

સુરતના ગઝલ માહોલની વાત કરીએ તો પરંપરાગત ગઝલોની જન્મભૂમિ અને કર્મભૂમિ સુરત-રાંદેર રહ્યા છે. ગઝલમાં ડખો એ મુશાયરા પ્રવૃત્તિ ગામેગામ પહોંચાડીને ગઝલને લોકભોગ્ય બનાવવામાં ઘણી મદદ કરી છે. અમીન આઝાદ જેવા ઉસ્તાદની આજુબાજુમાં ગની દહીંવાલા, અસીમ રાંદેરી, રતિલાલ અનિલ, ઝાર રાંદેરી, જેવા સમર્થ સર્જકો હતા અને તેઓની સહાયથી મુશાયરાઓ યોજાતા રહ્યા અને ગઝલની એક માતબર સર્જકતાનું સ્થાપન થયું. આ બધા ગઝલકારોએ રચેલી પરંપરાની શક્તિપીઠ પર ગઝલકારોએ રચેલી પરંપરાની શક્તિપીઠ પર આધુનિક અને પરંપરાનો સમન્વય કરીને અનેક પ્રગતિશીલ પ્રયોગો કરનારા ગઝલકારો આવ્યા છે જેમાં મુખ્ય નામ છે ભગવતીકુમાર શર્મા.

ભગવતીભાઈએ કવિતા, નવલકથા, વાર્તાસંગ્રહ, પ્રવાસકથા, વિવેચન, જીવન પ્રસંગો, સ્મૃતિકથા, નિબંધો, અનુવાદ અને



આસ્વાદન એમ સાહિત્યના દરેક પ્રકારમાં સુપેરે ગતિ કરી હતી. સર્જક ઉપરાંત તેઓ એક રોજ-બ-રોજ સર્જાતા પત્રકારત્વતા વ્યવસાયમાં એક સંન્નિષ્ઠ પત્રકાર હતા.

આ કવિને સુયોગ્ય માન-અકરામ પ્રાપ્ત થયા છે પણ આ બધા સર્જનોમાં ભગવતીકુમારના સર્જનનો માપદંડ ગઝલ રહી છે. ગઝલની ઉપાસના કહો કે વીસ વીસ વર્ષના રિયાઝની સિદ્ધિ કહો પણ ગઝલ માટે આટલાં બધાં વર્ષો ગઝલ ગણગણ્યા કરી, મઠાર્યા કરી, માતબર કરી, શબ્દોના ચયનની મથામણ કરી, પ્રયોગો કરવામાં ખુમારી રાખી અને અંતે ૧૯૭૫માં ‘સંભવ’ કાવ્ય સંગ્રહથી શ્રીગણેશ કર્યા.

‘સંભવ’ સંગ્રહમાં ‘ક્યાં શોધુ?’ ગઝલમાં ‘મત્લા’ એટલે પહેલા શેરમાં બંને પંક્તિઓમાં કાફિયા-રદિફ હોય એવો ‘મત્લા’ નથી. મક્તા પણ નથી અને રદીફ-કાફિયાને ઓગાળી દીધી છે. આમ આ ગઝલનું બાહ્યતત્ત્વ સચવાતું નથી પણ અંતઃતત્ત્વ કે ગઝલસત્ત્વ જોવા મળે છે. ભગવતીભાઈએ કાફિયાની છૂટ લઈને કાફિયા જેવા અનિવાર્ય અંગનો વિચ્છેદ કરવા સુધીના પ્રયોગો કર્યા છે. એ વખતે પ્રશ્નો થતા કે આવી રદીફ-કાફિયા વગરની ગઝલોને ગઝલ કહેવાય? આ પ્રયોગ વિશે ‘નખશિખ’ ગઝલ સંગ્રહના સંપાદકોએ કહ્યું છે કેઃ ‘રદીફ - કાફિયા શૂન્ય’ ગઝલો રચવી તે કાચના ઘરમાં વજજરના પાંચીકે રમવા જેવી વાત છે?

આધુનિક પરિભાષા સાથે પૂરા કલ્પનના પ્રયોગો એમણે કર્યા છે. પચાસના દાયકામાં કવિતામાં પ્રવેશ કરીને ૨૬ વર્ષ પછી પહેલો સંગ્રહ આપ્યો અને ત્યાર પછી કાવ્યયાત્રામાં અનેક પડાવો આપ્યા પણ ગતિ હંમેશાં ઊર્ધ્વગામી જ રહી હતી. ‘છંદો છે પાંદડા જેના’ ૧૯૮૭માં આવે છે. ‘ઝળહળ’ ૧૯૯૫માં, ‘નખ દર્પણ’ પણ એ જ વર્ષમાં અને ‘અઢી અક્ષરનું ચોમાસ’ ૨૦૦૧માં અને ‘ગઝલાયન’ ૨૦૦૯માં આવે છે. એમની શ્રેષ્ઠ ગઝલોના સંપાદનો ‘સુખનવર’ શ્રેણીમાં અને રવીન્દ્ર પારેખ સંપાદિત ‘ગઝલની પાલખીમાં નીકળ્યા’ પ્રકટ થયા છે. પછી મળે છે ‘ઉજાગરા’, ‘એક કાગળ હરિવરને’ અને ‘આત્મસાત’.

ભગવતીકુમાર વારંવાર પોતાની સર્જનયાત્રા અને ખાસ કરીને ગઝલ સર્જનની વાતો ગઝલમાં કરે છે. તેનાથી એક સાહિત્યકારના શબ્દ - સમર્પણનો ગ્રાફ નજરે પડે છે જેમ કેઃ

**હું અક્ષરબ્રહ્મમાં ડૂબ્યો છું પણ ઈશ્વરને**
**જઈને કહેજો**
**જો મારી જરૂરત હોય તો તે આભેથી**
**અનાહતનાદ કરે**
* * *
**શબ્દ શીંગડે સાઠમારીનો સતત અનુભવ**
**ધોરીનસને જોડી દીધી છે લેખણમાં**
* * *
**પાંચ આંગળે પાંચ કલમના કાયમ**
**સ્થાનક,**
**કાના માતર હસ્વઈ દીર્ઘઈ છે આંટણમાં**
* * *
**સંબોધનો સ્વયંભૂપણે સ્ફુરતા જશે**
**કાગળ છે કાલજાનો તો લાવો કલમ-**
**દવાત**
* * *
**શબ્દ, ઊર્મિ, રંગ, સૌરભ, તેજ ને થોડી**
**ભીનાશ,**
**લ્યો, અમે બેસી ગઝલની પાલખીમાં**
**નીકળ્યા.**
* * *
**મારી એકલતા છે મારું ઉપનિષદ,**
**શબ્દ, લેખણ, સાહી, કાગળ, કંઈ નથી.**
* * *
**કવિતાનો અગ્નિ પ્રગટ્યો છે પાંચ ટેરવે**
**ભડભડ બળતી છાતી, એને કોણ**
**ઓલવે?**
* * *
**કલમ દાંત વચ્ચે દબાવી લખીશ**
**કપાશે યદિ હાથ કાંડા સુધી**
* * *
**કવિતાની રાધા સહિત રાસ રમીએ**
**શબદ-દાંડિયે પ્રાસ-અનુપ્રાસ રમીએ**
**કોઈ સાંવરી કોઈ ગોરી કવિતા,**
**રમત છે ગહન પણ અનાયાસ રમીએ.**
* * *
**તાજો જન્મેલો કો’ નિર્વસન શબ્દ છે,**
**લોહી-સંબંધે મારો સ્વજન શબ્દ છે**
**આ કવિતાના ભાલે હું બિન્દી કરું,**
**છે કલમ હાથમાં તો શુકન શબ્દ છે**
* * *
**આ ગઝલ મારી છે હયાતી પણ,**
**તારા હાથે લખાઈ જીવું છું**
* * *
**ગઝલ ત્યાં લખાઈ હશે આંસુભીની**
**મૂકી આવ્યો છું હું પલળતા અવાજો**
* * *
**ભાવની શબ્દની આ સફર, લોહી**
**જેનાથી છે તર-બતર**
**લાગણી તે છતાં એક-બે માંડ આવી છે**
**લેખણ સુધી.**

આ બધા શેરોમાં ભગવતીકુમારે ગઝલનું બંધારણ આપ્યું છે. ગઝલની જોઈતી વસ્તુ સામગ્રીનો થાળ આપણને મળે છે આ શેરોમાંથી અને સાથે સાથે મળે છે સર્જકના ચિત્રની આરસી. ભગવતીભાઈ જેવા સબળ સર્જકના બીજાં અનેક પાસાંઓ છે. જેની વાત તો થશે પણ લખવાની વાતમાં એ શું કહે છે તેનો સંપૂર્ણ ગ્રાફ આ ગઝલમાંથી મળે છેઃ

**હું કલમમાં વરસું છું ધોધમાર લખવું છે**
**આંગળા ભલે બુઠ્ઠાં ધારદાર લખવું છે.**
**લાગણી લખાવે તો લાખ વાર લખવું છે**
**બુદ્ધિ બૂમ પાડે તો પણ ધરાર લખવું છે**
**હોડ છે સટોસટની તો ય હું નહીં થાકું**
**મારે ઓ સમય, તારી હારોહાર લખવું છે**
**તું સુગંધની કલકલ એક નદી વહાવી દે**
**મારે જળના કાગળ પર બેસુમાર લખવું છે**

ભગવતીભાઈની સર્જન યાત્રાના અનેક આયામો છે અને મુકામો છે જેનો નાતો ભાવજગત સાથે છે, પત્રકાર હોવાથી તે આવો શે’ર કહી શકે છેઃ

**ઘટનાનું લોહી કેટલું ઠંડું પડી ગયું!**
**જાણે સવારે યંત્રથી અખબાર ઊતરે.**
* * *
**ભરત કોઈ ગૂંથતું રહે મોરલાનું**
**અમે ટચ્ચ ટૂંપાતા ટહુકાના માણસ**
* * *
**ટહુકા બનીને ઝૂલીએ સૌરભની ડાળ પર**
**મંડપ વસંત કેરો શયનકક્ષ નીકળે.** ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ...આવી ખોટી માન્યતાથી દૂર રહેશો તો હતાશાથી જરૂર બચી જશો

થોડા દિવસ અગાઉ એક યુવાને કોઈના રેફરન્સ સાથે મને કોલ કર્યો. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અભિનેતા તરીકે કામ મેળવવા મથી રહેલા તે યુવાને કહ્યું, ‘મને કોઈ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા અપાવો. હું બહુ દુઃખી છું. હું બે વર્ષથી અભિનયની તક મેળવવા માટે મથી રહ્યો છું, પણ મને નાના-નાના રોલ મળે છે, કોઈ મોટી તક આપતું નથી. એટલે મારે રહેવા માટે, ખાવાપીવા માટે, જિમની ફી માટે અને મુંબઈમાં ટ્રાવેલિંગ માટે મારા ઘરેથી પૈસા મગાવવા પડે છે.’

તે યુવાનનું કુટુંબ આર્થિક રીતે સદ્ધર છે એટલે તેને મુંબઈમાં ટકી રહેવા માટે તેના ઘરેથી પૈસા મળતા રહે છે, પણ તેને એવું લાગે છે કે તે ઘણાં દુઃખોનો સામનો કરી રહ્યો છે. મેં તેને એક યુવાનની વાત કરી જેનો ઇન્ટરવ્યૂ મેં એક યુ ટ્યૂબ ચેનલ પર જોયો હતો. ઈન્ટરવ્યૂ કરનારે તે યુવાનને પૂછ્યું કે ‘તમે જીવનમાં ઘણાં દુઃખો સહન કર્યા, ખરું ને?’ ત્યારે તે યુવાને જવાબ આપ્યો, ‘મેં સંઘર્ષ કર્યો છે, મારા પર કોઈ દુઃખ નથી પડ્યાં. દુઃખ તો એ છે કે માણસ પોતાના કુટુંબથી વિખૂટો પડી જાય કે કોઈ નજીકની વ્યક્તિનું અકાળ મૃત્યુ થાય. સંઘર્ષ અને દુઃખ વચ્ચે ઘણો તફાવત છે!’

ઝારખંડના એક નાનકડા ગામમાં જન્મેલા તે યુવાને પોતાની જિંદગી વિશે એ મુલાકાતમાં વાત કરી હતી. તેના ગરીબ ખેડૂત પિતાની આર્થિક હાલત એવી હતી કે ઘરના સભ્યો માત્ર ગોળ અને રોટી ખાઈને પેટ ભરતા હતા. એક સમય એવો આવ્યો કે તે યુવાનના કુટુંબ પાસે રહેવા માટે ઘર પણ નહોતું. ભાડાના મકાનમાં રહેતું હતું, પણ તેના પિતા ઘણા મહિનાઓ સુધી ભાડું ચૂકવી ન શક્યા એટલે મકાનમાલિકે મકાન ખાલી કરવા કહી દીધું. તેના પરિવારે મકાન ખાલી કરી આપવું પડ્યું. એ પછી તે યુવાનની બે નાની બહેનો સાથે તેની માતાએ પોતાના ભાઈના ઘરે જતાં રહેવું પડ્યું. તે યુવાન એ વખતે પાંચમા ધોરણમાં ભણતો હતો. તે બહુ તેજસ્વી વિદ્યાર્થી હતો. તેના પિતાએ દીકરાની સાથે મળીને ઈંટો અને ગારાનું કાચું મકાન જાતે બાંધ્યું અને બાપ-દીકરો એમાં રહેવા લાગ્યા. તે યુવાને એસ.એસ.સી. સુધી અભ્યાસ કર્યો પછી તેના ગરીબ પિતાએ તેને આગળ ભણાવવાનો નિર્ધાર કર્યો.

દીકરાએ પૂછ્યું : ‘આપણી પાસે પૈસા નથી તો હું કંઈ રીતે ભણીશ?’

ગરીબ પિતાએ જવાબ આપ્યો : ‘જરૂર પડશે તો હું મારી કિડની વેચી દઈશ, પણ તને ખૂબ ભણાવીશ.’

તે છોકરાને આગળ અભ્યાસ માટે શહેરમાં જવું પડ્યું. તેના ખેડૂત પિતાએ પોતાની થોડી જમીન વેચીને તેના અભ્યાસ માટે પૈસા ઊભા કર્યા. ખેડૂતના યુવાન બનેલા છોકરાના મનમાં આઈએએસ બનવાની મહત્ત્વાકાંક્ષા જાગી. તેના પિતાએ કહ્યું, ‘તું પૈસાની ચિંતા ન કરતો, બસ દિલ દઈને ભણતો રહે.’

તે યુવાને ખૂબ તૈયારી કરીને યુપીએસસીની પરીક્ષા આપી. જો કે એમાં તે નિષ્ફળ રહ્યો. એ



આઈએએસ ઈન્દ્રજીત મહથા

વખતે તેના પિતાએ કહ્યું કે ‘તું મૂંઝાતો નહીં, તું કોશિશ ચાલુ રાખ. તેમણે તેમની બાકીની જમીન પણ વેચી નાખી અને દીકરાને ભણવા માટે પૈસા મોકલ્યા.

બીજી કોશિશમાં તે સફળ થયો અને આઈએએસ બન્યો. તે યુવાન એટલે આઈએએસ ઈન્દ્રજીત મહથા....

આઈએએસ ઇન્દ્રજીત મહથાએ એ મુલાકાતમાં કહ્યું હતું કે ‘લોકો સંઘર્ષ અને દુઃખને એક જ ગણતા હોય છે, પરંતુ સંઘર્ષ અલગ છે અને દુઃખ અલગ છે.’

એ કિસ્સો સાંભળીને હિન્દી ફિલ્મોમાં મોટી તક મેળવવા મથી રહેલા યુવાને કહ્યું, ‘ઓકે, ઓકે. હું દુઃખી નથી, પણ સંઘર્ષ કરું છું.’

મેં તેને કહ્યું : ‘તું સંઘર્ષ કરે છે એમ પણ ન કહી શકાય.’

તે આશ્ચર્યથી મારી સામે જોઈ રહ્યો. તેને લાગ્યું કે હું મજાક કરું છું એટલે મેં તેને જાણીતા ફિલ્મ અભિનેતા વિજય રાજની એક મુલાકાતની એક નાનકડી રીલ સોશ્યલ મીડિયા પર જોઈ હતી એની વાત કરી. એ રીલમાં વિજય રાજે કહ્યું હતુંઃ

‘એક ચોકીદાર પોતાના ચાર બાળકનું ભરણપોષણ કરવા માટે ના છૂટકે વોચમેન તરીકે કામ કરે છે અને મહિનાના માત્ર ૧૨ હજાર રૂપિયાની આવકમાં પોતાના ચાર બાળકનું ભરણપોષણ કરે છે એ સંઘર્ષ છે. સંઘર્ષ એ નથી કે કોઈ વ્યક્તિ પોતાની ઈચ્છા હોય એ કામ કરી રહી હોય અને એ કામમાં તેને સફળતા ન મળે. સંઘર્ષ એ છે કે કોઈ માણસને જે કામ ન કરવું હોય એ કરવું પડે. જેમ કે ચોકીદાર છે તેણે ચોકીદારી કરવી નથી હોતી, પરંતુ આર્થિક સંજોગોને કારણે તેણે એ કામ કરવું પડે છે એ સંઘર્ષ છે. બાકી પોતાને ગમતું કામ કોઈ માણસ કોઈ વ્યક્તિ કરતી હોય તો એ સંઘર્ષ નથી એ તેનો પ્રિવીલેજ - વિશેષ અધિકાર છે, જે એક ટકા જેટલી વ્યક્તિઓને પણ મળતો નથી હોતો. આપણે ત્યાં લોકો સંઘર્ષની વ્યાખ્યા અલગ રીતે કરતા હોય છે. કોઈ વ્યક્તિને જે સંઘર્ષ લાગતો હોય એ બીજી વ્યક્તિ માટે સંઘર્ષ ન હોઈ શકે. કોઈ વ્યક્તિ પોતાની ઇચ્છા ન હોય એ કામ કરતી હોય. પોતાની ઇચ્છાથી વિપરીત તેણે એ કામ કરવું પડતું હોય તો એ સંઘર્ષ છે.’

પેલા યુવાને કહ્યું : ‘એમ તો મને કોઈ આર્થિક તકલીફ નથી, પણ સાચું કહું તો મોટો બ્રેક ન મળે એ વાતથી હું ડિપ્રેશન અનુભવું છું.’

મેં તેને સમજાવ્યો : ધીરજ રાખ. અપવાદરૂપ કિસ્સાઓ સિવાય રાતોરાત સફળતા નથી મળી જતી. તારે હતાશાથી બચવું હોય તો સંઘર્ષ અને દુઃખની ખોટી માન્યતાથી દૂર રહેવું જોઈએ.’

તે યુવાન જેવો કોઈ ઉચ્ચ મધ્યમવર્ગીય કુટુંબ કે શ્રીમંત કુટુંબનો યુવક મુંબઈ આવીને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં અભિનયની તક મેળવવા માટે કોશિશ કરતો હોય. એ સમયમાં તેની પાસે રહેવા માટે સારી સુવિધા હોય, તેની પાસે સારી કાર હોય, પરંતુ છતાં તે માનતો હોય છે કે હું સંઘર્ષ કરી રહ્યો છું. તે લક્ઝૂરીયસ કારમાં મીટિંગ્સ માટે જતો હોય, કોઈ ફિલ્મ પ્રોડક્શન ઓફિસમાં પ્રોડ્યુસરને મળવા જતો હોય તેને અભિનયની તક ન મળે અથવા તો અભિનયની તક મળે, પણ ફિલ્મમાં હીરો બનવાની તક ન મળે તો તે એવું માનતો હોય છે કે હું સંઘર્ષ કરી રહ્યો છું.

બીજી બાજુ કોઈ યુવાન કુટુંબને અત્યંત વિષમ આર્થિક સ્થિતિમાંથી બહાર કાઢવા માટે કોઈ દેશના કોઈ ગામડામાંથી કે નાનકડા શહેરમાંથી મુંબઈ કામ શોધવા આવ્યો હોય અને તેને સારા પગારની નોકરી ન મળે અથવા તો નોકરી જ ન મળે અને તેણે એક નાનકડી ઓરડીમાં સાત આઠ યુવાનો સાથે રહેવું પડતું હોય, તે પૈસા બચાવવા માટે દિવસમાં એક જ વખત ખાતો હોય અથવા તો માત્ર બિસ્કીટનું એક પેકેટ ખાઈને ઉપર પાણી પીને દિવસો વિતાવતો હોય તો એ સંઘર્ષ છે... માટે દુઃખ અને સંઘર્ષ વચ્ચેનો તફાવત સમજો અને હતાશામાં ના અટવાઈ જાવ ... ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# જવાબ ‘હાજરજવાબ’... જિગરની પાર-શબ્દ ધારદાર

**ટાઈટલ્સઃ**

***વાતવાતમાં ‘ચીત’ કરી શકે એ વાતચીત. (છેલવાણી)***


એક જમાનાના સ્ટાર જીતેંદ્ર,એક ફિલ્મી પાર્ટીમાં અભિનેતા રાજકુમારને સામેથી મળવા ગયા ને કહ્યું,‘સર, મૈં તો આપ કા બચપન સે ફેન હું!‘ રાજકુમારને લાગ્યું કે જીતેંદ્રે બધાંની સામે એમને ‘બૂઢા કલાકાર’ કહ્યાં. એમણે ઓલરેડી સફળ અભિનેતા જીતેંદ્રને સંભળાવ્યું : ‘જાનીઽઽઽઽતુમ દિખતે તો ઠીકઠાક હો...ફિલ્મોં મેં ટ્રાય ક્યું નહીં કરતે?’

જોકે આ તો સ્હેજ કડવી મજાક હતી, પણ અચાનક લાજવાબ કરી મૂકવાની હાજરજવાબી ટેલેંટ બહુ ઓછામાં હોય છે. એમાંય હાજરજવાબીને પચાવવાનું જીગર તો બહુ ઓછાઓમાં.

હોલિવૂડના વિખ્યાત અભિનેતા માર્લોન બ્રાંડો અને ઉત્સાહી એક્ટર અલ પચીનો પહેલીવાર સાથે કામ કરતા હતા ત્યારે એક દૃશ્યમાં અલ પચીનોએ દોડીને હાંફતા હાંફતા આવીને કોઇ ડાયલોગ બોલવાનો હોય છે તો બ્રાંડો સામે વટ પાડવા, દરેક શોટમાં અલ પચીનો સ્ટુડિયોની આસપાસ ૪૫ ચક્કર લગાવે અને પછી હાંફતા હાંફતા ડાયલોગ બોલે. પચીનોને એમ કે આનાથી બ્રાંડો પર જામો પડી જશે.

આખરે શૂટિંગ પત્યા બાદ બ્રાંડોએ પચીનોને કહ્યું, ‘દોસ્ત, નેક્સટ ટાઇમ, એક્ટિંગ ટ્રાય કરજે, કસરત નહી!’

ગંભીર અને બોરિંગ ભાસતા મહાત્મા ગાંધી ખૂબ હાજર જવાબી ને રમૂજી હતા. ગાંધીજી ઇંગ્લેંડના કિંગ જ્યોર્જ ૫ને મળવા પોતડી પહેરીને ગયા ત્યારે ચોંકી ગયેલા પત્રકારે પૂછ્યું, ‘મિ. ગાંધી, ઇંગલેંડના રાજા સામે તમે જે કપડાં પહેર્યા છે એ ઉચિત કહેવાય?’ બાપુએ હસીને કહ્યું, ‘મારા કપડાંની ચિંતા ના કરો. રાજાનાં શરીર પર અમને બેઉને પૂરતા પડે એટલા કપડાં છે!’





કલાજગતમાં હાજરજવાબી કે તલ્ખીભર્યા તુંડ મિજાઝ પંચ બહુ મશહૂર છે. પ્રવીણ જોશી નામનાં ગુજરાતી રંગભૂમિનાં સુપર સ્ટાર અભિનેતા અદાકારે ઇંડિયન નેશનલ થિએટર (આઇ.એન.ટી.) જેવી માતબર અને સન્માનનીય સંસ્થામાંથી નવા કલાકારોને લઇને એક કોમેડી નાટક બનાવ્યુંઃ ‘ચોર બજાર’, પણ કમનસીબે નાટક સુપરફ્લોપ ગયું ત્યારે તરત જ એક વાંકદેખાએ કહ્યુંઃ ‘ચોરબજાર નામવાળું નાટક ફ્લોપ જ જાય ને? શું છે કે સંસ્થાનું નામ, નાટકને આપ્યું ને એનું આ પરિણામ!’

હાજરજવાબીપણાંમાં કદીક આવાં ઝેર હોય ને કદીક વેર!

**ઇન્ટરવલઃ**

***‘મરીઝ’ હું પ્રશ્ન પૂછું તો નિખાલસ દિલથી પૂછું છું***
***કે ચૂપ કરવાનો રસ્તો એ જ છે હાજરજવાબોને.***

લોકોનાં મનમાં કવિઓ માટે બહુ અલગ જ ઇમેજ હોય છે. કવિ, કાં તો બહુ ધૂની, અથવા તો સાવ મુફલિસ કે પછી ૨૪ કલાક રોમેંટિક જ હોય એવી ધારણા પ્રચલિત છે. એમાંયે ખાસ કરીને જેની કવિતાઓમાં રોમાંસ હોય એવા કવિ વિશે તો ખાસ. એકવાર દરિયા કિનારે સાંજની વાઇનપાર્ટીમાં. કવિ રોબર્ટ ફ્રોસ્ટ, મિત્રો સાથે ગપ્પા મારતા હતા. એવામાં એક સ્ત્રીએ આવીને ખૂબ ઉત્સાહથી ફ્રોસ્ટને કહ્યું, ‘કવિ જુઓ જુઓ..ત્યાં કેટલો અદ્‌ભુત સૂર્યાસ્ત દેખાય છેને? સો રોમેંટિક.’

ફ્રોસ્ટે ઠંડકથી કહ્યું, ‘હું દિવસને અંતે ધંધાની વાત નથી કરતો.’

જ્યારે માણસ પાસે ખૂબ પાવર આવે તો એ બહુ તોછડો બની જાય છે એજ રીતે જ્યારે કોઇમાં ખૂબ ગહન જ્ઞાન આવી જાય ત્યારે એ પણ નિર્ભય બનીને હાજરજવાબી બની જતો હોય છે.

એમાંયે સાચા ફિલોસોફરોને સત્તા ને પૈસા સામે પહેલેથી બહુ ચીડ. ડાયોજીનસ નામનો તત્ત્વજ્ઞાની હાડકાંના ઢગલામાંથી હાડકાંને ફંફોસી ફંફોસીને તપાસતો હતો. ત્યારે સમ્રાટ સિકંદરે આ જોઇને ડાયોજીનસને પૂછ્યું, ‘તમે આ રાખમાં શું શોધ્યા કરો છો?’

‘હું તમારા પિતાનાં હાડકાં શોધું છું. પણ શું છે કે તમારા ગુલામોનાં હાડકાં અને એમનાં હાડકાંમાં કોઈ ફરક લાગતો નથી.’ ડાયોજીનીસે આટલું જ કહીને એક જ સેકંડમાં સિકંદરના ‘વિશ્વવિજેતા’ હોવાનાં ઘમંડને ભાંગીને રાખ કરી નાખ્યું.

આજકાલ સરકારી દરબારી લેખકો કવિઓ દિલ્હી ખુરશીની ખુશામત કરવામાં ખુશી ખુશી મગન રહે છે. એવોર્ડ લેવાનો શોર્ટકટ ચરણચાટુકારીતાથી તરત કપાય જાય છે. અગાઉ શબ્દનાં સ્વામીઓ, તાનાશાહની તીક્ષ્ણ તલવાર સામે શબ્દોનાં તીર ચલાવી શકતા. એકવાર નેપોલિયને એક ભવ્ય ડિનર પાર્ટીનું આયોજન કર્યું હતું. એમાં રશિયન ઝાર અને જર્મન કવિ ગ્યુઈથે બંને હાજર હતા. નેપોલિયને કવિ ગ્યુઈથેને કહ્યું, ‘ચલો... કવિ ઝારની પ્રશંસામાં એક કવિતા થઇ જાય.’

કવિએ કહ્યું, ‘હું આવી ફાલતુ ફરમાસુ કવિતા લખતો નથી.’

નેપોલિયને કહ્યું, ‘એમ? પણ અમારા ફ્રાન્સના કવિઓ તો આવાં કાવ્યો લખે છે.’

ગ્યુઈથેએ તરત જવાબ આપ્યો, ‘તમારી ગેરહાજરીમાં ક્યારેક તો એ લોકોને પસ્તાવો થયો જ હશે.’

પાર્ટી પૂરી પત્યા પછી નેપોલિયને ઝારને કહ્યું, ‘જર્મનીનો મહાન ને સાચો કવિ આજ છે, આને સાચવજો. દરબારી કવિઓની ભીડમાં નિર્ભય કવિઓ મૂલ્યવાન હોય છે.’

જોકે સૌથી વધુ તો ચાલાક ને હાજરજવાબી બાળકો હોય છે.

એક છોકરો જગતનાં યુદ્ધોનો ઇતિહાસ વાંચતો હતો. એણે બાપને પૂછ્યું, ‘દુનિયામાં યુદ્ધો શું કામ થાય છે?’

‘એમાં બે દેશ વચ્ચેનાં અનેક સામાજિક અને આર્થિક કારણો જવાબદાર હોય છે.’

ત્યારે છોકરાની માએ કહ્યું, ‘રહેવા દો.. બાળકને આમ ના સમજાવાય. તમારી વાતો બિચારાને ઉપરથી જશે. મને જ સમજાવવા દો.’

પછી યુદ્ધની વાત ‘કોણ કેવી રીતે સમજાવશે’ એ અંગે માબાપ બહુ ખરાબ રીતે લડી પડ્યાં.

દલીલોની આતશબાજી ચાલી. માબાપે છોકરાને પૂછ્યું કે તારે કોની વાત માનવી છે? બાળકે તરત જ કહ્યું, ‘બસ બસ આ બધું બંધ કરો. હવે હું સમજી ગયો કે યુદ્ધ કેવી રીતે શરૂ થાય છે.’

હાજરજવાબી એવું હથિયાર છે, જે સરસ રીતે વપરાય તો કોઇની જીભડીને ચૂપ કરી શકે અથવા તો પોતાની જ જીભ કાપી બેસે.

**એંડટાઇટલ્સઃ**

**આદમઃ તું હંમેશાં મને કાપે છે કેમ?**
**ઇવઃ મને એમ કે ક્યારેક તો સુધરીશ.** ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# પ્રાઈવસીના ઉલ્લંઘન પર વાર -તહેવારે ભડકે છે આ 'એન્ગ્રી ઓલ્ડ વુમન' જયા બચ્ચન...!

એક સમયની ડાહીડમરી 'ગુડ્ડી' જયા બચ્ચન, આજકાલ તેમના ગુસ્સેલ અવતારના કારણે સોશ્યલ મીડિયામાં છવાયેલી છે. એક તરફ પ્રશંસકો તેમની બેબાકીની પ્રશંસા કરે છે ત્યારે બીજી તરફ સોશ્યલ મીડિયા પર ભારે વગોવાયેલી છે.

તેમનો 'શોર્ટ ટેમ્પર' સ્વભાવ સતત ચર્ચાનું વિષય બની રહ્યો છે. વરિષ્ઠ પત્રકારો અને મીડિયાના લોકો તેમની આ નકારાત્મક સાર્વજનિક ઈમેજ પાછળનાં કારણો પર ખુલ્લેઆમ મંતવ્યો આપી રહ્યાં છે. અને લોકો તેમના પતિ અમિતાભ બચ્ચનના શાંત અને નિયંત્રિત વલણને જયા સાથે સરખાવીને ગુસપુસ કરતા રહે છે.

એમાં હવે તો જયાજીએ ખુદ પોતાના આ વર્તન પર થોડો પ્રકાશ પાડ્યો છે.

તાજેતરમાં પત્રકાર બરખા દત્તના એક કાર્યક્રમમાં ઉપસ્થિત જયાજીએ 'પાપારાજી' (સેલિબ્રિટીઓના ફોટા પાડવા ગમે તે કરવા તત્પર એવા સ્વતંત્ર ફોટોગ્રાફરો) પર ગુસ્સો કાઢ્યો હતો.

સાર્વજનિક સ્થળો પર તેમની સતત નારાજગી અંગે પુછાયેલા અણિયાળા સવાલ પર જયાએ આક્રોશથી કહ્યું હતું;

'હું મીડિયાની ઉપજ છું, પરંતુ પાપારાજી સાથે મારો સંબંધ શૂન્ય છે. કોણ છે આ લોકો? શું એ લોકો આ દેશના

પ્રતિનિધિ છે? તેમના હાથમાં મોબાઇલ ફોન છે અને તેમને એવું લાગે છે કે એ કોઇપણની તસ્વીર લઇ શકે છે અને

ઈચ્છે તેવી કોમેન્ટ કરી શકે છે. આ જે બહાર ડ્રેન-પાઈપ ટાઈપનાં ગંદા પેન્ટ પહેરીને, હાથમાં મોબાઈલ લઈને ઊભા રહે છે, તમે આ લોકોને મીડિયા કહો છો? હું મીડિયામાંથી આવું છું. મારા પિતા (તરુણ કુમાર ભાદુરી) એક પત્રકાર હતા. એવા લોકો માટે મારા મનમાં બહુ સન્માન છે.'

જયાજીએ કહ્યું હતું કે મને ખબર છે કે સોશ્યલ મીડિયામાં મારી આ નકારાત્મક ઈમેજ છે, પણ મને એની કોઈ પરવા નથી. એક કાર્યક્રમ દરમિયાન, જયા લંચ કરી રહી હતી ત્યારે એક ફોટોગ્રાફરે તેમના ફોટા લેવાનું શરૂ કરી દીધું હતું.

એટલે તે ભડકી ગયાં હતાં અને ત્યાંથી ઊઠીને જતાં રહ્યાં ... દેખીતી રીતે જ તેમની નિજતા (પ્રાઈવસી)નું ઉલ્લંઘન થાય છે તે પસંદ નથી અને એટલે જ એ વખતોવખત એન્ગ્રીં ઓલ્ડ વુમન બની જાય છે.

અમુક લોકો એવું પણ કહે છે કે જયામાં ગુસ્સાની સમસ્યા (એન્ગર ઇસ્યુ) સમસ્યા છે. એ સતત ગુસ્સામાં જ હોય છે. એ ઉંમરના કારણે હશે? પારિવારિક કારણોથી હશે? લોકો ગુસપુસ કરતા રહે છે..

થોડા વખત પહેલાં, 'કોફી વિથ કરણ' કાર્યક્રમમાં તેમનાં સંતાનો અભિષેક અને શ્વેતા બચ્ચને આનો ખુલાસો કરતાં કહ્યું હતું કે તેમની માતાનો સ્વભાવ ગુસ્સાવાળો નથી, બલકે તે ફોબિયા અને એન્ઝાઈટીથી ઉત્પન્ન થાય છે.

શ્વેતાએ કહ્યું હતું કે તેની માતા ભીડભાડવાળી જગ્યાઓમાં કલસ્ટ્રોફોબિયાનો અનુભવ કરે છે. લોકો જ્યારે તેમની

પર્સનલ સ્પેસમાં ઘૂસી જાય છે, ધક્કામુક્કી કરવા લાગે છે અને પૂછ્યા વગર ફોટા પાડવા લાગે છે, ત્યારે એ પોતાની સહજતા ગુમાવે છે. તેમને એવું લાગવા માંડે છે કે તે ફસાઈ ગયાં છે અને પછી એ ગુસ્સામાં પ્રતિક્રિયા આપે છે. મતલબ કે તેમનો ગુસ્સો ડર અથવા એન્ઝાઈટીથી બચવાનો એક ઉપાય છે.

અભિષેકે મજાક કરતાં કહ્યું હતું કે 'સાર્વજનિક રીતે બહાર જતાં પહેલાં તે, પિતા અમિતાભ બચ્ચન



અને ઐશ્વર્યા હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરે છે (કે જયાજીને ફોટોગ્રાફરથી બચાવે) અને ક્યારેક તે શ્વેતાને તેમની મા સાથે આગળ મોકલે છે, જેથી બધાને ઠીક કરી નાખે!'

૨૦૧૪માં પણ એક ઇન્ટરવ્યૂમાં જયાએ કહ્યું હતું કે 'મારામાં લોકોની મૂર્ખતા માટે ધીરજ નથી. કોઈની પાસેથી કશું શીખવા જેવું હોય, તો તેમને ચીડ નથી ચઢતી. હું એટલા માટે અકળાવ છું.' જયાએ કહ્યું હતું, 'કારણ કે લોકો મારો સમય બરબાદ કરે છે. હું મૂર્ખતાને સહન નથી કરી શકતી.'

જયાજીએ ખુદને આવેગશીલ (ઈમ્પલસિવ) ગણાવી છે. જયાએ એ પણ સ્વીકાર કર્યો હતો કે તેમના પતિ (અમિતજી ) તેમને 'બહુ રિએકશનરી' (તત્કાળ પ્રતિક્રિયા આપનારી) ગણે છે. તેમણે કહ્યું હતું, 'મને ખબર નથી કે બાલિશ કહેવાય કે નહીં, પણ હું સહજ છું, તમે મારી સામે કશું કરો એટલે હું વગર વિચારે પ્રતિક્રિયા આપું છું.'

જાણીતાં ફિલ્મ પત્રકાર ભાવના સોમૈયાએ એકવાર આ સંદર્ભે કહ્યું હતું, 'જયા બચ્ચન તે સમયની એક્ટ્રેસ છે, જ્યારે મીડિયા અને સેલિબ્રિટીઝ વચ્ચેનો સંબંધ ખૂબ ઔપચારિક અને સન્માનજનક હતો. પાપારાજીના કલ્ચરમાં અચાનક વધારો થવો અને 'દરેક જગ્યાએ, દરેક સમયે' કેમેરા લઈને પાછળ પડી જવાનું તેમને સ્વીકાર્ય નથી. જયાજી તેને પર્સનલ સ્પેસનું હનન માને છે. જ્યારે પણ કોઈ ફોટોગ્રાફર કે સામાન્ય ચાહક અનુમતિ વગર તેમની બહુ નજીક આવી જઈને ફોટો લેવાની કોશિશ કરે છે, ત્યારે તેમનો ગુસ્સો ફૂટી નીકળે છે.'

ગુસ્સાનું એક વધુ મહત્ત્વનું કારણ તેમનું જાહેર જીવન અને આઇડેન્ટિટી સાથે જોડાયેલું છે. રાજ્યસભામાં પણ તેમણે ઘણીવાર તેમના નામોલ્લેખ અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે. એકવાર જ્યારે સ્પીકરે તેમને 'જયા અમિતાભ બચ્ચન' કહીને બોલાવ્યાં હતાં, ત્યારે તેમણે ભાર દઈને તેનો વિરોધ કર્યો હતો. તેમનો આ ગુસ્સો માત્ર ઔપચારિકતા નહીં પણ તે એક સ્ત્રી તરીકે તેમની સ્વતંત્ર ઓળખ અને સિદ્ધિઓના સન્માન માટે હતો. તેમને હંમેશાં એ સવાલ રહ્યો છે કે એક સ્ત્રી તેના પતિના નામથી જ કેમ ઓળખાવી જોઈએ, જ્યારે સંસદ જેવા ગૌરવસભર મંચ પર તેમની પોતાની સિદ્ધિઓ બોલે છે.

વરિષ્ઠ પત્રકારો પણ માને છે કે જયા બચ્ચન તેમના પદ અને વરિષ્ઠતા પ્રત્યે પૂરા સન્માનની અપેક્ષા રાખતાં હોય છે. જ્યારે તેમને લાગે છે કે તેમના અથવા તેમના સહકર્મીઓ સાથે અસમ્માનજનક વર્તન થઈ રહ્યું છે, ત્યારે એ ઉકળી જાય છે ...

બીજી તરફ જયા બચ્ચનના તીવ્ર અને ગુસ્સેલ વર્તન વિરુદ્ધ, તેમના પતિ અને સદીના મહાનાયક અમિતાભ બચ્ચનનો સાર્વજનિક વ્યવહાર મોટેભાગે શાંત અને નિયંત્રિત હોય છે. જયા બચ્ચન ગુસ્સામાં પાપારાજીને ઠપકો આપતી રહે છે, પણ એવી જ પરિસ્થિતિમાં અમિતાભ બચ્ચન શાંત રહે છે અને પરિસ્થિતિને બગડતી અટકાવવા પ્રયાસ કરે છે. 'કેબીસી' શો પર અમિતાભ બચ્ચને એકવાર મજાકમાં કહ્યું હતું કે 'જ્યારે તેમની પત્ની ગુસ્સામાં હોય, ત્યારે તેમને એક રૂમમાં બંધ કરી દેવાં જોઈએ...!'

એ વાત સાચી કે સાર્વજનિક જીવનમાં જયા બચ્ચને વધુ સંયમિત વ્યવહાર કરવો જોઈએ, પણ એટલી સચ્ચાઈ એ પણ છે કે આપણે ત્યાં પાપારાજી કલ્ચર હવે અસહનીય થઇ ચુક્યું છે. જયા જેવા જ અનુભવ અનેક સેલિબ્રિટીઓને થાય છે. ફરક એટલો છે કે એ બધા મૌન રહીને તે સહન કરે રાખે છે, જ્યારે જયાજી સાડીબારી રાખ્યા વગર મ્હોંઢા પર કહી દે છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# નવું વરસ રોકાણની તક માટે પ્રેરણા ને પ્રોત્સાહન આપશે...

## વૈશ્વિક પડકારો સામે ટકે અને વિકાસને આગળ વધારી શકે એવાં પગલાં બજેટમાં અપેક્ષિત છે અને એની જરૂર પણ છે...

આગામી કેન્દ્રીય બજેટ-૨૦૨૬ની તૈયારી જોરમાં ચાલી રહી છે. કપરાં અને પડકારરૂપ ગ્લોબલ સંજોગો તેમ જ યુએસ ટૅરિફ પ્રકરણ વચ્ચે ભારત સરકાર દ્વારા તૈયાર થઈ રહેલું બજેટ કંઈક વિશેષ અને વધુ નક્કર લઈને આવશે એવી આશા રાખી શકાય. ફાઈનાન્સ મિનિસ્ટર નિર્મલા સિતારમણનું આ સળંગ નવમું બજેટ છે, જે હાઈલી ઈન્ટેલકચ્યુઅલ વર્ગને મોટેભાગે ખામીવાળું લાગતું હોય છે, અન્યથા મિશ્ર પ્રતિભાવ મેળવતું હોય છે. આ વખતના વૈશ્વિક સંજોગોને ધ્યાનમાં રાખી બજેટ પાસે વધુ અપેક્ષા રાખવામાં આવી રહી છે. વેપાર કરાર અને ટ્રેડ ટૅરિફને લઈને આખરે અમેરિકા ભારત સાથે શું વ્યવહાર કરે છે એ હાલ અધ્ધરતાલ છે ત્યારે નાણાં પ્રધાને તેના જવાબમાં કે ઉપાયમાં અર્થતંત્ર માટે વધુ સજજ થવું અનિવાર્ય છે. જેમાં નિકાસ માટેના અન્ય માર્ગ-તકો ઝડપવી અને તેનો સાર્થક અમલ કરવો અનિવાર્ય બનશે. નવા બિઝનેસ-ન્યુએજ બિઝનેસનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે અને બીજીબાજુ AI (આર્ટિ ફિશિયલ ઈન્ટેલિજન્સ)ને કારણે અન્ય પડકારો વધી રહયા છે ત્યારે સરકાર માટે રિફોર્મ્સમાં નવા લક્ષ્ય ઉમેરવાનો પણ સમયનો તકાજો બની જાય છે.

એક અભ્યાસ મુજબ અંદાજપત્ર-૨૦૨૬-૨૭માં ભારતીય અર્થવ્યવસ્થાને વિભિન્ન ક્ષેત્રો, ખાસ કરીને સ્વાસ્થ્ય સેવા, ડિજિટલ પરિવર્તન, સંરક્ષણ ઉત્પાદન અને રિયલ એસ્ટેટમાં મહત્ત્વપૂર્ણ સુધારા કરાય એવી આશા રખાય છે.

સ્વાસ્થ્ય સેવા ક્ષેત્રના માળખાકીય સ્ટ્રકચરને મજબૂત કરવા પર ભાર મૂકવો જરૂરી છે, જેમાં હોસ્પિટલો અને મેડિકલ કોલેજોના વિસ્તરણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉત્પાદનલક્ષી પ્રોત્સાહનો પીએલ-૨ (પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ્સ) અંતર્ગત પરિવર્તન પર પણ ધ્યાન અપાશે. આ પહેલ મેડિકલ ઉપકરણોના દેશમાં જ ઉત્પાદનને પ્રાથમિકતા આપી શકે છે અને મુખ્ય પ્રવાહની આરોગ્ય સેવામાં આયુષ (AYUSH)ના બેહતર એકીકરણને સુગમ બનાવી શકે છે, જે સંભવિત રીતે ભારતને મેડિકલ ટૂરિઝમના કેન્દ્રના રૂપમાં સ્થાપિત કરી શકે છે.

ડિજિટલ ટેક્નોલોજી ભારતની આર્થિક પ્રગતિનું કેન્દ્ર બની ગઈ છે ત્યારે ટાર્ગેટેડ કરવેરા સંબંધી સવલતો, બેહતર ક્લાઉડ એક્સેસ અને વિસ્તારિત કૌશલ વિકાસ પહેલના માધ્યમથી MSMEs માં ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવું જોઈએ. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ અને સાયબર સુરક્ષા જેવા ઉભરતા ક્ષેત્રો સાથે સંકલિત કરવેરા નીતિઓ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવાની તાતી આવશ્યકતા છે.

આ વખતનું બજેટ સ્વદેશી ડિફેન્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, મૂડી ફાળવણીમાં વધારો કરવા અને સુવ્યવસ્થિત ખરીદ પ્રક્રિયાઓના માધ્યમથી આત્મનિર્ભરતાને ઉત્તેજન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ચોક્સાઈભર્યા ઉત્પાદન ક્ષેત્રમાં MSMEs માટે મજબૂત ટેકાનો અને સરકાર તરફથી નિકાસ સવલતો આપવા તેમજ ઉદ્યોગ-એકેડેમિક સહયોગને બળ પૂરું પાડવાનું પણ બજેટમાં મહત્ત્વ રહેશે.

કરવેરા નીતિને અનુમાનક્ષમતા અને વહીવટીય અખંડતાને અનુરૂપ બનાવવી જોઈએ. આવકવેરા કાયદા-૨૦૨૫ના અમલીકરણનો હેતુ વધુ પારદર્શક પ્રત્યક્ષ કર માળખું સ્થાપિત કરવાનો છે, પરંતુ એની સફળતા સંપૂર્ણપણે શિસ્તબદ્ધ વહીવટ પર નિર્ભર કરે છે.

આ બધા વચ્ચે મેડિકલ ટૂરિઝમ અને નીતિગત સુધારા માટે દેશના મેડિકલ ટૂરિઝમની ક્ષમતાને વધારવા નીતિવિષયક સુધારાને મહત્ત્વ અપાય એવી સંભાવના છે. આરોગ્ય સેવાના માળખાકીય ઢાંચામાં ઈન્વેસ્ટમેન્ટ અને સુવ્યવસ્થિત મેડિકલ વિઝા પ્રક્રિયાઓ ઘડવાની જરૂર છે. આપણા દેશના કુશળ ડોકટર્સ અને અત્યાધુનિક હોસ્પિટલ નેટવર્ક મેડિકલ ટૂરિઝમની માંગનો લાભ ઉઠાવવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.

### રિઅલ્ટી સેકટર

આ સેક્ટરમાં વૈશ્વિક ટોકનાઈઝ્ડ રિયલ એસ્ટેટ બજારનો લાભ ઉઠાવવા માટે બ્લોકચેન-આધારિત ઓનરશીપ માટે એક નિયામક માળખાની રચના કરવાની જરૂર વ્યકત થાય છે. સરળ કેપિટલ ગેન્સ માળખું અને પ્રમાણિત ફ્રેક્શનલ ઓનરશિપને લગતા નિયમો ઘડવાનું પણ સૂચન સરકારને થયું છે. ખરીદદારો અને ડેવલપર્સની સહાયતા માટે. નીતિવિષયક સુધારાની જરૂરિયાત પર ભાર આપવાની પણ જરૂર ખરી. હોમ લોનની મર્યાદા દૂર કરવા અને વ્યાજ ચૂકવણી પર કરલાભ મળવાની પણ સરકાર પાસેથી આશા રખાઇ છે.

### ચાર મુખ્ય ક્ષેત્રમાં રિફોર્મ્સ

બજેટ મારફત રિફોર્મ્સ સુધારા માટે ચાર મુખ્ય ક્ષેત્રો દર્શાવવામાં આવ્યા છેઃ

**નિયમપાલનમાં સુગમતાઃ**

જટિલતા અને નિયમપાલન પાછળ થતો ખર્ચ ઘટાડવા માટે ટીડીએસને સરળ બનાવવું અનિવાર્ય છે. વિવાદો ઘટાડવા માટે ટીડીએસના અનેક દરને બદલે મર્યાદિત અને ઓછા દર રાખવા જોઈએ, જેથી વેપાર કરવામાં સરળતા બની રહે.

**વિકાસ માટે કર-નીતિઃ**

દેશની વૈશ્વિક પ્રતિસ્પર્ધાત્મક્તાને ખાતર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કર સવલતોના માધ્યમથી ઉચ્ચ-ટેક્નોલોજીના ઉત્પાદનને પ્રોત્સાહિત કરી શકાય. આ ખાસ કરીને ત્યારે પણ જરૂરી બને છે જયારે વૈશ્વિક ગતિશીલતામાં પરિવર્તનને લીધે કુશળ વ્યાવસાયિકો ભારત પાછા ફરી શકે છે.

**કરવેરાને લગતા કોર્ટ કેસોઃ**

ટેક્સને લગતા કાનૂની ખટલાઓનો બેકલોગ ખૂબ વધી ગયો છે. આ સમસ્યાનો. તાકીદે ઉકેલ લાવવાની જરૂર છે. આ માટે વિવાદ સમાધાન માળખાનું સૂચન કરવામાં આવ્યું છે, જેથી પડતર કેસોનો કુશળ રીતે ઝડપી નિકાલ કરી શકાય અને અનિશ્ચિતતાનો અંત લાવી શકાય.

**ટેક્સ વહીવટઃ**

ટેક્સ વહીવટ અસરકારકની સાથે સુવિધાજનક પણ હોવો જોઈએ. આનો ઉદ્દેશ્ય કરદાતાઓમાં વિશ્વાસ ઊભો કરવાનો તેમ જ ટેક્સ વિભાગ અને કરદાતાઓ વચ્ચે સર્જાતા પ્રતિકૂળ ઘર્ષણનો અંત લાવવાનો હોવો જોઈએ. આમ કરવાથી પારદર્શક કર વસૂલી વ્યવસ્થા સ્થાપિત થઈ શકશે.

આમ એકંદરે બજેટ-૨૦૨૬માં જે પણ સુધારા લવાશે, પ્રોત્સાહનો અપાશે, જોગવાઈઓ કરાશે તે વિકાસલક્ષી તેમ જ વૈશ્વિક સ્પર્ધામાં અને પડકારો વચ્ચે મજબુત ઊભા રહેવાના લક્ષ્ય સાથેના હશે, આ પગલાં રોકાણ જગતમાં નવી તકો ઊભી કરશે, જેનો લાભ લેવા માટે રોકાણકાર વર્ગે પણ સજ્જ, સ્માર્ટ અને અભ્યાસુ બનવું જોઈશે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# પ્યાર કે લિએ જેલ-બ્રેક ભી હો ગયા



બોલિવૂડમાં 'પ્યાર કે લિએ કુછ ભી કરેગા' જેવી મસાલા ફિલ્મ આવી ને સુપરડુપર હીટ 'શોલે' સહિતની ઘણી ફિલ્મોમાં જેલ-બ્રેકની વાત આવી. પણ આજે ફિલ્મને પાની કમ ચાય સાબિત કરે એવી સાચુકલી ઘટનામાં ડોકિયું કરીએ.

સમય ૧૯૮૬. લોકેશન ફ્રાંસનું પેરિસ. મુખ્ય પાત્રો કહાનીના મિશેલ વાઉજુર (Michel Vaujour)અને નાદિન વાઉજુર (Nadine Vaujour). સરનેમ સરખી ને સંબંધ પતિ-પત્નીનો. આ વાઉજુર દંપતીના અદ્‌ભુત પ્રેમે આખી દુનિયાને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકી હતી. મોટેભાગે પ્રેમમાં કે પ્રેમિકા માટે પુરુષ ન કરવાનું કરી બેસે.

આ કિસ્સામાં મિશેલ વાઉજુર રીઢો ગુનેગાર. જેલમાં જવું એને સામાન્ય બાબત. આપણે તેની જીવનની ચોથી જેલ બ્રેક પર ફોકસ કરીશું. બાય ધ વે, કુલ મળીને મિશેલ વાઉજુર જીવનમાં પાંચ વખત જેલમાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.

કિંતુ આ પાંચમી જેલ બ્રેક સામાન્ય નહોતી, નહોતો તો માત્ર સાહસસભર ગુનો. આ અથાગ પ્રેમ, અઢળક ધૈર્ય, લાંબી-માથાકૂટ ધરાવતી વ્યૂહબાજી, અને મહિનાઓની આકરી તૈયારીની કસોટી હતી. એ પણ પાછી સ્ત્રીના અડગ સંકલ્પની હકીકતમાં ફેરવતા (દુ)સાહસની દાસ્તાન હતી. પરિણામ એવું ગજબનાક આવ્યું કે જેણે ફ્રાન્સની સૌથી અભેદ્ય જેલની સુરક્ષા વ્યવસ્થાના માત્ર થોડી મિનિટોમાં લીરેલીરા કરી નાખ્યા હતા.

તે સમયે મિશેલ પેરિસના હૃદયમાં આવેલી ફ્રાન્સની સૌથી કડક અને સુરક્ષિત મનાતી 'લા સાંતે' જેલમાં સજા ભોગવી રહ્યો હતો, એમાંય તે સશસ્ત્ર લૂંટ અને એક પોલીસ અધિકારી પર જીવલેણ હુમલાનો દોષિત જાહેર થયેલો હતો ને અદાલતે ૧૮ વર્ષની સજા ફટકારી હતી. મિશેલને જેલમાં જરાય ન ગોઠે પણ કરવું શું? 'લા સાંતે' જેલની ઊંચી દીવાલો, કડક દેખરેખ અને કઠોર નિયમો હોવાને કારણે અહીંથી ભાગવાના કોઇને સપનાં ય નહોતાં આવતાં.

મિશેલ વાઉજુર પાસે જેલમાં ચુપચાપ દિવસો કાપવા સિવાયના વિકલ્પ નહોતાં.

પતિને બધાં રસ્તા બંધ દેખાતાં હતાં, ત્યારે પત્ની નાદિન ચૂપચાપ બેસી નહોતી. આ મહિલાએ એવો નિર્ણય લીધો જે કોઈ આમ આદમી એટલે કે ગુનેગાર વિચારી જ ન શકે. અન્ય કોઈ હોય તો કોઈ ગેંગની મદદ લે, જેલના સ્ટાફને લાંચ આપીને ફોડી લે. અમુક નસીબ જાગવાની રાહ જોઈને બેસી રહે.

નાદિને હેલિકૉપ્ટર ઉડાવવાનું શીખવાનો નિર્ણય લીધો. પણ સીધે રસ્તે એ શક્ય નહોતું. આથી તેણે બનાવટ કરીને ખોટા નામે ફ્લાઈંગ સ્કૂલમાં પ્રવેશ મેળવી લીધો. પછી એક શિસ્તબદ્ધ શિખાઉની જેમ મહિનાઓ સુધી શરૂ કરી તાલીમ. એની પ્રેક્ટિસ બે વર્ષ સુધી ચાલતી રહી. અંતે નાદિન પ્રાઈવેટ પાઈલટ લાઈસન્સ મેળવીને જ જંપી. તેની આકાશી ઉડાણ નહતો શોખ કે નહોતું સપનું. નાદિન વાઉજુરનું એક જ ધ્યેય, મિશન કે ગાંડપણઃ પતિ મિશેલને જેલમાંથી બહાર કાઢવો.

આ તરફ મિશેલ પણ જેલની અંદર પિયરે હર્નાન્ડેઝ નામના કેદી મિત્ર સાથે મળીને પૂરો પ્લાન બનાવી લીધો હતો. આરંભિક યોજના એવી હતી કે હેલિકૉપ્ટર જેલની છત પર ઉતરાણ કરશે, પરંતુ એ માટે જગ્યા ન મળતા એ પડતું મૂકીને નવો વ્યૂહ અપનાવ્યો. હવે હેલિકૉપ્ટર હવામાં હોવર કરશે અધ્ધર ઊભું રહેશે કે ગોળગોળ ફરતું રહેશે એવું નક્કી થયું.

આ દરમિયાન મિશેલ દોરી પકડીને ચડી જાય. આ સમયે ગોળી ન ચાલે અને અંધાધુંધીનો લાભ લઈ શકાય એટલે ગાર્ડ્સને ડરાવવા જરૂરી હતું. આ માટે મિશેલે નેક્ટરિન(અમૃત) ફળોને લીલા રંગથી રંગી દીધા અને તેમને ગ્રેનેડ જેવો દેખાવ આપી દીધો.

આખરે એ દિવસ આવી પહોંચ્યોઃ ૨૬ મે, ૧૯૮૬. નાદિને સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે એલોકેટ ૨ (Alouette II) નામનું હેલિકૉપ્ટર ભાડે લીધું. ભાડું હતું દર કલાકે ૨૨૦૦ ફ્રાંક જે તેણે રોકડમાં ચૂકવી દીધું. હવે તે સીધી હેલિકૉપ્ટર ઉડાવીને 'લા સાંતે' જેલની ઉપર પહોંચી. આ સાથે જ જેલમાંથી રેડિયો ચેતવણી સંભળાવા માંડી. એની સદંતર અવગણના કરીને જેલની છત ઉપર હેલિકૉપ્ટર ફેરવતી રહી.

જેલમાં ફરજ બજાવતા ગાર્ડ્સ કુતૂહલપૂર્વક ઉપર જોવા લાગ્યા. જોતાજોતામાં નાદિને ઉપરથી દોરી અને નકલી હથિયારો નીચે ફેંક્યા. પ્લાન મુજબ મિશેલ દોરી પકડીને હેલિકૉપ્ટરમાં ચઢી ગયો. તેનો દોસ્ત પિયરે અણીના સમયે ગભરાઈ ગયો અને સામે ચાલીને શરણાગત સ્વીકારી લીધી. આ અફરાતફરી વચ્ચે ન ગોળી ચાલી કે ન સમયસર અલાર્મ વાગ્યો. જેલ સત્તાધીશોને પ્રતિસાદ આપવાનો મોકો જ ન મળ્યો.

થોડી મિનિટના દિલધડક રિયલ ડ્રામા બાદ કેદી ભરથાર મિશેલ સાથે બહાદુર ભાર્યા સાથેનું હેલિકૉપ્ટર પેરિસના આકાશ ઉપરથી ઊડતું દક્ષિણ તરફ ગયું. હેલિકૉપ્ટર 'સિટે યુનિવર્સિટી'એથ્લેટિક મેદાનમાં ઉતર્યું. આગોતરી ગોઠવણ મુજબ તૈયાર ઊભેલી કારમાં બેસીને બેઉં શહેરની ભીડમાં ઓગળી ગયા.

માત્ર ચારથી પાંચ મિનિટની અકલ્પનીય ઘટનાએ આખા ફ્રાંસને હચમચાવી નાખ્યું.

એમાંય વાઉજુરનો ચોથો ભાગવાનો પ્રયાસ હતોઃ ૧૯૭૯માં તેણે સાબુમાંથી બનાવેલી બંદૂકથી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. આથી ભાગેડુ કેદી અને એને ભગાવનારને શોધવા પોલીસે આકાશ પાતાળ એક કર્યા છતાં ગુનેગાર હાથ નહોતા લાગતા. લગભગ ચાર મહિના સુધી મિશેલ અને નાદિન ફરાર રહ્યા.

પકડદાવની લાંબી રમતમાં અંતે નાદિન અને વાઉજુર ઝડપાઈ ગયા. થયું કે એક લૂંટ દરમિયાન મિશેલના માથામાં ગોળી વાગી. શરીર અંશતઃ લકવાગ્રસ્ત થઈ ગયું. એટલું જ નહિ, તે કોમામાં સરી પડ્યો. યોગાની મદદથી સાજો થયો. નાદિનને પણ ધરપકડ કરીને સજા આપવામાં આવી. આ ઘટનાને પગલે ફ્રાન્સની ઘણી જેલોમાં હેલિકૉપ્ટર દ્વારા થતી એસ્કેપ રોકવા માટે ઉપર જાળ અને કેબલ્સ લગાવવામાં આવ્યા.

મિશેલે કુલ ૨૭ વર્ષ જેલમાં વિતાવ્યા, જેમાંથી ૧૭ વર્ષ તેણે એકાંત કારાવાસમાં પસાર કર્યા. વર્ષ ૨૦૦૩માં રેકોર્ડ ૧૬ વર્ષની સજા બાદ તેને મુક્ત કરવામાં આવ્યો.

આ ઘટના એટલી પ્રસિદ્ધ થઈ કે તેના પર ૧૯૯૨માં La Fille de l'air નામની ફિલ્મ બની. પરંતુ હજી આ યુગલના જીવનમાં હજી એક ટ્વિસ્ટ આવવાનો બાકી હતો. જેલમાંથી મુક્તિ પછી ક્યારેક બંનેના રસ્તા જુદા પડી ગયા. હા, ૨૦૧૮માં પ્રકાશિત થયેલી વાઉજુરની આત્મકથા 'લવ સેવ્ડ મી' (Love Saved Me From Sinking) માં તેણે જામિલા નામની બીજી સ્ત્રી સાથેના લગ્નનો ઉલ્લેખ કર્યો છે! ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ‘મુંબઈ સમાચાર’એ મારી એકલતા દૂર કરી!

આરંભ થાય એનો અંત નિશ્ચિત છે. જન્મ પછી મરણ, સૂર્યોદય પછી સૂર્યાસ્ત અટળ છે. ત્રિઅંકી નાટકના ત્રીજા અને છેલ્લા અંકનું અંતિમ દૃશ્ય ભજવતી વખતે કલાકાર જે પ્રકારની લાગણી અનુભવતો હોય એવી જ લાગણી હું અત્યારે અનુભવી રહી છું. એ જ ન્યાયે ૨૦૨૩ના નવરાત્રીના શુભ અવસરે વિશ્વના સૌથી જૂના અને વિશ્વસનીય એવા ‘મુંબઈ સમાચાર’માં શરૂ થયેલી મારી કોલમનો આજનો આ હપ્તો અંતિમ હપ્તો છે.

જીવન એક સંઘર્ષ છે. અંગત જીવન હોય કે વ્યાવસાયિક કારકિર્દી હોય, દરેક મોરચે લડવાનું હોય છે. મારું જીવન પણ સંઘર્ષમય રહ્યું છે. દરેક પ્રસંગનો સામનો ગભરાયા વિના કર્યો છે. એક એક ડગલું માંડી, હિંમત, સાવચેતી અને નિષ્ઠા રાખી આગળ વધી અને જીવનમાં તડકા - છાંયડાનો અનુભવ કર્યો. વિલિયમ શેક્સપિયર કહી ગયા છે એમ જીવન પણ એક રંગમંચ છે અને આપણે બધા એક્ટર છીએ અને દરેકની નિર્ધારિત ભૂમિકા હોય છે. મેં પણ મારી ભૂમિકા સુપેરે નિભાવી છે એવો દાવો કરી શકું છું. આજે જીવનની સમી સાંજે નિવૃત્ત પણ નિજાનંદમાં મસ્ત છું ત્યારે ઘણા બધા વિચારો આવે છે. ‘આઈ એમ અલોન બટ નોટ લોન્લી’. આજે ૮૪ વર્ષની ઉંમરે હું એકલવાયી જિંદગી જીવી રહી છું, પણ મને એકલતા નથી સાલી રહી અને એમાં ‘મુંબઈ સમાચાર’નો મોટો ફાળો રહ્યો છે.

મારી નાટ્ય સફરના સક્ષમ સાથી અરવિંદભાઈ વેકરિયાના સૂચનથી મારી જીવનકથા આલેખવાનો પ્રસ્તાવ ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવે સમક્ષ રજૂ કર્યો. નીલેશ દવે એક કુશળ તંત્રી હોવા ઉપરાંત રંગભૂમિને પ્રોત્સાહન આપવા કાયમ અગ્રેસર રહ્યા છે. આ લેખમાળાથી અખબારના વાચકોને જૂની રંગભૂમિના સંસ્મરણો તાજા થશે, એ સુવર્ણ સ્મૃતિઓ મમળાવવાની તક મળશે એ હેતુથી આ કોલમ શરૂ કરવાની પરવાનગી તેમણે આપી. તેમના જ સૂચનથી નવરાત્રીના પહેલા નોરતે, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે આ કોલમનો પ્રથમ હપ્તો પ્રગટ થયો. આજે ૧૧૧મો અંતિમ હપ્તો પ્રગટ થયો છે. આ લેખમાળા દરમિયાન મને અનેક મધુર અનુભવ થયા અને એ દરમિયાન હું એકલી છું એ વાત જ સાવ ભૂલી ગઈ.

‘મુંબઈ સમાચાર’ની આ કોલમ મારફત વાચકો સમક્ષ જૂની અને રંગભૂમિના સુવર્ણકાળના કેટલાક પ્રકરણ હું રજૂ કરી શકી એનો મને આનંદ છે. પ્રમાણિકપણે કહું છું કે આ કોલમ પ્રગટ થઈ એ પહેલા અભિનેત્રી મહેશ્વરીની ઓળખ એક વર્ગ સુધી સીમિત હતી. અખબારમાં કોલમ શરૂ થયા પછી વાચકોના ઉમળકાભર્યા પ્રતિભાવથી મારા જીવનમાં ઉલ્લાસ અને આનંદની ભરતી આવી. મારા નામ અને કામની જાણ થતા સંસ્થાઓ તરફથી કાર્યક્રમો માટે હાજર રહેવા આમંત્રણ મળવા લાગ્યા. એ કાર્યક્રમોમાં હું જ્યારે રંગભૂમિના સંસ્મરણો રજૂ કરતી ત્યારે હાજર રહેલા નાટ્ય પ્રેમીઓના ચહેરા પર નજરે પડતો સંતોષ એ મારા માટે અનેક વર્ષોની કમાણી કરતાં વિશેષ હતો. એનો સંપૂર્ણ શ્રેય ‘મુંબઈ સમાચાર’ અને તંત્રી નીલેશ દવેને જાય છે. આ કોલમમાં મેં નાટ્ય સફર ઉપરાંત મારા અંગત જીવનની વ્યથા કથા પણ આલેખી છે અને એ વાંચ્યા બાદ વાચકોના મળેલા પ્રતિભાવથી એ વ્યથા વિસારે પાડી



દીધી અને એ માટે ‘મુંબઈ સમાચાર’ અને તંત્રી નીલેશ દવેની આભારી છું. સંધ્યાકાળે પ્રગટેલો એક દીવો પણ તેજસ્વી લાગતો હોય છે. ‘મુંબઈ સમાચાર’ના વાચકોએ મારી કોલમને વધાવી એ બદલ હું એમની આભારી છું. અને હા, ૪૨ વર્ષ પછી મારા ભાઈ સાથે ફરી મેળાપ થયો એમાં ‘મુંબઈ સમાચાર’ નિમિત્ત બન્યું હતું એ મારા જીવનની ધન્ય ઘડીમાંની એક છે.

નવી રંગભૂમિ માટે મેં નાટકો કર્યા એમાં જેમ દિગ્દર્શક કાંતિ મડિયાનું મારી નાટ્ય સફરમાં મહત્ત્વ હતું એવું જ મહત્ત્વ નાટ્ય લેખક પ્રવીણ સોલંકીનું રહ્યું છે. ઉમદા માણસ અને વિવિધ વિષયો પર નાટક લખવામાં તેમની ગજબની હથોટી હતી. એમનો ગજબનો દબદબો હતો. પ્રવીણ ભાઈએ મારા માટે પાંચેક નાટક લખ્યા હતા. ‘કોઈ ભીંતેથી આયના ઉતારો’, ‘રંગ છે રાજ્જા’, ‘મોટું કુટુંબ સુખી કુટુંબ’, ‘મારું ઘર મારો સંસાર’ નામ અત્યારે યાદ આવી રહ્યા છે.

એક વાત મારે સ્વીકારવી જ રહી. રંગભૂમિ પર સફળ થવા મેં ખૂબ સંઘર્ષ કર્યો છે, આકરી મહેનત કરી છે, પણ કાયમ ઈશ્વરના આશીર્વાદ મારી સાથે રહ્યા છે. ક્યારેય અટકીને બેસી નથી રહેવું પડ્યું. જીવનમાં અનેક ઉતાર ચઢાવ આવ્યા, પણ ડગમગી નહીં. જીવનમાં અનેક દુઃખ આવ્યા, પણ ક્યારેય રોક્કકળ કરી હાથ જોડી બેસી ન રહી. હિમ્મત નથી હારી અને હસતે મોઢે દરેક પરિસ્થિતિનો સામનો કર્યો છે. આજે ઘરમાં એકલી રહું છું, પણ કોઈ વાતની કમી નથી કે અફસોસ નથી. કોહિનૂર હીરો જેવો મારો દીકરો મારી દરેકે દરેક બાબતની કાળજી રાખે છે. એક ફોન કરું ને હાજર થઈ જાય છે. કોઈ વાતે ઓછું નથી આવવા દેતો. તેણે પોતાનું પણ અલાયદું ઘર બનાવી લીધું છે અને એનું સાંસારિક જીવન ખૂબ સુખી છે. નિરાંતની જિંદગી જીવી રહી છું.

અત્યારે ઘરની બાલકનીમાં બેસી જૂની હિન્દી ફિલ્મોના ગીતો સાંભળી રહી છું અને એમાં ‘હમ દોનો’ ફિલ્મનું સાહિર લુધિયાનવી લિખિત ગીત વાગે છે. મારી જીવન કથની પર એ ફિટ બેસે છે. સ્વર્ગીય સાહિર સાબની ક્ષમા સાથે એક નજીવો ફેરફાર કરું છું:

***‘મૈં જિંદગી કા સાથ નિભાતી ચલી ગયી, હર ફિક્ર કો ધુએં મેં ઉડાતી ચલી ગયી....***

*(સંપૂર્ણ)*

## ‘વીસમી સદી’માં દીકરીને સાસરામાં પડતું દુઃખ જોઈ પ્રેક્ષકો રોઈ પડતા

મૂળ નામ જમનાદાસ મોરારજી ભાટિયા પણ કવિ જામન તરીકે ખ્યાતિ મેળવી. બનેવીને નાટક જોવાનો શોખ હોવાથી સાળા જમનાદાસને પણ કિશોરાવસ્થામાં જ નાટકો જોવાનો લ્હાવો મળ્યો. એ ઉંમરે જ નાટ્યકળા પ્રત્યે રુચિ જાગી અને ૧૫ વર્ષની ઉંમરે તેમણે નાટક લખ્યું હોવાની નોંધ છે. એમની કલમથી અવતરેલું ‘કુસંગદોષ’ નાટક રોયલ નાટક મંડળીએ ‘ભૂલનો ભોગ’ નામથી ભજવ્યું જેને સફળતા મળી હતી. નાનપણમાં જામને ધર્મગ્રંથોનું ખાસ્સું વાંચન કરેલું, પણ તેમણે પૌરાણિક નાટકો નથી લખ્યા. એમના સમય દરમિયાન ઐતિહાસિક નાટકોનું ચલણ હતું, પણ ‘જામન’ એનાથી પણ દૂર રહ્યા. ગુજરાતી વ્યવસાયી રંગભૂમિ ઉપર ભજવાયેલા તેમના નાટકોની સંખ્યા ઝાઝી નથી, પણ તેમણે સામાજિક સમસ્યાઓથી ભરપૂર નાટકો લખ્યાં હતા. તેમની શૈલીમાં તાજગીનો અનુભવ થતો હતો અને વાસ્તવિકતાને પ્રાધાન્ય આપતા હતા. એવી પણ નોંધ છે કે ચલચિત્રોના વધી રહેલા પ્રભાવ સામે નાટકો ટકી શકે એ માટે ત્રણ કલાકના નાટકની શરૂઆત તેમણે કરી હતી. સમયથી આગળ વિચારનારા જામનએ સ્ત્રી - પુરુષ વચ્ચેની અસમાનતા અને સામાજિક દૂષણો પર સર્ચલાઈટ મારતા નાટકો લખ્યા. તેમણે લખેલા ‘એમાં શું?’ નાટકમાં સામાન્યપણે અનેક ઘરમાં જોવા મળતી કથા હોવાથી એ ખાસ્સું લોકપ્રિય થયું હતું. સમાજની વાસ્તવિકતા સામે આંગળી ચીંધતા ‘વીસમી સદી’ નાટકમાં દીકરીને સાસરામાં પડતું દુઃખ જોઈ ઘણા પ્રેક્ષકો રોઈ પડતા. અભિનય શોખ પૂરો કરવા નાટ્યલેખન તરફ વળેલા પ્રાગજી ડોસાએ જામનના ‘કોલેજિયન’ નાટકમાં ખલનાયક બાબુનું પાત્ર ભજવ્યું હતું. જામનનું વાંચન વિશાળ હતું અને ફ્રાન્સના ખ્યાતનામ લેખક વિક્ટર હ્યૂગોની મહાનવલકથા ‘લા મિઝરેબલ’ પરથી ‘પ્રવાસી’ નામનું નાટક પણ તેમણે લખીને ભજવ્યું હતું. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ફૂલોને ફૂલદાનીમાં ગોઠવવાનો આપણો જૂનો શોખ છે!

ભલે દરેક દેશની સંસ્કૃતિ અલગ હોય પણ અમુક બાબત દરેક સંસ્કૃતિમાં એકસરખી હોય છે, જેમકે દરેક સંસ્કૃતિમાં બાળકોને ફૂલ જેવા નિર્દોષ ગણવામાં આવે છે, પણ આધુનિક બાળઉછેર એ ફૂલો સાથે શું કરી રહ્યું છે?

પર્ફોર્મિંગ આર્ટ્સ કે દૃશ્ય શ્રાવ્ય કલા આપણને સૌને ગમે છે. એટલે તો આખું ભારત રોજના કલાકો રીલ જોવામાં કાઢે છે. ડાન્સ, મ્યુઝિક, નાટક, સિનેમા, રસ્તા પરનો ઝઘડો, ચિત્ર-વિચિત્ર વર્તન કરીને ધ્યાન ખેંચવું વગેરે હવે પરફોર્મન્સમાં ગણાય છે. બીજાની દિનચર્યા રેકોર્ડ થયેલી હોય તો એ જોવામાં પણ લાખો લોકોને રસ છે. પર્ફોર્મિંગ આર્ટ એટલે એવી કોઈ પણ કલા જેમાં કલાકારે પોતાના જ શરીરનો ઉપયોગ કરીને પરફોર્મન્સ આપવું પડે. વોઇસ રેકોર્ડિંગ કે એક્ટિંગ એ પર્ફોર્મિંગ આર્ટ થઈ, પણ ચિત્રકલા એ ખાનામાં ન આવે. ચિત્રકામ ફાઇન આર્ટ્સમાં આવે. એવી એક પ્રવૃત્તિ કે જરૂરિયાત જેને એક સમયે કલા ગણવામાં આવતી ન હતી એ હવે પર્ફોર્મિંગ આર્ટમાં આવી છે. તે કલા છે પેરેન્ટિંગ એટલે કે બાળઉછેર.

એ જમાનો ગયો કે બાળકનો ઉછેર ઘરેલુ પ્રવૃત્તિ હતી. મોટા ફળિયામાં કે ચાલીમાં કે વસ્તારી કુટુંબમાં છોકરાઓ કેમ મોટા થઈ જતા એ ખબર ન રહેતી. બાજુબાજુમાં ઘરો હોય ને બધા પરિવારો વચ્ચે સુમેળભર્યો સંબંધ હોય તો છોકરાઓ ક્યાં જમી લે ને આખો દિવસ પસાર કરી લે એ એના સગા મા-બાપને ખબર ન પડે. જૂના સમયમાં ભાંડરડાં પણ વધુ રહેતાં. એટલે નાના- મોટા પ્રશ્નો તો ભાઈઓ-બહેનો વચ્ચે જ સોલ્વ થઈ જતા. મોટો પ્રશ્ન કે મુશ્કેલ સ્થિતિ આવે તો જ પિતાશ્રીને જાણ કરવાની રહેતી. આ પેરેન્ટિંગ ભારતીય સંસ્કૃતિએ જોયેલું છે. જો કે આ પેરેન્ટિંગ શબ્દ જ આજથી પચાસ વર્ષ પહેલાં ન હતો. ૧૯૭૦ પછી બાળઉછેર એક અલગ વિષય બન્યો અને એની ઉપર ચર્ચા થવા લાગી, પુસ્તકો લખાવા લાગ્યા અને વ્યાખ્યાનો થવા લાગ્યા. બાકી તો બાળકને ઉછેરવા વિશેની ચર્ચા પણ કરી શકાય એ કોઈને કલ્પના ન હતી. રડતા- બાખડતા- લડતા- ઝઘડતા, સારું -ખરાબ શીખતાં, ડહાપણના પાઠ ભણતાં બાળકો મોટાં થતાં. લગભગ દરેક બાળક પોતાનો રસ્તો જાતે કંડારતું. પણ એ સમય ગયો. પત્યો- ફિનિશ. બાળઉછેર હવે પ્રદર્શન માન્ય કલા થઈ ગઈ છે.

હવે બાળકનો ઉછેર જ નથી થતો, એને પ્રસ્તુત કરવામાં આવે છે. બાળકના દરેક અચિવમેન્ટનું દસ્તાવેજીકરણ થાય છે. તેની દરેક સિદ્ધિને ગાઈ વગાડીને જાહેરમાં કહેવામાં આવે છે. બાળક ચાલતા શીખે તો પણ તેની પહેલી પા-પા-પગલી અનુભવવાને બદલે એની મા વીડિયો રેકોર્ડ કરીને ઇન્સ્ટાગ્રામમાં મૂકવા માટે અધીરી બની હોય છે. પહેલા મહેમાનો આવે તો એની સામે બાળકને ઊભું રાખીને એની પાસે પોએમનું પઠન થતું, હવે એ જ કામ રીલ થકી થાય છે. બાળક આંગણવાડીમાં જતું થાય કે ટેકવાન્ડો શીખવા જાય, બધું જ એના મા-બાપ માટે પરફોર્મન્સ છે. બાળક જન્મ્યું ન હોય ત્યારથી કરીને બાળક મોટું થઈ રહ્યું હોય એ બધી જ પ્રોસેસ સોસાયટીને બતાવવા માટે હોય છે. આમાં આપણને અંગત રીતે કોઈ વાંધો નથી આ તો જસ્ટ, અત્યારની પ્રવર્તમાન પરિસ્થિતિનું સાક્ષીભાવે નિરીક્ષણ માત્ર છે.



ઐતિહાસિક રીતે જોઈએ તો બાળઉછેર જરૂરિયાત જ હતી. જ્યારે માણસ ફક્ત ખેતી કરતો ત્યારે એવું માનવામાં આવતું કે જેટલાં વધુ બાળકો એટલા વધુ મજૂરો ખેતરમાં કામ કરી શકશે! માટે ધન એટલે જોરૂની સાથે બાળકને પણ ગણવામાં આવતા. માટે તો એ સમયમાં સાત-આઠ ભાઈ બહેન હોવા બહુ કોમન ટૈંડેન્સી હતી. ગાંધીજીના ચાર દીકરા તો ઓછા કહેવાય. હવે આટલાં બધાં બાળકો ઘરમાં ફરતા, રમતા કે ભાખોડીયા ભરતા હોય તો એમને ‘મોટા કરવામાં’ ખાસ સમય ન ફાળવે. ભૂખ લાગે ત્યારે જમી લે, તરસ લાગે ત્યારે પાણી પી લે, જાતે ચાલતા ને બોલતા શીખી જાય. યુરોપ-ચાઇના-ભારતમાં ઔદ્યોગિકીકરણ શરૂ થયું એ પહેલાં તો બાળકો બીજાનું જોઈ જોઈને શીખી જતા, બાળકોને શીખવાડવા માટે ખાસ સમય ફાળવવામાં આવતો નહીં. આદતો કે આવડતો વારસામાં જ મળતા.

પણ પછી ઔદ્યોગિક ક્રાંતિ આવી. બાળકો મોટાં થઈને ખેતરોમાંથી કારખાને જવા લાગ્યાં. એ શીખવા માટે કલાસરૂમમાં જવું પડે. મોટી મોટી સ્કૂલો બનવા લાગી. અલગ અલગ એજ્યુકેશન બોર્ડ આવ્યા. બાળઉછેર ચોક્કસ સૂચનાઓ સાથે થવા લાગ્યું. શિસ્ત કેન્દ્રવર્તી વિચાર બન્યો. આજ્ઞાપાલન ગુણ ગણાવવા લાગ્યો. શાળાઓ શિક્ષાના કારખાના બનવા લાગી. તે સમયે પણ પેરેન્ટિંગ તો પ્રાઇવેટ જ હતું.

આ બાળઉછેરના વૈશ્વિક ક્રમમાં આડો રસ્તો વીસમી સદીના અંતમાં ફંટાયો. વ્યક્તિગત સફળતાનું સ્થાન સામૂહિક પ્રશસ્તિ અને અનુજીવને લીધું. પહેલા બાળક પાસે એકમાત્ર જવાબદારી એ હતી કે ઘર-પરિવાર સંભાળી લેવા. હવે તો બાળક પાસેથી અપેક્ષા રાખવામાં આવી કે તે ખૂબ આગળ વધે, એના ફેમિલીનું અને દેશનું નામ રોશન કરે. માટે સરખામણીઓ થવા લાગી. ગળાકાપ સ્પર્ધાનો યુગ શરૂ થયો. નેક ટુ નેક કોમ્પિટિશનનો જમાનો શરૂ થયો અને બાળકના ગળા જ દુઃખવા લાગ્યા કારણ કે આખો દિવસ નીચી મૂંડી કરીને ભણવાનું ને ગોખવાનું પ્રેશર આવ્યું. બાળકોની માર્કશીટ ગુણપત્રક ન રહેતા, શેરબજારનો પોર્ટફોલિયો બની ગયો. નેવું ટકાની વેલ્યૂ તો નેવુંના દાયકામાં જ રહી ન હતી. હવે પરસેન્ટાઇલના સમયમાં નવ્વાણું પોઇન્ટ નવ્વાણું ગુણ લાવનારા નવ્વાણું લાખ છોકરાં આખા દેશમાં મળી આવે. જાહેરાતોના તેજસ્વી તારલાઓની હારમાળામાં ચમકતા આ બાળકો શો-કેસની આઈટમ બની ગયા. બાળકની ઓળખ નામ અને અટકથી થતી, હવે એના રેન્કથી થવા લાગી.

જોકે અહીં સુધી હજુ કંઈક અંશે સારું હતું. સોશ્યલ મીડિયા આવ્યું એ ભેગું તો માનવજાત પેરેન્ટિંગમાં બધી સીમાઓને ઓળંગી રહી છે. સોશ્યલ મીડિયા આવ્યા પછીનું પેરેન્ટિંગ કેવું બન્યુ છે એની વાતો તો પછી કરીશું , પણ ત્યાં સુધી એટલું વિચારવાનું કે આપણે આપણાં બાળકોનો ખરો ઉછેર કરી રહ્યા છીએ ખરા? ઓર્ગેનિક શાકભાજીનો આગ્રહ રાખતા આપણે સૌ આપણા પેટને ઓર્ગેનિક પદ્ધતિથી મોટા કરી રહ્યા છીએ ખરા? આપણે ફૂલોને આપણી રીતે કટ કરીને બુકેમાં સજાવી રહ્યા છીએ આ કેટલા અંશે યોગ્ય છે એ પણ આપણે જ વિચારવાનું છે. ■

ફોકસ

શૈલેન્દ્ર સિંહ
feedback@bombaysamachar.com

# ભારતનો યુવાવર્ગ: સંખ્યાની દ્રષ્ટિએ વિશાળ પણ યોગ્ય દિશાનો અભાવ

દર વર્ષે દેશમાં ૧૨ જાન્યુઆરીને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ તારીખ માત્ર એક ઔપચારિક કેલેન્ડર એન્ટ્રી નથી, પરંતુ સ્વામી વિવેકાનંદે યુવા શક્તિના રૂપમાં ચિન્હિત કરેલા વૈચારિક વારસાની યાદ અપાવે છે. સ્વામી વિવેકાનંદની દ્રષ્ટિએ યુવા એ વ્યક્તિ છે, જે સાહસી હોય, પ્રશ્ન પૂછનાર હોય અને રાષ્ટ્રના ભવિષ્ય માટે જવાબદારીઓનું વહન કરવા માટે તૈયાર હોય. પરંતુ વર્ષ ૨૦૨૬માં આવી પહોંચેલા ભારત સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભારતીય યુવાનો માત્ર સંખ્યાની દ્રષ્ટિએ જ વિશ્વમાં સૌથી વધુ છે કે પછી તેમની પાસે ભવિષ્ય માટે યોગ્ય દિશા પણ છે? અત્રે નોંધનીય છે કે આજે ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે. આપણી વસ્તીના ૬૫ ટકાથી વધુ લોકો ૩૫ વર્ષથી ઓછી વયના છે. દેશમાં લગભગ ૪૦ કરોડ યુવાનો છે. આ આંકડો વિશ્વના કેટલાક દેશોની કુલ વસ્તી કરતાં પણ વધારે છે. આ યુવાનો ભારત માટે ડેમોગ્રાફિક ડિવિડન્ટ છે અને જો ચૂક થઇ તો ડેમોગ્રાફિક ડિઝાસ્ટર પણ બની શકે છે.

**ભારતીય યુવાનોની વાસ્તવિક તસવીર**

ભારતીય યુવાનો આજે એક સાથે અનેક વિરોધાભાસોમાં જીવી રહ્યા છે. એક બાજુ સ્ટાર્ટઅપ, ડિજિટલ પ્લેટફોર્મ, વૈશ્વિક તકો અને સોશ્યલ મીડિયાએ તેમને અવાજ આપ્યો છે. તો બીજી તરફ બેરોજગારી, સ્પર્ધાત્મક પરીક્ષાઓનું દબાણ, માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ અને ઓળખની અસુરક્ષાથી ઘેરાયેલા છે. છેલ્લા એક દાયકામાં ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને ડિગ્રી ધારકોની સંખ્યા ઝડપથી વધી છે, પરંતુ ડિગ્રી અને રોજગાર વચ્ચેનું અંતર પણ એટલું જ વધ્યું છે. આજનો યુવાન શિક્ષિત તો છે પણ આધુનિક રોજગારને લાયક નથી અથવા તો તેની સંખ્યા ખૂબ જ ઓછી છે. કારણ કે ટેક્નિકલ શિક્ષણ કે જે યુવાનોને આધુનિક નોકરીઓ માટે તૈયાર કરે છે તે ભારતમાં ખૂબ ખર્ચાળ છે. વળી તેમાં રોજગાર માટે જરૂરી ગુણવત્તાનો અભાવ છે. આ જ કારણ છે કે દેશમાં લાખો યુવાનો સરકારી નોકરીઓ માટે પરીક્ષાઓ આપવામાં અટવાયેલા રહે છે. જેના કારણે જરૂરી ઔદ્યોગિક ક્ષેત્રોમાં લાયક કામદારોનો અભાવ રહે છે.

**યુવાનોને જરૂર છે સુરક્ષિત રોજગારની**

આજનો યુવાન માત્ર નોકરી નથી ઇચ્છતો, તે સ્થિરતા અને સન્માન પણ ઇચ્છે છે, પરંતુ ભારતમાં વેગ પકડી રહેલી ગીગ ઇકોનોમી, કોન્ટ્રાક્ટ જોબ અને કામચલાઉ કામે એક નવા પ્રકારની અસુરક્ષા પેદા કરી છે કે તમે નોકરીમાં હોવા છતાં પણ પળેપળ અસુરક્ષિત અનુભવો છો. ભારતમાં લાખો યુવાનો ડિલિવરી બોયથી લઇને કન્ટેન્ટ ક્રિએટિવના કામમાં લાગેલા છે અને પૈસા પણ કમાઇ રહ્યા છે. જોકે તેમનું ભવિષ્ય સુરક્ષિત નથી. ગ્રામીણ યુવાનો મોટા પ્રમાણમાં શહેરો તરફ પલાયન કરી રહ્યા છે, પરંતુ ન તો શહેરો પાસે તેને સમાવવાની ક્ષમતા છે અને ન તો ગ્રામીણ યુવાનો પાસે તેમને મૂલ્યવાન કામદારો બનાવી શકે તેવું જરૂરી કૌશલ્ય



અને યોગ્યતા છે. આ કારણે માત્ર આર્થિક જ નહીં પરંતુ સામાજિક તણાવ પણ વધ્યો છે.

**માનસિક સ્વાસ્થ્યનું ઘેરાતું સંકટ**

આજે ભારતીય યુવાનો ગંભીર માનસિક સ્વાસ્થ્ય સંકટનો સામનો કરી રહ્યા છે. કારણ કે તેઓ પહેલા કરતાં વધુ એકલા પડી ગયા છે. સોશ્યલ મીડિયા સાથે સૌથી વધુ જોડાયેલા હોવા છતાં વાસ્તવિક જીવનમાં તેમના સપોર્ટ સિસ્ટમ બનવા માટે વિશ્વાસપાત્ર લોકો બહુ ઓછા છે. આ સિવાય- પરીક્ષામાં નિષ્ફળતા મળવી, અનિશ્ચિત કારકિર્દી, કૌટુંબિક અપેક્ષાઓનો ભાર અને સરખામણી કરવાની જડ સંસ્કૃતિએ યુવાનોમાં ચિંતા, હતાશા અને આત્મ-શંકાના વલણમાં વધારો કર્યો છે.

દુર્ભાગ્યવશ માનસિક સ્વાસ્થ્યને નબળાઇ માનવામાં આવે છે. આજે ભારતીય યુવાનો પહેલા કરતાં વધુ રાજકીય રીતે જાગૃત બન્યા છે. આજનો યુવાન પ્રશ્ન કરે છે, દલીલ કરે છે અને વિરોધ પણ કરે છે. એવામાં સમસ્યા એ છે કે માહિતી અને અફવા તથા વિચાર અને ઉશ્કેરણી વચ્ચેનો તફાવત ઝાંખો પડી ગયો છે. સોશ્યલ મીડિયાએ યુવાનોને પ્લેટફોર્મ આપ્યું છે, પરંતુ ઊંડાણ શીખવ્યું નથી. પરિણામ એક ઝડપી પ્રક્રિયા, જેમાં લાંબાગાળાની વિચારસરણીનો અભાવ છે. જે ભારતીય યુવાનોની સમસ્યાને વધુ વિકટ બનાવે છે. આ તમામ વચ્ચે ભારતીય યુવાનોને સ્ટાર્ટઅપ અને નવીનતાની સંસ્કૃતિમાં આશાનું કિરણ દેખાઇ રહ્યું છે. તમામ પડકારો છતાં ભારતીય યુવાનો માત્ર નોકરીઓ શોધવાનું કામ નથી કરતાં પરંતુ મોટી સંખ્યામાં નોકરી પૂરી પાડતાં સ્ટાર્ટઅપ્સ વિશે પણ ઊંડાણપૂર્વક વિચારે છે. જેના કારણે આજે ભારત અમેરિકા પછી વિશ્વનું સૌથી મોટું સ્ટાર્ટઅપ હબ બન્યું છે.

**વિવેકાનંદની કસોટી પર આજના યુવાનો ક્યાં છે?**

સ્વામી વિવેકાનંદનું સૂત્ર છે કે ઊઠો, જાગો અને લક્ષ્ય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. પરંતુ પ્રશ્ન એ છે કે શું આજનો યુવાન વિચારસરણી અને દ્રઢતામાં વિવેકાનંદની આ કસોટી પર ખરો ઉતરે છે? જવાબ સંપૂર્ણપણે સંતોષકારક નથી. આજનો યુવાન જાગૃત અને સજાગ છે, પરંતુ તેમનું લક્ષ્ય મૂંઝવણભર્યું છે. વિવેકાનંદનો યુવાન ચરિત્ર, સાહસ અને સેવાની વાત કરતો હતો. જ્યારે આજનો યુવાન કારકિર્દી, સુરક્ષા અને ઓળખની મૂંઝવણમાં અટવાયેલો છે. આ દોષ નહીં પણ સમયની કસોટી છે. પરંતુ સવાલ એ છે કે આજના યુવાનો સમયની કસોટી પર ખરા ઉતરે છે? જવાબ છે ના. તો પછી આગળ પ્રશ્ન એ થાય કે સમાધાન ક્યાં છે? હકીકતમાં સમાધાન અહીં છે- શિક્ષણને કૌશલ્ય સાથે સાંકળવું પડશે. માનસિક સ્વાસ્થ્યને નીતિનો ભાગ બનાવવું પડશે. ગ્રામીણ યુવાનો માટે સ્થાનિક તકોનું સર્જન કરવું પડશે. રાજકીય ભાગીદારીને ભાવનાત્મક નહીં પણ તર્કસંગત બનાવવી પડશે. ■

## આંકડામાં ભારતીય યુવા

- ભારતની કુલ યુવા વસ્તી લગભગ ૬૫ ટકા છે, જેમાં ૧૫ થી ૩૫ વર્ષ વયના લોકોનો સમાવેશ થાય છે.
- દર વર્ષે ૧.૨ કરોડ ભારતીય યુવાનો શ્રમ બજારમાં પ્રવેશ કરે છે.
- ઉચ્ચ શિક્ષણમાં ભારતીય યુવાનોનો પ્રવેશ દર લગભગ ૨૮ ટકા છે.
- સ્કિલ ટ્રેનિંગ પ્રાપ્ત યુવાનોનું પ્રમાણ ૨૦ ટકા કરતાં પણ ઓછું છે.
- શહેરી વિસ્તારોમાં બેરોજગારી દર ગ્રામીણ વિસ્તારો કરતાં સતત ઊંચો રહે છે. તેથી રાષ્ટ્રીય યુવા દિવસ માત્ર ભાષણો અને ઘોષણાઓનો દિવસ ન રહેવો જોઇએ, પરંતુ નક્કર રણનીતિઓનો દિવસ હોવો જોઇએ. આજે ભારતના નીતિ ઘડવૈયાઓએ વિચારવું પડશે.
- શું આપણું શિક્ષણ રોજગાર સાથે સારી રીતે જોડાયેલું છે?
- શું યુવાનો માત્ર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જ જન્મ્યા છે?
- શું માનસિક સ્વાસ્થ્ય હજુ પણ ‘ટેબુ’ બનીને જ રહેશે?
- શું સોશ્યલ મીડિયા યુવાનોમાં જાગૃતિ લાવી રહ્યું છે કે પછી તેને ગેરમાર્ગે દોરી રહ્યું છે? ખરેખર નીતિ નિર્માણમાં યુવાનોની ભાગીદારી શું છે? જ્યાં સુધી આપણા નીતિ ઘડવૈયાઓ આ મૂળભૂત પ્રશ્નોના સંતોષકારક જવાબ નહીં આપે ત્યાં સુધી યુવા દિવસની ઉજવણી માત્ર ઔપચારિકતા જ બનીને રહેશે. ■




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# મિસ યુ...

સારિકાબહેનનો દીકરો સમીર વિદેશ ભણવા ગયો. એને ભારતમાં નહોતું રહેવું. સારિકાબહેન અને ભદ્રાયુભાઈએ દીકરાના વિદેશ જવાને મને-કમને ટેકો આપ્યો. સમજણો થયો ત્યારથી સમીરને વિદેશ ભણીને ત્યાં જ સેટલ થવું હતું. એ વિદેશની જીવનશૈલીથી એટલો તો પ્રભાવિત હતો કે પોતાના દેશમાં એને મોટો થયો હોવા છતાં નહોતું ફાવતું.. એ પણ વિદેશ ગયા વિના!

મોટી ઈમારતો, મોટી ડિગ્રી, મોટી નોકરી, મોટી સેલેરી, મોટી ગાડી, મોટો વિલા આ હતાં સમીરનાં મોટાં સપનાં! આ જ સપનાં આંખોમાં ભરીને સમીર વિદેશ ગયો. પહેલો મહિનો અહોભાવમાં ગયો. એનો આત્મવિશ્વાસ ચરમસીમાએ પહોંચી ગયો. પણ જેમ જેમ દિવસો અને મહિના પસાર થતા ગયા એમ એને હકીકતનો સામનો કરવાની શરૂઆત થઈ. જે મિત્રોએ શરૂઆતમાં ખૂબ મદદ કરી એ વ્યસ્ત થવા માંડ્યા. પિતા પાસેથી વધુ પૈસા માગતા સંકોચ થવા માંડ્યો. ભણવાની સાથે ખાવાનું, ઘર, લોન્ડ્રી, કરિયાણું-શાકભાજી, ગેસ-પાણી-લાઈટનાં બિલ્સ વગેરે ભરવામાં તકલીફ પડવાની શરૂઆત થઈ.

આ સમયે સમીરને એનાં માતા- પિતા, દેશ ખૂબ યાદ આવ્યા. એણે મમ્મીને ફોન કરીને કહ્યું કે, 'મમ્મી, આઈ મીસ યુ, હું તને, પપ્પાને, આપણા ઘરને, તહેવારોને બહુ જ મીસ કરું છું. ગઈ દિવાળીએ આપણે સાથે કેટલી મજા કરી હતી. મમ્મી, તારા હાથનો બનેલો મોહનથાળ અને પપ્પાની સાથે રોજ નાની- મોટી વાતે થતી રકઝક પણ બહુ મીસ કરું છું.'

સારિકાબહેનને માન્યામાં ના આવ્યું કે આ એ જ સમીર છે, જેને વિદેશનું ઘેલું લાગ્યું હતું. હવે સમીર અવારનવાર ફોન કરવા લાગ્યો હતો અને દરેક ફોનમાં એક જ વાત મીસ યુ કહેવા લાગ્યો હતો. સમીરનાં પિતાને પણ લાગતું હતું કે સમીર બદલાઈ ગયો છે. સાથે રહેતા હતાં ત્યારે 'મીસ યુ' કહેવાની જરૂર નહોતી પડતી. હવે દૂર રહે છે તો વાતેવાતે 'મીસ યુ' કહેવાઈ જાય છે.

- તો આ 'મીસ યુ' અથવા તો કોઈ વ્યક્તિ, સ્થળ, ઘટનાઓ, અનુભવો મીસ કરવા એટલે શું? મીસ કરવું એટલે જે તે વ્યક્તિ, વસ્તુ કે સમયની ગેરહાજરીમાં એને યાદ કરવું. આજકાલ ઘણા લોકો એવું કહેતા સંભળાય છે કે તહેવારો હવે પહેલાં જેવા નથી રહ્યા. સંબંધો તકલાદી થઈ ગયા છે, એમાં પહેલા જેવી આત્મીયતા નથી રહી. હવા-પાણી તો પહેલાનાં જમાનામાં શુદ્ધ હતાં, હવે તો માત્ર પ્રદૂષણ છે. પહેલાની ફિલ્મો અને એમાંય એનાં ગીતો કેવા સુંદર હોતા'તા, એ ગીતોની ધૂન અને એનાં શબ્દો હજીયે યાદ રહે છે...

આ પહેલાનો સમય એટલે કે ભૂતકાળ મીસ કરવાની વાત છે. એ સમય જે વર્તમાન કરતાં વધુ સારો લાગતો હતો.

જ્યારે કોઈ કંઈ મીસ કરવાની વાત કરે ત્યારે એમાં ક્યાંક ને ક્યાંક થોડી પીડા, થોડો અસંતોષ, થોડી લાગણી, થોડી અપેક્ષા તો થોડી ફરિયાદ ભળેલી લાગે છે. જો કે દર વખતે મીસ કરવા સાથે નકારાત્મકતા જોડાયેલી હોય એવું જરૂરી નથી. અને દરેક વખતે મીસ કરવું આનંદ આપે એ પણ જરૂરી નથી. મીસ કરવા પાછળ ઘણાં બધાં કારણ જવાબદાર હોય છે. કેટલાક લોકો વર્તમાન સ્વીકારી નથી શકતા અને માટે શક્ય છે કે એમને ભૂતકાળની વિતાવેલી સારી ક્ષણો યાદ આવ્યા કરે છે અને એ મીસ કરે છે. સાસરે ગયેલી દીકરી પણ લગ્ન પછી માતા- પિતાને મીસ કરે છે. જે સ્કૂલ જઈ ભણવું નથી ગમતું એ જ સ્કૂલ ભણતર પૂરું થયા પછી મીસ થાય છે. કોઈ પહાડ મીસ કરે છે તો કોઈ દરિયા કિનારો.

આમ જોઈએ તો આપણે સહુ કંઈ ને કંઈ મીસ તો કરતાં જ હોઈએ છીએ. એ પણ એટલી જ હકીકત છે કે મીસ ભૂતકાળને જ કરી શકાય. ભવિષ્ય તો આપણામાંથી કોઈએ નથી જોયું. માટે જે સારી ઘટનાઓ બની ગઈ છે એ વાગોળવી ગમતી હોય છે. મીસ કરતી વખતે આપણે એ ભૂલી જઈએ છીએ કે હાલનો વર્તમાન કાલનો ભૂતકાળ છે જે આપણે કદાચ ભવિષ્યમાં મીસ કરતાં હોઈશું તો પછી વર્તમાન જેવો છે તેવો માણી કોમ ના લેવો?!

આપણે ભૂતકાળની કેટલીક ક્ષણોને વર્તમાનમાં નથી માણી શકતાં. એ ઈશ્વરે આપેલી અમૂલ્ય ક્ષણોને થયેલો અન્યાય નહીં તો બીજું શું કહેવાય?

મીસ યુ.... વિશે બોલો, તમે શું કહો છો? ■

ક્લોઝ-અપ | ભરત ઘેલાણી | feedback@bombaysamachar.com

# આવો, આપણે જઈએ વિસ્મયમાં ગરકાવ કરી દેતાં એક અનોખા વિશ્વમાં...

## જગતમાં એવાં કેટલાંક ગામ - નગર - સ્થળો છે, જેની અમુક વિશેષતા તમને આશ્ચર્યમાં તરબોળ કરી મૂકે...

કોઈ નરાધામે એક બાળકીને પોતાની હવશનો શિકાર બનાવી..

કોઈએ એક યુવતીની કાયા ચૂંથી નાખી.

એક આશિકે પોતાની માશુકા પર બળાત્કાર કર્યો એવી ઘટનાઓની સાથો સાથ આજકાલ તો કોઈ મહિલાનું અપહરણ કરી દોડતી કારમાંથી એના પર રેપ કર્યો ને કારમાંથી ફગાવી દીધી, વગરે વગેરે સમાચાર હવે નવી નવાઈના નથી રહ્યા, પણ આ બધા જુગુપ્સાપ્રેરક સમાચારની વચ્ચે એક સાવ વિચિત્ર ને સાવ માની ન શકાય એવા રેપ અર્થાત્ બળાત્કારના સમચાર પણ આવ્યા છે.

તાજેતરમાં જ પૂણે પોલીસને એક ફરિયાદ મળી. એક યુવાને ફરિયાદ કરી કે એના પર બળાત્કાર કર્યો છે એક યુવતીએ! એ સાંભળીને પોલીસના આલા અફસરો પણ ચકરાઈ ગયા.

પેલા યુવાનની એવી ફરિયાદ હતી કે એને બેહોશીની દવા આપીને એક યુવતીએ એના પર બળાત્કાર કર્યો છે ! કોઈ પુરુષ સ્ત્રી પર બળાત્કાર કરે, પણ એક સ્ત્રી આવું કઈ રીતે કરી શકે? આ અટપટી ઘટનાની વાત જરા વિગતે જાણીએ...

પીડિત એવા પુરુષ ગૌરવ (નામ બદલ્યું છે) ની એવી ફરિયાદ હતી કે આરોપી યુવતી છાયા (નામ બદલ્યું છે) સાથે એને ઓળખાણ હતી. છાયાએ એને લગ્નનું વચન આપીને એની સાથે નિકટતા કેળવી હતી. પછી એક રાત્રે એની સાથે ડિનર લેતી વખતે એણે કોઈ દવા ભેળવી દીધી હોવાથી એ બેહોશ થઈ ગયો પછી એનાં વસ્ત્રો દૂર કરી એનાં નગ્ન ફોટા અને વીડિયો શૂટ કરી લીધાં અને બીજી સવારે છાયાએ એવો કકળાટ કર્યો ગૌરવે રાતે એના પરા બળાતકાર કર્યો હતો !

આ ઘટના પછી 'પેલી તસવીરો અને વીડિયો' જાહેર કરશે એની ફરિયાદ પોલીસને નોંધાવી બદનામ કરશે.' એવી ધમકી આપી છાયા પેલા શ્રીમંત પરિવારના ગૌરવને બ્લેકમેલ કરી અવારનવાર મોટી રકમ પડાવતી હતી. છેલ્લે છેલ્લે છાયાએ એક પોશ વિસ્તારમાં એના નામે ફલેટ અપાવી દેવાની ડિમાન્ડ કરી પછી ત્રાસેલા ગૌરવે પોલીસ ફરિયાદ નોંધાવી.



બન્ને વિશ્વયુદ્ધ વખતે નષ્ટ થઈ ગયેલી બેલ્જિયમની ૧૪મી સદીની આ ઐતિહાસિક પ્રાચીન લાઈબ્રેરી આજે ફરી કાર્યરત થઈ ગઈ છે !

એ પછી છાયાની કડક ઉલટ-તપાસમાં ઘણાં ભેદ બહાર આવ્યા કે વકીલ હોવાની દાવો-બનાવટ કરતી છાયાએ ગૌરવ સાથે વાપરી હતી એવી જ મોડસ ઓપરેંડી દ્વારા ભૂતકાળમાં પણ અનેક યુવાનો -પુરુષોને છેતરીને તગડી રકમ ઓકાવી હતી!

બળાત્કાર કે જાતીય ચેષ્ટાના વગેરે સમાચાર હવે નવી નવાઈના નથી રહ્યા, પણ આ બધા વચ્ચે પૈસા પડાવવાનો પેલી યુવતી છાયાનો 'બળાત્કાર'રૂપી શોર્ટકટ બધાને વિચરતા કરી મૂકે એવો છે.

હવે જાણીએ વાત બળાત્કારીઓના એવા ગામની જ્યાં રેપ નથી થતાં...!

વાત જયારે એક બનાવટી રેપ અને પછી સાચા બળાત્કારની ઘટનાઓ બને છે ત્યારે આપણી હિન્દી ફિલ્મનું આ એક મશહૂર ગીત યાદ કરવા જેવું છે :

'જહાં ડાલ ડાલ પર સોને કી ચિડિયા કરતી હૈ બસેરા...'

આના કેટલાક શબ્દો બદલીને આવું જ કંઈક અમેરિકાના એક ગામવાળા કહી શકે કે 'અહાં ઘર ઘર મેં રેપિસ્ટ કરતે હૈ બસેરા!'

વાત હસી કાઢવા જેવી નથી. આ હકીકત છે કે અમેરિકાના ફ્લોરિડા સ્ટેટમાં ખોબા જેવું એક ગામ છે, જેનું નામ છે : 'મિરેકલ' એટલે કે 'ચમત્કાર' ...

આ ગામની એક નકારાત્મક વિશેષતા એ છે કે માંડ ૩૦૦ લોકોની વસતિ ધરાવતા આ ગામની ૫૦ % થી વધુ વસતિ ગુનેગારોની છે અને એ પણ એવા અપરાધીઓ, જે બળાત્કાર માટે સજા ભોગવીને આવ્યા હોય!

આવો જ કંઈક સિનારિયો અમેરિકા આ મિરેકલ ગામનો છે. અમેરિકાના એક કાયદા મુજબ બળાત્કાર અને જાતીય સતામણીના અપરાધ પછી કોર્ટની સજા ભોગવી લીધા બાદ એ રીઢા ગુનેગારોને ચર્ચ- સ્કૂલ કે પાર્કની આસપાસ વસવાની રહેવાની પરવાનગી નથી મળતી. આમ કાયદાકીય સજા પછી પણ એ અપરાધીઓને આવા સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડે છે.




સ્ત્રી પણ રેપ કરી શકે છે...!

આવા ગુનેગારો અને એમના પરિવારના લાભાર્થે ફ્લોરિડાના એક પાદરીએ 'મિરેકલ ' નામે એક ગામ વસાવ્યું,જ્યાં ખાસ કરીને જાતીય સતામણી અને બળાત્કારના ભૂતપૂર્વ અપરાધીઓને વસાવ્યા!

૨૦૦૮માં આ ગામ વસ્યું એને આજે ૧૭ વર્ષ થઈ ગયા, પણ અહીં કોઈ જ પ્રકારની ગુનાખોરી માટે કોઈ પોલીસ કેસ પણ નોંધાયો નથી, જે આ 'મિરેકલ' ગામનો એક ચમત્કાર જ છે...!

આમ એક તરફ આપણે ત્યાં માત્ર પૈસા પડાવવા બનાવટી બળાત્કાર થાય અને બીજી તરફ અમેરિકાનું સાચા બળાત્કારીઓનું ગામ, જ્યાં વર્ષોથી કોઈ અપરાધ થતા જ નથી!






મહારાષ્ટ્રનું પુસ્તકમય ભિલાર ગામઃ અહીં ૩૦ જેટલાં ઘરમાં છે ૩૫ હજારથી વધુ પુસ્તકો!

આવી વિરોધાભાસી ઘટનાઓ - હકીકત વચ્ચે હવે આપણે એવાં સ્થળોએ જઈએ, જ્યાં સંપૂર્ણ વિનાશ -વિસર્જન પછી માનવ સંસ્કૃતિને ધધકતી રાખવાં એક નવી જ દુનિયાનું પુન : સર્જન થયું છે.

કહે છે ને કે જગતની કોઈ પણ તાકાત આસ્થા અને જ્ઞાનને અટકાવી નથી શકતી અને એમાં શક્તિપૂરક બનતો સાડા ત્રણ અક્ષરનો એક શબ્દ છે 'પુસ્તક'... આ પારસમણિ જેવા સ્પર્શ માત્રથી- એના વાંચનમાત્રથી તમારી કલ્પનાના સીમાડા વિસ્તરી જાય. તમારું સમગ્ર વિશ્વ પલટાઈ જાય અને એટલે જ આવાં જાદુઈ છડી જેવાં પુસ્તકોનો જ્યાં સંગ્રહ હોય એવાં પુસ્તકાલય વાચક માટે એક તીર્થસ્થળ સમાન બની જાય છે.

બાય ધ વે, આવાં જ તીર્થસ્થાન જેવાં બે વિરાટ અને વિખ્યાત બે પુસ્તકમેળા આ જાન્યુઆરી મહિનામાં પાટનગર દિલ્હી અને કોલકાતામાં યોજાઈ રહ્યાં છે.

યુદ્ધ વખતે દુશ્મનને બધી રીતે પાયમાલ કરવાનો એક સચોટ રસ્તો એ છે કે દુશ્મન દેશનાં ધાર્મિક સ્થળ વિદ્યાલય અને જ્ઞાનનાં પરબ એવાં પુસ્તકાલયોનો નાશ કરવો!

આવું જ બેલ્જિયમમાં થયું હતું. ત્યાંની ૧૪મી સદીની ઐતિહાસિક 'લ્યુવેન યુનિવર્સિટી'ની અતિ પ્રાચીન લાઈબ્રેરી પર બન્ને વિશ્વયુદ્ધ વખતે જબરું આક્રમણ કરીને જર્મન સૈન્યએ લાઈબ્રેરીનાં કુલ ૧૩ લાખથી વધુ પુસ્તકો અને હજારો મૂલ્યવાન -અપ્રાપ્ય હસ્તપ્રત- પાંડુલિપિ સળગાવી મૂકી હતી.... યુદ્ધ પછી એ પુસ્તકાલય એકડે એકથી શરૂ કરવામાં આવ્યું. ૧૯૫૧થી ફરી એક વાર કમર કસીને પુસ્તકો એકઠાં કરવાનાં શરૂ થયાં અને મૂળ ૧૯૨૮માં

પુસ્તકાલયની જે ઈમારત હતી એવી જ અદલોદલ શૈલીના બાંધકામ સાથે નવી લાઈબ્રેરી આજે ફરી કાર્યરત થઈ ગઈ છે..!

લાઈબ્રેરીની વાત નીકળી છે ત્યારે જાણી લો કે આજે ભારતમાં શહેરો- ગામડાં સહિત ૫૪ હજર, ૮૫૬ લાઈબ્રેરી છે. એમાં દેશની સૌથી મોટી કોલકાતાની 'નેશનલ લાઈબ્રેરી' છે. ૧૮૯૧માં સ્થાપના થઈ એવી આ લાઈબ્રેરીમાં આજે ૨૫ લાખથી વધુ પુસ્તકોનો સંગ્રહ છે!



બળાત્કારીઓનું 'મિરેકલ ' ગામ

જો કે, દેશમાં સૌથી વધુ પુસ્તકાલય (૧૧ હજાર, ૨,૧૯૧) મહારાષ્ટ્રમાં છે. ગ્રામ્ય વિસ્તારોમાં થઈ રહેલી વાચક અને વાંચનાલયોની આવી ક્રાંતિ વચ્ચે આપણે મહારાષ્ટ્રના એક અનોખા ગામમાં પણ લટાર મારવી જોઈએ..

મહારાષ્ટ્રના પૂણે શહેરથી ૧૦૮ કિલોમીટરના અંતરે સતારા જિલ્લામાં નાનું એવું એક ગામ છે. નામ છે એનું ભિલાર. વસતિ છે માંડ ૩૫૦૦ની. આ ગામ આજે મરાઠીમાં 'પુસ્તકાંચી ગાવ' અર્થાત પુસ્તકોનું ગામ તરીકે જાણીતું છે. અત્યારે ભારતના 'એક માત્ર પુસ્તકોના ગામ' તરીકે આવી વિખ્યાતિ એટલા માટે એણે મેળવી છે, કારણ કે ત્યાંના ૩૦ જેટલાં ઘરમાં છે ૩૫ હજારથી વધુ પુસ્તકો છે!

આ ગામને જોવાં અને ત્યાંના પુસ્તકોને વાંચવા દૂર દૂરથી પુસ્તકરસિકો ઊમટે છે.

હકીકતમાં ગ્રેટ બ્રિટેનના એક ભાગરૂપે વેલ્સનું એક વિલેજ (હે-ઑન-વે) એનાં પુસ્તકપ્રેમ અને બુકફેર્સ માટે જાણીતું છે એને નજર સામે રાખીને આ ભિલાર ગામની રચના થઈ છે. પંચગીની અને મહાબલેશ્વરની સમીપ આવેલા આ ગામનાં ૩૦ જેટલાં ઘરમાં જાતભાતનાં પુસ્તકો છે. આ બધા ઘરની દીવાલોને ૭૦થી વધુ ચિત્રકારોએ એમની કળાથી એવી સરસ રીતે સજાવી છે કે પુસ્તકો ધરાવતાં એ ઘર સાવ અલગ જ તરી આવે. 'સ્વીટ સ્વીટ સ્ટ્રોબેરી' માટે જાણીતા આ ગામનો ખુશનુમા માહોલ પણ વાચનપ્રેમીઓ તેમજ સર્જકો સુધ્ધાં માટે બહુ લોભાવનારો છે. એવા આ ભિલાર ગામમાં જે ૩૫ હજાર પુસ્તકો છે એમાંનાં મોટા ભાગનાં મરાઠી કવિ-લેખકોનાં જ છે, પણ હવે વધુ ને વધુ વાચકો-પ્રવાસીઓને આકર્ષવા અન્ય ભાષાનાં પુસ્તકો અહીં લાવવાની યોજના ઘડાઈ રહી છે.

આવાં તો બીજાં અનેક અજાણ્યાં સ્થળ છે, જ્યાંની કથા તમને વિસ્મયનાં રોમાંચક વમળમાં ઘેરી લેશે... એ બધા વિશે ફરી ક્યારેક...! ■

ઊડતી વાત | ભરત વૈષ્ણવ | feedback@bombaysamachar.com

# મંત્રીએ કેમ એ ઉદ્ઘાટન કરવાની ના પાડી?

'સાહેબ, મત વિસ્તારમાંથી અધિકારી આગેવાનો આપને મળવા આવ્યા છે.' લળી લળીને પર્સનલ સેક્રેટરીએ મંત્રી ઉમંગ ઉદઘાટનિયાના કાનમાં કહ્યું. મંત્રીશ્રીનું નામ ઉમંગભાઇ. તેમને એક અટક હતી. પરંતુ, મંત્રીશ્રીના ઉદઘાટન કરવાના ઉત્સાહને લીધે ઉદઘાટનિયા અટક બની ગઈ.

'બધાને બોલાવી લો.' મંત્રીએ પર્સનલ સેક્રેટરીને સૂચના આપી.

'આવો, આવો બધા કેમ રાવણું લઇને આવ્યા છો?' મંત્રીએ આગેવાન-અધિકારીને ચેમ્બરમાં આવકાર આપ્યો.

'આ તો અમને થયું કે સાહેબને ત્યાં ઘૂમરો એટલે કે આંટો મારતા જાય.' તાલુકા પંચાયત પ્રમુખ કરસને વાતનો દોર આગળ વધાર્યો.

'કોઇ કામ બામ ફામ લઇને આવ્યો છો?'

'સાહેબ, કોઇ કામે આવ્યા નથી. ખાલી વાતોના તડાકા કરવા આવ્યા છીએ.' જિલ્લા પંચાયત સભ્ય આભાબહેને મુલાકાતનો હેતુ સ્પષ્ટ કર્યો.

'રોડનો જોબ નંબર જોઇએ છે?' મંત્રીએ પૂછ્યું.

મોટેભાગે રોડના કામની જ માથાકૂટ હોય. મંત્રી રોડનો જોબ નંબર ફાળવે પછી જ રોડ બનાવવાની વહીવટી, ટેક્નિકલ મંજૂરી મળે અને રોડના ટેન્ડર બહાર પડે.

'ના સાહેબ, તમે છો પછી અમારે શેની ચંત્યા કરવાની?' આભાબહેન આંખ નચાવતાં મીઠું હસીને બોલ્યાં. મંત્રી શ્રીના કોઠે બત્રીસ દીવા થઇ ગયા.

'આરોગ્ય કેન્દ્ર, સેવા સદન કે આંગણવાડી જોઇએ છે? મોસાળમાં જમવાનું અને મંત્રી પીરસનાર છે. કોઇ ક્ષોભ કે સંકોચ રાખશો નહીં' મંત્રી.

'ના એટલે ના.' રાવણું એક અવાજે માથું નકારમાં હલાવી બોલ્યું.

'તો પછી તમારે તમારી સમસ્યા માટે મુખ્ય મંત્રી સાહેબને રજૂઆત કરવી છે? મારે તમને સીએમ સાહેબ પાસે લઇ જવાના છે?' મંત્રીનું આશ્ચર્ય શમતું ન હતું.

'અમારા માટે તો તમે જ સીએમ સાહેબ છો.'

'સાહેબ, આજે તમે રાજીના રેડ થઇ જાવ એવી દરખાસ્ત લઇને આવ્યા છીએ.' સૌ બોલ્યા.



'હું સમજ્યો નહીં. તમે ફોડ પાડીને કહો.'

'તમારે રવિવારે પાટડી આવવાનું છે.'

મંત્રી પાટડી તાલુકાના ઇનચાર્જ એટલે કે પ્રભારી મંત્રી હતા.

'શેના માટે પાટડી આવવાનું છે?' મંત્રીનું કૂતુહલ શમતું ન હતું.

'સાહેબ, આપના વરદ હસ્તે એક ઉદઘાટન કરાવવાનું છે.' સૌ લોકોએ કહ્યું. ઉદઘાટનનું નામ સાંભળીને મંત્રીનો સૂતેલો આત્મા સડપ દઇને ઊભો થયો.

'ઉદઘાટન કરવા માટે સાતે કામ પડતા મુકીને આવીશ.' મંત્રીએ ઉદઘાટનવિષા પ્રગટ કરી.

મંત્રીજી ઉદઘાટન કરવાની પ્રવૃત્તિને અતિ પ્રિય પ્રવૃત્તિ ગણે છે. મંત્રીજી મંગળ ગ્રહ પર પણ ઉદઘાટન કરવા માટે લાંબાલસ થવા તત્પર હોય છે. રાત્રે બે વાગ્યે ઉદઘાટન કરવા તત્પર જ હોય. યજમાનને તકલીફ ન પડે તેટલે કાતર, રીબીન, તકતી, મીણબતી સાથે જ ફેરવે છે.

'શેનું ઉદઘાટન કરવાનું છે? પ્રાથમિક શાળાના મકાનનું મારે ઉદઘાટન કરવાનું છે?' મંત્રીએ સંભવિત ઉદઘાટન વિશે પૂંછયું.

'તમારા હાથ આવું ઉદઘાટન કરાવીને ખરાબ થોડા કરાય?' કરસને પ્રાથમિક શાળાના ઉદઘાટનનો છેદ ઉડાડ્યો.

'તો એસટી બસ છાપરીનું મારે ઉદઘાટન કરવાનું છે?' મંત્રીએ પૃચ્છા કરી.

'ના સાહેબ ના.' આભાબહેન બોલ્યાં.

'ડેરીના શીતાગાર પ્લાંટનું મારે ઉદઘાટન કરવાનું છે?'

'એનું તો મામલતદાર સાહેબના હાથે ગયા વરસે ઉદઘાટન થઇ ગયું.'

'તાલુકા પંચાયત કે મામલતદાર કચેરી એટલે કે તાલુકા સેવા સદનનું મારે ઉદઘાટન કરવાનું છે?' મંત્રીએ ઉત્સાહમાં પૂછ્યું.

'ના...'

'તો ગ્રામ પંચાયત દ્વારા સ્ટ્રીટ લાઇટ યોજનાનું મારે ઉદઘાટન કરવાનું છે?' મંત્રીએ અંધારામાં તીર માર્યું.

'સાહેબ એવાં કામનાં ઉદઘાટન થોડાં કરવાના હોય?'

'તો તો ફિટનેસ સેન્ટરનું મારે ઉદઘાટન કરવાનું હશે, ખરું કે નહીં?' મંત્રીએ આવું કહીને હાથ ઉપર નીચે કરીને એકસરસાઇઝ કરી.

'સાહેબ, તમારા હાથે ફિટનેસ સેન્ટરનું ઉદઘાટન કરાવીએ તો કોઇ માણસ એકસરસાઇઝ કરવા આવે જ નહીં.' તાલુકા વિકાસ અધિકારી પરમારે ડરતાં ડરતાં કહ્યું. મંત્રીજીએ ખેલદિલી દાખવી.

'હવે હું કલ્પના કરીને થાક્યો. તમે લોકો જ કહી દો કે મારા કરકમળ વડે શેનું ઉદઘાટન કરવાનું છે.'

'સાહેબ, પાટડીમાં આપણી પાર્ટીની નગરપાલિકાએ એક યુનિક કામ કર્યું છે. તેનું તમારે ઉદઘાટન કરવું જ પડશે. સાહેબ ના પાડવાની ગુંજાયેશ જ નથી. આપણા લોકોનું નામ રાજ્યના વિકાસના ઇતિહાસમાં સુવર્ણ અને એ પણ સુગંધિત સોનાના અક્ષરે કાયમ માટે પથ્થર કી લકીરની માફક અંકિત થઇ જશે.' તાલુકા પાર્ટી પ્રમુખ પશાલાલે પહેલી વાર મોઢું ખોલ્યું.

'એવું તે કેવું વિકાસકામ?' મંત્રી પણ છક્કડ ખાઇ ગયા.

'આપણે પાટડીમાં એકવીસ કરોડના ખર્ચે તળાવનું રિનોવેશન, બ્યુટિફિકેશન અને રિવરફ્રન્ટના કામ હાથ ધરેલું.' નગરપાલિકાના પ્રમુખ ભ્રષ્ટાચારકાંત બોલ્યા.

'એક મિનિટ એક મિનિટ...પાટડીમાં નદી છે? પાટડીમાં કયાં કોઇ નદી આવેલ છે? નદી હોય તો રિવરફ્રન્ટનું કામ થાય ને?' મંત્રીજીના પર્સનલ સેક્રેટરીએ કવેરી કાઢી.

હકીકતમાં આ કામ ભ્રષ્ટાચારનો અડો બની ગયેલ. આના પર ઢાંક પિછોડો કરવા આ કામને રિવરફ્રન્ટનું નામ આપવામાં આવે તો સૌની વાહવાહી થઇ જાય. મંત્રીને ઉદઘાટન કરવા માટે ભાગબટાઈમાં પાંચ ખોખાં એટલે કે પાંચ કરોડ રૂપિયા આપવાની ઓફર કરી. મંત્રીએ ધુમાડો જોઇ વિવાદના વડવાનલમાં કેરિયર ખત્મ થવાની શક્યતા જોઈને...

-ને મંત્રી ઉમંગ ઉદઘાટનિયાએ બે હાથ જોડી નદી વિનાના રિવરફ્રન્ટનું ઉદઘાટન કરવાની ધરાર મનાઇ કરી દીધી. ■

# નોસ્ટ્રાડેમસની એ આગાહી સાચી પડી હોત તો?

હાસ્ય વિનોદ

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

તારીખ ૨૪મી ડિસેમ્બર ૧૫૦૩માં જન્મેલ ડૉ. માઈકલ નોસ્ટ્રાડેમસ અત્યંત ચાલાક, શાણો અને સલામતીપ્રિય જ્યોતિષી હતો. આ કારણે આજથી લગભગ ૫૦૦ થી વધુ વર્ષ પૂર્વે તેણે જે કોઈ આગાહીઓ કરેલી તે અતિ ગૂઢ, રહસ્યમય અને માત્ર તેને જ સમજાય એવી હતી.

આ ભવિષ્યવાણી તેણે તળપદી ફ્રેન્ચ, લેટિન જર્મન તેમ જ યિડિસ્ટ વગેરે ભાષાઓની ભેળસેળ સાથે કરી છે. ચાર લીટીના ઉખાણા જેવી અટપટી આ આગમવાણી છે, જે ઉકેલવામાં ભલભલા સ્કોલર્સ પણ ગોથાં ખાઈ જાય, છતાં ઉકેલી ન શકે એટલે પછી કોઈ મહત્ત્વની ઐતિહાસિક ઘટના બન્યા બાદ તેની ભવિષ્યવાણીઓના ઢગલામાંથી અનુકૂળ જણાતી કોઈ એક લીટીની આગહી સાથે એ ઘટનાને જોડી દઈને જાહેર કરાય કે જોયું, આ પ્રખર જ્યોતિષીએ કેટલી સચોટ આગાહી કરી છે! એ પછી તો નોસ્ટ્રાડેમસના પ્રભાવનો પ્રચાર એટલો બધો થઈ ગયો છે કે જ્યોતિષીમાં નહીં માનનારાઓ પણ તેણે ભાખેલા ભવિષ્યકથન રસપૂર્વક વાંચે છે. કહે છે કે, આ આર્ષદ્રષ્ટા પાસે કાચનો એક મોટો ગોળો હતો. તેમાં તેને જે કાંઈ દેખાતું એ બધું તેણે અપદ્યાગદ્ય શૈલીનાં કાવ્યો લખવાની પ્રેરણા નોસ્ટ્રાડેમસમાંથી મળી હોય.

તે રાણીનો પ્રિય જ્યોતિષી હતો. એટલે શાહી પરિવારની અને તેમના સ્વજનોને લગતા પ્રશ્નોની આગાહીઓ કરતો. જેમકે ...

ક્યો રાજકુમાર રાજા નહિ થઈ શકે, ક્યો રાજા નવી રાણી લાવશે? પછી એ જૂની રાણીનું શું થશે? ક્યો ઉમરાવ તેને ભગાડી જશે? વગેરે. ઘણી રાણીઓ નોસ્ટ્રાડેમસને ખાનગીમાં મહામૂલી ભેટ-સોગાદો આપીને તેને પૂછી લેતી કે તેનો વર-રાજા આજકાલ કઈ કઈ કાળમુખીઓ સાથે રાસ ખેલી રહ્યો છે! બ્રિટનના રાજા અને ફ્રાન્સની રાણી વિએની વચ્ચેનો ગાઢ ગુપ્ત પ્રેમ ઉદ્ભવ્યા પહેલાં જ આ જ્યોતિષીએ પોતાની અલૌકિક શક્તિથી શોધી કાઢ્યો હતો. રાણીનો નવલખો હાર ખોવાઈ જશે ને પછી કેવી રીતે જડી જશે એની ભવિષ્યવાણી પણ તેણે ભાખી હતી. જોકે તેણે એવી આગાહી નહોતી કરી કે આ પ્રસંગના અનુસંધાને એલેકઝાન્ડર ડ્યૂમા એક ઐતિહાસિક નવલકથા ઢસડી મારશેને ઘણી પ્રતિષ્ઠા મેળવશે.

આ નોસ્ટ્રાડેમસ ડોક્ટર હતો ને તેય પાછો શરીરનો, શબ્દોનો (પીએચ.ડી.) ડોક્ટર નહીં. એના નગરમાં પ્લેગ ફાટી નીકળ્યો. તેની પત્ની તથા બન્ને સંતાનો પ્લેગમાં સપડાયાં. તબીબીશાસ્ત્રમાં કહેવાયું છે કે શાણો ડોક્ટર ક્યારેય પોતાના પરિવારની વ્યક્તિઓની સારવાર નથી કરતો, અન્ય હોંશિયાર ડોક્ટર પાસે સારવાર કરાવે છે, પણ ડોક્ટર તરીકે તેણે જ ટ્રિટમેન્ટ આપી છતાં, અથવા તો એ જ કારણે પત્ની તથા બાળકો પાછાં થયાં. એ વખતે એક જ્યોતિષી લેખે તે જાણી શકેલો નહીં કે તે (ધુરા વગરનો) વિધૂર થવાનો છે. આમ પોતાના કુટુંબ વિશેની આગાહીમાં જ તે નિષ્ફળ નીવડે લો.

વિખ્યાત જાસૂસી લેખક સર આર્થર કોનલ ડોઈલ માટે કહેવાય છે કે તે ડોક્ટર હતા. પણ તેમની પ્રેક્ટિસ બરાબર ચાલી નહીં એટલે તે શેરલોક હોમ્સ પરની વાર્તાઓ લખવાના કામે લાગી ગયા. એજ રીતે નોસ્ટ્રાડેમસની દાક્તરી જોઈએ એવી ચાલી નહીં હોય એ કારણે તે ઓછા જોખમી એવા જ્યોતિષીના વ્યવસાયમાં કૂદી પડ્યો હશે!

પોતાની આગમવાણીનો પ્રથમ ગ્રંથ તેણે ઈ.સ. ૧૫૬૮માં 'લે પ્રોફેતિઝ દે એમ. માઈકલ દે નોસ્ટ્રાડેમસ'ના શીર્ષક હેઠળ પ્રગટ કર્યો. તેની 'લે પ્રોફેતિઝ' એટલે કે આગમવાણી દસ ભાગમાં વહેંચાયેલી છે. એ દરેક ખંડને તેણે 'સેન્ચુરી' નામ આપ્યું છે. દરેક પુસ્તકમાં ૧૦૦ ચોપાઈ લખી છે. તેણે એક આગાહી એવી કરી હતી કે રાણી કેથેરિનનો પતિ ફ્રાન્સનો કિંગ હેન્રી બીજો પોતાની બેતાળીસમી બર્થ-ડે કેક નહીં કાપી શકે. પહેલા શતકની ૩૫ નંબરની ચોપાઈમાં નીચે મુજબ લખ્યું છે:

'યુવાન સિંહ પ્રૌઢને હરાવશે,
દ્વંદ્વયુદ્ધના મેદાનમાં,
સોનાના પિંજરમાં આંખ વીંધાશે
એક ઘામાં બે ઈજા - એનું ક્રૂર મોત થશે.'

આ આગાહી જાણીને રાણી કેથેરિને જ્યોતિષીને જણાવી દીધું હતું કે જો તારી આગાહી ખોટી પડશે તો તારું ડોકું કપાશે. તારી કહેલી તારીખે મારો પતિ નહીં મરે તો તારે મરવું પડશે. અને બીજું, ત્યાં સુધી તું પેરિસ છોડીને નહીં જઈ શકે. નોસ્ટ્રાડેમસ માટે તો આ ધંધો દાક્તરીના ધંધા કરતાં ય વધારે ખતરનાક કહેવાય. જ્યોતિષીના શરીરમાંથી કદાચ ભયનું લખલખુંય એ ક્ષણે પસાર થઈ ગયું હશે. તેની જગ્યાએ અમે હોત તો આ રાણીને મોઢામોઢ કહી દેત કે 'મને તો કાચના ગોળામાં જે દેખાયું એ મેં તને જણાવ્યું. માનવું હોય તો માન, નહીં તો તારા વરની સાથે તુંય જહન્નમમાં જા... '

પછી તો રાણીએ જ્યોતિષી મરે ને રાજાનો વાળ પણ વાંકો ન થાય એ માટે સખત સાવધાની રાખવા માંડી. રાજા પોતે રાજા હોવા છતાં તેને મહેલની બહાર જવા દેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. અંગરક્ષકો જ હુમલો ન કરી દે એ વાસ્તે એ અંગરક્ષકો ઉપર ચાંપતી નજર રાખવા બીજા અંગરક્ષકો રાખવામાં આવ્યા. રાજા ઘોડા પર બેઠો હોય ત્યારે તેને ઈજા થવાની આગાહી હતી એટલે તેને ઘોડેસવારી કરવાની પણ મનાઈ ફરમાવી દેવામાં આવી. તે લગ્ન કરવાના બહાના હેઠળ પણ ઘોડા પર સવાર ના થઈ જાય એની ખાસ તકેદારી રાખવામાં આવી. તેમ છતાં જે થવાનું હતું તે થઈને જ રહ્યું.

જ્યોતિષીને હજી ઘણી બધી આગાહીઓ કરવાની હોવાથી જ્યોતિષી બચી ગયો, રાજા ઊકલી ગયો. આથી, એટલે કે આ આગાહી સાચી પડવાથી ખુશ થઈને ઘણા લોકોએ જ્યોતિષી મનોમન કલ્પી શકે એ કરતાંય બહુ જ મોટી ફેન્ટાસ્ટિક કહી શકાય એટલી મોટી રકમ તેને ભેટસ્વરૂપે આપી. આ નોસ્ટ્રાડેમસ જો છાપામાં જ્યોતિષની કોલમ લખતો હોત તો પોતાની આ ભવિષ્યવાણી અંગે તેની કોલમમાં વચ્ચોવચ્ચ બોક્સ મુકાવત કે 'ફલાણી તારીખ અંકમાં અમે એવી આગમવાણી ઉચ્ચારી હતી કે ફ્રાન્સના રાજા હેનરી બીજાનું આકસ્મિક અને કરુણ અવસાન થશે. (શતક એકઃ પાંત્રીસ) અમને જણાવતાં આનંદ અને ગર્વ થાય છે કે અમારી આ આગાહી સોએ સો ટકા સાચી પડી છે...! '

નેપોલિયન બોનાપાર્ટ વિશે તેણે લખ્યું છે કે :

*'એના જેવું નામ કોઈ જ ફ્રેન્ચ નેતાનું નથી,*
*પ્રચંડ ભયાનક વાવાઝોડાની પેઠે તે આવશે,*
*ઈટાલી, સ્પેન, બ્રિટન એનાથી ધ્રૂજશે,*
*તેને વિદેશી સ્ત્રીઓનું ખૂબ આકર્ષણ હશે...*

આપણે ત્યાં મુખ્યમંત્રીઓનાં નામ પણ બાબુભાઈ, ચીમનભાઈ, છબિલદાસ, કેશુભાઈ જેવાં હોય છે એ રીતે ફ્રાન્સના ઈતિહાસમાં રાજાઓનાં નામ એવાં પાડવામાં આવતાં જે પ્રજા સહેલાઈથી યાદ રાખી શકે,જેમકે લ્યૂઈ, ચાર્લ્સ, હેનરી વગેરે, પરંતુ નેપોલિયન નામ એ સમયની રૈયત માટે નવું ને અટપટું હતું. આ રાજાને સુંદરતા તરફ ઘણો પક્ષપાત રહેશે એ આગાહી પણ નેપોલિયનની મદદ મળવાથી સાચી પડી હતી. જેને માટે તે યુદ્ધના મેદાનમાંથી ભાગી આવતો હતો ને તેનાથી થાકી જતો ત્યારે ફરી પાછો યુદ્ધના મેદાનમાં ધસી જતો, એ સ્ત્રી જોસેફાઈન હતી. ખરેખર તે ફાઈન હતી. જોસેફાઈન પહેલાં તેની પ્રિયતમા હતી અને પછી પત્ની બની. તેની બીજી એક પત્ની મેરી લૂઈસા ઑસ્ટ્રેલિયન હતી. પોલેન્ડની અત્યંત સ્વરૂપવાન લલનાનું નામ પણ મેરી હતું એટલે એક જ નામની બબ્બે પત્ની એક જ ઘરમાં રહેતી હોય તો અનેક ગોટાળા થાય. આ કારણે એ મેરી વાલા વાસ્કાને તેણે મિસિસને બદલે મિસ્ટ્રેસનો દરજ્જો આપ્યો. નોસ્ટ્રાડેમસે નેપોલિયન વિશે બીજી પણ એવી કેટલીક આગાહીઓ કરી હતી અને એ કારણે આ જ્યોતિષી માટે તેના મનમાં ધૃણા હતી. નેપુ.માં પ્રેમ-પ્રકરણો વિશેય સાંકેતિક ભાષામાં તે ઘણું બધું ભાખી ગયો હતો એટલે જ્યોતિષીને એ ગૂઢ ભાષા તેમજ પતિના ચરિતર ઉકેલવાના હેતુથી નેપોલિયનની પત્ની જોસેફાઈન પોતાના ઓશીકાની નીચે (પતિથી છુપાવીને) 'ધ પ્રોફેસીઝ' પુસ્તક રાખતી, કારણ એ જ કે તેને તેના પતિના ભવિષ્ય કરતાં વર્તમાનમાં વધારે રસ હતો.

એમ તો અમેરિકન પ્રેસિડેન્ટ જ્હોન કેનેડીનું ખૂન થઈ જશે એવી આગાહી પણ તેણે કરી હતી. એટલું વળી સારું થયું કે નોસ્ટ્રાડેમસ કેનેડીના ખૂનની તેણે કરેલી ભવિષ્યવાણી સાચી પડી એ જાણવા તે પૃથ્વી પર રોકાયો નહીં. જો તે હયાત હોત ને દુનિયાના કોઈ પણ છેડે વસતો હોત તો પણ કેનેડીના ખૂન સબબ, તેની ધરપકડ નહીં તો છેવટે આપણી પોલીસ કરે છે એવી વિશિષ્ટ પ્રકારની પૂછપરછ તો ચોક્કસ થઈ હોત.

હિટલર વિશે તેણે જે ભવિષ્યકથન કરેલું એ પણ અક્ષરશઃ સાચું પડ્યાનું કહેવાય છે. ૧૯૨૩માં હિટલરનો ઈન્ટરવ્યૂ લેનાર પત્રકાર જ્યોર્જ સીલ્વિસ્ટર વિયરેકે એ વખતે નોંધ્યું હતું કે 'ધિસ મેન, ઈફ હિ લિવ્સ, વિલ મેઈક હિસ્ટ્રી ફોર બેટર ઑર ફોર વર્સ' હિટલરે તે પત્રકારને સંપૂર્ણ સાચા પાડ્યો. જર્મનીનો જ નહીં, વિશ્વનો ઈતિહાસ પોતાની રીતે ઘડવા તેણે 'સન્નિષ્ઠ' પ્રયાસ કર્યો હતો.

વિશ્વયુદ્ધની સચોટ આગાહી નોસ્ટ્રાડેમસે કરી હતી, એટલે પછી ગોબેલ્સની દોરવણીથી ક્રાફ્ટ નામના જ્યોતિષીએ, તેની આગાહીઓને મરડીને એવું અર્થઘટન કાઢ્યું હતું કે હિટલર ક્યારેય હારશે નહીં, અજેય રહેશે. બાકી તેને એ સાચી આગાહીની પૂરી જાણ હોત તો કદાચ બીજું વિશ્વયુદ્ધ ન થયું હોત ને હવે પછી ગમે ત્યારે ફાટી નીકળનાર યુદ્ધ ક્રમમાં ત્રીજું નહીં, બીજું વિશ્વયુદ્ધ ગણાત.

જાપાનમાં હિરોશીમા અને નાગાસાકી પર અમેરિકાએ ઍટમબોમ્બ ઝીંક્યો તે અંગેની આગાહી આ પ્રમાણે છે: 'સમુદ્ર કિનારાનાં બે શહેરો પર આગના ભડાકા તૂટી પડશે. ભૂખમરો, પ્લેગ અને રોગચાળામાં ફસાયેલા લોકો બચવા માટે પ્રભુને પ્રાર્થના કરશે. સમુદ્રના કિનારા પર તો સેંકડો નગરો વસેલાં છે. એટલે હિરોશીમા અને નાગાસાકીના લોકોએ આ આગાહી અગાઉ જાણી હોત તો પણ એ તો એવું જ માનત કે આ કોઈ બીજા શહેરોની વાત હશે - આપણાં નગરોનો નામોલ્લેખ ક્યાં છે આગાહીમાં?

કેટલીક વાર બને છે એવું કે કવિને ખુદને એની કવિતામાં જે અર્થ અભિપ્રેત ન હોય તેવા અર્થો તેની કવિતામાંથી વિવેચકો પોતાના સામર્થ્યથી શોધી કાઢતા હોય છે. નોસ્ટ્રાડેમસના કિસ્સામાંય આવું જ થયું છે. તેની જાણ બહારના આજના કેટલાક જ્યોતિષીઓએ શોધી કાઢ્યું હતું કે હિટલરની જેમ શ્રીમતી ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી વિશેની આગાહીઓ પણ તેણે કરી છે. આમ તો ભારતે એ ભવિષ્યવેત્તાનું કશું જ બગાડ્યું નથી છતાં તેણે ઈસવી સન ૧૫૫૫માં એવી એક ભડકાવનારી આગાહી કર્યાનું જ્યોતિષીઓએ જાહેર કર્યું હતું કે ઈ.સ. ૧૯૯૯માં ઈટાલીની આ સ્ત્રી અર્થાત્ શ્રીમતી સોનિયા ગાંધી ભારતનાં વડા પ્રધાન બનશે. તેને પ્રાઈમમિનિસ્ટર બનતી કોઈ જ રોકી નહીં શકે, એટલું જ નહીં, તેણે તો એવી ધમકી પણ ઉચ્ચારી છે કે આ સબળા (તેની સાસુની જેમ) ઘણા લાંબા સમય સુધી સત્તા પર રહેશે. સાતમા શતકની ત્રેસઠમી કાવ્ય-પંકિતમાં તેણે ચોખ્ખું લખ્યું છે: '(પતિના ગુજરી ગયા બાદ) બીચારી એકલી પડી જશે. સાત સાત વર્ષ તે દુઃખ અને આંસુઓમાં કાઢશે. ત્યાર બાદ તે સત્તા પર આવશે.' (અને ત્યાર પછી તેનાં દુઃખ અને આંસુ પ્રજામાં ટ્રાન્સફર થશે - ના, આ કૌંસવાળી આગાહી નોસ્ટ્રાડેમસે નથી કરી, કોઈ અવળચંડાની આ અવળીવાણી છે) આ પરથી કહી શકાય કે આ જ્યોતિષી રાજીવ ગાંધી કરતાંય પહેલાં સોનિયાજીને ઓળખતો હોવો જોઈએ. ૧૯૯૯ના વર્ષમાં ચૂંટણીઓ આવતી હતી એવામાં જ નોસ્ટ્રાડેમસના હવાલા સાથે સોનિયાજીના પ્રાઈમ-મિનિસ્ટર થવા અંગેની આગાહી અખબારોમાં પ્રગટ થઈ ત્યારે વિરોધપક્ષના જ નહીં, તેમના પક્ષના લોકોય ચોંકી ગયા હતા, ફફડી ગયા હતા. પણ પછી આ ભવિષ્યવાણી ખોટી પડી એટલે આખા દેશે હાશકારો અનુભવ્યો હતો, ઈશ્વરમાં પ્રજાની શ્રદ્ધા વધી ગઈ હતી.

એમ તો નોસ્ટ્રાડેમસે છાતી ઠોકીને ભવિષ્યવાણી ભાખ્યાનું કહેવાય છે કે ૧૯૯૯માં ત્રીજું વિશ્વયુદ્ધ સોએ સો ટકા થઈને જ રહેશે. આ આગાહી આ પ્રમાણે લખાઈ છે: '૧૯૯૯ના વર્ષમાં સાતમા મહિને, આકાશમાંથી ભયાનક ત્રાસવાદી રાજા ઊતરશે, જેની સાથે મોંગોલના રજાઓ હશે, આ ઘટના પહેલાં ભયાનક યુદ્ધ ચાલુ જ હશે.' આના અનુસંધાને બીજી આગાહી આમ છે: 'દુનિયા એના અંત નજીકના તબક્કામાં પ્રવેશે, શનિદેવ પાછો ફરતાં મોડો પડશે. વિશ્વનું સામ્રાજ્ય કાળા રાષ્ટ્ર તરફ ખસે છે.'

નોસ્ટ્રાડેમસ ઉપરાંત જીન ડિક્સને પણ ભારપૂર્વક ભાખ્યું હતું કે ૧૯૯૯ના વર્ષમાં ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળશે. એમાં કોઈ મીનમેખ થનાર નથી. એ આગાહી સાચી પડી હોત તો? તો આ લેખ વાંચવામાંથી તમે બચી ગયા હોત... ૧૯૯૯ના વર્ષમાં ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળવાની નોસ્ટ્રાડેમસની આગાહી સદંતર ખોટી પડી એ તો જાણે સમજ્યા મારા ભૈ, બાકી તે ત્રિકાળજ્ઞાની આજે જીવિત હોત તો તેની આવી સચોટ આગાહી ખોટી કેમ પડી એનાં સચોટ કારણો આપવા તે અવશ્ય મથ્યો હોત...

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ણંદા એટલે પડવો, છઠ ને અગિયારસ




ગુજરાતી માધ્યમમાં ભણેલા વાચકોને યાદ હશે કે કક્કો બારાખડી શીખવતી વખતે ક કમળનો કથી શરૂઆત થતી અને ણ ફેણનો ણ એવું શિક્ષક સમજાવતા. ણથી શરૂ થતો કોઈ શબ્દ ગુજરાતી ભાષામાં નથી એવું મગજમાં ઠસાવી દેવામાં આવ્યું હતું. ઝબાન સંભાલ કે કોલમના અમેરિકા સ્થિત વાચક અશોક દવેએ ભગવદ્ગોમંડળની મદદ લઈ ખૂબ જ સરસ જાણકારી મોકલી છે જે વાચકો માટે રજૂ કરી છે.

ભગવદગોમંડલ કોશમાં 'ણ' થી શરૂ થતા અનેક શબ્દ આપેલા છે. મધ્યકાલીન સાહિત્યમાં 'ણ' નો ભરપૂર ઉપયોગ થયો છે. એના વગર મધ્યકાલીન સાહિત્ય અધૂરું છે.'ણંદિ' શબ્દના તો ભગવદગોમંડલમાં અગિયાર જેટલા અર્થ આપેલ છે. એ પરથી સ્પષ્ટ થાય કે આ બધા જ શબ્દો ખૂબ મોટા પ્રમાણમાં પ્રયોજાતા હશે. તો હવે પ્રશ્ન એ થાય કે અર્વાચીનકાળમાં 'ણ' ના શબ્દોને શા માટે ભૂલાવી દેવાયા? આટલા શબ્દ ઉપલબ્ધ હતા તો નાનાં બાળકોની દેશીહિસાબની ચોપડી કે બારાખડીની ચોપડીમાં 'ણ' નો કોઈ શબ્દ કેમ ન ભણાવાયો?. નીચે આપેલા 'ણ' થી શરૂ થતા શબ્દોમાંથી કોઈ પણ શબ્દ ભણાવી શકાય. ક કમળનો ક...ન નદીનો ન... તો ણ ણગનો ણ....'ણગ' એટલે પર્વત એમ 'ણ' ને ભણાવવો જોઈએ. ણંગર એટલે લંગર અથવા હળ. ણંગૂલ એટલે પૂછડું. ણંદઃ સમૃદ્ધ, ણંદણઃ પુત્ર, વૃદ્ધિ કે સમૃદ્ધિ. ણંદણવણઃ મેરૂ પર્વત ઉપરનું એક વન. ણંદાઃ પડવો, છઠ અને અગિયારસ એ ત્રણ તિથિના નામ. ણંદાવત્ત : ચાર ઇંન્દ્રિય વાળો એક જાતનો જીવ, નવ ખૂણાવાળો સાથિયો. ણંદિઃ આનંદ; પ્રમોદ; ઇચ્છા; અભિલાષા; ચાહના; ઇચ્છિત અર્થની પ્રાપ્તિ. ણંદીરુક્ખ એટલે પીપળો. ણઈઃ નદી. ણઈવઈઃ સમુદ્ર. ણક્કઃ નાક. ણગઃ પર્વત. ણગરઃ શહેર ણગરાવાસ એટલે રાજધાની, પાટનગર. યાદી ઘણી લાંબી છે, પણ આટલી જાણકારી ણ અક્ષરનો મહિમા જરૂર સમજાવી દે છે.

## हिंग्लिश VINGLISH YOUR TONGUE तुम्हारी जुबान



જીભલડી રે તને હરિ ગુણ ગાતાં આટલું આળસ ક્યાંથી રે ? કવિ દલપતરામ લખી ગયા છે. હાડકું પણ નહીં ધરાવતી જીભ હથિયારથી વધુ ઊંડા ઘા કરી શકે છે તો મલમથી પણ વધુ રાહત આપી શકે છે. એવી આ જીભલડીની અંગ્રેજી - હિન્દી કહેવતો જોઈએ. મોઢું સિવાઈ જાય કે શું બોલવું એ ખબર ન હોય ત્યારે Cat Got Your Tongue કહેવાય છે. Why are you not replying? Has cat got your tongue? તું કેમ કંઈ બોલતો નથી? મોઢામાં મગ ભર્યા છે? શું કહેવું એ નથી સમજાતું? આ અંગ્રેજી કહેવતનો હિન્દી ભાવાનુવાદ છે **क्या बिल्ली ने तुम्हारी जुबान काट ली? या तुम्हारे मुँह में दही जम गया है? जिसका मतलब होता है कि कोई व्यक्ति अचानक चूप क्यों है और कुछ बोल क्यों नहीं रहा, खासकर जब उनसे जवाब की उम्मदी हो, और यह अवसर मजाकिया या हल्के-फूल्के अंदाज में पूछा जाता है.**

બિલાડીએ જીભ કાપી લીધી કે મોઢામાં દહીં જામી જવું એ રૂપક બોલતી બંધ થઈ ગઈ એ સંદર્ભમાં છે.

A Tongue In Cheek. આ રૂઢિપ્રયોગ બે અર્થમાં વપરાય છે. એક અર્થ ગંભીરતાથી રમૂજી કે વિનોદી વાત કરવી. બીજો અર્થ જે વધુ પ્રચલિત છે એ અનુસાર કટાક્ષમાં કહેવું. ગુજરાતીમાં દાઢમાં બોલવું પ્રયોગ છે જ ને. Speaker gave a tongue in cheek speech about the current economic condition of the country. દેશની આર્થિક પરિસ્થિતિ વિશે વક્તાએ કટાક્ષયુક્ત ભાષણ કર્યું. **इस कहावत का हिंदी भाषा में मतलब है 'मजाकिया अंदाज में'. व्यंग्यात्मक रूप से, या मजाक-मस्ती में कही गई बात. जिसका अर्थ है कि कोई बात गंभीर होकर भी मजाक या व्यंग्य के तौर पर कही गई हो, जिसे सच नहीं समजना चाहिए, इसे 'जीभ गाल में दबाकर' कहने जैसा समजा जा सकता है, ताकि मुस्कान या व्यंग्य दिखे लेकिन सीधे तौर पर नहीं.** ગંભીરતાથી વ્યંગમાં કોઈ વાત કહેવામાં આવે અને કટાક્ષ હોવાથી એનો શબ્દાર્થ ન લેવાનો હોય. એક પ્રચલિત પર્શિયન કહેવત છે With a sweet tongue and kindness, you can drag an elephant by a hair. મીઠી જબાન અને દયાભાવ રાખવાથી કોઈ પણ મુશ્કેલ કામ આસાનીથી થઈ જાય એવો એનો ભાવાર્થ છે. આવો જ ભાવાર્થ ધરાવતી હિન્દી કહેવત પણ છે. **इससे मिलता - जुलता हिंदी मुहावरा है - जुबान ही हाथी चढाए, जुबान ही सिर कटाए, कठोर बल की तुलना में प्रेम, दयालुता और मीठी वाणी से बडी से बडी मुश्किल या गुस्सैल व्यक्ति को भी वश में किया जा सकता है।** હંમેશાં બળ કે તાકાતથી જ કામ પાર પડે એવું નથી હોતું. ક્યારેક મધુર વાણી પણ અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી આપે કે ક્રોધિત વ્યક્તિ પણ વશ કરી શકાય. The wise person has long ears and a short tongue કહેવતમાં માનવીય સ્વભાવની લાક્ષણિકતા નજરે પડે છે. ઝાઝું સાંભળે અને ખપ પૂરતું બોલે એ શાણા માણસનું લક્ષણ છે એવો કહેવતનો ભાવાર્થ છે. હિન્દીમાં આ કહેવત **सुनना ज्यादा, बोलना कम** સ્વરૂપમાં હાજર છે. **समजदार व्यक्ति के कान लंबे और जबान छोटी होती है। सुनने वाला ज्यादा सीखता है और बोलने वाला कम, बातें कम करो, सुनो ज्यादा** ઘણી વાર ઓછું બોલવું, વધુ સાંભળવાથી લાભ થાય છે અથવા તો એમાં શાણપણ છે એ એનો ભાવાર્થ છે.

## દક્ષિણા અને ભીખ

દક્ષિણાઃ પુરાણોમાં યજ્ઞની સ્ત્રી તરીકે દક્ષિણાનો ઉલ્લેખ છે. દક્ષિણા એટલે યજ્ઞના મહેનતાણા તરીકે બ્રાહ્મણને આપવામાં આવતું ધન. પ્રાચીન સમયમાં બ્રાહ્મણોને યજ્ઞના કામના બદલામાં દક્ષિણા આપવામાં આવતી હતી, બક્ષિસ તરીકે નહીં. પુરાણકાળમાં દક્ષિણા તરીકે મુખ્યત્વે ગાય આપવામાં આવતી. તે ઉપરાંત વાછરડી અને સોનારૂપાના સિક્કા વગેરે પણ આપવામાં આવતા. રૂઢ અર્થમાં દક્ષિણા મેળવેલી વસ્તુ કે સેવાની ચુકવણી છે. દક્ષિણાનું સૌથી ગાજેલું ઉદાહરણ છે એકલવ્ય અને દ્રોણાચાર્યનું. ધનુર્વિદ્યામાં એકલવ્ય અર્જુન કરતાં ચડિયાતો સાબિત ન થાય એ માટે દ્રોણ ગુરુદક્ષિણામાં એકલવ્યના જમણા હાથનો અંગૂઠો માગી લે છે જે એકલવ્ય જરાય અચકાયા વિના આપી દે છે.

ભિક્ષાઃ ભીખ અને ભિક્ષાનો અર્થફેર સમજી લેવો જોઈએ. ભીખ એ દયાભાવથી અપાતી સહાયતા છે. એ આપતી વખતે પાત્રની યોગ્યતાનો મોટેભાગે વિચાર નથી કરવામાં આવતો. ભિક્ષા આપતી વખતે આશય સ્પષ્ટ હોય છે કે એ સ્વીકારનાર તેનો સદુપયોગ કરશે. વૈદિક કાળમાં બ્રાહ્મણો ભિક્ષા માગતા હતા જેથી પેટ ભરવાની ચિંતા કર્યા વિના વેદના અભ્યાસનો પ્રસાર કરી શકે. આમ અહીં હિતનું મહત્ત્વ છે. દુલા કાગની એક અદ્ભુત રચના 'આવકારો મીઠો આપજે'માં બે પંક્તિમાં બહુ સરસ વાત કહેવાઈ છે કે 'હે જી, તારે કાને સંકટ કોઈ સંભળાવે રે, બને તો થોડું કાપજે રે જી.' માત્ર ભૌતિક વસ્તુથી જ ભિક્ષા આપી શકાય એવું નથી. દુખિયારાનું દુઃખ સાંભળવા કાન ધરવા અને શક્ય હોય તો એ સંકટ થોડું કાપવું એટલે કે ઓછું કરવું એ પણ ભિક્ષાનો ઉત્તમ પ્રકાર જ કહેવાય ને.

## दैनदिनी म्हणी

આજે આપણે સામાન્ય ચીજવસ્તુ રૂઢિપ્રયોગ અને કહેવતમાં વણાઈ જવાથી કેવા અર્થ ધારણ કરે છે એ વિશે જાણીએ. આજનો પહેલો પ્રયોગ છે **पगडा बसणे-पगडा पडणे।** પગડા એટલે ચોપાટમાં વપરાતી સોગઠી. અલબત્ત વાક્યમાં એનો વપરાશ અર્થ બદલી નાખે છે. **इंग्रेजी भाषेचे महत्व मान्य करुनही भारतीय भाषांवर तिचा पगडा बसणे योग्य नाही.** અંગ્રેજી ભાષાનું મહત્ત્વ જરૂર સ્વીકારીએ પણ ભારતીય ભાષા પર એ ભાષા પ્રભુત્વ જમાવે એવું ન થવું જોઈએ. બીજો પ્રયોગ છે **पगडी फिरविणे** પગડી એટલે પાઘડી. પગડી ફિરવીણે એટલે પાટલી બદલવી. રાજકારણ સંબંધિત વાતચીતમાં આ પ્રયોગનો વપરાશ બહોળો જોવા મળે છે. **काही वेळा निवडणूकात उमेदवार एका पक्षाच्या मतांवर निवडून येताच पगडी फिरवून दुसऱ्या पक्षात प्रवेश करतात.** ઘણીવાર ચૂંટણી પછી એક પક્ષના ટેકાથી જીતનાર ઉમેદવાર પાટલી બદલી બીજા પક્ષમાં જતો રહે છે. હવે અન્ય રૂઢિપ્રયોગો જાણીએ. **पदरचे घालणे** એટલે ખિસ્સાના પૈસા ઉમેરી રકમ ભરપાઈ કરવી. **भाऊनी दिलेल्या पैशात रेश्माने आपले पदरचे पैसे घालून स्वतःची इच्छापूर्ण केली।** ભાઈએ આપેલા પૈસામાં પાસે રહેલી રકમ ઉમેરીને રેશમાએ પોતાની ઈચ્છા પૂરી કરી. **पदरी घातली** એટલે સ્વાધીન કરવું અથવા કન્યા આપવી. **विवाह संबंध जुळवून त्याने मुलगी पदरात घातली.** યુવક યુવતીના ગુણ મળી ગયા એટલે તેમણે કન્યા વળાવવાની તૈયારી શરૂ કરી દીધી. **पदरात पडणे** એટલે ભાગે આવવું કે મળવું. **भावाला काही मिळाले नाही. सारे धन माझ्या पदरात पडले।** ભાઈને રાતી પાઈ મળી નહીં અને બધી મિલકત મારા ભાગે આવી.

કૅરિયર

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

# નોકરી શોધવા માટેનાં આ છે સ્માર્ટ સૂત્ર

'સ્માર્ટ' શબ્દ પાંચ અંગ્રેજી અક્ષરોથી બનેલો છે. તેનો પહેલો અક્ષર 'એસ' - 'સ્કિલ ફર્સ્ટ'નું પ્રતિનિધિત્વ કરે છે.

બીજો અક્ષર 'એમ' - 'માર્કેટ વિઝિબિલિટી' એટલે કે બજારમાં દેખાવાની વાત કરે છે. ત્રીજો અક્ષર 'એ' - 'એક્ટિવ નેટવર્કિંગ' એટલે કે સંપર્ક સાધવાની સક્રિય કળાને વ્યક્ત કરે છે. ચોથો અક્ષર 'આર' - 'રાઇટ ટાર્ગેટિંગ' એટલે કે સાચો લક્ષ્ય સાધવાને પ્રાથમિકતા આપે છે અને અંતિમ અક્ષર 'ટી' - 'ટેક અસિસ્ટેડ ટેક અપ્રોચ' એટલે કે ટેકનિકલ મદદ લેવાની વાત કરે છે. આનો અર્થ એ છે કે સ્માર્ટ શબ્દમાં જ નોકરી શોધવાનો સ્માર્ટ ફોર્મ્યુલા છુપાયેલો છે.

હકીકતમાં, ઝડપથી ડિજિટલાઇઝ થતી દુનિયા, ઓટોમેશન, રિમોટ વર્ક અને કૌશલ્ય-આધારિત ભરતી પ્રક્રિયાઓને કારણે, પરંપરાગત નોકરી શોધવાની પદ્ધતિઓ હવે અસરકારક રહી નથી. પરંપરાગત રીતે ક્યાંય તમારો બાયો ડેટા મોકલવો એ હવે નોકરી શોધવાની યોગ્ય રીત નથી. હવે તેના કરતાં કંઈક વધારે કરવું પડે છે. હવે તમારે યોગ્ય વ્યૂહરચના અને ડિજિટલ ઉપસ્થિતિની સાથે સાથે નેટવર્કિંગમાં પણ નિષ્ણાત બનવાની જરૂર છે.

આજનું જોબ માર્કેટ 'જ્યાં ચાહ, ત્યાં રાહ' જેવું નથી, પરંતુ 'જ્યાં કુશળતા, ત્યાં તક' જેવું બની ગયું છે. આવી સ્થિતિમાં, તમારે ખૂબ જ સ્માર્ટ રીતે તે જગ્યાઓ પર તમારી હાજરી સુનિશ્ચિત કરવી પડશે, જ્યાં તમારી કુશળતાની જરૂર છે. તેથી, નોકરી શોધવાનો આજનો આ પહેલો મંત્ર છે.

**કૌશલ્ય આધારિત તૈયારી**

જેમ આપણે બધા જાણીએ છીએ, એકવીસમી સદીના આ ત્રીજા દાયકામાં, કંપનીઓ માટે ઉમેદવારની કુશળતા તેમની ડિગ્રી કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. તેથી, જો તમે નોકરી શોધી રહ્યા છો, તો લિંકડીન ફ્યુચર ઑફ સ્કીલ્સ રિપોર્ટ ૨૦૨૪ને ધ્યાનમાં રાખો, જે જણાવે છે કે આજે ૬૫% કંપનીઓ ડિગ્રી કરતાં કુશળતાને પ્રાથમિકતા આપે છે. જો કુશળતા તેમના મનપસંદની હોય, તો તેઓ પરવાહ નથી કરતા કે તમારી પાસે કઈ ડિગ્રી છે કે નથી? સવાલ એ છે કે આવી સ્થિતિમાં તમારે શું કરવું જોઈએ?

તમે જે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનું વિચારી રહ્યા છો તેમાં ૧૦ મુખ્ય કુશળતા ઓળખો અને સ્વયંને ઓછામાં ઓછું એકમાં નિપુણ બનાવો.

હકીકતમાં, દર ત્રણ મહિને એક નવું કૌશલ્ય અથવા એડવાન્સ કૌશલ્ય પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખો, જેથી તમે જરૂરિયાત મુજબ સ્કિલ લિટરેટ રહેશો.

હંમેશાં પ્રોજેક્ટ આધારિત શિક્ષણને મહત્ત્વ આપો અને નોકરીની ભૂમિકા મુજબ તમારી સ્કિલને સતત અપડેટ કરો. ઉદાહરણ તરીકે,

-જો તમે માર્કેટિંગમાં છો, તો પરફોર્મન્સ માર્કેટિંગ એઆઇ ટૂલ્સ પર મજબૂત પકડ મેળવો.

-જો તમે ફાઇનાન્સ ક્ષેત્રમાં કાર્યરત છો, તો ફાઇનાન્સિયલ મૉડેલિંગ ડેટા ટૂલ્સ પર તમારી કુશળતાને મજબૂત બનાવો.

-જો તમે હેલ્થ કેરના ક્ષેત્રમાં છો, તો તમારે ડિજિટલ રેકોર્ડિંગ, ટેલિકેર જેવી કુશળતામાં નિપુણ હોવું જોઈએ.

-જો તમે આઇટી/ટેક ઇન્ડસ્ટ્રીમાં કારકિર્દી બનાવી રહ્યા છો, તો તમારે ક્લાઉડ સાયબર સિક્યુરિટી ઓટોમેશન વગેરેમાં ટ્રેન્ડિંગ હોવું જોઈએ.■

**શિંદેનો બાર્ગેનિંગ પાવર વધ્યો**

# મેયર માટે અઢી-અઢી વર્ષનો શિંદેનો પ્રસ્તાવ, પણ ભાજપનું મૌન

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં સૌથી વધુ બેઠક જીત્યા પછી ભાજપે હવે મુંબઈના મેયર પદ માટેની રણનીતિ બનાવવાની શરૂઆત કરી છે. જોકે ભાજપને સત્તા સુધી પહોંચાડવામાં શિંદેસેનાનો મહત્ત્વનો ફાળો હોવાથી એકનાથ શિંદેનો બાર્ગેનિંગ પાવર વધ્યો હોવાનું કહેવાય છે. શિંદે દ્વારા અઢી-અઢી વર્ષના મેયર માટે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, પણ ભાજપે આ મામલે હજુ સુધી મૌન સેવ્યું છે. આ વાતને લઈ બન્ને પક્ષમાં નારાજગીનું નાટક રચાવાની શક્યતા નકારી શકાય નહીં.

મુંબઈ મહાપાલિકાની ચૂંટણીમાં ભાજપ-શિવસેનાની યુતીએ ૧૧૮ બેઠક પર વિજય મેળવ્યો છે, જેમાંથી ભાજપની ૮૯ સીટ છે. ચૂંટણીમાં શિંદેસેનાને ૨૯ બેઠક મળી હોવા છતાં ભાજપને સત્તા નજીક લઈ જવામાં તેમનો સિંહફાળો હોવાનું શિવસૈનિકો માને છે. પરિણામે મુંબઈનું મેયર પદ શિવસેનાને ભાગે જવું જોઈએ, એવી માગણી થઈ રહી છે.

બીજી બાજુ, ચૂંટણીમાં ભાજપ મોટો ભાઈ સાબિત થયો હોવાથી મેયર તેમનો બેસાડવાનો આગ્રહ સેવાઈ રહ્યો છે. આ બાબતે ભાજપમાં વિચારમંથન શરૂ છે. મુંબઈનો મેયર હિન્દુ મરાઠી હશે, એવું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અગાઉ જાહેરમાં કહ્યું છે.

ભાજપની સાથે એકનાથ શિંદે જૂથના કાર્યકરો પણ મેયર પદ માટે દાવો કરી રહ્યા છે. પરિણામે શિંદેએ અઢી-અઢી વર્ષ મેયર પદ વહેંચી લેવાનો પ્રસ્તાવ મૂક્યો હોવાનું જાણવા મળે છે. જોકે આ માટે ભાજપના વરિષ્ઠ નેતાઓ તૈયાર થશે કે નહીં, એ મોટો પ્રશ્ન છે. હાલમાં તો ભાજપ દ્વારા આ અંગે કોઈ નિવેદન કરાયું નથી, પરંતુ અત્યારે બધાની નજર લૉટરી પર ટકેલી છે.

રાજ્યના નગર વિકાસ મંત્રાલય દ્વારા બીએમસી અને બાકીની મહાપાલિકાના મેયર પદની ચૂંટણી માટે આરક્ષણની લૉટરી કાઢવામાં આવશે. લૉટરી પદ્ધતિથી ચિઠ્ઠી ફેંકીને આનો નિર્ણય લેવામાં આવશે. આવતા સપ્તાહે થનારી આ લૉટરી મેયર જનરલ કૅટેગરી કે રિઝર્વ ક્વોટાનો હશે એ માટે થશે. જોકે એક શક્યતા એવી પણ વ્યક્ત કરાઈ રહી છે કે મુંબઈનું

(જુઓ પાનું ૪) ▸▸



**આતુરતાઃ...** ૨૨મી જાન્યુઆરી, ગુરુવારથી માઘી ગણેશોત્સવ શરૂ થઈ રહ્યો છે ત્યારે મુંબઈના એક વર્કશોપમાંથી ગણેશજીની ભવ્ય પ્રતિમા પંડાલ સુધી લઈ જવાઈ હતી. (પીટીઆઈ)

### પડદા પાછળ કંઈક રંધાઈ રહ્યું છે?

## ઈશ્વરની ઈચ્છા હશે તો મુંબઈમાં અમારો મેયર હશેઃ ઉદ્ધવે સસ્પેન્સ વધાર્યું

મુંબઈઃ પોતાની મદદ વિના મુંબઈમાં ભાજપનો મેયર નહીં બની શકે એ સ્પષ્ટ થતાં એકનાથ શિંદેની શિવસેનાએ રાજકીય ચાલાકીનો ઉપયોગ કરીને રમત રમી છે. ૨૦૧૯ માં મુખ્ય પ્રધાન પદ અંગે થયેલા મહાભારત પછી હવે મેયર પદ પરથી મહાભારત થવાની શક્યતા ઉભી થઈ છે. આ પરિસ્થિતિમાં શિવસેના પક્ષના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ પણ રાજકીય યુક્તિઓ રમવાનું શરૂ કરી દીધું છે. મુંબઈનો મેયર અમારો હોય એવું ઉદ્ધવનું સ્વપ્ન છે. જોકે, હકીકત એ છે કે શિવસેનાનો મેયર બની શકે એટલું સંખ્યાબળ તેમની પાસે નથી, પરંતુ જો ઈશ્વરની ઈચ્છા હશે તો મેયર આપનો હશે એમ જણાવી ઉદ્ધવ ઠાકરેએ મેયર પદ અંગે સસ્પેન્સ વધાર્યું છે. તેમના નિવેદન પછી હાજર શિવસૈનિકો અને પદાધિકારીઓએ તાળીઓ પાડી અને શિવસેનાના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા.

મુંબઈ મહાનગરપાલિકાના નવા ચૂંટાયેલા નગરસેવકો શનિવારે બપોરે ઉદ્ધવ ઠાકરેને તેમના માતોશ્રી નિવાસસ્થાને મળ્યા હતા. ઉદ્ધવે નગરસેવકોને માર્ગદર્શન આપી તેમની સાથે ચર્ચા કરી હતી.ચર્ચા કર્યા પછી માતોશ્રીની બહાર એકઠા થયેલા સમર્થકોને સંબોધિત કર્યા હતા.

મુંબઈમાં કોઈ પણ પક્ષ બહુમતી નથી મેળવી શકયો. પરિણામે મુંબઈ નગરપાલિકામાં સત્તા બનાવવા માટે તેને ગઠબંધન બનાવવું પડશે. આ

(જુઓ પાનું ૪) ▸▸

### ભાજપ વિના શિંદેસેના નબળી?

## યુતીવાળી મહાપાલિકામાં સારો દેખાવ, પણ જ્યાં એકલી લડી ત્યાં હાંજા ગગડ્યા

મુંબઈઃ એશિયાની સૌથી શ્રીમંત મુંબઈ મહાનગરપાલિકા પર છેલ્લાં પચીસ વર્ષથી વર્ચસ જમાવનારી ઠાકરેની સત્તાને ભાજપ અને શિંદેસેનાની યુતીએ માત આપી છે. મુંબઈમાં ભાજપનો ભગવો ફરકાવવામાં શિંદેસેનાનો સાથ મહત્ત્વનો સાબિત થયો હોવા છતાં આ ચૂંટણીમાં શિંદેસેના મોટા પક્ષ તરીકે ઊભરી ન હોવાનું ચિત્ર સામે આવી રહ્યું છે. જે મહાપાલિકામાં ભાજપ સાથે યુતીમાં શિંદેસેના લડી છે ત્યાં તેની નોંધપાત્ર કામગીરી રહી છે, પણ જ્યાં એકલી લડી છે ત્યાં શિંદેસેનાના હાંજા ગગડી ગયા હોવાનું નજરે પડે છે.

રાજ્યમાં મુંબઈ સહિત ૨૯ મહાપાલિકાની ચૂંટણી ગુરુવારે થઈ અને શુક્રવારે તેનાં પરિણામ પણ આવી ગયાં. પરિણામ જોતાં શિંદેસેનાનો મતદારો પર કેટલો પ્રભાવ રહ્યો તે પણ સ્પષ્ટ થઈ ગયું છે. આ ચૂંટણીમાં ભાજપ અને શિંદેસેનાની યુતી મુંબઈ, થાણે, કલ્યાણ-ડોમ્બિવલી પૂરતી મર્યાદિત રહી હતી, જ્યારે નવી મુંબઈ, મીરા-ભાયંદર, વસઈ-વિરાર જેવી પ્રમુખ મહાપાલિકામાં ભાજપે શિંદેનો સાથ છોડ્યો હતો. છત્રપતિ સંભાજીનગરમાં તો છેક ચૂંટણી પહેલાં જ ભાજપ-શિંદેસેનાની યુતી તૂટી હતી. ત્યાં પણ શિંદેસેના કંઈ ખાસ ઉકાળી શકી નથી. મુંબઈ

(જુઓ પાનું ૪) ▸▸

### કૅબિનેટમાં ૧૦ મોટા નિર્ણય

## પોલીસ કર્મચારીઓ માટે ઘર, અટલ સેતુ ટોલમાં વધુ એક વર્ષ રાહત

મુંબઈઃ રાજ્ય સરકારના પ્રધાન મંડળની બેઠક ૧૭ જાન્યુઆરીએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાઈ હતી. પ્રધાન મંડળની બેઠકમાં ૧૦ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. એમાં અટલ બિહારી વાજપેયી શિવડી - ન્હાવાશેવા અટલ સેતુના ટોલમાં વધુ એક વર્ષ માટે છૂટ આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

**પ્રધાનમંડળના નિર્ણયો**

- નાણા અને સંખ્યા નિયામકની એક હજાર ૯૦૧ જગ્યાની રચનાને મંજૂરી તેમજ નાણા અને સંખ્યા કમિશનર કાર્યાલય તરીકે નિયામકના કાર્યાલયના નામને મંજૂરી. જિલ્લા આયોજન સમિતિઓ, સંયુક્ત કમિશનર (આયોજન), વિભાગીય કમિશનર કાર્યાલય, માનવ વિકાસ કાર્યક્રમ, વૈધાનિક વિકાસ મંડળ, યાત્રાધામ વિકાસ કાર્યક્રમ, નક્સલવાદ સ્પેશિયલ એક્શન પ્લાન વિભાગના કાર્યાલય માટે જરૂરી અધિકારીઓ અને કર્મચારીઓની સુધારિત રચના. (આયોજન વિભાગ)
- અટલ બિહારી વાજપેયી શિવડી - ન્હાવાશેવા અટલ સેતુના ટોલ ચાર્જમાં વધુ એક વર્ષની છૂટ આપવાનો કેબિનેટનો નિર્ણય. વાહન માલિકોને રાહત (શહેરી વિકાસ વિભાગ)
- મુંબઈ શહેર પરિવહન પ્રોજેક્ટ ફેઝ-૨ (એમયુટીપી -૨) માટે સુધારિત ખર્ચ અને સરકારી હિસ્સા માટે મંજૂરી. (શહેરી વિકાસ વિભાગ)
- પદ્માવતી દેવી મંદિર માટે તિરુપતિ દેવસ્થાનમને ઉલવેમાં જમીનના ચાર્જમાં માફી (શહેરી વિકાસ વિભાગ)

(જુઓ પાનું ૪) ▸▸

### બંને નાયબ મુખ્ય પ્રધાન નારાજ? કૅબિનેટમાં ગેરહાજર

રાજ્યમાં મહાનગરપાલિકા ચૂંટણીના પરિણામો શુક્રવારે જાહેર થયા. મુંબઈ સહિત રાજ્યની મોટાભાગની મહાનગર પાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીએ ભગવો લહેરાવ્યો છે. આવી સ્થિતિમાં, હવે મહાનગરપાલિકાના પરિણામો પછી મહાયુતિમાં અણબનાવ ચાલી રહ્યા હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે. અજિત પવાર હાલ બારામતીમાં છે, જ્યારે એકનાથ શિંદે થાણેમાં જ છે. બંને નાયબ મુખ્ય પ્રધાનોને મુંબઈ આવવાની ઇચ્છા ન હોય એવુ લાગી રહ્યું છે. મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ રાજ્યપ્રધાન મંડળની યોજાયેલી બેઠકમાં બંને નાયબ મુખ્ય પ્રધાન ગેરહાજર રહ્યા હોવાનું જોવા મળ્યું હતું.

પરિણામો પછી શું બંને નાયબ મુખ્ય પ્રધાન નારાજ છે? એવો પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે. બીજી તરફ મુંબઈ સિવાય અન્ય સ્થળોએ ભાજપને કરણે શિવસેનાને મોટો ફટકો પડ્યો હોવાનું જોવા મળ્યું હતું. ■

## મુંબઈ મહાનગરપાલિકામાં ભૂતપૂર્વ નગરસેવકોનું કમ-બેક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજકીય પાર્ટીઓના અનેક મજબુત ગણાતા ઉમેદવારોને હારનો સામનો કરવો પડયો છે ત્યારે વર્ષોથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા અનેક અનુભવી ભૂતપૂર્વ નગરસેવકો ફરી ચૂંટણીના મેદાનમાં ઉતર્યા હતા, જેને કારણે ૨૦૨૬ની ચૂંટણીનો જંગ રાજકીય પક્ષોના જ નહીં પણ બાજુએ કરી દેવાયેલા નેતાઓ માટે પણ અસ્તિત્વ ટકાવી રાખવાનો જંગ સાબિત થયો હતો.

દેશની સૌથી શ્રીમંત ગણાતી મુંબઈ મહાનગરપાલિકામાં મુખ્ય રાજકીય પક્ષોએ મોટાભાગને જાણીતા ચહેરાઓને જ મેદાનમાં ઉતાર્યા હતા, જેમાં ૨૦૧૭માં ચૂંટાયેલા નગરસેવકો તેમના પાર્ટનર , બાળકો અને નજીકના સંબંધીઓ વગેરેનો સમાવેશ થાય છે. રાજકીય પક્ષોની આ રણનીતિ તેમને માટે ફાયદાકારક સાબિત થઈ હોવાનું ચૂંટણીના રિઝલ્ટ પરથી જણાઈ આવ્યું

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈમાં આવતા અઠવાડિયે ૪૪ કલાક માટે પાણીપુરવઠાને અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મેટ્રો લાઈન 'સેવન-એ' પ્રોજેક્ટના કામ માટે ૨,૪૦૦ મિલીમીટર વ્યાસની અપર વૈતરણાની મુખ્ય પાઈપલાઈનનો અમુક ભાગ ડાઈવર્ટ કરવામાં આવ્યો છે. આ ભાગમાં ક્રોસ કનેક્શનનું કામ આવતા મંગળવારથી ગુરુવાર સવાર સુધી હાથ ધરવામાં આવવાનું છે. આ કામ લગભગ ૪૪ કલાક ચાલવાનું હોવાથી ધારાવી, અંધેરી, સાંતાક્રુઝ, વિક્રોલી, ઘાટકોપર અને ભાંડુપના અમુક વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે તો અમુક જગ્યો ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ ૨૦ જાન્યુઆરી, મંગળવારના સવારના નવ વાગ્યાથી ગુરુવાર, ૨૨ જાન્યુઆરીના વહેલી સવારના પાંચ વાગ્યા સુધી જે મેઈન પાઈપલાઈનને વાળવામાં આવી છે, તેનું ક્રોસ

(જુઓ પાનું ૪) ▸▸

## મધ્ય રેલવેમાં આજે મેગા બ્લોક

મુંબઈઃ મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝનમાં એન્જિનિયરિંગ અને જાળવણીના કામો હાથ ધરવા માટે રવિવારે મેગા બ્લોક રહેશે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ - વિદ્યાવિહાર સ્ટેશનો વચ્ચે અપ અને ડાઉન સ્લો લાઇન પર બ્લોક લેવામાં આવશે અને બ્લોક સમયગાળા દરમિયાન મસ્જિદ, સેન્ડહર્સ્ટ રોડ, ચિંચપોકલી, કરી રોડ અને વિદ્યાવિહાર સ્ટેશનો પર ફાસ્ટ લાઇન માટે પ્લેટફોર્મ ન હોવાથી લોકલ સ્ટોપ રદ કરવામાં આવશે.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી સવારે ૧૦.૪૮ થી બપોરે ૩.૪૫ વાગ્યા સુધી ઉપડતી ડાઉન સ્લો લાઇન પરની લોકલ ટ્રેનોને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને વિદ્યાવિહાર સ્ટેશનો વચ્ચે ડાઉન ફાસ્ટ લાઇન પર વાળવામાં આવશે. આ લોકલ ટ્રેનો ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, શિવ અને કુર્લા સ્ટેશનો પર ઉભી રહેશે. બાદમાં, તેમને ફરીથી ડાઉન સ્લો લાઇન પર વાળવામાં આવશે. ઘાટકોપરથી સવારે ૧૦.૧૯ થી બપોરે ૩.૫૨ વાગ્યા સુધી ઉપડતી અપ સ્લો લાઇન પરની લોકલ ટ્રેનોને વિદ્યાવિહાર અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ વચ્ચે અપ ફાસ્ટ લાઇન પર વાળવામાં આવશે. આ લોકલ

(જુઓ પાનું ૪) ▸▸

## પહેલી એપ્રિલથી ટોલ પ્લાઝા પર 'નો કૅશ'!

### ફક્ત ફાસ્ટેગ અને યુપીઆઇ જ ચાલશે

મુંબઈઃ દેશભરના નેશનલ હાય-વે પર મુસાફરી કરતા વાહનચાલકો માટે કેન્દ્ર સરકાર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આગામી પહેલી એપ્રિલ, ૨૦૨૬ થી દેશના તમામ ટોલ પ્લાઝા સંપૂર્ણપણે 'કેશલેસ' થઈ જશે. આનો અર્થ એ છે કે, ૧ એપ્રિલ પછી ટોલ ભરવા માટે રોકડ રકમ સ્વીકારવામાં આવશે નહીં. મુસાફરો માટે માત્ર ફાસ્ટેગ અને યુપીઆય એમ બે જ વિકલ્પો ઉપલબ્ધ રહેશે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, માનવ હસ્તક્ષેપ ઘટાડવા અને ટ્રાફિકની ભીડ ઓછી કરવા માટે ટોલ પ્લાઝા પર 'કેશ લેન' સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી ટોલ પ્લાઝા પર ઓછામાં ઓછી એક લેન રોકડ ચુકવણી માટે ખુલ્લી રાખવામાં આવતી હતી, જે હવે કાયમી ધોરણે બંધ થઈ જશે.

(જુઓ પાનું ૪) ▸▸

## બોરીવલીની જ્વેલરી શૉપમાંથી ૬.૮૦ કરોડના દાગીનાની ચોરી

### બે સેલ્સમેન વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીમાં બનેલી આંચકાજનક ઘટનામાં જ્વેલરી શૉપના બે સેલ્સમેને જ અંદાજે ૬.૮૦ કરોડ રૂપિયાના સોના-હીરાના દાગીના ચોર્યા હતા. દુકાનમાલિકે નોંધાવેલી ફરિયાદને આધારે એમએચબી કૉલોની પોલીસે ગુનો નોંધી બન્ને સેલ્સમેનની શોધ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર બન્ને આરોપીની ઓળખ રાજસ્થાનના વતની પ્રભુ સિંહ અને નારાયણ સિંહ તરીકે થઈ હતી. ઘટના પ્રકાશમાં આવી ત્યારથી બન્ને ફરાર થઈ ગયા હતા. પોલીસને શંકા છે કે બન્ને તેમના વતન રાજસ્થાન ગયા હશે. પોલીસની બે ટીમ આરોપીની શોધમાં રાજસ્થાન રવાના કરાઈ હતી.

બોરીવલીના ચિકુવાડી વિસ્તારમાં રહેતા દુકાન માલિક રાકેશ પોરવાલે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું હતું કે ચોરીની ઘટના મંગળવારની રાતે ૧૦.૩૦થી બુધવારની બપોરે દોઢ વાગ્યા દરમિયાન બની હતી. રાજસ્થાનના રાજસમદ જિલ્લામાં રહેતા અને દુકાનમાં સેલ્સમેન તરીકે કામ કરતા પ્રભુ સિંહ અને નારાયણ સિંહ રાતે કામ પત્યા પછી નજીકની લોજમાં જમીને દુકાનમાં જ સૂઈ જતા હતા.

દુકાનમાં દિવસ દરમિયાન વેચાણ માટે રાખવામાં આવેલા સોના-ચાંદી અને ડાયમંડના દાગીના રાતે દુકાન બંધ કરવા પહેલાં લોખંડની તિજોરીમાં મૂકી દેવામાં આવતા હતા. દુકાનમાં જ અંદરના ભાગમાં આવેલી નાની રૂમમાં આ તિજોરી રાખવામાં આવી હતી. બન્ને કર્મચારી પર ભરોસો હોવાથી તિજોરીની જવાબદારી ઝવેરીએ તેમને સોંપી હતી. ફરિયાદ અનુસાર મંગળવારની રાતે એક ગ્રાહક મોડો આવતાં દુકાન બંધ કરવામાં મોડું થયું

(જુઓ પાનું ૪) ▸▸

## પાલિકાની ચૂંટણીમાં અજિતની રાષ્ટ્રવાદી કરતા મનસેનો સ્ટ્રાઈક રેટ વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં બહુમતી મેળવીને નંબર વન બની રહેલી ભાજપનો સ્ટ્રાઈક રેટ પણ સૌથી વધુ રહ્યો છે. તો ભાજપ બાદ સૌથી વધુ બેઠકો મેળવનારી શિવસેના (યુબીટી) નો સ્ટ્રાઈક રેટ બીજા નંબર રહ્યો છે. તો અજિત પવારની રાષ્ટ્રવાદી કરતા પણ વધુ મત મનસેને મળ્યા છે.

મુંબઈ મહાનગરપાલિકામાં ૨૫ વર્ષ સુધી શાસન કરનારા ઠાકરે પરિવારના એકહથ્થુ શાસનને ખતમ કરીને ભાજપે પાલિકા પર વર્ચસ્વ સ્થાપી દીધું છે. ચૂંટણીમાં ૮૯ સીટ મેળવનારી ભાજપની તરફેણમાં ૨૧.૫૮ ટકા મતદાન થયું છે. તો ૬૫ સીટ સાથે બીજા નંબરે રહેલી ઉદ્ધવની શિવસેનાને ચૂંટણીમાં ૧૩.૧૩ ટકા મત મળ્યા છે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં સત્તા મેળવવા માટે દરેક પક્ષે પોતાનું જોર લગાવ્યું હતું. મુંબઈ મહાનગરપાલિકામાં સત્તા મેળવવામાં પણ ભાજપ સફળ રહી છે. ભાજપ શિંદેની શિવસેના સાથે મેદાનમાં ઉતરી હતી. તો મહાવિકાસ આઘાડીમાં ઉદ્ધવની સેનાએ મનસે સાથે જોડાણ કરતા કૉંગ્રેસે તેમની સાથે જવાને બદલે મેદાનમાં

(જુઓ પાનું ૪) ▸▸

## મારું પોતાનું ગણિત ખોટું પડ્યું: હાર સ્વીકારી અજિત પવારે

મુંબઈઃ મહાનગરપાલિકાની ચૂંટણીમાં એનસીપીના બંને જૂથોને કોઈપણ મહાનગરપાલિકામાં સ્પષ્ટ બહુમતી મળી નથી. અજિત પવારે પુણે સહિત પિંપરી ચિંચવડમાં પોતાની પૂરી તાકાત લગાવી દીધી હતી.

અહીં તેમણે રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથ સાથે પણ ગઠબંધન કર્યું હતું, પરંતુ તેમને અપેક્ષિત સફળતા મળી શકી નહીં અને તેમનો મહાનગરપાલિકાની ચૂંટણીમાં કારમો પરાજય થયો. આ હાર પછી અજિત પવાર મીડિયાથી દૂર રહ્યા હતા, પરંતુ હવે પહેલી વાર તેમણે પુણે અને પિંપરી ચિંચવડ મહાનગરપાલિકામાં થયેલી હાર પર પ્રતિક્રિયા આપતા સ્વીકાર્યું કે તેમની આગાહી ખોટી હતી.

વધુમાં તેમણે આ બંને મહાનગરપાલિકામાં જીત બદલ ભાજપની પ્રશંસા કરી હતી. પિંપરી ચિંચવડમાં હાર વિશે પૂછવામાં

(જુઓ પાનું ૪) ▸▸

### મહાનગર પાલિકાની ચૂંટણીઓમાં પછડાટ, છતાં

## જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીમાં ફરી બંને એનસીપીનું જોડાણ

પુણેઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને તેમના કાકા શરદ પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ના જૂથો આગામી જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓ સાથે મળીને લડશે, એમ એનસીપી (એસપી) ના એક નેતાએ શનિવારે જણાવ્યું હતું.

પુણે મહાનગરપાલિકા ચૂંટણીમાં બંને એનસીપી જૂથને મળેલા કારમા પરાજય બાદ આ જાહેરાત કરવામાં આવી છે. પુણેમાં ભાજપે પવાર પરિવારને તેમના પરંપરાગત ગઢમાં ૧૧૯ બેઠકો જીતીને સ્તબ્ધ કરી દીધો હતો,. આ ચૂંટણીમાં અજિત પવારની આગેવાની હેઠળનો પક્ષ ૨૭ બેઠકો સાથે બીજા ક્રમે રહ્યો હતો અને તેના સાથી એનસીપી (એસપી) ફક્ત ત્રણ બેઠક જીતી શક્યો હતો. સંવાદદાતાઓ સાથે વાત કરતા એનસીપી (એસપી) મહારાષ્ટ્ર એકમના પ્રમુખ શશિકાંત શિંદેએ જણાવ્યું હતું કે પાંચમી ફેબ્રુઆરીએ યોજાનારી જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી માટે બંને જૂથોએ હાથ મિલાવવાનો નિર્ણય લીધો છે. મહાનગરપાલિકા ચૂંટણીમાં થયેલા પર આત્મનિરીક્ષણકરી ભાવિના આયોજન પર ધ્યાન આપવામાં આવશે. શિંદે પુણેના બારામતી તાલુકામાં એક કૃષિ પ્રદર્શનમાં પાર્ટીના વડા શરદ પવારને મળ્યા હતા. મહારાષ્ટ્રમાં ૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓની ચૂંટણી પાંચ ફેબ્રુઆરીએ યોજાશે અને મતગણતરી સાતમી ફેબ્રુઆરીએ કરવામાં આવશે. (પીટીઆઈ)■

### બીએમસી ચૂંટણીમાં કંગાળ દેખાવ

## કૉંગ્રેસના મુંબઈ એકમનાં અધ્યક્ષા વર્ષા ગાયકવાડના રાજીનામાની માગણી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે અત્યાર સુધીની સૌથી ઓછી બેઠક પર વિજય મેળવ્યાના એક દિવસ પછી શનિવારે તીવ્ર જૂથવાદ ઉભરી આવ્યો છે. નૈતિક ધોરણે શહેર એકમના પ્રમુખ વર્ષા ગાયકવાડના રાજીનામાની માગણી કરવામાં આવી છે.૨૦૧૭ની ૨૨૭ સભ્યોની મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે ૩૧ બેઠકો પર વિજય મેળવ્યો હતો જ્યારે આ વખતે સંખ્યા ઘટીને ૨૪ થઈ જવાથી વર્ષા ગાયકવાડની ટીકા થઈ રહી છે.કોંગ્રેસ ચૂંટણીમાં મહા વિકાસ આઘાડીના સાથીઓ સાથે જોડાણ કર્યું ન હતું. વંચિત બહુજન આઘાડી (વીબીએ), આરએસપી - રિવોલ્યુશનરી સોશિયાલિસ્ટ પાર્ટી અને રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા - આરપીઆઈ (ગવઈ) સાથે જોડાણ કરીને ૧૫૨ બેઠકો પર ચૂંટણી લડી હતી. જોકે સાથી પક્ષોને એક પણ બેઠક મળી ન હતી.■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# આજે ટીમ ઈન્ડિયા પરંપરા સાચવશે કે કિવી ક્રિકેટરો નવો ઈતિહાસ રચશે?

## ભારત સાત વર્ષથી ઘરઆંગણે વન-ડે શ્રેણી નથી હાર્યું, ન્યૂ ઝીલૅન્ડને ભારતમાં પહેલી વાર સિરીઝ જીતવાનો મોકો

ઇન્દોરઃ ભારતીય ક્રિકેટરો મધ્ય પ્રદેશમાં ઇન્દોર શહેરના હોલ્કર ક્રિકેટ સ્ટેડિયમમાં ૨૦૦૬થી અત્યાર સુધીમાં જે સાત વન-ડે રમ્યા છે એ સાતેય જીત્યા છે અને વધુ નવાઈની વાત એ છે કે છેલ્લા સાત વર્ષમાં (માર્ચ, ૨૦૧૯ બાદ) ભારતીય વન-ડે ટીમ ઘરઆંગણે ક્યારેય વન-ડે શ્રેણી હારી નથી, પરંતુ બીજી તરફ ન્યૂ ઝીલૅન્ડના ખેલાડીઓને આજે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) રમાનારી સિરીઝની નિર્ણાયક વન-ડે જીતીને ભારતની ધરતી પર પોતાના દેશ માટે નવો ઇતિહાસ રચવાનો સુવર્ણ મોકો છે.


વિરાટ કોહલી

### ટેસ્ટ પછી હવે વન-ડેમાં કિવીઓને મોકો

કિવીઓ ભારતમાં ક્યારેય દ્વિપક્ષી વન-ડે શ્રેણી નથી જીતી શક્યા. અત્યાર સુધીમાં ન્યૂ ઝીલૅન્ડના ખેલાડીઓ વન-ડે માટે (દ્વિપક્ષી શ્રેણીઓ તેમ જ ચાર વર્લ્ડ કપ માટે) કુલ મળીને ૧૬ વખત ભારતના પ્રવાસે આવ્યા છે, પરંતુ ક્યારેય છેલ્લે જીતીને પાછા નથી ગયા. ૨૦૨૪માં કિવીઓ પહેલી જ વખત ભારતની ધરતી પર ટેસ્ટ-શ્રેણી જીતવામાં (૩-૦થી) સફળ થયા હતા. હવે આ વખતે ભારતની ધરતી પર પહેલી વાર વન-ડે શ્રેણી જીતવાની પણ તેમને તક મળી છે. ત્રણ મૅચની વર્તમાન વન-ડે સિરીઝ ૧-૧થી બરાબરીમાં છે અને આજે નિર્ણાયક મૅચ રમાવાની છે. ભારતીયો છેલ્લે માર્ચ, ૨૦૧૯માં ઘરઆંગણે જે વન-ડે શ્રેણી હાર્યા હતા એમાં ઑસ્ટ્રેલિયાએ ૦-૨થી પાછળ રહ્યા બાદ જબરદસ્ત કમબૅક કરીને સિરીઝ ૩-૨થી જીતી લીધી હતી.

### ગંભીરની પણ આકરી કસોટી

બ્લૅક કૅપ્સ તરીકે ઓળખાતા ન્યૂ ઝીલૅન્ડના ક્રિકેટરો ૧૯૮૯ની સાલથી વન-ડે શ્રેણી માટે ભારત આવે છે, પણ ક્યારેય શ્રેણી નથી જીતી શક્યા. ભારતીય ટીમના હેડ-કોચ ગૌતમ ગંભીર માટે પણ આ કપરી કસોટી છે. ટેસ્ટ-ક્રિકેટમાં તેના કોચિંગમાં ટીમ ઇન્ડિયાની પડતી જોવા મળી છે, પરંતુ વાઇટ-બૉલ ક્રિકેટમાં ટીમ સારું પર્ફોર્મ કરી રહી છે એટલે આજે એ પ્રણાલી પણ શુભમન ગિલ ઍન્ડ કંપનીએ જાળવવાની છે.

### ફરી મિચલ-મૅજિક ન જ જોઈએ

રાજકોટમાં બીજી વન-ડેમાં ડેરિલ મિચલ (૧૩૧ અણનમ) ભારતને સૌથી વધુ ભારે પડ્યો હતો અને આજે ખાસ તેને કાબૂમાં રાખવો પડશે. વિશેષ કરીને ભારતની સ્પિન બોલિંગને તેણે નિષ્ફળ બનાવી નાખી હતી. બીજી બાજુ, ભારતીય બૅટ્સમેનોને હરીફ ટીમના સ્પિનર્સ સામે રમવામાં તકલીફ થતી જોવા મળી છે. બન્ને રીતે, ભારતીય ટીમ માટે આ ચિંતાનો વિષય છે.

### ફરી રો-કો શૉ જોવા મળશે?

ઇન્દોરમાં બે છેડાની બાઉન્ડરી લાઇન ટૂંકી છે અને અહીંની પિચ પર બોલર્સને ખાસ મદદ નથી મળતી. આ મેદાન પર ૩૫૦-પ્લસનો સ્કોર જરાય અશક્ય નથી. ત્રણ વર્ષ પહેલાં ન્યૂ ઝીલૅન્ડ સામે જ ભારતે ૩૮૫ રન કર્યા હતા. રોહિત અને કોહલી (રો-કો) આ સિરીઝ પછી વેકેશન પર ઊતરી જશે એટલે એ પહેલાં દમદાર પર્ફોર્મ કરવા કોઈ કસર બાકી નહીં રાખે. આ મૅચ બાદ ભારતની આગામી વન-ડે શ્રેણી છેક જુલાઈમાં (આઇપીએલ પછી) રમાશે એટલે રો-કો શૉ જોવા મળશે એવી સૌને ખાતરી હશે. રોહિત આ શ્રેણીમાં સારું નથી રમી શક્યો, પણ આજે ઇન્દોરના હજારો પ્રેક્ષકો તેના સુપર પર્ફોર્મન્સની આશા સાથે જ આવશે.

### ટીમને કઈ રીતે સંતુલિત બનાવી શકાશે?

ઈજાગ્રસ્ત વૉશિંગ્ટન સુંદરના સ્થાને આયુષ બદોનીને આ શ્રેણીની સ્ક્વૉડમાં સમાવાયો છે. જોકે આજે નીતીશકુમાર રેડ્ડીને જ રમવા મળશે કે બદોનીને આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરવાની તક મળશે એ જોવું રહ્યું. ધ્રુવ જુરેલ પણ સ્ક્વૉડમાં છે અને તેણે પણ ઇન્દોર આવ્યા બાદ ઘણી બૅટિંગ-પ્રૅક્ટિસ કરી છે. બોલિંગની વાત કરીએ તો અર્શદીપ સિંહને આ શ્રેણીમાં નથી રમાડવામાં આવ્યો એની પણ ચર્ચા થઈ રહી છે.

નવા બૉલથી સારા સ્વિંગ કરવાની, મોટા ભાગે સ્ટમ્પ્સને જ નિશાન બનાવવાની અને ડેથ ઓવર્સમાં યૉર્કરથી બૅટ્સમૅનને તકલીફમાં મૂકી દેવાની આવડત હોવા છતાં અર્શદીપ સિંહને આ સિરીઝમાં રમવાનો મોકો નથી અપાયો. આજની નિર્ણાયક મૅચમાં તેને રમાડવામાં આવે એવી સંભાવના છે, કારણકે તેના સમાવેશથી મધ્યની ઓવર્સમાં સ્પિનર્સ પરથી બોજ હળવો થઈ શકે.

### બન્ને દેશની સંભવિત પ્લેઇંગ-ઈલેવન

**ભારતઃ** શુભમન ગિલ (કૅપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, કે. એલ. રાહુલ (વિકેટકીપર), શ્રેયસ ઐયર, નીતીશકુમાર રેડ્ડી/આયુષ બદોની, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ ક્રિષ્ના/અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ.

**ન્યૂ ઝીલૅન્ડઃ** માઇકલ બ્રેસવેલ (કૅપ્ટન), મિચલ હે (વિકેટકીપર), ડેવૉન કૉન્વે, હેન્રી નિકલ્સ, વિલ યંગ, ડેરિલ મિચલ, ગ્લેન ફિલિપ્સ, ક્રિસ્ટિયન ક્લાર્ક, કાઇલ જૅમીસન, ઝૅક ફૉક્સ, આદિત્ય અશોક/જેડન લેનોક્સ. ■

# સિરાજે જાડેજા વિશે કહ્યું, 'ચિંતા કરવાની કોઈ જરૂર નથી'



ઇન્દોરઃ લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાએ છેલ્લી ૧૦ મૅચની ૧૨ ઇનિંગ્સમાં બોલિંગમાં એકંદરે નિરાશાજનક પર્ફોર્મ કર્યું છે એટલે સ્વાભાવિક રીતે ટીમ ઇન્ડિયાને તેમ જ જાડેજાના અસંખ્ય ચાહકોને ચિંતા થાય, પરંતુ તેના જ સાથી ખેલાડી મોહમ્મદ સિરાજે આ ચિંતા દૂર કરી આપતાં નિવેદનો આપ્યાં છે. જાડેજાબાપુએ બે વર્ષથી ટી-૨૦ આંતરરાષ્ટ્રીયને ગુડબાય કરી દીધી છે. તેણે ટેસ્ટ તથા વન-ડે મળીને છેલ્લી ૧૨ ઇનિંગ્સમાં કુલ મળીને ફક્ત ૧૫ વિકેટ લીધી છે. આ ૧૨ દાવમાં તેની હાફ સેન્ચુરી પણ માત્ર બે છે. ન્યૂ ઝીલૅન્ડ સામેની પહેલી બન્ને વન-ડેમાં તેને એક પણ વિકેટ નહોતી મળી. આ બે વન-ડેમાં અનુક્રમે ૫૬ રન અને ૪૪ રનના ખર્ચે પણ તે વિકેટ લેવામાં નિષ્ફળ રહ્યો હતો. એ પહેલાં, ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામેની સિરીઝની ત્રણ મૅચમાં તે એક જ બૅટ્સમૅનને પૅવિલિયન ભેગો કરી શક્યો હતો.

પેસ બોલર સિરાજે રવિવારે ઇન્દોરમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાનારી શ્રેણીની અંતિમ વન-ડે પહેલાંની પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે 'જાડેજાના ફૉર્મ વિશે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. માત્ર એક વિકેટનો સવાલ છે. તે એક વિકેટ લેશે એટલે તેની બોલિંગમાં મોટું પરિવર્તન જોવા મળશે.' ટેસ્ટના ઑલરાઉન્ડર્સમાં જાડેજા વર્લ્ડ નંબર-વન છે. તે હાલમાં ફૉર્મમાં નથી એમ છતાં તેનો વન-ડે રેકૉર્ડ બહુમૂલ્ય છે. તેણે ૨૦૯ વન-ડેમાં ૨,૯૦૦થી પણ વધુ રન કર્યા છે અને ૨૩૨ વિકેટ લીધી છે. ■

**બહુમૂલ્ય ટ્રોફી કોનીઃ** મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ ખાતે ગઈ કાલે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી પ્રદર્શન માટે મૂકવામાં આવી ત્યારે કેટલીક પર્યટકોએ એની નજીક ઊભા રહીને પોઝ આપ્યો હતો. આ વિશ્વ કપ ફેબ્રુઆરી-માર્ચમાં ભારત તથા શ્રીલંકામાં રમાવાનો છે. (પીટીઆઇ)



# ભારતે બાંગ્લાદેશને આપી પછડાટ

બુલવૅયોઃ અહીં અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતે શનિવારે કટ્ટર હરીફ બાંગ્લાદેશને ૧૮ રનના માર્જિનથી હરાવી દીધું હતું. ગ્રૂપ-બીમાં ભારત ચાર પૉઇન્ટ સાથે મોખરે છે. ભારતે બૅટિંગ મળ્યા બાદ વૈભવ સૂર્યવંશી (૭૨ રન, ૬૭ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) અને વિકેટકીપર અભિજ્ઞાન કુન્ડુ (૮૦ રન, ૧૧૨ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)ના મોટા યોગદાનોની મદદથી ૨૩૮ રન કર્યા હતા. ભારતીય ટીમ ૪૮.૪ ઓવરમાં ઑલઆઉટ થઈ હતી. જોકે વરસાદ અને બૅડ લાઇટના વિઘ્નને કારણે બાંગ્લાદેશને ડકવર્થ/લુઇસ મેથડ અનુસાર ૨૯ ઓવરમાં ૧૬૫ રનનો લક્ષ્યાંક મેળવવા જણાવાયું હતું. ૧૦૬ રનમાં બાંગ્લાદેશની માત્ર બે વિકેટ પડી હતી એટલે ભારતના પરાજયની થોડી સંભાવના હતી, પરંતુ ૧૦૬ રનના સ્કોર પર ધબડકો શરૂ થયો હતો અને થોડા-થોડા રનના અંતરે વિકેટ પડતી ગઈ હતી અને છેવટે આખી ટીમ ૨૮.૩ ઓવરમાં ૧૪૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. વિહાન મલ્હોત્રાએ સૌથી વધુ ચાર વિકેટ મેળવી હતી. એક ખેલાડીને અમદાવાદના વેદાંત ત્રિવેદી અને કુન્ડુએ રનઆઉટ કર્યો હતો. વૈભવે સમિઉન બશીરનો કૅચ બાઉન્ડરી લાઇનને લગોલગ પહોંચ્યા બાદ બૉલ હવામાં ઉછાળીને લાઇનની બહાર ગયા પછી ફરી અંદર આવીને ઝીલી લીધો હતો. ■

# આજે મુંબઈ મૅરથનના સ્પર્ધકો પહેલી વખત કોસ્ટલ રોડ પરથી દોડશે

## રેલવેની વિશેષ ટ્રેન-સેવા




મુંબઈઃ ટાટા મુંબઈ મૅરથન (ટીએમએમ)ની આજે વિક્રમજનક પહેલી સીઝન છે જેમાં કુલ ૬૯,૦૦૦થી પણ વધુ લોકો ભાગ લેશે. મુંબઈ ઉપરાંત મુંબઈની બહારથી તેમ જ ગુજરાત સહિત બીજા રાજ્યોમાંથી તેમ જ વિદેશથી પણ સ્પર્ધકો આ વર્લ્ડ ઍથ્લેટિક્સ ગોલ્ડ લેબલ રેસમાં ભાગ લેવા આવ્યા છે. આજે વહેલી સવારે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતેથી મૅરથનને ફ્લૅગ-ઑફ કરવામાં આવશે. ૨૦૨૪માં બનેલા અને બાંદરા-વરલી સી લિન્ક સાથે જોડાયેલા કોસ્ટલ રોડ પરથી પહેલી વાર મુંબઈ મૅરથનના સ્પર્ધકો દોડતા જોવા મળશે. ફુલ મૅરથનમાં ૧૪,૦૫૯ રનર, હાફ મૅરથનમાં ૧૬,૩૬૯ રનર, ઓપન ૧૦-કેમાં ૮,૭૨૯ રનર, સિનિયર સિટિઝન્સ રેસમાં ૨,૨૧૯ રનર, દિવ્યાંગોની કૅટેગરીમાં ૧,૧૪૦ રનર તેમ જ ડ્રીમ રનમાં ૨૭,૪૫૩ રનર તથા અન્ય સ્પર્ધકો ભાગ લેશે.

વહેલી સવારે સ્પર્ધકો સહિતના લોકોને સુવિધા મળી રહે એ હેતુથી પશ્ચિમ રેલવેએ ગઈ કાલે રાત્રે મધરાત બાદ ૨.૧૫ વાગ્યાની વિરાર-ચર્ચગેટની, ૩.૦૫ વાગ્યાની બોરીવલી-ચર્ચગેટની અને ૩.૦૦ વાગ્યાની ચર્ચગેટ-બાંદરાની વધારાની ટ્રેનની વ્યવસ્થા રાખી હતી. સેન્ટ્રલ રેલવેએ મધરાત બાદ ૨.૩૦ વાગ્યાની કલ્યાણ-ચર્ચગેટની સ્પેશ્યલ ટ્રેન-સેવા રાખી હતી. હાર્બર લાઇનમાં મધરાત બાદ ૨.૨૫ વાગ્યાની પનવેલ-સીએસટીની ખાસ ટ્રેન દોડાવવામાં આવી હતી. ■

# સ્ટીવ સ્મિથ જાણી જોઈને રન ન દોડ્યો એટલે બાબર આગબબૂલો થઈ ગયો! સિડનીની ટીમથી રિસાઈ ગયો




સિડનીઃ અહીં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (એસસીજી)માં ઑસ્ટ્રેલિયાનો પીઢ બૅટ્સમૅન સ્ટીવ સ્મિથ અઠવાડિયા પહેલાં ઇંગ્લૅન્ડ સામેની છેલ્લી ઍશિઝ ટેસ્ટના પ્રથમ દાવમાં મૅચ-વિનિંગ ૧૩૮ રન બનાવીને છવાઈ ગયો હતો ત્યાર બાદ તે એ જ મેદાન પર શુક્રવારે બિગ બૅશ લીગ (બીબીએલ)ની મૅચમાં સિડની સિક્સર્સ ટીમ વતી અલગ અંદાજમાં જોવા મળ્યો હતો જેમાં તેણે પાકિસ્તાનના ખેલાડી બાબર આઝમને બદઇરાદા વગર ઉશ્કેર્યો હતો અને પરિણામ એ આવ્યું કે રિસાઈ ગયેલા બાબરે મૅચ પછી ટીમના ઇનામ-વિતરણ સમારોહમાં આવવાનું ટાળ્યું હતું.

### સિડની સિક્સર્સે સિડની થન્ડરને હરાવ્યું

સિડની થન્ડરે કૅપ્ટન ડેવિડ વૉર્નર (૧૧૦ અણનમ, ૬૫ બૉલ, ચાર સિક્સર, અગિયાર ફોર)ની સેન્ચુરીની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૯ રન કર્યા હતા. ૧૯૦ રનનો લક્ષ્યાંક મેળવવા જતાં સિડની સિક્સર્સે ધમાકેદાર શરૂઆત કરી હતી. બે ઓપનર સ્ટીવ સ્મિથ (૧૦૦ રન, ૪૨ બૉલ, નવ સિક્સર, પાંચ ફોર) અને બાબર આઝમ (૪૭ રન, ૩૯ બૉલ, સાત ફોર) વચ્ચે ૧૨ ઓવરમાં ૧૪૧ રનની ભાગીદારી થઈ હતી. જોકે ૧૪૧થી ૧૬૯ રનના સ્કોર સુધીમાં (૨૯ રનમાં) બાબર તથા સ્મિથ સહિતની પાંચ વિકેટ પડી ગઈ હતી. જોકે ૧૮મી ઓવરમાં સિડની સિક્સર્સે ૫/૧૯૧ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો.

### સ્મિથના સતત ચાર છગ્ગા, બાબર સાથે શું વિવાદ હતો?

સ્ટીવ સ્મિથ એ દિવસે જબરદસ્ત ફટકાબાજીના મૂડમાં હતો. તેણે માત્ર ૪૧ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. તેણે રાયન હેડલી નામના બોલરની એક ઓવરમાં ૩૨ રન બનાવ્યા હતા જે બિગ બૅશમાં નવો વિક્રમ છે. સ્મિથે એ ઓવરમાં લાગલગાટ ચાર બૉલમાં ચાર સિક્સર ફટકારી હતી અને સેન્ચુરી પૂરી કરી હતી. 'પાવર સર્જ' તરીકે ઓળખાતી એ ઓવરમાં સર્કલની બહાર માત્ર બે ફીલ્ડરને ઊભા રાખી શકાય એવો નિયમ છે. એ ઓવરનો સ્મિથ ફાયદો લેવાના હેતુથી જ પાછલી ઓવરના છેલ્લા બૉલમાં રન નહોતો દોડ્યો. બાબર આઝમે ઓવરના એ અંતિમ બૉલમાં શૉટ માર્યા પછી સિંગલ દોડવાની શરૂઆત કરી હતી, પણ સ્મિથે તેને ના પાડી દીધી હતી. બાબર ત્યારે જ ગુસ્સે થયો હતો. સ્મિથે ત્યાર બાદ રાયન હેડલીની 'પાવર સર્જ'ની ઓવરમાં પોતે ફટકાબાજી કરવા માગતો હોવાથી સિંગલ નહોતો દોડ્યો એવું બાબરને કહ્યું હતું. સ્મિથે રાયનની એ જ ઓવરમાં ચાર સિક્સરની મદદથી રેકૉર્ડ-બ્રેક ૩૨ રન કર્યા હતા. પછીની ઓવરના પહેલા જ બૉલમાં બાબર ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. તે ગુસ્સામાં પાછો આવ્યો હતો અને આવતી વખતે તેણે બાઉન્ડરી લાઇન નજીકના કૂશનને ફટકાર્યું હતું.

ખુદ સ્મિથે મૅચ પછીની પત્રકાર પરિષદમાં આવવાનું ટાળ્યું હતું અને મીડિયામાં જણાવ્યું હતું કે બાબર કદાચ તેનાથી નારાજ છે. સ્મિથના આ અભિગમથી ક્રોધે ભરાયેલો બાબર ઇનામ-વિતરણ સમારંભમાં ન આવ્યો એના પરથી શંકા થાય છે કે તે બિગ બૅશ ટૂર્નામેન્ટ અધવચ્ચેથી જ છોડી જવાના મૂડમાં છે. ■

## અન્ડર-૧૯ વર્લ્ડ કપ

# ભારતીય કૅપ્ટને બાંગ્લાદેશી સુકાની સાથે હાથ ન મિલાવીને દેશભાવના બતાવી




બુલવૅયો (ઝિમ્બાબ્વે): પાકિસ્તાન બાદ હવે બાંગ્લાદેશ પણ ભારતનો દુશ્મન-દેશ છે એટલે ક્રિકેટના મેદાન પર આ બીજા પાડોશી દેશ સાથે પણ ભારતીય ક્રિકેટરોએ સખત વલણ અપનાવવું પડ્યું છે જેની છેલ્લામાં છેલ્લી ઘટના શનિવારે બુલવૅયોમાં અન્ડર-૧૯ વર્લ્ડ કપની મૅચના આરંભ પહેલાં બની હતી જેમાં ભારતીય ટીમના સુકાની આયુષ મ્હાત્રેએ બાંગ્લાદેશની ટીમનું નેતૃત્વ સંભાળતા ઝવાદ અબ્રાર સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું.

બાંગ્લાદેશનો મુખ્ય કૅપ્ટન મોહમ્મદ અઝીઝુલ બીમાર હોવાથી ઝવાદ ટૉસ વખતે મેદાન પર આવ્યો હતો. વરસાદને લીધે મૅચ મોડી શરૂ થઈ હતી. ટૉસ પહેલાં અને પછી બન્ને કૅપ્ટન એકબીજાથી અલગ જોવા મળ્યા હતા. ઝવાદે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. બન્ને ટીમ તરફથી આ ઘટના સંબંધમાં સત્તાવાર રીતે કોઈ જ નિવેદન બહાર નહોતું પાડવામાં આવ્યું.

ગયા વર્ષે આવું જ બન્યું હતું. એશિયા કપમાં પાકિસ્તાન સામેની મૅચ વખતે ભારતીય સુકાનીએ પાકિસ્તાની કૅપ્ટન સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું.

દરમ્યાન, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રાજકીય સંબંધો ખૂબ તંગ થઈ ગયા છે. બાંગ્લાદેશમાં લગભગ દરરોજ એક કે એકથી વધુ હિન્દુ નાગરિકની હત્યા થઈ રહી છે જેને લીધે ભારતભરમાં બાંગ્લાદેશ પર ક્રોધ છે. ■

# ભારત આવવાનું ટાળતા બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે આઇસીસીને કહ્યું, 'અમને આયરલૅન્ડના સ્થાને ગ્રૂપ-બીમાં મૂકી દો'

ઢાકાઃ હિન્દુ નાગરિકોની હત્યાઓને કારણે વિશ્વભરમાં બદનામ થયેલા બાંગ્લાદેશના ક્રિકેટ બોર્ડને કેમેય કરીને પોતાના ખેલાડીઓને ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતના પ્રવાસે નથી જ મોકલવા એટલે એણે વિશ્વ કપના મુખ્ય આયોજક ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ને ઉકેલ બતાવતાં કહ્યું છે કે અમને ગ્રૂપ-સીમાંથી કાઢીને ગ્રૂપ-બીમાં મૂકી દો કે જેથી અમે બધી લીગ મૅચો ભારતને બદલે શ્રીલંકામાં જ રમી શકીએ.

બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યાઓને પગલે બીસીસીઆઇએ આઇપીએલની કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) ટીમમાંથી પેસ બોલર મુસ્તફિઝુર રહમાનની હકાલપટ્ટી કરાવી એના પ્રત્યાઘાતમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે પોતાના ખેલાડીઓને વર્લ્ડ કપ માટે ભારત ન મોકલવાની જાહેરાત કરી છે. બાંગ્લાદેશની ચારમાંથી ત્રણ લીગ મૅચ કોલકાતામાં અને એક મૅચ મુંબઈમાં રમાવાની છે.

બાંગ્લાદેશ વર્લ્ડ કપના ગ્રૂપ-સીમાં છે. એ જ ગ્રૂપમાં ઇંગ્લૅન્ડ, ઇટલી, નેપાળ અને વેસ્ટ ઇન્ડિઝ છે. ગ્રૂપ-બીમાં આયરલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ઓમાન, શ્રીલંકા અને ઝિમ્બાબ્વે પણ સામેલ છે.

આઇસીસીએ બે જનરલ મૅનેજર (ગૌરવ સક્સેના, ઇવેન્ટ્સ ઍન્ડ કોર્પોરેટ કમ્યુનિકેશન) તથા ઍન્ડ્રયુ એફગ્રેવ (ઇન્ટિગ્રિટી યુનિટ)ને ચર્ચા માટે ઢાકા મોકલવાનું નક્કી કર્યું હતું. એમાંથી એફગ્રેવે ઢાકામાં બાંગ્લાદેશ બોર્ડના મોવડીઓ સાથે મીટિંગ ગોઠવી હતી, પરંતુ સક્સેનાને સમયસર વિઝા ન મળ્યા હોવાથી તેમણે વર્ચ્યુઅલી એ મીટિંગમાં ભાગ લીધો હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અભાવ તકનો નથી, પ્રયત્નોનો

આપણામાં કહેવાય છેને કે દરેકની જિંદગીમાં એકવાર તો મોકો આવે જ છે કે જ્યારે તે તકનો લાભ લઇને તેની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે પણ આ તકનો લાભ નીતિ અને પ્રમાણિકતાથી લેવાવો જોઇએ, અજુગતુ કરવાથી નહીં કારણ કે તેનો લાઇફ સ્પાન બહુ ઓછો હોય છે અને અંત દુ:ખદાયક!

વાત છે સાલ ૧૯૮૩ની જ્યારે દુનિયામાં બે સુપર પાવર હતા અમેરિકા અને બીજો સોવિયેત યુનિયન અને સમય હતો શીત યુદ્ધનો, પણ આ સમય દરમ્યાન પણ બંન્ને દેશો એકબીજાની જાસૂસી કરવાની એક પણ તક ગુમાવતા નહોતા અને નવા નવા આઇડયિાથી જાસૂસી જાળ ફેલાવતા હતા.

આર્લિંગ્ટન વર્જિનિયા વોશિંગટન ડીસીથી માત્ર ૬ માઇલ અને અમેરિકાના ડિફેન્સના મુખ્ય મથક પેન્ટાગોનથી માત્ર ૩ માઇલ દૂર છે. પેન્ટાગોનની આસપાસ ડિફેન્સને લગતા કામકાજ કરતા યુનિટો રિસર્ચ સેન્ટરો આવેલાં છે. જ્યાં સેંકડો લોકો નોકરી કરે છે અને તેઓ પાસે અમેરિકન ડિફેન્સ અને રડારની અને તેના ડેવલોપમેન્ટની ગુપ્ત માહિતીઓ હોય છે. અને ત્યાં આવેલ છે એક સેવન ઇલેવન કન્વિનિયન્સ સ્ટોર કે જે ૨૪ કલાક ખુલ્લો રહે છે.

૧૬ ફેબ્રુઆરી ૧૯૮૩, બુધવારના રાત્રે ૨.૧૪ વાગ્યે એક ૪૦ વર્ષનો વ્હાઇટ સ્કીન એકિઝકયુટીવ મીડલ એજ સેવન ઇલેવન સ્ટોરમાં દાખલ થાય છે અને બીજે કયાંય જોયા વગર સીધો સ્ક્રેચ લોટરી ટિકિટો રાખેલી હોય છે તે રેક ઉપર જાય છે અને થોડી ટિકિટો જોઈને ત્યાંથી કન્ઝીકયુટીવ સિરિયલ નંબરવાળી ૩ લોટરીની ટિકિટો ખરીદે છે અને ૨૯ વર્ષના કાઉન્ટર કલાર્ક ઇથન કોલમેન કે જે છેલ્લાં ૩ વર્ષથી રાત્રે ૧૧ થી સવારે ૭ની શિફટમાં કામ કારતો હોય છે તેને લોટરીની ટિકિટની એકઝેકટ રકમ ૫.૨૫ ડૉલર ચુકવીને મૂંગમૂંગા ટિકિટો સ્ક્રેચ કર્યા વગર ૨.૧૬ વાગ્યે સીધો બહાર નીકળી જાય છે. આખુ ટ્રાન્ઝેકશન માત્ર ૨ મિનિટમાં પૂરું થઇ જાય છે.

ઇથને નોટિસ કર્યું કે આ કસ્ટમર જાન્યુઆરી મહિનાથી થી દર બુધવાર રાત્રે ૨ વાગ્યે આવે છે અને લોટરીની ટિકિટો ખરીદીને ચાલી જાય છે. પણ દરેક વખતે લોટરીની ટિકિટો નવી સિરીઝમાંથી ૩ સિરિયલ નંબરવાળી ટિકિટો જ ખરીદે છે.

લોટરીની ટિકિટોની એકઝેકટ એમાઉન્ટ ચુકવીને ચુપચાપ ચાલી જાય છે. સ્ટોરમાંથી બીજી કોઈ વસ્તુની ખરીદી નથી કરતો કે નથી કાંઇ વાત કરતો. સ્ટોરમાં એન્ટ્રિથી લઇને એક્ઝિટની આખી પ્રક્રિયા માત્ર ૨ મિનિટમાં પૂરી કરે છે. આ માણસ નથી કોઇ દિવસ લોટરીની ટિકિટને સ્ક્રેચ કરીને રીઝલ્ટ જુએ છે કે બીજા બુધવારે આવીને ગયા બુધવારની લોટરી ટિકિટનું રીઝલ્ટ ચેક કરે છે.

પણ ૨ માર્ચ ૧૯૮૩ બુધવાર ૧૯૮૩ના કંઇક નવુ બન્યું. આ કસ્ટમર રાત્રે ૨.૧૩ વાગ્યે સ્ટોરમાં આવ્યો અને સીધો લોટરી ટિકિટના રેક પર ગયો અને લોટરી ટિકિટની નવી સિરીઝમાંથી બી ૩૪૭, બી ૩૪૮ અને બી ૩૪૯ નંબરની લોટરીની ટિકિટો લઈને એકઝેકટ એમાઉન્ટ ચુકવીને નીકળી જાય છે આખી પ્રક્રિયા ફરી એકવાર માત્ર ૨ મિનિટમાં પૂરી.

આજ દિવસ ૨ માર્ચ ૧૯૮૩ના રાત્રે ૨.૪૧ વાગ્યે અગાઉ જે ગ્રાહક ગયો તેની

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

થોડી મિનિટોમાંજ એક ૩૦ વર્ષની ઉમરનો વ્હાઇટ સ્કીન નવયુવાન સ્ટોરમાં આવે છે અને તે પણ સીધો લોટરી ટિકિટના રેક ઉપર જાય છે અને નવી સિરીઝની ટિકિટો ચકાસીને બી-૩૫૩, બી-૩૫૪ અને બી-૩૫૫, પહેલા ગ્રાહકે ખરીદેલી ટિકિટના સિરિયલ નંબર પછી ૩ નંબર છોડીને ટિકિટો સીલેકટ કરીને ૧૦ ડૉલરની રકમ ચુકવીને ચેન્જમાં પાછા વધેલા પૈસા લઇને સ્ટોરમાંથી એકઝેકટલી બે મિનિટમાં બહાર નિકળી જાય છે. કાઉન્ટર કલાર્ક ઇથન આશ્ચર્યચકિત થઈ ગયો હતો. બે અલગ ગ્રાહક ૩૦ મિનિટના ઇન્ટરવલમાં પણ બંન્નેની રીત રસમ એક સરખી સ્ટોરમાં સીધા લોટરીની ટિકિટના રેક ઉપર જવાનું નવી સિરીઝની લોટરીની ટિકિટોમાંથી ૩ કન્ઝીકયુટીવ નંબરની ટિકિટો ખરીદવાની અને નંબર પણ આગલા ગ્રાહકે ખરીદેલી ટિકિટની સિરીઝ અને નંબરમાં ૩ નંબર છોડીને ટિકિટો ખરીદવાની અને બીજુ કાંઈ ખરીદયા વગર સ્ટોરમાંથી કોઇ વાત કર્યા વગર ૨ મિનિટમાં બહાર નીકળી જવાનું. ઈથન તેના કામમાં બહુ પ્રમાણિક હતો અને તેણે આ કંઈક અલગ જ બનાવની ઘટનાની બંન્ને કસ્ટમરને ખબર ના પડે તેમ નોંધ લીધી કે તેઓઓ કયા નંબરની લોટરીની ટિકિટો કેટલા વાગ્યે ખરીદી છે.

આવી ઘટનાએ બીજા ૩ અઠવાડીયા સુધી ચાલી જેમાં પ્રથમ ગ્રાહક ૨.૧૧ વાગ્યે આવે લોટરી ટિકિટના રેકમાંથી નવી સિરીઝની ૩ સીરીયલ નંબરની ટિકિટો ખરીદે અને તેના ગયા પછી બરાબર ૨.૪૧ મિનિટે બીજો ગ્રાહક આવે તે પણ સીધો નથી સિરીઝની લોટરી ટિકિટમાં પહેલા ગ્રાહકે ખરીદેલી ટિકિટના ૩ નંબર છોડીને બીજા ૩ સિરિયલ નંબરની લોટરીની ટિકિટો ખરીદીને ચાલી જાય છે.

ઇથને સાંભળેલુ કે સોવિયેત યુનિયન પેન્ટગોનમાંથી અમેરિકન મિલિટરીની માહિતી કઢાવવા જાસૂસી કરાવતી હોય છે અને સેવન ઇલેવનનુ આર્લિંગ્ટન વર્જિનિયાનું લોકેશન તેના માટે બહુ પ્રોપર હોઈ શકે અને આ બે ગ્રાહકો જે એક દર બુધવારે રાત્રે પ્રીસાયસ ટાઈમે આવે છે અને કોપીબુક સ્ટાઇલમાં લોટરીની ટિકિટો ૩ નંબરના ગેપથી સેઈમ સિરિયલ નંબરથી ખરીદે છે તેમાં કંઇક જાસૂસીની ગંધ આવે છે એટલે કાઉન્ટર કલાર્ક ઇથને દર બુધવારની ખરીદીની પ્રક્રિયા લોટરીની ટિકિટના નંબરો બન્ને ગ્રાહકના આવવા જવાના સમય, કયા કપડા પહેર્યાં છે વગેરે તમામ માહિતીની નોંધ કરીને બધું તૈયાર રાખ્યું અને વિચાર્યું કે અમેરિકન ખુફિયા એજન્સી એફબીઆઈ (ફેડરલ બ્યૂરો ઓફ ઇનવેસ્ટીગેશન) ને જાણ કરે પણ પછી વિચાર આવ્યો કે એક કન્વિનિયન્સ સ્ટોરના કેશિયરની વાતનો કોણ ભરોસો કરે? એટલે તેણે તેના ૫૩ વર્ષીય ફોર્મર મરીન મેનેજર ફ્રેન્કને મળીને આખી વાત સમજાવી અને તેને વાતમાં દમ લાગતા એફબીઆઇને મળવાનુ નકકી કર્યું.

એફબીઆઈએ આખી વાત સાંભળી અને જે ઘટનક્રમ અને લોટરીની ટિકિટના નંબર્સ અને બન્ને કસ્ટમરના દર બુધવારે આવવાના એકઝેકટ સમયની પેટર્ન પરથી વાતમાં દમ લાગ્યો અને નક્કી કર્યુ કે આવતા બુધવારે રાત્રે એફબીઆઇના માણસો અને ગાડીઓ સ્ટોરની આજુબાજુ ગોઠવાઈ જશે, પણ તે એવી રીતે ગોઠવવામાં આવશે કે સ્ટ્રીટમાં બધુ પહેલા જેવું જ લાગે અને સ્ટોરમાં કનસીલ્ડ કેમેરા છુપી જગ્યાએ ગોઠવવામાં આવશે. ખાસ કરીને લોટરી ટિકિટના રેક ઉપર નજર રાખતા અને ઇથનને કહેવામાં આવ્યું કે તેના વહેવારમાં જરાપણ ફેરફાર નહીં થવો જોઇએ અને પહેલાની માફક જ વહેવાર ચાલુ રાખવાનો.

વાત તો બહુ લાંબી છે પણ ટૂંકમાં પતાવીએ તો એફબીઆઈના માણસો ગોઠવાઈ ગયા પછી પણ ઇથને તેનો વ્યવહાર પહેલા જેવો જ ચાલુ રાખ્યો અને ચહેરા પર જરાય હાવભાવ નહીં આવવા દીધા કે સીસી કેમેરા અને બહાર એફબીઆઈના છુપાયેલા માણસો બધું નિહાળી રહ્યા છે. એફબીઆઈએ જોયું કે બીજો યુવાન સ્ટોરની બહાર નિકળેલ તે અમેરિકન હતો અને સ્ટોરથી દૂર આવેલા એક ઓક ટ્રી ઝાડની બખોલમાંથી એક પડીકું લઇને નિકળી ગયો હતો. આ યુવાનનું નામ હતુ જેમ્સ મેકેના જે એક સીસ્ટમ એનાલીસ્ટ હતો અને એક ડિફેનસ કંપની જે મિલિટરી માટે સેટેલાઇટ સીસ્ટમ મેન્યુફેકચર કરતી હતી તેમાં નોકરી કરતો હતો તેણે તેની વાઇફને ડિવોર્સમાં પૈસા ચુકવવાના હતા અને કેસીનોના જુગારમાં પણ બહુ પૈસા હારેલો હતો અને માથા ઉપર દેવુ ચડી ગયેલું હતું એટલે સોવિયેત યુનિયનના કેજીબી માટે કામ કરવા તૈયાર થયેલો હતો.

‘એફબીઆઇએ જોયું કેબીજા બુધવારની સવારે પહેલો મીડલ એજ મેન આ ઓક ટ્રીમાં એક પેકેટ સંતાડી ગયો આ વ્યકિતનું એન્ટોલી પેટ્રાછે જે એક સોવિયેત છે અને સોવિયેત યુનિયનની એમમ્બસીમાં રશિયન કમર્શિયલ રીપ્રેઝેનટેટીવની નોકરી કરે છે પણ હકિક્તમાં તે સોવિયેત યુનિયનની જાસૂસી સંસ્થા કેજીબીનો માણસ છે. પેકેટ ખોલતા ખબર પડી કે તેમાં સોવિયેત ગવર્નમેન્ટ શું માહિતી જોઇએ છે તેના પ્રશ્નો, ડૉલરની નોટો વગેરે મળ્યા હતા. અંતમાં અમેરિકન મેકેનાનો ઘરે રેડ પાડતા ૩૫૦૦૦ ડોલર રોકડા મળ્યા અને કેટલાક ડોકયુમેન્ટસ પણ મળ્યા અને કબૂલ કર્યું કે છુટાછેડામાં પત્નીને ચુકવવાની રકમ અને કેસીનોના દેણાના કારણે સાવીયેત યુનિયનને અમેરિકામાં જાસૂસી કરાવામાં પૈસાની લાલચમાં મદદ કરતો હતો. સ્ટોરના ટાઇમીંગ અને લોટરીની ટિકિટના નંબરો સાંકેતિક ભાષા સમય અને સ્થળ માટે હતા અને તે પણ કોઈ જાતના ફોર્મલ કોમ્યુનીકેશન વગર જેથી કોઈ ફોન કોલ કે ફેકસ રેકોર્ડ ના થઈ શકે.. મેકેના તાજનો સાક્ષી બનતા તેને ઉમર કેદ નહીં કરતા ૧૨ વર્ષની સજા ફરમાવવામાં આવી પણ સારા વર્તનના કારણે ૪ વર્ષની કેદ પછી છોડી દેવામાં આવ્યો. સોવિયેત નાગરીક એન્ટોલી પેટ્રાને ડીપ્લોમેટ ઇમ્યુનીટી હોવાના કારણે અમેરિકામાં કેદ કરવાના બદલ સોવિયેટ યુનિયન મોકલી દેવામાં આવ્યો.

પણ ઇથન કોલમેને જે રીતે આખી ઘટનાઓની નોંધ લીધી અને સામેવાળાને હરફ પણ ના લાગે તેવી રીતે તમામ વ્યવહારોની નોંધ લઇને જે માહિતી એકઠી કરી તેનાથી પ્રભાવિત થઇને તેને એફબીઆઇમાં નોકરીમાં રાખવામાં આવ્યો જેમાં તેનો પગાર કેશીયરની નોકરી કરતા કેટલાય ગણો વધારે હતો અને તેટલું જ નહીં પણ એફબીઆઈ એજન્ટોની ટ્રેનીંગમાં સેવન ઇલેવનની ઘટનાઓની ટ્રેનીંગ આપવામાં આવતી કે સાવ સામાન્ય ઘટનામાંથી કેવડું મોટું જાસૂસી કાવતરું પકડી શકાય છે.

આમ કેશીયર ઈથનને એક તક મળી જેનો પૂરો લાભ ઉઠાવીને તેણે તેના દેશની સેવા કરી અને પોતાની કારકિર્દી પણ ઉજાળી કરી કહેવાય છેને કે ‘બી સ્માર્ટ, નોટીસ એવરીથીંગ બટ એકટ લાઈક યુ નો નથીંગ.’ ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૩૯.૨ કરોડ ડૉલરનો વધારો

મુંબઈ: ગત નવમી જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૩૯.૨ કરોડ ડૉલર વધીને ૬૮૭.૧૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૯.૮૦૯ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૬.૮૦ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં સૌથી મોટો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૧.૧૨૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૫૦.૮૬૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૩.૯ કરોડ ડૉલર ઘટીને ૧૮.૭૩૯ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૩ કરોડ ડૉલરનાં ઘટાડા સાથે ૪.૭૫૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

જોકે, સપ્તાહ દરમિયાન એકમાત્ર સોનાની અનામત ૧.૫૬૮ અબજ ડૉલર વધીને ૧૧૨.૮૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# મથકો પાછળ ખાંડમાં હાજર અને નાકા ડિલિવરી ધોરણે સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૬૦૦થી ૩૬૪૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મથકો પરના પ્રોત્સાહક અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૭૬૦થી ૩૮૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૮૬થી ૩૯૫૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ એકંદરે જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૩૭૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૬થી ૩૯૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વૈશ્વિક સોના-ચાંદીમાં સાપ્તાહિક બેતરફી વધઘટ છતાં સોનામાં ૧.૯ ટકાનો અને ચાંદીમાં ૧૨ ટકાનો ઉછાળો

## સોના-ચાંદીની તેજીની રેલીમાં જ્વેલરીની સ્થાનિક માગ તળિયે બેસી, ઈટીએફમાં ખરીદી વધી

વીતેલા સપ્તાહના આરંભમાં વૈશ્વિક બુલિયન માર્કેટમાં ખાસ કરીને અમેરિકાના વેનેઝુએલા તથા ગ્રીનલેન્ડના મુદ્દે વધેલા તણાવ ઉપરાંત ઈરાન સાથે પણ ભૂરાજકીય તણાવ વધતાં સોના અને ચાંદીમાં સલામતી માટેની પ્રબળ માગને ટેકે ભાવમાં તેજીનું વલણ રહ્યા બાદ ખાસ કરીને ઈરાનમાં થઈ રહેલી પ્રદર્શનકારીઓની હિંસાના વિરોધમાં લશ્કરી કાર્યવાહી કરવાનું અમેરિકાએ મુલતવી રાખવાની સાથે અમેરિકાના આર્થિક ડેટાઓ પણ અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હોવા છતાં સાપ્તાહિક ધોરણે સોનાના ભાવમાં ૧.૯ ટકાનો સુધારો નોંધાયો હતો, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગનો પ્રબળ ટેકો જળવાઈ રહેતાં ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૨ ટકા જેટલો ઉછાળો નોંધાયો હતો.

આમ વિશ્વ બજાર પાછળ સ્થાનિક ઝવેરી બજારમાં પણ સાપ્તાહિક ધોરણે સોનાના ભાવમાં ૩.૨૬ ટકાનો અને ચાંદીના ભાવમાં ૧૬ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. જોકે, બન્ને કિંમતી ધાતુઓમાં એકતરફી તેજીની રેલીને કારણે સ્થાનિક સ્તરે જ્વેલરી માટેની માગ તળિયે બેસી ગઈ છે, જ્યારે એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં લેવાલી જળવાઈ રહી છે. તેમ જ સોના-ચાંદીના સિક્કા અને લગડીમાં માગ છૂટીછવાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત નવમી જાન્યુઆરીના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૭,૧૨૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૪૦,૦૦૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૦,૦૦૫ અને ઉપરમાં રૂ. ૧,૪૨,૦૧૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૩.૨૬ ટકા અથવા તો રૂ. ૪૪૭૧ની તેજી સાથે રૂ. ૧,૪૧,૫૯૩ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ચાંદીના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત નવમી જાન્યુઆરીના કિલોદીઠ રૂ. ૨,૪૨,૮૦૮ના બંધ સામે ઉછળીને રૂ. ૨,૫૭,૨૮૩ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૫૬,૭૭૬ અને ઉપરમાં રૂ. ૨,૮૨,૭૨૦ની ટોચ નોંધાવીને અંતે સાપ્તાહિક ધોરણે ૧૬.૦૯ ટકા અથવા તો રૂ. ૩૯,૦૮૨ની તેજી સાથે રૂ. ૨,૮૧,૮૯૦ની સપાટીએ બંધ રહ્યા હતા.

હાલમાં સ્થાનિક સ્તરે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૩,૫૯૦ની વિક્રમ સપાટીની લગોલગ રૂ. ૧,૪૨,૮૦૦ આસપાસ પ્રવર્તી રહ્યા હોવાનું ગુજરાતસ્થિત એક આયાતકાર જૂથના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર ચિરાગ ઠક્કરે

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

જણાવ્યું હતું કે સ્થાનિક સ્તરે જ્વેલરી માટેની માગ મૃતપાય જેવી થઈ ગઈ છે અને એક્સચેનાજ ટ્રેડેડ ફંડોમાં લેવાલી પ્રમાણમાં વધુ રહે છે, જ્યારે સિક્કાઓ અને લગડીમાં છૂટીછવાઈ રોકાણલક્ષી માગ રહે છે. આમ એકંદરે માગમાં નિરસ વલણ રહેતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૨ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ ઔંસદીઠ છ ડૉલર આસપાસની સપાટીએ હતું. જોકે, ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ભૂરાજકીય તણાવ હળવા થવાની સાથે અમેરિકાના રોજગારીના ડેટા પણ અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની શક્યતા ધૂંધળી બનતાં નફારૂપી વેચવાલીનું દબાણ અને સલામતી માટેની માગ ઘટતાં હાજરમાં સોનાના ભાવમાં ૦.૫ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ૨.૯ ટકા જેટલો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં આગામી સપ્તાહના આરંભે સાધારણ નરમાઈનું વલણ જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે નવા વર્ષની ઉજવણી પૂર્વે ઊંચી ભાવ સપાટીએથી પણ માગ જળવાઈ રહેતાં ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ ૧૨ ડૉલર ડિસ્કાઉન્ટથી ત્રણ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યા હતા, જ્યારે આગલા સપ્તાહે પ્રીમિયમ ઔંસદીઠ ૨૧ ડૉલરની ઊંચી સપાટી આસપાસ હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવ્યું હતું.

અમેરિકામાં બેરોજગારી ભથ્થું મેળવવા માટે અરજી કરનારાઓની સંખ્યા ૯૦૦૦ ઘટીને ૯.૯૮ લાખની સપાટીએ રહી હોવાના અહેવાલ હતા. જોકે, બજાર વર્તુળોની ધારણા ૨.૧૫ લાખની હતી. આમ એકંદરે બેરોજગારીના ડેટા અપેક્ષા કરતા સારા આવ્યા હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સ છ સપ્તાહની ઊંચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યો હતો. વધુમાં ભૂરાજકીય તણાવ પણ હળવો થવાથી સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ રહ્યા હોવાનું હાજરમાં કાર્સ્ટન મેન્કેનાં વિશ્લેષક જુલિયસ બૅરે જણાવ્યું હતું. વધુમાં ઈરાન ખાતે પ્રદર્શનકારીઓએ દેખાવો બંધ કર્યાના નિર્દેશો સાથે સલામતી માટેની માગ નબળી પડી હતી. તેમ છતાં સાપ્તાહિક ધોરણે સોનાના ભાવમાં ૧.૯ ટકાનો સુધારો નોંધાયો હતો, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગનો પ્રબળ ટેકો જળવાઈ રહેતાં ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૨ ટકા જેટલો ઉછાળો નોંધાયો હતો. વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચાંદી અને મહત્ત્વના ખનીજો પર ટૅરિફ લાદવાનું મોકૂફ રાખ્યું હોવાનું જણાવ્યું હોવાથી ગત સપ્તાહના અંતે કોપર અને ચાંદીના ભાવ વિક્રમ સપાટીએથી પાછા ફર્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે અગાઉ ટૅરિફ વધારાની ભીતિ હેઠળ વૈશ્વિક સ્તરે ટ્રેડરોની આ બન્ને કિંમતી ધાતુઓમાં વ્યાપક લેવાલી રહેતાં ભાવ ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. હાલમાં વૈશ્વિક સોનાએ સફળતાપૂર્વક ઔંસદીઠ ૪૫૮૦ ડૉલરની સપાટી કુદાવી દીધી છે અને તેની ઉપર ભાવ જળવાઈ રહ્યા હોવાથી અમે ઘટાડે લેણ કરવાની ભલામણ કરી છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે અમારા મતે હવે વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૪૫૩૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે અને ઊંચામાં ભાવ ૪૯૬૦ ડૉલર વધી શકે છે, જ્યારે ચાંદીના ભાવ ઔંસદીઠ ૮૨ ડૉલરથી ૯૭ ડૉલર આસપાસ રહે તેમ જણાય છે. જોકે, સ્થાનિક સ્તરે સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૮,૦૦૦થી ૧,૪૫,૬૦૦ આસપાસની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૭૧,૦૦૦થી ૩,૦૦,૦૦૦ આસપાસની રેન્જમાં રહે તેવી ધારણા છે.

દરમિયાન વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ ઘટતાં ગત શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૫૯૨.૨૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ૪૫૯૫.૪૦ ડૉલર આસપાસ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ આગલા બંધ સામે ૨.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૮૯.૬૫ ડૉલર આસપાસ રહ્યા હતા. એકંદરે મધ્યપૂર્વના દેશોમાં તણાવ ઓછો થવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ પણ આગામી ૨૭-૨૮ જાન્યુઆરીની નીતિવિષયક બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખે તેમ હોવાથી ઉછાળા પશ્ચાત્ નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હોવાનું વિશ્લેષક એડવર્ડ મેઈરે જણાવતા ઉમેર્યું હતું કે ઈરાનમાં પ્રદર્શનકારીઓ શાંત પડવાની સાથે અમેરિકાએ પણ લશ્કરી કાર્યવાહી માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે.

વધુમાં ગત ગુરુવારે અમેરિકા અને તાઈવાન વચ્ચે ટ્રેડ ડીલ થઈ હતી આ ડીલ થકી તાઈવાન નીચા ટૅરિફથી અમેરિકા ખાતે સેમિકન્ડક્ટરની નિકાસ કરી શકશે અને યુએસ ટૅક્નોલૉજીમાં રોકાણની ચેનલ થશે. જોકે, આ ડીલથી ચીન રોષે ભરાય તેવી શક્યતા પ્રબળ છે. ■

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે મહત્ત્વના ખનીજો પરની ટૅરિફમાં વધારો મુલતવી રાખ્યો હોવાના નિર્દેશો સાથે તાજેતરમાં વિશ્વ બજારમાં ખાસ કરીને કોપર અને ચાંદી સહિતની ધાતુઓના ભાવ ઊંચા મથાળેથી પાછા ફરી રહ્યા હોવાના નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ધાતુ બજારમાં પણ માત્ર બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું. આ સિવાય ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૬૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. બેથી આઠ સુધીનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૬૪ના ઘટાડા સાથે રૂ. ૪૫૪૯ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં બે સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૫૭નો ઘટાડો નોંધાઈ ગયો છે.

વધુમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ ઉપરાંત વધુ ભાવઘટાડાના આશાવાદે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૦૮૦, કોપર આર્મિચર અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૬૫ અને રૂ. ૧૨૫૦, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૮૭, રૂ. ૧૧૭૭ અને રૂ. ૩૧૮ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૧૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે છૂટીછવાઈ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૮૧૫, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૩૦, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૩૨૨ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૨ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# પાંખાં કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૩૬ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત નિરસ રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે રવાનગીનાં કામકાજો થયાં હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ભારત ફૂડ્સના કંડલા બંદરથી ફેબ્રુઆરી-માર્ચ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, મહેશ ઑઈલ રિફાઈનરીના હજીરાથી કપાસિયા રિફાઈન્ડ તેલના ૩૦ જાન્યુઆરી સુધી ડિલિવરી શરતે રૂ. ૧૩૧૦, પતંજલિ ફૂડ્સના પાતાલગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૮, સોયા રિફાઈન્ડના માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૩૫૦ અને સન રિફાઈન્ડના માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૫૮૭ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતમાં આજે ગોંડલ મથકે ૧૫,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૮૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે રાજકોટ ખાતે મગફળીની નવી કોઈ આવક નહોતી પરંતુ અગાઉની શેષ ૧૨,૫૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૦૦, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૧૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં થયાના અહેવાલ હતા. ■

# લોકોના વિરોધ બાદ રેલવેએ દેલવાડા-જૂનાગઢ ટ્રેન બંધ કરવાનો નિર્ણય રદ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન દ્વારા આગામી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬થી જૂનાગઢ-દેલવાડા અને જૂનાગઢ-વેરાવળ રૂટની મીટરગેજ ટ્રેન સેવાઓને કાયમી ધોરણે રદ કરવાની જાહેરાત કરવામાં આવતા ગીર-સોરઠ પંથકમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. રેલવે તંત્રે વહીવટી કારણોસર આ ટ્રેનો બંધ કરી મુસાફરો માટે તાલાલા સ્ટેશન પર વૈકલ્પિક કનેક્શનની વ્યવસ્થા ગોઠવી હતી. જોકે, આ નિર્ણયથી તાલાલા સહિત આઠ તાલુકાના ગ્રામીણ મુસાફરો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે મોટી મુસીબત ઊભી થાય તેમ હતી, જેના કારણે સ્થાનિક પરિવહન વ્યવસ્થા ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી હતી.

રેલવેના આ આકરા નિર્ણય સામે પ્રાંચી (રોડ) રેલવે સ્ટેશન ખાતે જાવંત્રી, લીમધ્રા અને પાણીકોઠા ગામના લોકો તેમ જ વિદ્યાર્થીઓએ એકઠા થઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જાવંત્રીના સરપંચ અલ્તાફભાઈ બલોચ અને સ્થાનિક શાળાના આચાર્યના નેતૃત્વમાં પ્રદર્શનકારીઓએ દેલવાડાથી તાલાલા આવતી ટ્રેનને અડધો કલાક સુધી રોકી રાખીને 'રેલ રોકો' આંદોલન છેડ્યું હતું. ગ્રામજનોએ વર્ષોથી ચાલતી આ સુવિધાજનક ટ્રેન સેવાઓને યથાવત્ રાખવાની માગ કરી હતી અને જો નિર્ણય પાછો ખેંચવામાં ન આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

જનતાના પ્રચંડ વિરોધ અને મુસાફરોની હાલાકીને ધ્યાનમાં રાખીને આખરે રેલવે તંત્રએ નમતું જોખ્યું હતું અને ટ્રેનો બંધ કરવાનો નિર્ણય રદ કરીને નવા સમયપત્રકની જાહેરાત કરી હતી. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, વેરાવળ-દેલવાડા ટ્રેન (૫૨૯૪૯/૫૨૯૫૦) પોતાના નિર્ધારિત સમયે જ ચાલશે, જ્યારે જૂનાગઢ-વેરાવળ રૂટની અન્ય ટ્રેનોના સમયમાં ૧૯ જાન્યુઆરીથી ફેરફાર કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના હજારો ગ્રામીણ મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો. ■

# જૂનાગઢના ગડુમાં તસ્કરોએ વૃદ્ધને બંધક બનાવી માર મારી રૂપિયા ૮.૦૬ લાખની લૂંટ ચલાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના ચોરવાડ પોલીસ સ્ટેશન હેઠળ આવતા ગડુ ગામમાં તસ્કરોએ કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતી સનસનીખેજ લૂંટને અંજામ આપ્યો હતો. વહેલી સવારે ચાર અજાણ્યા લૂંટારુઓએ એક મકાનને નિશાન બનાવી, વૃદ્ધ મકાનમાલિકને બંધક બનાવી ગોંધી રાખ્યા હતા. તસ્કરોએ વૃદ્ધને માર મારીને અંદાજે ૧૦ તોલા સોનાના દાગીના સહિત કુલ રૂ. ૮.૦૬ લાખની મતાની લૂંટ ચલાવી પલાયન થઈ ગયા હતા. આ ઘટનાને પગલે શાંતિનગર સહિત સમગ્ર પંથકમાં ભય અને ફફડાટનો માહોલ વ્યાપી ગયો છે.

મળતી વિગતો અનુસાર, સિનિયર સિટિઝન સતીશગીરી ગોસ્વામી પોતાના ઘરે સૂતા હતા ત્યારે તસ્કરોએ મકાનની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ગ્રીલ તૂટવાનો અવાજ આવતા સતીશગીરી જાગી ગયા હતા, પરંતુ લૂંટારુઓએ તેમને કંઈ પણ સમજવાનો મોકો આપ્યા વગર પકડી લીધા હતા. ત્રણ શખસોએ વૃદ્ધને પકડી રાખી માર માર્યો હતો અને દાગીના તેમજ રોકડ વિશે ધમકાવી પૂછપરછ કરી હતી. લૂંટારુઓ ઘરમાંથી અંદાજે ૧૦ તોલાથી વધુના સોનાના દાગીના અને અગત્યના દસ્તાવેજોની લૂંટ કરી નાસી છૂટયા હતા.

બનાવની જાણ થતા જ માંગરોળ ડીવાયએસપી, ચોરવાડ પી.આઈ. અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ડોગ સ્કવોડ, એફ.એસ.એલ. અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાતોની મદદથી વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવાની તજવીજ હાથ ધરી હતી. લૂંટારુઓને પકડવા માટે અલગ-અલગ ટીમોની રચના કરવામાં આવી હતી અને હાલ ચોરવાડ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ તેમજ બાતમીદારોની મદદથી સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. ■

# મોરબીની શાન સમાન મણિમંદિર અને ગ્રીન ટાવર રોશનીથી ઝળહળશે; મનપા દ્વારા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની ઐતિહાસિક ઈમારતોને ફરી જીવંત કરવા અને પ્રવાસન ક્ષેત્રે આકર્ષણ વધારવા માટે એક વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. મનપાની ઈલેક્ટ્રિક શાખા દ્વારા શહેરના ઐતિહાસિક વારસા સમાન ઈમારતોને આધુનિક લાઈટિંગ શેડથી શણગારવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત મોરબીના આઈકોનિક 'ગ્રીન ટાવર'ને દેશના તિરંગાની થીમ પર આધારિત કેસરી, સફેદ અને લીલા રંગની મનમોહક રોશનીથી સુશોભિત કરવામાં આવશે. આ ઉપરાંત, રાજાશાહી સમયના ભવ્ય 'મણિમંદિર'ને પણ વિવિધ કલર શેડ્સ અને હાઈ-ટેક લાઈટિંગથી સજાવવામાં આવશે, જેના માટે હાલ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, મણિમંદિરના ખૂણે-ખૂણે વિવિધ રીતે લાઈટિંગની ગોઠવણ કરવામાં આવશે, જેથી રાત્રિના સમયે આ ઐતિહાસિક ઈમારતની શાનમાં અનેરો વધારો થશે. મોરબી મનપાના આ પ્રયાસથી શહેરના રહેવાસીઓને રાત્રિના સમયે હરવા-ફરવા માટે નયનરમ્ય સ્થળોની સાથે-સાથે ફોટોગ્રાફી માટેના ઉત્તમ લોકેશન્સ પણ મળી રહેશે. મનપાની ઈલેક્ટ્રિક શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ આ કામગીરીને આખરી ઓપ આપવા મહેનત કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પાટીદારો હવે અન્ય સમાજો કરતાં પાછળ રહી ગયા છે, આત્મમંથનની જરૂરઃ પરષોત્તમ રૂપાલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સેવા સમાજ-સુરત દ્વારા આયોજિત સ્નેહ મિલન અને તેજસ્વી વિદ્યાર્થી ઇનામ વિતરણ સમારોહમાં રાજકોટના સાંસદ પરષોત્તમ રૂપાલાએ સમાજની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, એક સમય હતો જ્યારે પાટીદાર સમાજ જે નિર્ણય લેતો તેને અન્ય સમાજો અનુસરતા હતા, પરંતુ આજે સ્થિતિ બદલાઈ છે અને આપણે પાછળ રહી ગયા છીએ. માત્ર ભવનો બનાવવા પૂરતું સીમિત ન રહેતા હવે સમાજનું ઘડતર કરવું અનિવાર્ય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, સમાજ પાસે કોઈ ચોક્કસ નીતિ-નિયમો કે બંધારણ નથી, જેના કારણે અન્ય સમાજો આપણા કરતા આગળ નીકળી ગયા છે અને હવે આપણે ગંભીરતાથી વિચારવાની જરૂર છે, તેમણે તેમણે જણાવ્યું હતું.

સામાજિક બદીઓ અને કુરિવાજો પર પ્રહાર કરતા પરષોત્તમ રૂપાલાએ કચ્છના આહીર સમાજ જેવાં ઉદાહરણો ટાંક્યાં હતાં. તેમણે જણાવ્યું કે, ઘણા સમાજોએ સોનાના દાગીના ન આપવા કે સમૂહલગ્નો માટે એક જ તારીખ નક્કી કરવા જેવા ક્રાંતિકારી નિર્ણયો લીધા છે. પાટીદાર સમાજમાં લગ્ન અને અન્ય સામાજિક વ્યવહારોમાં દેખાદેખી અને ખર્ચનું પ્રમાણ વધી ગયું છે, જે ચિંતાનો વિષય છે. જો અત્યારે સામાજિક બંધારણ બનાવીને કોઈ ચોક્કસ દિશામાં આગળ વધવામાં નહીં આવે, તો આવનારા સમયમાં સમાજ માટે મોટી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે તેવી ચેતવણી પણ તેમણે આપી હતી. ■

### જયંતી ભાનુશાલી હત્યાકાંડ

# સાત વર્ષે આરોપી બનાવાયેલા મનજી બાપુને ૧૯ને બદલે ૨૨મી જાન્યુઆરીના હાજર થવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાજપના અગ્રણી નેતા અને અબડાસા વિસ્તારના માજી ધારાસભ્ય જયંતીભાઈ ભાનુશાલીના ચકચારી હત્યા કેસના છેક સાત વર્ષ બાદ આરોપી તરીકેની ભૂમિકામાં મૂકવામાં આવેલા રાતા તળાવ પાંજરાપોળ અને ઓધવરામ સત્સંગ મંડળના સ્થાપક એવા મનજી ખેતશી ભાનુશાલી ઊર્ફે મનજી બાપુને, રાજ્યની નામદાર વડી અદાલત દ્વારા આંશિક રાહત આપી હતી, કોર્ટે આગળની કાર્યવાહી ૨૨મી જાન્યુઆરી ઉપર મુકરર કરી હતી.

ચાલતી ટ્રેનમાં ભાજપના પીઢ નેતાની બંદૂકના ભડાકે કરી દેવામાં આવેલી હત્યાના કેસમાં ફરિયાદી એવા સુનીલ ભાનુશાલીની સુનાવણી દરમિયાન જુબાની અને તેમના દ્વારા અપાયેલી અરજી અન્વયે થોડા દિવસો પહેલાં ભચાઉ સ્થિત જિલ્લા અદાલતે મનજીભાઈ ભાનુશાલીને આરોપી તરીકે ઠરાવીને તેમને ટ્રાયલ ફેસ કરવાનો આદેશ કર્યો હતો. આ હુકમને હાઈ કોર્ટ સમક્ષ પડકારાતાં ન્યાયાધીશ પી.એમ. રાવલે આંશિક રાહત આપતો આ હુકમ કર્યો હતો. ભચાઉ જિલ્લા અદાલતે આગામી તારીખ ૧૯મી જાન્યુઆરીના રોજ મનજી ભાનુશાલીને હાજર થવા આદેશ કર્યો હતો, જ્યારે હાઈ કોર્ટે અરજીની સુનાવણીમાં ૧૯ તારીખની હાજરીમાં રાહત આપી અરજીની આગળની સુનાવણી તા. ૨૨મી ઉપર નિર્ધારિત કરી છે. હાઈ કોર્ટે નોંધ્યું હતું કે, માત્ર શંકા અને કેટલીક ત્રુટિઓના આધારે ટ્રાયલ કોર્ટે અરજદારને આરોપી તરીકે ઉમેર્યા હોવાનું જણાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જયંતીભાઈ ભાનુશાલીની ગત જાન્યુઆરી, ૨૦૧૯માં સયાજી એક્સપ્રેસ ટ્રેનમાં બે શાર્પશૂટરો દ્વારા બંદૂકના ભડાકે હત્યા કરી દેવાના, રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા પ્રકરણમાં જે-તે સમયે અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને ભાનુશાલીના રાજકીય હરીફ છબીલ પટેલ, તેમના પુત્ર સિધ્ધાર્થ પટેલ, જેન્તી ઠક્કર, સુરજીત પરદેશી (ભાઉ) અને મહારાષ્ટ્રના શાર્પશૂટરો સહિત પકડાયેલા ૧૨ આરોપીઓ સાત વર્ષના ગાળામાં જામીન પર મુક્ત થઈ ગયાં છે, અલબત્ત, હત્યાના અન્ય એક બનાવમાં મહારાષ્ટ્રની પુણેની યરવડા જેલમાં સજા કાપી રહેલા બે પૈકીના એક શાર્પ શૂટર એવા વિશાલ નાગનાથ કામબલેની અન્ય બંદિવાનોએ હત્યા કરી નાખી હતી, જ્યારે ભાનુશાલીની હત્યાના એક વર્ષ બાદ ગુનાની તપાસ કરતી રેલવે અને સીઆઈડી ક્રાઈમની સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમે સમન્સ પાઠવીને અમદાવાદ સ્થિત કચેરીએ મનજી ભાનુશાલીની મેરેથોન પૂછપરછ બાદ જવા દીધા હતા.

આ પરિસ્થિતિ વચ્ચે ભાનુશાલી હત્યા કેસના મુખ્ય ફરિયાદી અને મૃતક ધારાસભ્યના ભત્રીજા એવા સુનિલ ભાનુશાલી દ્વારા ભચાઉની સેશન્સ અદાલત સમક્ષ ભાનુશાલી સમાજના અગ્રણી મનજી બાપુને આરોપી બનાવવા માટે અરજી દાખલ કરાઈ હતી. ■

# ભારત-પાક વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિ સરહદે ૪.૧ના ભૂકંપના આંચકાથી ગભરાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં વિનાશ વેરી જનારા ૨૦૦૧ના ગોઝારા ભૂકંપને ૨૫ વર્ષ પૂરાં થઇ રહ્યાં છે ત્યારે કચ્છમાં એકસાથે ત્રણ ફોલ્ટ-લાઈનો ફરી સક્રિય થતાં જેમ જેમ ભૂકંપની વરસી નજીક આવી રહી છે તેમ તેમ કચ્છમાં ધરતીકંપના આંચકાઓ આવવાની સંખ્યામાં સતત વધારો થતાં જિલ્લામાં ફરી ઉચાટ ફેલાયો હતો. મધ્યરાત્રિ બાદ ૧ અને ૨૨ મિનિટે, ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિ સરહદ નજીક ૪.૧ની તીવ્રતા વાળો ધરતીકંપનો આંચકો અનુભવાતાં ખાવડા અને તેની આસપાસના વિસ્તારના લોકોને કડકડતી ઠંડી વચ્ચે પોત પોતાના ઘરોની બહાર દોડી જવું પડ્યું હતું.

પ્રાપ્ત સત્તાવાર વિગતો પ્રમાણે, ૪.૧ની તીવ્રતા વાળા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ સીમાવર્તી ખાવડાથી ઉત્તર-ઉત્તર-પૂર્વીય દિશામાં, ૫૫ કિલોમીટર દૂર નોંધાયું હોવાનું જાણવા મળે છે અને તેની ઊંડાઈ ભૂગર્ભમાં ૧૨ કિલોમીટરથી પણ ઓછી હોઈ, તેની અસર તીવ્ર રીતે વર્તાઈ હોવાનું જાણવા મળે છે.

નોંધપાત્ર બાબત એ છે કે, આ પૂર્વે ગત શુક્રવારે પણ મોડી રાત્રે ૧ અને ૫૦ મિનિટે તેમજ પહેલી પરોઢિયે ૫ અને ૪૭ મિનિટે પણ રિક્ટર સ્કેલ પર અનુક્રમે ૨.૭ અને ૨.૫ની તીવ્રતા ધરાવતા હળવા ભૂકંપના આંચકાઓ નોંધાયા છે જેના કેન્દ્રો ભચાઉ અને રાપર નજીક હોવાનું જાણવા મળ્યું હતું. ચિંતાની વાત એ છે કે, છેલ્લા એક મહિનાથી કચ્છમાં ભૂકંપના આંચકાઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ગત ડિસેમ્બર મહિનાની ૨૬મી તારીખે પૂર્વ કચ્છના રાપરથી પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશામાં ૨૨ કિલોમીટર દૂર ૪.૬ની તીવ્રતાના ભૂકંપે હાજરી પુરાવી હતી. તેના માત્ર બે દિવસ પહેલાં જ ભચાઉ નજીક ૩.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ પૂર્વે ગત એપ્રિલ મહિનાની ૨૨મી તારીખે પણ કચ્છના દુધઇથી ૧૭ કિલોમીટર દૂર પણ ૪.૧નો આંચકો નોંધાયો હતો.

ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરીના પ્રથમ ૧૬ દિવસમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં ૨૨ જેટલા નાના-મોટા ભૂકંપના આંચકાઓ નોંધાયા છે, જે પૈકીનો એક આંચકો પોરબંદર નજીકના અરબી સમુદ્રમાં નોંધાયો હતો જેની તીવ્રતા ૨.૭ની હતી. જો દરિયામાં શક્તિશાળી ભૂકંપ આવે તો કચ્છ-સૌરાષ્ટ્ર પર ભૂકંપના ખતરા ઉપરાંત સુનામીનો ખતરો પણ ઊભો થઇ શકે છે. ■

# ભાવનગરમાં નજીવી બાબતે યુવાનની હત્યા કરનાર પાંચ આરોપી ઝડપાયા



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના કુંભારવાડા ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં ગુરુવારે રાત્રે સાહિલભાઈ સૈયદ ઉં. વ. ૨૩ની એકિટવા ન આપવા જેવી નજીવી બાબતે હત્યા કરવામાં આવી હતી. આ મામલે બોરતળાવ પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

આ ઝડપાયેલા આરોપીઓમાં નદીમભાઈ મનસુરભાઈ સોરઠીયા, સલીમભાઈ કાસમભાઈ સોરઠીયા, સાહીલભાઈ રસુલભાઈ શાહ, શાહનવાજ સલીમભાઈ સોરઠીયા અને સિદીકભાઈ સલીમભાઈ સોરઠીયાનો સમાવેશ થાય છે. પોલીસે આ શખ્સોની પૂછપરછ હાથ ધરી છે. ■

# ગાંધીધામના ગળપાદરના કુખ્યાત શખ્સની પાસા તળે અટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામની ભાગોળે આવેલા ગળપાદર ગામના બૂટલેગરની પાસા તળે ધરપકડ કરી, તેને સુરતની જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ગળપાદરના રામ મંદિર ફળિયામાં રહેનારા સાગર ઉર્ફે વાઘ ઉર્ફે લાલો ઇશ્વરદાસ લશ્કરી નામના શખ્સ સામે શરાબનો નાના-મોટા પ્રમાણમાં જથ્થો મંગાવી સંગ્રહ, હેરફેર કરવા સંબંધે ત્રણ ગુના નોંધાયેલા છે. પૂર્વ કચ્છ સ્થાનિક ગુન્હાશોધક શાખાએ આ આરોપી માટે પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા સમાહર્તાને મોકલાવી હતી, જે મંજૂર થતાં પોલીસે લાલાને સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં ધકેલ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભચાઉના આધોઈના ચકચારી સોપારી કાંડમાં પકડાયેલા સાત પૈકીના બે આરોપી જેલ હવાલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ થોડા દિવસો અગાઉ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના આધોઈ ખાતેથી બહાર આવેલાં સોપારીકાંડના પકડાયેલા સાત આરોપીઓ પૈકી બે આરોપીના વધુ એક દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં તેમને જેલના હવાલે કરાયા હતા.

આધોઈના એક રહેણાંક વિસ્તારમાંથી સરહદી રેન્જની સાયબર ક્રાઈમ પોલીસે ૧.૦૬ કરોડના મૂલ્યના સોપારીના જથ્થા સાથે દબોચાયેલા સાત જણ પૈકી પાંચના ત્રણ દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં તેમને જેલહવાલે કરાયા હતા તેમજ આનંદ અને એઝાઝના એક દિવસના વધુ રિમાન્ડ આજે પૂર્ણ થતાં તેમને પણ જેલહવાલે કરવામાં આવ્યા હતા.

આ પ્રકરણમાં સી.સી.ટી.વી.ના ફૂટેજ મેળવવા સહિતની આગળની તપાસનો દોર ચાલુ રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# ગાંધીધામમાં ટ્રક પાછળ મોટરસાઇકલ ટકરાતાં યુવાને અકાળે જીવ ખોયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામના પીએસએલ કાર્ગો વિસ્તારના સર્વિસ રોડ ઉપર આગળ ઊભેલી ટ્રકની પાછળ મોટરસાઇકલ ભટકાતાં હિતેશ પરસોત્તમ પરમાર (ઉ.વ.૧૯)નો જીવનદીપ બુઝાયો હતો અને અન્ય એક યુવાનને ઈજાઓ પહોંચી હતી. ગાંધીધામ શહેરના કાર્ગો વિસ્તારના બાપા સીતા-રામનગરમાં રહેનાર હિતેશ પરમાર અને તેનો પિતરાઈ ભાઈ શૈલેશ ગત તા. ૭-૧ના રોજ મોટરસાઇકલ પર સર્વિસ રોડ પર જઈ રહ્યા હતા ત્યારે આગળ ઊભેલી ટ્રક સાથે મોટરસાઇકલ ધડાકાભેર ટકરાઈ હતી જેમાં બંને ઘવાયેલાઓને સારવાર બાદ ઘરે લઈ જવાયા હતા. થોડા દિવસો બાદ હિતેશના પેટમાં અચાનક અસહ્ય દુઃખાવો ઉપડતાં તેને વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જવાયો હતો, જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન હિતેશે અંતિમ શ્વાસ લીધા હતા. ■

# બગદાણા નવનીત બાલધિયા હુમલા કેસમાં વધુ એકની ધરપકડ : ધરપકડનો આંક ૧૦ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના બગદાણાના કોળી યુવાન નવનીત બાલધિયા પર થયેલા હુમલા મામલે જે તે સમયે ૮ અજાણ્યા શખસો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ મામલે પોલીસ કાર્યવાહી પર સવાલો ઊઠ્યા બાદ સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી. હુમલા કેસમાં અત્યાર સુધીમાં મુખ્ય સૂત્રધાર નાજુ કામળીયા, રાજુ ભમ્મર, આતું ભમ્મર, વિરેન્દ્રસિંહ પરમાર, સતીષ વનાળીયા, ભાવેશ શેલાણા, પંકજ મેર, વીરુ સેરડા, ભીખા કાળિયાની ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન આરોપીઓની પૂછપરછમાં પાલિતાણાના સાજણાસર ગામના સંજય ચાવડાનું નામ ખૂલતા આજે પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. બાલધિયા હુમલા કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૦ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે.

ભાવનગર શહેર સહિત સમગ્ર ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા બગદાણાના કોળી યુવાન નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસની તપાસ માટે રચાયેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ સમક્ષ આજે મહિલા પીઆઈ ડી.વી. ડાંગર અને પીઆઈ કે.એસ. પટેલ જવાબ લખાવવા હાજર થયા છે. SIT દ્વારા ડી.વી. ડાંગર અને અન્ય પીઆઈ કે.એસ. પટેલને ચાર દિવસ પહેલા હાજર થવા આદેશ કર્યો હતો. ■

# અમદાવાદ-કચ્છ હાઈવે પર દારૂની ૧૩૮૯ બોટલ સાથે ૯.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત, એકની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અમદાવાદ-કચ્છ હાઈવે પર કુડા ચોકડી પુલ પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. સુરેન્દ્રનગર પેરોલ ફર્લો સ્કવૉડે એક પીકઅપ ડાલુમાંથી કુલ ૧૩૮૯ બોટલ વિદેશી દારૂ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહીમાં કુલ રૂ. ૯.૦૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે બની હતી. પકડાયેલા આરોપીનું નામ મનશા કાળરામ બિશ્નોઇ (ઉં.વ. ૨૫, રહે. મીરપુરા, તા. સાંચોર, જિ. જાલોર, રાજસ્થાન) છે, જે વાહનનો ડ્રાઈવર હતો.

આરોપી મનશા બિશ્નોઇ એક સફેદ કલરના પીકઅપ ડાલુમાં ખોટી નંબર પ્લેટ લગાવીને દારૂનો જથ્થો લઈ જઈ રહ્યો હતો. આ કેસમાં બુધારામ બિશ્નોઇ (રહે. ભાટીપ, સાંચોર) અને રાજુભાઈ નામના અન્ય બે આરોપીઓ ફરાર થયા હતા.

જપ્ત કરાયેલા મુદ્દામાલમાં રૂ. ૩,૮૧,૯૭૫/- ની કિંમતની ૧૩૮૯ નંગ વિદેશી દારૂની બોટલો, રૂ. ૫,૦૦,૦૦૦/- ની કિંમતનું બોલેરો પીકઅપ વાહન અને રૂ. ૨૫,૦૦૦/- ની કિંમતનો એક મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. આમ, કુલ રૂ. ૯,૦૬,૯૭૫/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન ધારાની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# પાટણના હારીજ હાઈવે પર બે ભાઈને નડ્યો અકસ્માત, એકનું મોત, બીજા ભાઈને ગંભીર ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણના હારીજ હાઈવે પર વહેલી સવારે એક અત્યંત કરુણ અને ગંભીર અકસ્માત સર્જાયો હતો. રોજગાર અર્થે ગયેલા બે સગા ભાઈઓ જ્યારે પોતાનું કામ પતાવી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે કાળમુખા ટ્રકે તેમની રિક્ષાને ટક્કર મારતા એક ભાઈનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે બીજા ભાઈને ગંભીર ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુનિલ પટણી અને અમિત પટણી નામના બે સગા ભાઈઓ વહેલી સવારે છકડો રિક્ષામાં શાકભાજી વેચવા માટે ગયા હતા. શાકભાજીનું વેચાણ કરીને તેઓ જ્યારે હારીજ ત્રણ રસ્તા પાસે આવેલા માખણિયા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે આવતા એક ટ્રકચાલકે તેમની રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આ અકસ્માતમાં ૩૨ વર્ષીય સુનિલ પટણીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે તેનો નાનો ભાઈ, ૨૪ વર્ષીય અમિત પટણી ગંભીર રીતે ઘાયલ થયો હતો. અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં અમિતને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સુનિલના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. ■